ISSN-0971-8400

# આયોજન અને વિકાસને સમર્પિત

વર્ષ : ૩૫ અંક : ૧૦ જાન્યુઆરી - ૨૦૦૯ સળંગ અંક : ૬૯૭

Vol. XXXV No. X

મુખ્ય તંત્રી (ઈન્ચાર્જ) શેફાલી બી.સરન

ગુજરાતી આવૃત્તિના સંયુક્ત નિદેશક મનીષા વર્મા

તંત્રી ભરત દેવમણિ

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકના પોતાના છે. તેના સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

યોજનાના લેખો સાભાર નોંધ સાથે પુનર્મુદ્રિત કરી શકાય છે.

| | | |
|---|---|---|
| છૂટક નકલ | રૂ. | ૨૦-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૦૦-૦૦ |
| બે વર્ષ | રૂ. | ૧૮૦-૦૦ |
| ત્રણ વર્ષ | રૂ. | ૨૫૦-૦૦ |

લવાજમની રકમ **"S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)** ના નામે મની ઑર્ડર/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે.
લવાજમ મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**
અંબિકા કોમ્પ્લેક્ષ, યુ.કો. બૅંકની ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
૦૭૯-૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)


- ચૂંટણી, લોકશાહી અને વહિવટી સુધારા — ત્રિલોચન શાસ્ત્રી — ૩
- ચૂંટણીલક્ષી ભ્રષ્ટાચાર — ટી.એસ. ક્રિશ્નમૂર્તિ — ૬
- રાજકારણનું અપરાધીકરણ — એસ. કે. મેંદીરત્તા — ૮
- ચૂંટણી પ્રચાર : લોકશાહી આદર્શ અને ભારતનો અનુભવ — અભયકુમાર દુબે — ૧૧
- આર્થિક સુધારા : ચૂંટણીમાં ચર્ચાતો પ્રશ્ન — સંજયકુમાર — ૧૫
- ચૂંટણીની સમિક્ષા — જ્પદીપ ચોકર — ૧૯
- શું તમે જાણો છો ? ચૂંટણીતંત્રની હકીકતો — - — ૨૨
- ભારતની લોકશાહી અને રાજકારણ — ડો.અંબાલાલ પટેલ — ૨૫
- ગ્રીન હાઉસ ઈફેક્ટ — પ્રો.રમીલાબેન પટેલ — ૨૮
- કુદરતી આપત્તિઓ : પહેલાં અને પછી — જયેશકુમાર બાંભણિયા — ૩૧
- ગુજરાતનો ડેરી ઉદ્યોગ : સમસ્યા અને ઉકેલ — પ્રા. જી.આઈ.મારૂ — ૩૪
- વૈશ્વિક મંદી અને ગ્રામોદ્યોગ — ડો.કેશવભાઈ ગોટી — ૩૮
- અનુસૂચિત જાતિની વ્યવસ્થી વ્યક્તિઓનું કુટુંબજીવન — પંકજ વાઘેલા — ૪૦
- સ્ત્રીભ્રૂણ હત્યા : શું આધુનિક સમાજની દેણ છે ? — ડો.અશ્વિની કાપડીઆ — ૪૪
- મહિલા સશક્તિકરણ : દલિત સ્ત્રીઓની નજરે — કિન્ના ચડિકીયા — ૪૭
- અર્થતંત્રમાં પ્રાણ પુરવા સરકાર દ્વારા આર્થિક પેકેજ — - — ૫૦
- મહિલા સશક્તીકરણ : સ્વસહાયજૂથ - એક શ્રેષ્ઠ વિકલ્પ — પ્રા. સવિતા દેસાઈ — ૫૨
- સ્વૈચ્છિક સંગઠનો દ્વારા મહિલા સશક્તીકરણ — સુનિતા પટેલ — ૫૪
- બાળકોના માનવીય હક્કો — પાર્થકુમાર ગેડિયા — ૫૬
- ભારતના ગ્રામીણ સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ — દિપલબેન સોની — ૫૮
- પ્રાચીન ગુજરાતના પાટનગર ધોળકાના જૈનતીર્થો — ગોવિંદ મકવાણા — ૬૨
- ૨૦૦૮માં નોબલ પારિતોષિક પોલ રોબિન ક્રુગમેન — ચિરાગકુમાર પટેલ — ૬૫
- સિવિલ સર્વિસ પરીક્ષા — જયેશ મકવાણા — ૬૭
- પુસ્તક — યશવંત કડીકર

- આવરણ ડિઝાઈન — સંતોષ વર્મા — ૧
- લોકમાહિતી ઉત્સવ — - — ૨
- યોજના જાહેરાત — - — ૩
- પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો — - — ૪

# તંત્રી કલમેથી......

**ભા**રત ઘણા લાંબા સમયથી વિશ્વની સૌથી મોટી લોકશાહી હોવાનું ગૌરવ લેતું આવ્યું છે. ૧૯૫૦ના દાયકામાં વિશ્વના ઉભરતા રાષ્ટ્રો સામે આ એકમાત્ર વિકલ્પ હતો. ત્યારબાદ અનેકવાર પ્રશ્ન પૂછાતો રહ્યો છે કે ભારતની લોકશાહી સંજોગોની એરણની કસોટી પર ટકી શકશે ? અને પ્રત્યેક સમયે ભારતે હકારાત્મક જવાબ આપ્યો છે.

ચૂંટણી તે કોઈપણ લોકશાહીની આધારશિલા છે. આનંદ સાથે એ બાબતની નોંધ લેવી જોઈએ કે જમ્મુ-કાશ્મીર, મિઝોરમ, દિલ્હી, મધ્યપ્રદેશ વગેરે રાજ્યોમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમ્યાન ૬૦% મતદાન થયું છે. આ ઘટના સ્વાયત્ત ચૂંટણી તંત્ર અને મતદારોની ભૂકમિકાનો પ્રતિઘોષ છે. ટૂંકમાં ૧૫મી લોકસભા માટેની ચૂંટણી પણ યોજાશે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલકલામે જનસમુહને મતદાન માટે પ્રોત્સાહન કરવા સાચે જ કહ્યું છે કે **'મતદાન તે પવિત્ર ફરજ છે.'**

ભારતના બંધારણની જોગવાઈ મુજબ ભારતના ચૂંટણી પંચ હેઠળ સમુચા ચૂંટણી વ્યવસ્થા તંત્રે ફરજ બજાવવાની હોય છે. ભારતના બંધારણના અનુચ્છેદ-૩૨૪ હેઠળ ચૂંટણી પંચને સરકારના કાર્યવાહક અધિકારીઓથી મુક્ત રહીને કામ કરવાની સત્તા મળે છે. નિર્ધારીત મુદ્દતે વિશાળ વસતી ધરાવતા ભારત જેવા દેશમાં નિયમીત પણે ચૂંટણી યોજવી તે ખૂબ જ મોટું જવાબદારીનું કાર્ય છે.

**યોજના**નો પ્રસ્તુત અંક આ ચૂંટણી પ્રક્રિયાના તમામ પાસા જેમ કે, કાર્યના સૂક્ષ્મ પ્રબંધનમાં ચૂંટણી પંચની ભૂમિકા, ડિલિમિટેશન કમિશન દ્વારા મતદાર વિસ્તારોના નવેસરના સીમાંકન અને ચૂંટણી પ્રચારની કલા, ચૂંટણી સુધારા ચૂંટણીમાં 'સ્ટાર પાવર' કે પછી આજકાર ચૂંટણી સાથે સંકળાઈ ગયેલા ભ્રષ્ટાચાર અને અપરાધીકરણ સહિતના પાસાને માન્યતા આપતાં થતી ચૂંટણી કવાયતના વિવિધ મુદ્દાને સમર્પિત છે.

આ અંકમાં વાનમાં ઉભા કરવામાં આવતા મોબાઈલ મતદાન કેન્દ્રો અને લોકોને મોટાપાયે મતદાન કરવા પ્રેરતા વીજાણુ વોટિંગ મશીન જેવી નવી ટેકનોલોજી અંગે પણ ચર્ચા કરવામાં આવી છે.

તો રાજકીય પક્ષોની આવક જાવક દર્શાવતા વાર્ષિક હિસાબો નિયમીતપણે આવકવેરા સત્તાવાળાઓ સમક્ષ રજૂ કરવામાં આવે છે એ મુદ્દે પણ અલગથી વાત થઈ છે.

કોઈપણ દેશના વિકાસ માટેની બહેતર આધારશિલા તે **'ગુડ ગવર્નન્સ'** છે. સરકાર જવાબદેહ, પારદર્શક અને સર્વાંગી વિકાસ સાધનારી હોવી જોઈએ. લોકશાહી પ્રક્રિયાના મુદ્દે જાગૃત અને લોકશાહીના મુલ્યોના રક્ષક એવા સતર્ક નાગરિકોએ 'ગુડ ગવર્નન્સ' માટે પ્રતિભૂમિકા નિભાવવાની રહે છે.

અમારા તમામ વાચકોને નૂતન વર્ષના અભિનંદન!

# ચૂંટણી, લોકશાહી અને વહિવટી સુધારા

✍ ત્રિલોચન શાસ્ત્રી

**રાજસ્થાન, દિલ્હી, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં નવેમ્બર ૨૦૦૮માં થયેલી વિધાનસભા ચૂંટણીઓ અંગે મળેલી આંકડાકીય માહિતી દર્શાવે છે કે કેટલાક રસપ્રદ નવા વલણો આકાર પામી રહ્યા છે. પ્રથમ તો અપરાધીકરણનું સ્તર ૨૫% થી ઘટીને ૧૨% ના સ્તરે પહોંચ્યું છે. જો કે નાણા, શરાબ અને વસ્ત્રોની વહોંચણી સાથે ચૂંટણી ખર્ચ ઝડપથી વધી રહ્યું છે. ઊંચી સબસિડી સહિત એવા કેટલાય ચૂંટણી વચનો અપાયા છે કે જેના થકી સરકારી તિજોરી પર ભારણ સરજીને મતદારોને ખરીદી શકાય. રીપીટ ઉમેદવારો તેમની સમૃદ્ધિમાં ૨૦૦% નો વધારો થયો હોવાનું સૂચવે છે.**

**તા**જેતરના ત્રાસવાદી હુમલાઓએ રાજકીય વિશ્વસનીયતા તરફ બધાનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે. પરંતુ આ બાબત કરૂણ રીતે માત્ર વ્યાપક સુધારાની જરૂરિયાત તરફ જ ઈશારો કરે છે. આપણી લોકશાહીના સંદર્ભમાં આપણે બે નિર્ણાયક પ્રશ્નોનો સામનો કરી રહ્યા છીએ : આપણને કયા પ્રકારના પરિવર્તનોની જરૂર છે, અને આપણે આ પરિવર્તન કઈ રીતે લાવીશું ? આપણે ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ એ વ્યાપકપણે સ્વીકૃત બાબત છે. આપણે રાજકારણમાં અપરાધજગત અને નાણા વચ્ચેની સાંઠગાંઠ ધરાવીએ છીએ. રાજકીય પક્ષો અને એમની પ્રચાર ઝુંબેશો ધર્મ, જાતિઓ, પ્રદેશો અને ભાષાઓ અંગેના મતભેદો વધારે છે. ચૂંટણી ખર્ચ વધી રહ્યા છે અને મોટા ઉદ્યોગગૃહો પણ રાજકારણમાં ખુલ્લેઆમ પ્રવેશી રહ્યા છે. ચૂંટણી કમિશનર કહે છે કે ઉમેદવારો નિર્ધારીત ખર્ચ મર્યાદા કરતાં દશગણી રકમનો ખર્ચ કરે છે અને વિજેતા બન્યા બાદ કરેલા રોકાણના દશગણા વસુલ કરે છે. આયોજન પંચના સભ્ય કહે છે કે "અગાઉ નાણા સત્તાની પાછળ દોડતા હતા આજે સત્તા નાણાનો પીછો કરી રહી છે." અર્થાત ઉદ્યોગ ગૃહોને રાજકારણીઓ ખુલ્લેઆમ રાજી રાખતા થયા છે અને નાગરિક હિતોને બદલે ઉદ્યોગ ગૃહોના હિતો તરફ વધુ ધ્યાન અપાતું થયું છે.

રાજસ્થાન, દિલ્હી, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં નવેમ્બર ૨૦૦૮માં થયેલી વિધાનસભા ચૂંટણીઓ અંગે મળેલી આંકડાકીય માહિતી દર્શાવે છે કે કેટલાક રસપ્રદ નવા વલણો આકાર પામી રહ્યા છે. પ્રથમ તો અપરાધીકરણનું સ્તર ૨૫% થી ઘટીને ૧૨% ના સ્તરે પહોંચ્યું છે. જો કે નાણા, શરાબ અને વસ્ત્રોની વહોંચણી સાથે ચૂંટણી ખર્ચ ઝડપથી વધી રહ્યું છે. ઊંચી સબસિડી સહિત એવા કેટલાય ચૂંટણી વચનો અપાયા છે કે જેના થકી સરકારી તિજોરી પર ભારણ સરજીને મતદારોને ખરીદી શકાય. રીપીટ ઉમેદવારો તેમની સમૃદ્ધિમાં ૨૦૦% નો વધારો થયો હોવાનું સૂચવે છે. રાજકારણ ખરેખર ખૂબ જ નફાકારક ધંધો બની ગયો છે.

આપણે તેથી જ સ્વચ્છ ચૂંટણી અને રાજકારણની જરૂર છે. આપણને સર્વાંગી રાજકારણની પણ જરૂરત છે. દેશને આંતરિક ભાગલા પરવડી શકે તેમ નથી. આપણને ખુલ્લા અને પારદર્શક રાજકારણની જરૂર છે કે જે રાજકારણ લોકોને જવાબદેહ હોય. પાંચ વર્ષે એક વાર મત આપવાની વર્તમાન વ્યવસ્થા રાજકીય વિશ્વસનીયતાની ખાતરી નથી આપતું. આપણને એવા રાજકારણની જરૂર છે જે કોઈ લોબી નહીં પરંતુ લોકોની ચિંતાઓને વાચા આપતું હોય. આપણે કેટલાક સૂચનો વિષે વાત કરીએ તે પહેલાં આપણે ચકાસવાની જરૂર છે કે એ પરિવર્તનો લાવશે કોણ ?

સંભવિત પરિવર્તનના ચાર મુખ્ય સંભવિત વાહક છે. પ્રથમ તો રાજકીય

(લેખક આઈઆઈએમ બેંગલુરુના પ્રોફેસર અને ડીન તેમજ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રીફોર્મ્સના સ્થાપક સભ્ય છે.)

પક્ષો પોતે જ તેઓ તો કોઈપણ ભોગે ચૂંટણીઓ જીતવા પર નજર માંડીને બેઠા છે. ફરજીયાત નહીં બને ત્યાં સુધી તેઓ પરિવર્તનની પહેલ નહીં જ કરે. બીજું વાહક છે ચૂંટણીપંચ. ચૂંટણીપંચ વર્ષોથી આ દિશામાં અદ્‌ભૂત સેવા આપી રહ્યું છે. પંચ ખરેખર સ્વતંત્ર બંધારણીય સત્તા બની રહ્યું છે. જોકે તેની ભૂમિકા હજુ સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદા અને સરકાર દ્વારા બનાવવામાં આવેલા નિયમો હઠળ ચૂંટણીનું આયોજન થાય તેના પર નિગરાની અને સૂચના આપવા સુધી સીમિત છે. અદાલતો પણ માત્ર બંધારણ અને બુનિયાદી અધિકારોનું પાલન થાય એ હેતુસર કાયદાનું અર્થઘટન કરી શકે છે. તેઓ અમલી અને આવી રહેલા કાયદા વચ્ચેના ખાલીપો ભરી શકે છે. પરંતુ કાયદો ઘડી શકતી નથી. છેલ્લે મિડીયા પણ પરિવર્તનો લાવવામાં અગત્યની ભૂમિકા નિભાવી શકે છે, પરંતુ મિડીયાની પણ પોતાની મર્યાદા છે. મડિયામાંના ઘણાને સમાચાર કરતાં આવક રળી આપતા બિઝનેસમાં વધુ રસ હોય છે. સરક્યુલેશન વધારીને ગ્લેમર, સેલેબ્રિટી, ખેલકૂદ અને સનસનાટી મચાવવા પર તેઓ વધુ ધ્યાન આપતા હોય છે. કેટલાક વળી ગંભીર હોઈ શકે પરંતુ જાહેર ખબરથી થતી આવકના મુદ્દે હંમેશા સ્પર્ધામાં રહે છે અને તેઓ પણ એક બિંદુથી આગળ વધી શકતા નથી. મિડીયા જગતની વાત કરીએ તો એકે વ્યક્ત કરેલા મંતવ્યથી બીજું અખબાર મેગેઝિને કે ટીવી સમાચાર ચેનલ સંપૂર્ણ વિરોધી મત પ્રગટ કરીને સમતોલ કરી નાખે છે. આ સંજોગોમાં મિડીયા તરફથી પણ લાંબાગાળાની અસરો ધરાવતા મોટા પરિવર્તનોની આશા રાખી શકાય તેમ નથી.

જો રાજકીય પક્ષો, ચૂંટણી પંચ, અદાલતો અને મિડીયા પણ પોતાના મેન્ડેટ અને મર્યાદાઓથી બંધાયેલી હોય તો આવા સંજોગોમાં પરિવર્તન માટે આપણે જવું ક્યાં ? આવા સંજોગોમાં પરિવર્તન માટે એક સામાન્ય નાગરિક જેટલો દેખાય છે એટલો નિઃસહાય નથી જ. સામાન્ય નાગરિકોએ જ આપણને આઝાદી અપાવી હતી. આ સામાન્ય નાગરિકોએ જ માહિતી અધિકાર અધિનિયમ જેવી રાજકીય વ્યવસ્થા પૂરી પાડી છે. જો કે આશંકા રાખનારા કહે છે કે એનજીઓ ભ્રષ્ટ કે બિનકાર્યક્ષમ હોય છે. કદાચ તેઓ સાચા હોઈ શકે છે પરંતુ સંખ્યાબંધ એવા સ્વૈચ્છિક સંગઠનો પણ છે કે જે પ્રામાણિક અને કાર્યદક્ષ છે. આવા નાગરિકોએ જ જાહેરહિતની અરજી કરવાથી રાજકીય ઉમેદવારોને તેમનાં નાણાકીય અને અપરાધ અંગેના રેકર્ડને જાહેર કરવા બાધ્ય કર્યા. સુપ્રીમકોર્ટે ૨ મે, ૨૦૦૨ અને ૧૩ માર્ચ, ૨૦૦૩ના રોજ આપેલા બે સીમાચિહ્નરૂપ ચૂકાદામાં પણ આ જાહેરહિતની અરજીઓમાં થયેલી રજૂઆતને માન્ય રાખી હતી.

ત્યારથી માંડીને પૂરા ભારતના તમામ મોટા રાજ્યોમાં નાગરિક ચૂંટણી નિરીક્ષકોનું માળખું ઉભું કરવા ૧૨૦૦ જેટલા સ્વૈચ્છિક સંગઠનોએ હાથ મિલાવ્યા છે. ઉમેદવારોની વિગતોનો હવે બહોળો પ્રચાર પણ થાય છે. વર્ષ ૨૦૦૨ થી રાજકારણમાં અપરાધીકરણનું પ્રમાણ નીચું આવી ગયું છે. ભાજપ અને કોંગ્રેસ એમ બંને જાહેર કરી ચૂક્યા છે કે વિજયી થવાની સંભાવના હોવા છતાં જો કોઈ અપરાધ અંગેનો રેકર્ડ ધરાવતું હશે તેને પક્ષની ટિકિટ આપવામાં નહીં આવે. જો કે તેઓ હજી પોતાના વચનને દઢપણે વળગી નથી જ રહ્યા. ૫૦,૦૦૦ જેટલા સામાન્ય નાગરિકોએ આ ચૂંટણી નિરીક્ષણ પ્રક્રિયામાં ભાગ લીધો હતો. તેમણે હવે ''રાષ્ટ્રીય ચૂંટણી નિરીક્ષણ ઝુંબેશ''ની રચના કરી છે.

ઉમેદવારોએ જાહેર કરવાની વિગતો સબબ સુપ્રીમ કોર્ટના નવા ચૂકાદા લાગુ પડી ચૂક્યા છે. અને નાગરિકો દ્વારા ચૂંટણી પર નજર રાખવાથી અપરાધીકરણમાં ઘટાડો તો થયો છો પરંતુ આપણે લાંબુ અંતર કાપવાનું છે. એક માહિતી અધિકારની અરજીએ રાજકીય પક્ષોને તમના આવકવેરા રીટર્ન જાહેર કરવા મજબૂર કર્યા છે. આ માહિતી પર ઉપરછલ્લી નજર નાખવામાં આવે તો પણ કળી શકાય કે ડોનેશન અંગેની ઘણીબધી વિગતો હજી જાહેર થઈ નથી અને આવકવેરાની ઘણી કલમોનો ભંગ થાય છે. જો કે આ ઝુંબેશમાં ઉપયોગમાં લેવાનારી ઈચ્છાશક્તિ સાથે આપણને હજી વધુ ચૂંટણી સુધારાની જરૂર છે.

કંપનીઓ, સહકારી સંસ્થાઓ, સખાવતી સંસ્થાઓ, મંડળીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલ્સ અને ધાર્મિક સંસ્થાઓના સંચાલન માટેના કાયદા છે. પરંતુ રાજકીય પક્ષોના સંચાલન માટે એક પણ કાયદો નથી. નાગરિક સમુદાય આવા કાયદા લાવવા પર દબાણ કરે તે જરૂરી છે. આંતરરાષ્ટ્રીય અનુભવોમાંથી આપણે ઘણા ઉપયોગી પદાર્થપાઠ શીખી શકીએ છીએ. દાખલા તરીકે જર્મનીમાં રાજકીય પક્ષોએ પણ લોકશાહી પ્રણાલીઓનું પાલન કરવું પડે છે. પક્ષના તમામ હોદ્દેદારો ગુપ્ત મતદાન આધારે ચૂંટાય છે. ભારતમાં રાજકીય પક્ષો તેમના આંતરિક સંચાલનમાં મહદ બીનલોકશાહી છે. રાજકીય પક્ષોના તારણો મતદારો સુધી પારદર્શક રીતે પહોંચવા જોઈએ. કાળા નાણા આપનાર અને લેનાર માટે મોટા દંડની જોગવાઈ હોવી જોઈએ. કેટલાક સંપત્તિવાન વ્યક્તિઓ કે કોર્પોરેટ ગૃહોને ઉમેદવારો કે પક્ષોને ખરીદી લેતા અટકાવવા પ્રચાર ઝુંબેશ ભંડોળના મુદ્દે સુધારા થવા જરૂરી છે. અમેરિકામાં આવી ઘટનાઓને

અટકાવવા કોઈ એક સ્રોત તરફથી મળતા ભંડોળની ચોક્કસ મર્યાદા નક્કી કરવામાં આવી છે. આપણી ચૂંટણી પદ્ધતિમાં એવા પરિવર્તનો લાવવાની જરૂર છે કે ભાગલાવાદી રાજકારણનો છેદ ઉડે. આ માટે ફ્રેન્ચ ચૂંટણી પદ્ધતિનો વિકલ્પ સ્વીકારી શકાય. આ વ્યવસ્થા હેઠળ ઉમેદવારે લોકપ્રતિનિધિ બનવા નખાયેલા મતના ૫૦% મત અર્જિત કરવા પડે છે આજે મોટાભાગના વિજેતા નોંધાયેલા મતદારો પૈકીના ૨૦% મતદારોના અને મતદાન કરી ચૂકેલાના ૫૦% થી ઓછા મત જ મેળવે છે. કેટલાક રાજ્યોમાં જે રીતે ત્રિપાંખિયો ચૂંટણીજંગ ખેલાતો હોય છે. એમાં શાસક પક્ષ પણ આપવામાં આવેલા મત પૈકી ૩૫% મત મેળવીને સત્તામાં આવી જાય છે. આ સ્થિતિ ભાગલાવાદી રાજકારણને વેગ આપે છે. કોઈ એક ખાસ ધર્મ, જાતિ કે ભાષી મતદારોને રીઝવીને રાજકીય પક્ષ સત્તામાં આવી શકે છે. પરંતુ ઉમેદવારને નાખવામાં આવેલા મત પૈકીના ૫૦% મેળવવાના હોય (કદાચ મુખ્ય ચૂંટણી થયા પછીના બીજા રાઉન્ડમાં બે ટોચના ઉમેદવારો વચ્ચેની ચૂંટણીમાં) તો એમણે વધુ સર્વાંગી રાજકારણને અપનાવવું પડે. બીજો વિકલ્પ તે જર્મનીની પ્રમોશનલ કે યાદી પદ્ધતિ છે. ભારતમાં બે ત્રણ ટકા મતદાન સ્વિંગ થતાં જ એક પક્ષ બે તૃતીયાંશ બહુમતી મેળવીને સત્તા પર આવી શકે છે. તાજેતરની કર્ણાટકની ચૂંટણીઓમાં જ ભાજપે કોંગ્રેસથી ઓછા એવા ૩૫% જેટલા મત જ મેળવ્યા હતા, ભાજપ કરતાં વધુ મત મેળવ્યા છતાં કોંગ્રેસના ફાળે ૧૫% બેઠકો ઓછી આવી હતી.જર્મનીમાં અમલી 'યાદી પદ્ધતિ' (લીસ્ટ સિસ્ટમ) માં મળેલા મતના પ્રમાણમાં બેઠકો મળવાની સંભાવના વધી જાય છે.

આ પૈકીના કેટલાક ગંભીર સુધારા એકલા નાગરિકો કરી શકે તેમ નથી, પરંતુ તેમણે આ માટે ગંભીર ભૂમિકા તો નિભાવવી જ પડશે. આ માટે બે મોરચે કામ કરવું પડશે. 'ચૂંટણી નિરીક્ષક ઝુંબેશ' ની જેમ જ ચૂંટણી પ્રચાર પ્રક્રિયામાં નાગરિકોની સામેલગીરી વધારવી પડશે અને સાથોસાથ ચોક્કસ મુદ્દે દલીલો પણ કરતા રહેવું પડશે. આ બંને કાર્યો અલગ અલગ કૌશલ્ય માગી લે છે. પરંતુ બંને કાર્યો નાગરિક જૂથો જ કરી શકે છે. આ કાર્ય પડકારરૂપ છે. એથી જ કરવા લાયક છે. સ્વાધીનતા મેળવવાનો સંઘર્ષ મુશ્કેલ હતો પરંતુ બહેતર લોકશાહીનો સંઘર્ષ એનાથી પણ વધુ કઠીન છે. હવે દોષારોપણ કરવા આપણી પાસે વિદેશી શત્રુ નથી. આપણે અરાજકર્તા ફેલાવીશું તો એના માટે આપણે જ જવાબદાર ઠરીશું. પરંતુ આશા છોડવા જેવી નથી. તાજેતરમાં માહિતી અધિકાર અધિનિયમ અને રોજગાર બાંહેધરી અધિનિયમ જે રીતે લાગુ થયા એ જોતાં લાગે છે કે સક્રિય નાગરિકોના પ્રયાસો પરિવર્તન લાવી શકે છે.

■ ■ ■

અનુ.પાના નં. ૭ થી શરુ

વહીવટીતંત્રની કાર્યદક્ષતા તેમજ જીવન જરૂરી સામગ્રીના નિર્માણ અને વિતરણના માપદંડોને ઉંચે નહીં લાવી શકીએ."

ભારતમાં ચૂંટણી ભ્રષ્ટાચારના રાક્ષસને યુદ્ધના ધોરણે નાથવાની આવશ્યકતા છે. તેથી ભાવિ પેઢી માટે લોકશાહીને સુરક્ષિત બનાવી શકાય. આ સંદર્ભમાં રાજકીય પક્ષોના નાણાકીય ભંડોળના સંદર્ભમાં ચૂંટણી સુધારા થવા તે સૌ પ્રથમ મહત્ત્વની બાબત છે. આમ તો જાહેર રેડિયો, ટીવી ચેનલ્સ પર પ્રસારણ જેવી સુવિધાઓ રાજકીય પક્ષો માટે ઉપલબ્ધ છે જ પરંતુ કારણે અને ઈંધણ વગેરે મુદ્દે રાજકીય પક્ષોને સરકાર તરફથી ભંડોળ મળે એ મુજબની વ્યવસ્થા કરવા પણ સૂચનો થઈ રહ્યાં છે. જો કે રાજકીય પક્ષોને રોકડના સ્વરૂપમાં મળનારી આ રીતની મદદ પણ ચૂંટણી ભ્રષ્ટાચારને નાથી શકશે કે નહીં તેની કેટલાકને હજી ખાતરી નથી થતી. ચૂંટણી સ્પર્ધાથી અપરાધી તત્ત્વો દૂર રહે અને પ્રામાણિક નેતાઓને ચૂંટણી જંગમાં ઝંપલાવવાનું પ્રોત્સાહન મળે એ પ્રકારની વ્યવસ્થા પણ મહત્ત્વની છે. આ હેતુસર પણ ભારતનાં ચૂંટણીપંચ અને ન્યાયમૂર્તિ એમ.એન.વેંકટચૈલૈયાના નેતૃત્વ હેઠળ બનેલી બંધારણ સમીક્ષા સમિતિને અનેક સૂચનો થઈ ચૂક્યા છે. આ ભલામણો પર જેટલાં જલદી પગલાં લેવાશે એટલું ભારતની લોકશાહી માટે સારું છે.

■ ■ ■

અનુ.પાના નં. ૧૦થી શરુ

શકે છે. કાયદા પંચે પણ મે,૧૯૯૯માં પોતાના ૧૭૦મા અહેવાલમાં લગભગ આ જ પ્રકારની ભલામણ કરી હતી. ચૂંટણી પંચ અને કાયદા પંચની આ ભલામણો ગૃહ બાબતોની સંસદીય સ્થાયી સમિતિએ માર્ચ,૨૦૦૭માં સંસદમાં રજૂ કરેલા અહેવાલમાં ઉપરોક્ત ભલામણોની તરફદારી ના કરતાં જણાવ્યું હતું કે જ્યાં સુધી દોષિત ના ઠરે ત્યાં સુધી વ્યક્તિને નિર્દોષ માનવામાં આવે. સ્થિતિઓનો કેવો વિરોધાભાસ છે કે કાચા કામનો કેદી નાનકડો ગુનો કર્યો હોય તો પણ પાયાના માનવ અધિકારો જેવા કે મુક્તતાતી હરવું ફરવું, પરિવાર સાથે રહેવું વગરેથી વંચિત થાય છે. તેનો માનવાધિકાર પણ છીનવાઈ જાય છે. લોકપ્રતિનિધિત્વ ધારા, ૧૯૫૧ની કલમ ૬૨(૫) મુજબ મતાધિકાર સસ્પેન્ડ થાય છે પરંતુ તેને ચૂંટણી લડવા ના પાડી શકાતી નથી ! સંસદ અને રાજ્ય વિધાનસભામાં કરોડો મતદારોનું પ્રતિનિધિત્વ કરવા ઉમેદવારી નોંધવવાના આ અધિકારમાં એવું તે શું છે !!

■ ■ ■

# ચૂંટણીલક્ષી ભ્રષ્ટાચાર

✍ ટી.એસ.ક્રિશ્નમૂર્તિ

**ચૂંટણી પ્રચારનું ખર્ચ વધતાં અને રાજકીય પક્ષો અને ચૂંટણી લડી રહેલા ઉમેદવારો દ્વારા પ્રશ્નસૂચક પ્રચાર વ્યવહાર થતાં તાજેતરના વર્ષો દરમિયાન ભારતમાં ચૂંટણી ભ્રષ્ટાચાર વધ્યો છે. ચૂંટણીપંચે ઉમેદવારો માટે થવાપાત્ર ખર્ચની મર્યાદા નિર્ધારિત કરી હોવા છતાં રાજકીય પક્ષો દ્વારા થતા ચૂંટણી ખર્ચનું કોઈ નિયમન જ નથી. વર્તમાનમાં રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ખર્ચની વિગત રજૂ કરવાનો નિયમ પણ પ્રવર્તી રહ્યો છે, પરંતું યોગ્ય નિયમનના અભાવે વર્ષો જતાં ચૂંટણી ભ્રષ્ટાચાર વધતો જાય છે. સ્પર્ધામાંઉતરેલા રાજકીય પક્ષો દ્વારા આક્રમક ચૂંટણીપ્રચારના વલણો અખત્યાર થતાં ચૂંટણી ખર્ચ પણ વધતું જાય છે. ચૂંટણી સમયે વીજાણુ અને પ્રિન્ટ મિડિયાનો પ્રચાર માટે ઉપયોગ કરાતાં રાજકીય પક્ષો અને ઉમેદવારોની ભંડોળ જરૂરીયાત પણ વધી જાય છે.**

**''ભ્રષ્ટાચાર કંઈ આજના આધુનિક યુગની નીપજ નથી.''**

**-જોન ગ્રે ફેબલ્સ, ૧૭૩૮**

ભ્રષ્ટાચાર એ માત્ર જીવનની હકીકત જ નથી. વિવિધ સ્વરૂપે તે બન્યા કરે છે અને તે ભ્રષ્ટાચારી વ્યવહારમાં સંડોવાયેલા ભાગીદારોના જીવનની ગુણવત્તાને જ નહીં પરંતુ વિવિધ રીતે સામાન્ય માનવીને પણ પ્રભાવિત કરે છે. વિકસિત કે વિકાસોન્મુખ એમ લગભગ તમામ સમાજોમાં ભ્રષ્ટાચારનું વલણ જોવા મળે છે. વેપાર અને વાણિજ્યનો આરંભ થયો ત્યારથી તમામ યુગોમાં એનું અસ્તિત્વ રહ્યું છે.

જાહેર જીવનમા જાહેર પ્રાપ્તિ અને કોન્ટ્રાક્ટિંગ, લાઈસન્સ પ્રક્રિયા. મહેસુલી-વેર ઉઘરાણી અને આર્થિક પ્રવૃત્તિઓના નિયમન જેવા ગણતરીના ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર પ્રવર્તતો હોય છે. જાહેર કાર્યલયોમાં આ અંગેની વ્યાપક તક રહેલી હોવાથી પ્રત્યેક કક્ષાના જાહેર સેવકોની ચૂંટણી કે નિમણૂકોમાં ભ્રષ્ટાચાર પ્રવર્તે છે. કેટલાક કિસ્સામાં ભ્રષ્ટ રાજકારણીઓ લાભાર્થીઓને તેમના લાભોનું વેચાણ કરતા જોવા મળે છે. ખાસ કરીને વિકસીત દેશોમાં જાહેર કાર્યાલયોમાં રાજકારણીઓ દ્વારા કુટુંબના સભ્ય કે સગાસંબંધી અને મિત્રોની નિમણૂક જેવા ભ્રષ્ટાચારના વલણ પણ જોવા મળે છે.

વિકાસશીલ દેશો આથી કરીને ભ્રષ્ટાચારના પરિણામો પણ ભોગવતા થાય છે. ભ્રષ્ટાચાર મુક્ત બજારમાં અવરોધ સર્જી, આર્થિક વૃદ્ધિને મંદ પાડીને અને રાજકીય તેમ જ વહીવટી સંસ્થાઓની જાહેર સેવાઓ પુરી પાડવાની ક્ષમતામાં ખલેલ પહોંચાડીને આર્થિક નુકશાન કરાવે છે. ભ્રષ્ટાચાર મૂલ્યોનું પતન કરાવીને પેઢીદર પેઠી માનવજીવનની ગુણવત્તાનું ધોવાણ કરે છે.

દેશની આર્થિક સ્થિતિ અને લોકોના દ્દષ્ટિકોણ અનુસાર વિવિધ દેશોમાં ભ્રષ્ટાચારની વ્યાખ્યા બદલાતી રહે છે. વિશ્વબેંક અને અન્ય બહુહેતુક વૈશ્વિક સંસ્થાઓ ભ્રષ્ટાચારની વ્યાખ્યા ''ખાનગી લાભો માટે જાહેર કાર્યાલયનો દુરૂપયોગ.'' એ રીતે આપે છે.

વિકાસશીલ દેશોમાં ચૂંટણીકીય ભ્રષ્ટાચાર તે તમામ રાજકીય ભ્રષ્ટાચારનું પ્રારંભ બિંદુ છે. આ દેશોમાં રાજકીય અને નોકરશાહ ભ્રષ્ટાચાર વચ્ચે જોડાણ જોવા મળે છે અને અન્યોન્યથી સ્વતંત્રપણે પણ પાંગરે છે.

રાજકીય નેતાઓ જ જ્યારે મોટા પાયે ભ્રષ્ટાચારમાં રાચતા થતાં નોકરશાહોમાં ભ્રષ્ટાચાર પાંગરવાની શક્યતાઓ વધી જાય છે. વિકાસ પામી રહેલી લોકશાહી વિકાસકીય ભંડોળોની મોટાપાયે ઉપલબ્ધિ રાજકરણીઓ અને મુલ્કી સેવકો માટે દેશના આર્થિક વિકાસ અને સામાજિક પ્રગતિના ભોગે વ્યક્તિગત ધોવાણે ધન એકત્ર કરવાની વ્યાપક તક પૂરી પાડે છે. ઉદ્ભવતી લોકશાહીમાં અપાયેલી ખાસ સત્તાઓ (ડીસ્ક્રીશનરી

(લેખક ભારતના ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર છે.)

પાવર્સ) ઘણાં લોકોને આ પ્રકારની સત્તાનો દુરુપયોગ કરીને ધન એકત્ર કરવાની તક પૂરી પાડે છે. આ પ્રકારનું વલણ લોકોને આર્થિક વિકાસ, કાયદાના શાસન, બુનિયાદી અધિકારો અને સામાજિક સમાનતાથી વંચિત કરે છે.

ભારતની લોકશાહી એક અભૂતપૂર્વ અને સૌથી લંબાણપૂર્વક લિખીત બંધારણથી સંચાલિત છે અને કાયદાના શાસન, માનવ અધિકારની સુરક્ષા, ગુડ ગવર્નન્સ અને સામાજિક ગુણવત્તા જાળવવા માટે તેમાં ભરપૂર જોગવાઈ થઈ હોવા છતાં ઉચ્ચ સ્તરે વ્યાપક ભ્રષ્ટાચાર પ્રવર્તી રહ્યો છે. જાહેર કાર્યાલયોમાં થતા ભ્રષ્ટાચારની શરૂઆત ચૂંટણી સમરાંગણમાં થતા ભ્રષ્ટાચારથી જ થઈ જાય છે. ૧૯૯૬માં સુપ્રીમ કોર્ટે થયેલી અરજી (સિવિલ)નં.૨૪ ૧૯૬૬ સંદર્ભમાં રાજકીય પક્ષોમાં થતી નાણાકીય હેરાફેરી વિશે ટીપ્પણી આપી હતી કે :-

"આપણી સામાન્ય ચૂટણીઓ-૮૫ કરોડ ભારતીયો પર કોણ રાજ કરશે તે નિર્ધારીત કરે છે. સ્વાધીનતા હાંસલ થયા પછીના પ્રત્યેક પાંચ-છ વર્ષે તેનું આયોજન થતું રહે છે. નાણાકીય ખર્ચના સંદર્ભમાં પણ આ એક મોટી કવાયત છે. હજારો સત્તાઈચ્છુકો દ્વારા સામાન્ય ચૂંટણીની વાસ્તવિક તારીખ પહેલાં જ ૫૪૩ જેટલી સંસદીય બેઠકોમાં વિવિધ પ્રકારના હજારો વાહનો કામે લગાડી દેવામાં આવે છે. દેશભરમાં લાખો હેન્ડબીલ અને પોસ્ટર છપાતા અને લગાવાતા હોય છે. લાખો બેનર બને છે. દિવાલો ચિતરાઈ જાય છે અને હજારો લાઉડસ્પીકર ઉપર ચૂંટણી વચનો અપાતા રહે છે. મહાનુભાવો ક્યારેક હેલીકોપ્ટર્સ તો ક્યારેક એર-ટેક્સીમાં આવનજાવન કરતા હોય છે. રાજકીય પક્ષો સત્તાની ખોજમાં માત્ર સામાન્ય ચૂંટણીમાં જ કરોડો રૂપિયા ખર્ચતા હોય છે. પરંતુ ખર્ચની રકમનો કોઈ હિસાબ તો રખાતો જ નથી. નાણા ક્યાંથી આવ્યા એ પણ કોઈ જાહેર કરતું નથી. યોગ્ય હિસાબ અને ઑડિટની પણ કોઈ વ્યવસ્થા નથી. નાણા ક્યાંથી આવે છે તે કોઈ જાણતું હોતું નથી. લોકશાહી કે જેમાં કાયદાનું શાસન પ્રવર્તી રહ્યું હોય એમાં કાળાનાણાનું આ રીતનું નગ્ન પ્રદર્શન કાયદાની જોગવાઈઓનો ભંગ કરે છે અને તેને મંજૂરી ના આપી શકાય."

ચૂંટણી પ્રચારનું ખર્ચ વધતાં અને રાજકીય પક્ષો અને ચૂંટણી લડી રહેલા ઉમેદવારો દ્વારા પ્રશ્નસૂચક પ્રચાર વ્યવહાર થતાં તાજેતરના વર્ષો દરમિયાન ભારતમાં ચૂંટણી ભ્રષ્ટાચાર વધ્યો છે. ચૂંટણીપંચે ઉમેદવારો માટે થવાપાત્ર ખર્ચની મર્યાદા નિર્ધારિત કરી હોવા છતાં રાજકીય પક્ષો દ્વારા થતા ચૂંટણી ખર્ચનું કોઈ નિયમન જ નથી. વર્તમાનમાં રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ખર્ચની વિગત રજુ કરવાનો નિયમ પણ પ્રવર્તી રહ્યો છે, પરંતું યોગ્ય નિયમનના અભાવે વર્ષો જતાં ચૂંટણી ભ્રષ્ટાચાર વધતો જાય છે. સ્પર્ધામાંઉતરેલા રાજકીય પક્ષો દ્વારા આક્રમક ચૂંટણીપ્રચારના વલણો અખત્યાર થતાં ચૂંટણી ખર્ચ પણ વધતું જાય છે. ચૂંટણી સમયે વીજાણુ અને પ્રિન્ટ મિડિયાનો પ્રચાર માટે ઉપયોગ કરાતાં રાજકીય પક્ષો અને ઉમેદવારોની ભંડોળ જરૂરીયાત પણ વધી જાય છે.

એ પણ જાણીતી હકીકત છે કે અનેક રાજકીય પક્ષોના કિસ્સામાં ઉમેદવારી માટે ઈચ્છુક ઉમેદવારોએ ચોક્કસ રકમની થાપણ જમા કરાવવાની રહે છે. તેને પરિણામે રાજકીય પક્ષો અને ઉમેદવારો ખરડાયેલા નાણાની મદદથી ચૂટણી જંગમાં ઉતરે છે. ચૂંટણી ખર્ચ માટે નાણાકીય જરૂરત રહેતાં કેટલાક અપરાધી તત્ત્વો પણ પક્ષ માટે ઉમેદવારી નોંધવવાની ઈચ્છા વ્યક્ત કરતા થાય છે. વર્તમાન વલણોને પરિણામે ચૂંટણી જંગમાં સારા ઉમેદવારો ઉતારવાની તક ઓસરતી જાય છે.

આવા વલણને કારણે ચૂંટણી લડવા રાજકીય પક્ષો દ્વારા યોગ્ય ઉમેદવારની પંસદગી સુધી નુકશાન સીમિત નથી રહેતું પરંતુ આ નુકશાન ચૂંટણી પ્રક્રિયા પછી પણ ચાલુ રહે છે. ચૂંટણી ખર્ચ તરીકે જંગી રકમ ખર્ચી ચૂકેલા ઉમેદવાર વૈધાનિક સભ્ય બની ગયા બાદ નાણા મેળવવા પોતાને મળતી સત્તાઓનો દુરૂપયોગ કરવા પણ પ્રયાસ કરે છે. જાહેર જનતા આપોઆપ લોકશાહીમાં વિશ્વાસ ગુમાવી દે છે, કારણ કે આથી કરીને સરકારની વિશ્વસનયત અને પ્રતિભાવ આપવાની ક્ષમતા પણ પ્રભાવિત થાય છે. કાયદાનો ઘણીવાર ભંગ થાય છે. વગદાર ઉદ્યોગલોબીઓ સરકારી નિર્ણયોને મરડીને તેની તરફેણમાં કરતા હોય છે. વિધાયકો પોતેજ કાયદો તોડતા હોય એવા સંજોગોમાં સરકાર પ્રામાણિકાતાનો માહેલ જ ના રહે. એશિયા, આફ્રિકા અને દક્ષિણ અમેરિકાની ઘણી પારંગત લોકશાહીમાં આ રીતની સમસ્યા જોવા મળે છે. ખાસ કરીને ભારતમાં આ સમસ્યાની સંપૂર્ણ નાબુદી તો નહીં જ પણ તેને ઘટાડજવા માટે રાજકીય પક્ષોના નિયમનો માટે અનેક સુચન થયા છે પરંતુ આ રાક્ષસને નાથવા કોઈ સરકારે ગંભીરતા દાખવી નથી. ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ.રાધાકૃષ્ણને ઓગસ્ટ ૧૪/૧૫, ૧૯૪૭ની મધરાતે સંસદને સંબોધન કરતાં દેશને આ મુદ્દે ચેતવણી આપતાં જણાવ્યું હતું કે ;-

"તાજેતરના સમયમાં આ મહાન દેશનું નામ ખરાબ કરી રહેલા ઉચ્ચ સ્તરના ભ્રષ્ટાચાર, સગાવાદ, સત્તા પ્રતિના પ્રેમ, નફાખોરી અને કાળા બજારને ખતમ નહીં કરીએ ત્યાં સુધી

**અનુ.પાના નં. ૫ ઉપર**

# રાજકારણનું અપરાધીકરણ

✍ એસ. કે. મેંદીરત્તા

**અપરાધી કોણ છે તેને વ્યાખ્યાયિત કરવું સરળ નથી. પશ્ચિમની દુનિયામાંથી ઉધાર લીધેલા ભારતીય ન્યાયતંત્ર મુજબ જે વ્યક્તિને અદાલતે દોષિત ના ઠેરવ્યો હોય ત્યાં સુધી તેને નિર્દોષ જ માનવાની પરંપરા છે. પરંતુ આમ આદમીની સમજ અલગ છે. એની નજરમાં તો જેની સામે ગુનો દાખલ થયો હોય અને અદાલતી કામગીરી ચાલી રહી હોય એ પણ અપરાધી જ છે. તેની નજર બદીયુક્ત પ્રવૃત્તિમાં રોકાયેલા માફિયા ડોન, હીસ્ટ્રીશીટર અને ખરાબ ચરિત્રવાન વ્યક્તિ પર હોય છે. સામાન્ય આદમી એ હકીકત પચાવી શકતો નથી કે હત્યા, બળાત્કાર, લૂંટ, ખંડણી, બ્લેકમેઈલિંગ કે જાહેર ભંડોળની ગેરરીતી જેવા ગુનામાં સંડોવાયેલી વ્યક્તિ માત્ર એટલા જ કારણ સંસદ કે વિધાનસભામાં તેમનું પ્રતિનિધિત્વ કરતો થઈ શકે કે અદાલતમાં તેની સામે ખટલો ચાલુ હોય અને તેને વિધિવત ગુનેગાર ઠેરવવાનો બાકી હોય.**

એ એક નિર્વિવાદ હકીકત છે કે ભારત એ પૃથ્વી પરનો સૌથી મોટો લોકશાહી દેશ છે. લોકશાહી દેશોના સમુદાયમાં તેને સ્થિર લોકશાહી માનવામાં પણ આવે છે. લક્ષ્મીચરણસેન અને અન્યો વિરૂદ્ધ એકેએમ હસન ઉઝમાન અને અન્યોના કેસમાં (એઆરઆઈ ૧૯૮૫ એસસી ૧૨૩૩) સુપ્રીમ કોર્ટે કહેલા શબ્દો જોઈએ તો "ભારત તે લોકશાહીની રણદ્વીપ વીરડી છે. વર્તમાન ઈતિહાસની આ હકીકત છે." પાડોશી દેશો તરફ જ નજર નાખવામાં આવે તો તેની તુફાનમાં આ સમયગાળા દરમિયાન ભારતમાં વત્તા ઓછા અંશે મુક્તિનું વાતાવરણ તો છે. પરંતુ આપણે દાવાપૂર્વક કહી શકીએ કે આપણી તે આદર્શ લોકશાહી છે અને તમામ બદીથી મુક્ત લોકશાહી છે ? કદાચ નહીં. હકીકત એ છે કે ચૂંટણી સહિતની અન્ય વ્યવસ્થાએ કોઈપણ ક્ષેત્રે સંપૂર્ણતા હાંસલ કર્યાનો દાવો આપણે કરી શકીએ તેમ નથી.

આપણી ચૂંટણી વ્યવસ્થા ત્રણ 'એમ' મની પાવર, મસલ પાવર અને મિનિસ્ટરીયલ પાવર (સરકારી તંત્રનો દૂરુપયોગ) કે પછી ત્રણ 'સી' કેશ-ક્રિમિનલ્સ અને કરપ્શનથી પીડાય છે. ચૂંટણી પંચે મોડેલ આચાર સંહિતા લાગુ કરીને શાસક પક્ષ દ્વારા ચૂંટણી દરમિયાન થતા સરકારી તંત્રના દૂરઉપયોગને તો અટકાવ્યો છે. ચૂંટણી પંચ દ્વારા લેવાયેલા કેટલાક રચનાત્મક પગલાંને કારણે 'મની પાવર'ના ઉપયોગ પર પણ નિયંત્રણો આવ્યા છે. અખિલ ભારત સેવાઓમાંથી પસંદ થયેલા વરિષ્ઠ અધિકારીઓની ચૂંટણી પંચ નિરીક્ષક તરીકે વરણી કરે છે. ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ચૂંટણી ઉમેદવાર કેટલો ખર્ચ કરે છે એ બાબત ઉપર આ અધિકારીઓ ચાંપતી નજર રાખે છે. ચૂંટણી પંચે આપેલા આદેશોને પગલે રાજકીય પક્ષો અને ચૂંટણી ઉમેદવારો દ્વારા થતા વૈભવી ખર્ચાઓ પર પણ સંખ્યાબંધ નિયંત્રણો મૂકાયા છે. આવા વૈભવી ખર્ચામાં કમાનો અને દ્વાર ઉભા કરવા, ખાનગી અને સરકારી મિલકતો પર સૂત્રો લખીને કે પોસ્ટર લગાવીને તેને ઢાંકી દેવી જેવા ખર્ચા પર નિયંત્રણો લાદવામાં આવ્યા છે.

પરંતુ ચૂંટણી ગેરરીતી માટે 'મસલ પાવર' નો થતો ઉપયોગ તે માત્ર ચૂંટણીપંચ માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે ચિંતાનો વિષય છે. રાજકારણના વધી રહેલા અપરાધીકરણથી પ્રજા અને મતદારો ચિંતિત છે. ૧૯૭૦ ના દાયકા સુધી સક્રિય રાજકારણીઓ ચૂંટણી જીતવા મતદારોને દહેશતમાં મૂકવા અને બળજબરીથી મતદાનકેન્દ્રો પર કબજો જમાવવા અપરાધીઓ અને સ્થાનિક 'દાદા'ની મદદ લેતા હતા. આ અપરાધીઓ અને સમાજ વિરોધી તત્ત્વો એકવાર જાણી ગયા કે રાજકારણીઓ તેમની મદદથી ચૂંટાઈ રહ્યા છે ત્યારથી તેઓ જાતે જ ચૂંટણી મેદાનમાં ઝંપલાવવા લાગ્યા. અપરાધીઓ સમજી ગયા કે રાજકરણ તે એક શ્રેષ્ઠ વ્યવસાય છે કે જેની મદદથી રાજસત્તા હાંસલ થવાની

(લેખક ભારતના ચૂંટણીપંચના કાનૂની સલાહકાર છે.)

સાથોસાથ તેમની અન્ય પ્રવૃત્તિઓ માટે રાજસુરક્ષા પણ મળી શકે છે.

અપરાધી કોણ છે તેને વ્યાખ્યાયિત કરવું સરળ નથી. પશ્ચિમની દુનિયામાંથી ઉધાર લીધેલા ભારતીય ન્યાયતંત્ર મુજબ જે વ્યક્તિને અદાલતે દોષિત ના ઠેરવ્યો હોય ત્યાં સુધી તેને નિર્દોષ જ માનવાની પરંપરા છે. પરંતુ આમ આદમીની સમજ અલગ છે. એની નજરમાં તો જેની સામે ગુનો દાખલ થયો હોય અને અદાલતી કામગીરી ચાલી રહી હોય એ પણ અપરાધી જ છે. તેની નજર બદીયુક્ત પ્રવૃત્તિમાં રોકાયેલા માફિયા ડોન, હીસ્ટ્રીશીટર અને ખરાબ ચરિત્રવાન વ્યક્તિ પર હોય છે. સામાન્ય આદમી એ હકીકત પચાવી શકતો નથી કે હત્યા, બળાત્કાર, લૂંટ, ખંડણી, બ્લેકમેઈલિંગ કે જાહેર ભંડોળની ગેરરીતી જેવા ગુનામાં સંડોવાયેલી વ્યક્તિ માત્ર એટલા જ કારણ સંસદ કે વિધાનસભામાં તેમનું પ્રતિનિધિત્વ કરતો થઈ શકે કે અદાલતમાં તેની સામે ખટલો ચાલુ હોય અને તેને વિધિવત ગુનેગાર ઠેરવવાનો બાકી હોય.

અથવા ખરાબ તત્ત્વોને ચૂંટણી જંગમાંથી બાકાત રાખવા જોઈએ એ મુજબની લોકલાગણી સંતોષવા વર્તમાન કાયદામાં પૂરતી જોગવાઈ નથી.

વર્તમાન કાયદામાં (લોક-પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૮) જોગવાઈ છે કે વ્યક્તિ બાકાત રાખવા માટે તે દોષિત ઠર્યા હોય એટલું જ પૂરતું નથી, પરંતુ સૂચવ્યા મુજબના સમયગાળાથી ઓછા સમય માટેની સજા પણ થયેલી હોવી જોઇએ.

કલમ-૮ની સામાન્ય જોગવાઈમાં જણાવ્યા મુજબ વ્યક્તિ દોષિત ઠરતા અને ઓછામાં ઓછી બે વર્ષની કારાવાસની સજા થઈ હોય ત્યારે જ તેને ચૂંટણી જંગમાંથી બાકાત રાખી શકાય.

ચરમસીમા એ વાતની છે કે ૧૯૯૭ સુધી તો વર્તમાન નબળાઈઓ સાથેના કાયદાનો પણ આ મુદ્દે પૂરેપૂરો ઉપયોગ થતો નહોતો. કલમ ૮માં અદાલત દ્વારા દોષિત ઠેરવવાનો અર્થ પણ નીચલી અદાલત દ્વારા દોષિત નહીં પરંતુ આખરી અપીલ સત્તા દ્વારા દોષિત ઠરેલ વ્યક્તિ એ મુજબ તારવવામાં આવતો હતો. આથી જ હત્યા, લૂંટ અને આતંકવાદી પ્રવૃત્તિમાં દોષિત ઠરેલી વ્યક્તિ પણ અપીલ સુનાવણી બાકી હોવાના સંજોગોમાં જામીન પર જેલ બહાર નીકળીને ચૂંટણી જંગમાં ઝંપલાવી શકતો હતો. અને અદાલતે આપેલી સૂચનાને પગલે ચૂંટણી પંચે આ મુદ્દે કાનૂની સમીક્ષા ના કરી ત્યાં સુધી કોઈએ આ અંગેની કાનૂની સ્થિતિઓ વિશે દરકાર નહોતી કરી. ચૂંટણી પંચે જોયું કે અલ્હાબાદ, હિમાચલપ્રદેશ અને મધ્યપ્રદેશ એમ ઓછામાં ઓછી ત્રણ વડી અદાલતોએ સ્પષ્ટ અને નિઃશંકપણે જણાવ્યું કે માત્ર જામીન મળી જવાથી લોકપ્રતિનિધિત્વ ધારા, ૧૯૫૧ની કલમ-૮ હેઠળની દોષિતની વ્યાખ્યામાંથી વ્યક્તિ બહાર નથી આવી જતો અને આ પ્રકારની દોષિત વ્યક્તિ ચૂંટણી માટે ગેરલાયક રહે છે. ત્યારબાદ ધ્યાનમાં આવ્યું હતું કે મુંબઈ વડી અદાલતે પણ આવો જ મત લીધો હતો. પંચે ત્યારબાદ ૨૮-૦૮-૧૯૯૭ના રોજ જાહેર કર્યું હતું કે સંસદ અને વિધાનસભા માટે વ્યક્તિ કલમ-૮ હેઠળ નીચલી અદાલત દ્વારા તેને દોષિત ઠેરવાવની તારીખથી જ ગેરલાયક ઠરી જશે. આવી દોષિત વ્યક્તિને જામીન મળી હશે કે , રીવીઝન અપીલની કામગીરી બાકી હોય તો પણ તેને આ નિયમ લાગુ પડશે.

પોતાની ઉપર મુજબની ઘોષણાને સુદૃઢ બનાવવા માટે ચૂંટણી પંચે તમામ ઉમેદવારોએ કોઈ ગુનામાં દોષિત ઠર્યા છે કે કેમ ? એ મુજબના સોગંદનામા સાથે નિયત નમૂનામાં ઉમેદવારી અરજી સાથે જ ઘોષણા કરવાની રહેશે એ પ્રકારના આદેશ પણ જારી કર્યા હતા. સોગંદનામામાં તેઓ કોઈ અપરાધમાં દોષિત ઠર્યા હોય તો તેની વિગતો આપવા પણ જણાવવામાં આવ્યું હતું. તમામ રીટર્નિંગ અધિકારીઓને પણ ચૂટંણી પંચે સ્પષ્ટપણે કહી દીધું હતું કે જે ઉમેદવારો આવું ઘોષણાપત્ર કે સોગંદનામું રજુ ના કરે તેમના ઉમેદવારીપત્રો ફગાવી દેવાની તેમને સત્તા રહેશે. આમ તો નીચલી અદાલત દ્વારા દોષિત ઠરતાં જ વ્યક્તિ ઉમેદવારી માટે ગેરલાયક રહે છે. એ મુજબ પંચે વ્યક્ત કરેલી માન્યતાની સચ્ચાઈ સામે કેટલાક ખૂણે પ્રશ્નો રહ્યા હતા પરંતુ સર્વોચ્ચ અદાલતે એ શંકાને પણ નિર્મૂળ કરી દીધી હતી. બી.આર.કપુર વિરુદ્ધ તામિલનાડુ રાજય અને અન્યો (કે જેને કુમારી જે.જયલલિતાને ગેરલાયક ઠેરવ્યા સંબંધી કેસની ઓળખ પ્રાપ્ત થઈ છે.) માં અને કે.પ્રભાકરણ વિરુદ્ધ ટી.જયરાજન (એઆઈઆર ૨૦૦૨ એસસી ૩૩૯૩) ના કેસોમાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે નીચલી અદાલત દ્વારા દોષિત ઠર્યાની તારીખથી વ્યક્તિ ચૂંટણી ઉમેદવારી માટે ગેરલાયક ઠરે છે. સુપ્રીમ કોર્ટે જો કે ત્યારબાદ નવજોતસિંઘ સિદ્ધુ વિરુદ્ધ પંજાબ સરકાર (૨૦૦૭, (ટીએલએસ) ૪૩૪૩૨) કેસમાં જણાવ્યું હતું કે અપીલ સત્તાધિકારી જામીન આપીને માત્ર સજાના અમલ સામે જ નહીં પરંતુ અપીલની કામગીરી પૂરી ના થાય ત્યાં સુધી દોષિત ઠર્યાના આદેશ પર પણ મનાઈ હુકમ ફરમાવે તો આવી દોષિત ઠરેલી વ્યક્તિને ચૂંટણી માટે ગેરલાયક ઠેરવવા સામે પણ મનાઈ હુકમ લાગુ થઈ જાય છે.

કાયદાની એક અન્ય જોગવાઈ સામે પણ કેટલાકના ભવાં ચઢ્યાં હતાં. કાયદામાં (કલમ૮(૪)) જોગવાઈ છે કે

વ્યક્તિ દોષિત ઠરે તે તારીખે વ્યક્તિ સંસદ, વિધાનસભા કે પરિષદના સભ્યપદે ચાલુ હોય તો આવા કિસ્સામાં ગેરલાયક ઠરવાનો નિયમ તત્કાલ લાગુ પડતો નથી. પરંતુ ત્રણ મહિના સુધી મુલતવી રહે છે. આ ત્રણ મહિનાના સમયમાં દોષિત ઠરેલી વ્યક્તિ માત્ર અપીલ કે રીવીઝન અરજી દાખલ કરી દે તો એ અપીલ કે રીવીઝન અરજીના નિકાલ સુધી તેને ગેરલાયક ઠેરવી શકાશે નહીં. સભ્યપદે ચાલુ હોય તેવા વિધાયકોના લાભમાં થયેલી આ જોગવાઈ પણ કેટલાકના ગળે ઉતરી નહોતી. વાસ્તવમાં જે કાયદાને ઘડનાર વિશેની અપેક્ષાઓ લોકોમાં વધી જતી હોય છે. લોકો ઈચ્છતા હોય છે કે તેનું ચરિત્ર ઉદાહરણરૂપ હોય. તેથી એમના માટે તો નિયમો વધુ કડક હોવા જોઈએ. જોકે સર્વોચ્ચ અદાલતે પણ દયા દાખવીને કે.પ્રભાકરન વિરુદ્ધ ટી.જયરાજન કેસમાં આ પ્રકારના લાભકારી નિયમમાંથી મામુલી લાભકારી અસરોનો જ છેડે ઉડાડ્યો હતો. સુપ્રીમે જણાવ્યું હતું કે સંસદ કે વિધાનસભાના સભ્યપદે ચાલુ હોય ત્યાં સુધી જ કલમ (૪) હેઠળ ગેરલાયક થવાથી તેમનો બચાવ થાય છે પરંતુ ભાવિ ચૂંટણીઓમાં ઉમેદવારી માટે ગેરલાયક ઠેરવતા તેમને બચાવી શકતી નથી.

ચૂંટણી સુધારામાં સર્વોચ્ચ અદાલતનું સૌથી મોટું પ્રદાન એ રહ્યું કે તેણે ચૂંટણી પંચને તમામ ઉમેદવારો પાસેથી તેમણે ભૂતકાળમાં આચરેલા ગુના ઉપરાંત અસ્કયામતો, જવાબદારીઓ અને શૈક્ષણિક લાયકાત અંગેની વિગતો મેળવવા બાધ્ય કર્યું. ભારત સરકાર વિરુદ્ધ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રીફોર્મ્સ અને અન્યો (એઆઈઆર ૨૦૦૨ એસસી ૨૧૧૨) તેમજ પીપલ્સ યુનિયન ફોર સિવિલ લીબર્ટીઝ વિરુદ્ધ ભારત સરકાર અને અન્યો (એઆઈઆર ૨૦૦૩ એસસી ૨૩૬૩) કેસમાં જણાવ્યું હતું કે "લોકશાહીમાં માહિતી મેળવવાના અધિકારને કુદરતી માન્યતા મળેલી છે. અને તેના જ નાગરિકોને સંસદ કે વિધાનસભાના ઉમેદવારના ગુનાસંબંધી ઈતિહાસને જાણવાનો અધિકાર છે. લોકશાહીના બચાવ માટે પણ આ પાયાની જરૂરિયાત છે. પોતાના માટે કાયદા ઘડનારની પસંદગી કરતાં પહેલા આથી કરીને નાગરિક તેના વિશે વિચારી શકે છે."

સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત આદેશને અનુસરતા ચૂંટણી પંચે તમામ ઉમેદવારો માટે તેના ભૂતકાળમાં વિગતો અથવા અદાલતમાં તહોમત મૂકાવાની સંભાવના હોય એ પ્રકારે જે કેસ ચાલતા હોય તેની વિગતો આપવી ફરજીયાત બનાવી હતી. ઉમેદવારે ઉમેદવારી પત્ર ભરતી વખતે નિયત નમૂનામાં સોગંદનામા સાથે આ વિગત પૂરી પાડવાની રહે છે. આવું સોગંદનામુ રજૂ ના થતાં તેનું ઉમેદવારી પત્ર ફગાવી પણ શકાય છે. ઉમેદવારે પૂરી પાડેલી વિગતોને માધ્યમો અને ચૂંટણી વોચ જૂથોને આપીને તેમજ પંચની વેબસાઈટ મૂકીને તેનો બહોળો પ્રચાર કરવાનો રહે છે.

વર્તમાન કાયદાની જોગવાઈમાં જ અપરાધી તત્ત્વોને ચૂંટણી જંગથી દૂર રાખવાના પ્રયાસરૂપે ચૂંટણીપંચે વર્ષ ૨૦૦૫માં એવી સૂચના આપી હતી કે જે વ્યક્તિ સામે અદાલતે બીનજામીનપાત્ર જારી કરેલું વોરન્ટ છ મહિનાથી વધુ સમય માટે બજ્યા વિનાનું રહ્યું હોય તો તેઓ અપાયેલા સરનામે રહેનારા સામાન્ય નાગરિક ના રહેવાની ધારણા સાથે તેમના નામ મતદાર યાદીમાથી બાકાત કરવા. અર્થાત આવી વ્યક્તિ ચૂંટણી પણ ના લડી શકે અને મત પણ ના આપી શકે. ઉમેદવારી નોંધાવવા અને મત આપવા માટે વ્યક્તિનું નામ મતદાર યાદીમાં હોય તે પ્રાથમિક શરત છે. આવા કેટલાક ભાગતા ફરતા આરોપી આ સંજોગોમાં અદાલત સમક્ષ શરણાગતિ પણ સ્વીકારતા હોય છે.

કાયદાઓમાં સુધારા ના થાય ત્યાં સુધી આનાથી વિશેષ કંઈ થઈ શકે તેમ નથી એનો અંદાજ આવી જતાં પંચ રાજકીય પક્ષોને પણ સારી અને સ્વચ્છ પ્રતિભા ધરાવનારા ઉમેદવારોને ચૂંટણી જંગમાં ઉતારવા અપીલ કરતું આવ્યું છે. મોટાભાગના કિસ્સામાં આવી અપીલ સામે આંખ આડા કાન કરીને સંખ્યાબંધ પક્ષો, માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષો પણ પોતાના કરતૂતો માટે ઓળખાતી વ્યક્તિઓને ઉમેદવાર બનાવતી હોય છે.

ઉપર જણાવ્યા મુજબ કાયદો સુધારવામાં જ સમસ્યાનું સાચું સમાધાન પડેલું છે. રાજકારણના થઈ રહેલા અપરાધીકરણને રોકવા અસરકારક પગલાં લેવા હોય તો અનૈતિક વર્તાવ, હત્યા, લૂંટ, રમખાણ જેવા ગુનામાં સંડોવણી બદલ જેમની સામે કેસ ચાલતા હોય કે પછી જેમની સામે અદાલતે નોંધ લઈને ચાર્જશીટ ઘડી હોય તેઓ આરોપોમાંથી મુક્ત ના થાય ત્યાં સુધી તેમને ચૂંટણી ઉમેદવારી કરતાં અટકાવવા જોઈએ. ૧૯૯૮માં ચૂંટણીપંચે આ દિશામાં હકારાત્મક ભલામણો કરતાં જણાવ્યું હતું કે ઓછામાં ઓછી પાંચ વર્ષની સજાની સંભાવના ધરાવતા ગુનામાં સંડોવાયેલી વ્યક્તિ કે પછી જેના કિસ્સામાં અદાલતે તહોમત દાખલ કર્યું હોય તેવી વ્યક્તિને આ કેસનો નિકાલ ના આવે ત્યાં સુધી ઉમેદવારી કરવાની મંજૂરી ના મળવી જોઈએ. ચૂંટણીપંચના મતે જાહેરહિત અને નામદાર સુપ્રીમકોર્ટ ચૂંટણી લડવાના અધિકારને આપેલી માન્યતાના સંદર્ભમાં પણ આ જોગવાઈ યોગ્ય નિયંત્રણ લાદી

**અનુ.પાના નં. ૫ ઉપર**

# ચૂંટણી પ્રચાર : લોકશાહી આદર્શ અને ભારતનો અનુભવ

✍ અભયકુમાર દુબે

**ચૂંટણી પ્રચારના સંદર્ભમાં સંશોધનાત્મક મોટું પ્રદાન કરી ચૂકેલા આપણા એક વિદ્વાને જણાવ્યા મુજબ ચૂંટણી ઝુંબેશે આપણા મતદારોને દેશના વિવિધ રાજકીય સમસ્યાઓ વિશે અવગત કરાવવા ઉપરાંત વિવિધ પક્ષના ઉમેદવારો દ્વારા તેમની નીતિ અને કાર્યક્રમોની મતદારોને સમજ આપવી જોઈએ. પ્રોફેસર રજની કોઠારી આ સંદર્ભમાં કહે છે કે પંરપરાગત સમાજના આધુનિકરણે રાજકીયકરણનો રાહ પસંદ કર્યો છે. ચૂંટણી પ્રચાર પ્રક્રિયા નાગરિકોને વિવિધ નેતાઓ અને પક્ષોને સાંભળવાની તક આપે છે. આપણા દેશના દૂરદરાજના ગ્રામીણ વિસ્તારોમાં વસતા અશિક્ષિત વ્યક્તિઓ પરિવહન કે સંદેશાવ્યવહાર જેવી માળખાકીય સુવિધાઓથી વંચિત હોય છે. પરંતુ ચૂંટણી પ્રચારના માધ્યમથી આ મતદારો પણ રાજકીય નેતાઓ અને પક્ષોના સંપર્કમાં આવીને દેશના રાજકીય પાસાઓથી વાકેફ થાય છે.**

૧૯૫૨માં લોકશાહી ભારતે ચૂંટણી પ્રચાર ઝુંબેશનો આરંભ કર્યો ત્યારે ચૂંટણી પ્રચારનો એ પ્રથમ અધ્યાય વિધિવત પ્રચાર ઝુંબેશ અને અવિધિવત સામાજિક તાણાવાણા ગૂંથવાની મિશ્ર પ્રક્રિયા રહી. એક વિશિષ્ટ પ્રકારના ભારતમાં સામાજિક તાણાવાણા ગૂંથણીનો આરંભ થયો હતો એ સંજોગોમાં જેને લોકશાહી ચૂંટણી ઝુંબેશના આદર્શો કહી શકાય તેની વિધિવત પદ્ધતિઓમાં પણ વૈવિધ્ય જન્મે જ. ચૂંટણી ઝુંબેશના ભારતના ઇતિહાસ પર નજર નાખવામાં આવે તો લોકશાહીનો સિદ્ધાંત આપી ગયેલાઓ આપેલા આદર્શથી ચૂંટણી ઝુંબેશ પ્રક્રિયા દૂર જ રહી છે.

પ્રથમ સામાન્ય ચૂંટણી વખતે થયેલા ચૂંટણી પ્રચાર અને આપણે આજે જે રીતે ચૂંટણી પ્રચાર ઝુંબેશ હાથ ધરાઈ રહી છે. તે વચ્ચેના ભેદની નોંધ લેવી હોય તો આપણે ’૫૦ ના દાયકાના આરંભના કાળના ચૂંટણી જંગમાં ઝંપલાવી ચૂકેલા બીનકોંગ્રેસી ઉમેદવારથી શરૂઆત કરવી રહી. અત્રે એ ઉમેદવારના ચરિત્ર, તેના મતદાનક્ષેત્ર અને તેના રાજકીય આદર્શવાદનો ઉલ્લેખ થવો રહ્યો. અશંથઃ શહેરી પશ્ચાદભૂમાંથી બહાર આવેલા આ ઉમેદવારે પોતાની પૂરી યુવાની સંસ્થાનવાદ સામે લડવામાં ગાળી હોવાથી એ લોકસંપર્કની અદ્દ્ભૂત કલા ધરાવતો હતો. સંગઠનીય કામગીરીની પણ તેની પાસે જાણકારી હતી. સમાજવાદનો હિમાયતી હોવાથી સ્થાનિક કે પ્રાદેશિક નાણાકીય વગદાર હસ્તીઓ પાસેથી નાણાકીય ડોનેશન મેળવવા તે દોડ નહોત લગાવતો અને ગ્રામીણ વિસ્તારના પરંપરાગત સશક્ત સામાજિક પરિબળોની સહાય મેળવવી પણ તેને ગમતી નહોતી. તેની રાજકીય પ્રવૃત્તિઓ માટે તે સામાન્ય જનતા પર આધારિત રહેતો હતો. પોતાના સૂત્રધાર ડૉ.લોહિયા તરફથી પક્ષની ટિકિટ મળતાં જ આ ઉમેદવારે પોતાના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવારથી અલગ રીતે જ ચૂંટણી પ્રચારનો આરંભ કર્યો હતો. પ્રતિસ્પર્ધી ઉમેદવાર પણ જાણીતા સ્વાતંત્ર્ય સેનાની હોવા ઉપરાંત વિસ્તારના સન્માનીય નેતા રહેલા હતા.

અત્રે જે ઉમેદવારની કથાની ચર્ચા થઈ છે તેણે ચૂંટણી પ્રચાર અંગેના ચોક્કસ આદર્શ નક્કી કર્યા હતા. પ્રથમ તો એ પોતાના પ્રચાર ઝુંબેશ કાર્યકરોને સૂચના આપતો હતો કે મતદારોનું સમર્થન મેળવવા જાતિ કે સમુદાય આધારિત અપીલો ના કરતાં સમસ્યા અને પ્રશ્નો આધારિત પ્રયાસ જ કરવો. તે મહદઅંશે ઘેર ઘેર ફરીને ચૂંટણી પ્રચારની તરફેણ નહોતો કરતો. એ ઉમેદવાર જે મતદાર વિસ્તારમાં ચૂંટણી લડતો હતો તે આજના

(લેખક ભૂતપૂર્વ પત્રકાર અને વર્તમાનમાં સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાઈટીઝ દિલ્હીમાં ઈન્ડિયન લેંગ્વેજ પ્રોગ્રામના સંપાદક છે.)

સંસદીય મતવિસ્તારના મુકાબલે ત્રણ ગણો રહેતો હતો. ઉમેદવાર પાસે પ્રચાર માટે એકાદ જીપ કે કાર અને થોડાક હજારનું ચૂંટણી ભંડોળ રહેતું હતું. કાર્યકરોએ પણ સ્થાનિક વસતીમાંથી ઉઘરાવીને પોતાનો રોજબરોજનો ખર્ચ કાઢવાનો રહેતો હતો. આ અગ્રણી નેતાઓ પણ મતદારોના સમર્થન માટે સ્પર્ધામાં હોવાથી તેઓ વિરોધીઓ પ્રતિ સતર્કતા વર્તીને આલોચનાત્મક ભૂમિકા પણ નિભાવતા થયા. આ ભૂમિકા રાજકારણમાં સાધારણ રસ ધરાવતા સક્રીય નાગરિકો નથી જ નિભાવતા.

ચૂંટણી પ્રક્રિયાના એક આલોચક ચેતવણી આપી ચૂક્યા છે કે રાજકારણની આ પ્રક્રિયા સમુદાયોમાં રાજકીય કાર્યદક્ષતાઓ તો વધારે છે પરંતુ વચનો પૂરા ન થતાં રાજકીય અજંપો પણ જન્માવી શકે છે. ટૂંકમાં લોકશાહી આદર્શ અને મૂલ્યો સાથે આગળ વધવામાં આવે તો ચૂંટણી પ્રક્રિયા તે રાજકારણને જીવંત રાખનારી પ્રક્રિયા છે. પક્ષીય સંગઠનોનું ધોવાણ થતાં ભારતમાં આગળ જતાં ચૂટંણીઓ શુલ્લક મુદ્દા આધારે લડાતી થતાં પ્રચાર ઝુંબેશે પણ બેડોળ વળાંક લીધો છે. લોકશાહી ચૂંટણી પ્રક્રિયાના માપદંડો અને મૂલ્યોનું પાલન કર્યા વિના ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેતા અભિનેતાઓનું એક જ સૂત્ર બનવા લાગ્યું છે કે સફળતા જેવું કાંઈ જ નથી. આથી કરીને વિજેતા બનાવનારી કોઈપણ પદ્ધતિ કે વ્યૂહનો ઉપયોગ કરવાનો તેમને છોછ ના રહ્યો. અને કદાચ બીજા મુદ્દા ઉદભવે તો પણ તેઓ જેના માટે જુગાર ખેલી રહ્યા હોય છે તે સત્તાની મદદથી જ તેને હલ કરવા પ્રયાસ કરવા લાગ્યા. એક તરફ જે ચૂંટણીને સહેલાઈથી ખાળી શકાય તેમ હતી તેને ફરજીયાત કરી દેતા વ્યક્તિગત નેતાઓના પગલાં અને બીજી તરફ ચૂંટણી પહેલાં પ્રવર્તી રહેલી સામાજિક રાજકીય સ્થિતિઓ ચૂંટણી પ્રચાર ઝુંબેશના વલણો નક્કી કરે છે અને વિવિધ ઉમેદવારો અને પક્ષો પણ તેને અનુરૂપ વિવિધ વ્યૂહો અખત્યાર કરતા હોય છે. ભૂતકાળમાં પ્રચાર ઝુંબેશ દરમ્યાન જે પ્રકારની વૈચારીક ચર્ચાઓ થતી હતી તે ઓસરી રહી છે. નીતિઓ અને કાર્યક્રમોના પણ એવા જ હાલ છે. રાજકીય પક્ષોએ પ્રત્યેક ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો બહાર પાડવાની પરંપરા જાળવી રાખી છે. આ ચૂંટણી ઢંઢેરા અર્થ ગુમાવતા જાય છે. આવા ચૂંટણી ઢંઢેરા એટલા માટે અર્થહીન બનતા જાય છે કે ચૂંટણી પ્રચાર જેમના માટે થઈ રહ્યો હોય છે તે ઉમેદવારો અશિક્ષિત હોય છે કે પછી તેમની આંખમાં આવા દસ્તાવેજોનું મહત્ત્વ વસેલું હોતું નથી. કારણ કે જનતાનું સમર્થન મેળવવાના તેમના માર્ગો સંપૂર્ણપણે બીનરાજકીય હોય છે. તદ્દન બીન અનુભવી ઉમેદવારોની પસંદગી કરતા રાજકીય પક્ષો પણ આવી સ્થિતિ માટે જવાબદાર છે. દેશ અને લોકોના સામાન્ય હિતોને સ્પર્શતા મોટા પ્રશ્નોને જરૂરી મહત્ત્વ આપવામાં આવતું નથી. પોતે જે ખાસ પ્રકારની પ્રચાર ઝુંબશના જાણકાર હોય છે તેના નામે આવા પ્રસ્નો પર બિનરાજકીય પરિબળો દ્વારા બુલડોઝર ફેરવી દેવાનું હોય છે. ચૂંટણીના અંતે આપણા આ આદર્શવાદી ઉમેદવારનો પરાજય થયો હતો, પરંતુ ચૂંટણીકીય માનહાનિ નહોતી જ થઈ. બાકીના ૪૦ ઉમેદવારોના મુકાબલે જોઇએ તો ઉમેદવારે પોતાની થાપણ નહોતી ગુમાવી. યાદ રહે, તે પ્રતિસ્પર્ધી વિજેતા ઉમેદવાર પાસે પ્રચાર માટે પાંચેક જીપ અને અન્ય સંસાધનોની ભરમાર રહેતી હતી અને છાતં કોંગ્રેસના ઉમેદવાર માત્ર ૧૦,૦૦૦ મતની સરસાઈથી જ વિજેતા થયા હતા.

### સિદ્ધાંત અને વ્યવહાર વચ્ચેનું અંતર

ચૂંટણી પ્રચારના સંદર્ભમાં સંશોધનાત્મક મોટું પ્રદાન કરી ચૂકેલા આપણા એક વિદ્વાને જણાવ્યા મુજબ ચૂંટણી ઝુંબેશે આપણા મતદારોને દેશના વિવિધ રાજકીય સમસ્યાઓ વિશે અવગત કરાવવા ઉપરાંત વિવિધ પક્ષના ઉમેદવારો દ્વારા તેમની નીતિ અને કાર્યક્રમોની મતદારોને સમજ આપવી જોઇએ. પ્રોફેસર રજની કોઠારી આ સંદર્ભમાં કહે છે કે પંરપરાગત સમાજના આધુનિકરણે રાજકીયકરણનો રાહ પસંદ કર્યો છે. ચૂંટણી પ્રચાર પ્રક્રિયા નાગરિકોને વિવિધ નેતાઓ અને પક્ષોને સાંભળવાની તક આપે છે. આપણા દેશના દૂરદરાજના ગ્રામીણ વિસ્તારોમાં વસતા અશિક્ષિત વ્યક્તિઓ પરિવહન કે સંદેશાવ્યવહાર જેવી માળખાકીય સુવિધાઓથી વંચિત હોય છે. પરંતુ ચૂંટણી પ્રચારના માધ્યમથી આ મતદારો પણ રાજકીય નેતાઓ અને પક્ષોના સંપર્કમાં આવીને દેશના રાજકીય પાસાઓથી વાકેફ થાય છે. આદર્શની વાત કરીએ તો ચૂંટણી દરમિયાન નેતા અને તે જેનું નેતૃત્ત્વ કરી રહ્યો હોય તેમના વચ્ચેનો ભૌતિક અને માનસિક અવરોધ દૂર થઈ જવા જોઇએ અને એવી સ્થિતિનું નિર્માણ થવું જોઇએ કે સામાન્ય પ્રજા પોતાના નેતા અને પક્ષ સાથે મુક્તપણે વાર્તાલાપ કરીને આદાનપ્રદાન કરી શકે. સામાન્ય સંજોગોમાં આ મતદારોની પહોંચ તેમના સુધી હોતી જ નથી. ચૂંટણી નેતા અને પક્ષોને પોતાની નીતિ અને કાર્યક્રમો મતદારો સમક્ષ મૂકવાની તક આપે છે. એ સાબિત કરવાની તક આપે છે કે અન્ય સ્પર્ધકોની તુલનામાં પોતે કઈ રીતે અલગ છે અને અન્યો કરતાં સ્થિતિમાં સુધાર કઈ રીતે લાવી શકે છે. પક્ષના સંદર્ભમાં

દૃષ્ટિકોણ લોકો સુધી પહોંચતા કરીને પક્ષ મતદારની વ્યક્તિગત અને સામુહિક પ્રગતિના મુદ્દે બાંધછોડ કરી શકે છે. લોકો પણ પોતાના નેતા સાથે બાંધછોડભરી સોદાગીરી કરીને ચોક્કસ શરતોના આધારે તેમને ટેકો આપી શકે છે અને બદલામાં ઉમેદવાર વચનો પૂરા કરવાની ખાતરી આપી શકે છે.

ચૂંટણી ઝુંબેશના આદર્શ સાથે આગળ વધતા જતાં સ્પર્ધામાં ઉતરેલા પક્ષો અને ઉમેદવારો પર સંગઠનીય રાજકારણને ટકાવી રાખવાની જવાબદારીઓ વધતી ચાલી. એક અન્ય સૈધ્ધાંતિક વિચારકના મતે સંગઠનીય વ્યવસ્થાને આ સંજોગોમાં ચૂંટણી ઝુંબેશો શૈક્ષણિક મૂલ્ય ગુમાવતી જાય છે અને જાણે કે માત્ર લોકોના ભાગલા કરવા જ તેનું આયોજન થતું હોય એવો માહોલ સર્જાય છે. લોકોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હોવાનો દાવો કરી રહેલા કેટલાક પસંદગીના લોકોના ટૂંકા સ્વાર્થો પૂરા કરવા તુચ્છ મુદ્દાઓ ઉઠાવીને જાણે કે એકબીજા પર પ્રહારો કરવાની પ્રક્રિયા બની રહી છે.

**ભારતીય રાજકારણનાં નવાં પાસાં**

ભારતીય ચૂંટણી-પ્રક્રિયાના આલોચકો જે પ્રશ્નો છેડતા રહ્યા છે તે મુદ્દે વાત કરતાં પહેલાં તાજેતરના ભૂતકાળમાં ભારતીય રાજકારણમાં ઉઠેલા નવાં પાસાં કે જે ચૂંટણી પ્રક્રિયામાં ઉપર મુજબ તિરાડ સર્જી રહ્યા છે તેની વાત કરી લઈએ. આ નવાં ઉપસેલા આયામોની વિચારણા વિના આ કહેવાતી તિરાડો કઈ રીતે પડી રહી છે તેનું અનુમાન નહીં થઈ શકે. એવું તો નથી ને કે સમીક્ષાઓ ખૂબ જ નકારાત્મક રીતે થઈ રહી છે અને તેના કેટલાક હકારાત્મક આયામો પણ છે? એવું લાગે છે કે ૮૦ થી ૯૦ ના દાયકા દરમિયાન આયોજીત ચૂંટણીઓ સમયે થયેલા અનુભવોને કારણે ઉપર મુજબની આલોચના થઈ રહી છે. આ એવો સમયગાળો હતો કે જયારે રાજકીય વ્યવસ્થાઓની સફાઈ ચાલી રહી હતી. આર્થિક વ્યવસ્થાઓ જ નહોતી બદલાઈ રહી પરંતુ કોંગ્રેસની રચનાઓ પડી ભાંગ્યા પછી નવેસરથી પક્ષીય રચનાઓ આકાર લઈ રહી હતી. છેલ્લા ૧૫ વર્ષથી ચૂંટણી દરમિયાન થઈ રહેલા અનુભવોમાં બદલાવ આવ્યો છે. ૧૯૫૨ અને વર્ષ ૨૦૦૭માં થયેલી ચૂંટણીઓ વચ્ચે ત્રણ મુખ્ય ભેદ આંખે ઉડીને વળગે છે.

પ્રથમ વિશાળ મિડિયા જગતનો પ્રાદુર્ભાવ પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે વીજાણુ અને પ્રિન્ટ મિડિયાના થયેલા ઉદભવે ચૂંટણી ઝુંબેશને નવા આયામો આપ્યા છે. ઘેર ઘેર ફરીને થતા પ્રચારને બદલે મિડિયાના માધ્યમથી પ્રચાર થાય છે. જેમાં અખબારો અને ટીવીનો છૂટથી ઉપયોગ થાય છે. અખબારો અને ટીવી પર મતદારોને પક્ષને મત આપવાની અપીલ સાથે અપાતી જાહેરખબરો જોવા મળે છે. રાજકીય પક્ષોના પ્રચાર માટે પત્રકાર પરિષદોનું આયોજન થાય છે. આટલું જ નહીં વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ વિવિધ રાજકીય પ્રશ્ને ચર્ચા કરતાં ટીવી પર જોવા મળે છે. રાજકીય પક્ષના નેતાઓ પણ આ ચર્ચાઓને ચૂંટણી પ્રચારના ભાગરૂપ જ માને છે. આ તમામ પરિવર્તનો અર્થાત વ્યક્તિગત પ્રચારની હાઈટેક પ્રચારમાં તબદીલી ઉમેદવારો બે ત્રણ સપ્તાહના ટૂંકા સમયગાળામાં તમામ મતદારો સુધી પહોંચવા માગતા હોવાથી તાજેતરના સમયમાં વીજાણુ માધ્યમ આધારિત પ્રચાર વધ્યો છે.

મને ખાતરી છે કે ગ્રામીણ ભારત પણ લાંબા સમય માટે આ પ્રક્રિયાથી અછૂત નહીં રહે, કારણ કે વધુ ને વધુ લોકો ટીવી ધરાવતા હશે. આ સ્થિતિમાં ચૂંટણી પ્રચાર પ્રક્રિયામાં હજી પણ પરિવર્તન આવશે એવું અનુમાન કરી શકાય.

વ્યક્તિગત પ્રચારને બદલે વધુ બીનવ્યક્તિગત અને ટેક્નોલૉજી આધારિત પ્રચાર મતદારોની પસંદગી પર વધુ પ્રભાવ પાડશે જ.

ટીવી, રેડિયો અને અખબારો પ્રચારમાં મોટી ભૂમિકા નિભાવતા હોય એ પ્રકારનો હાઈટેક પ્રચાર સંપૂર્ણપણે પરંપરાગત પ્રચારનું સ્થાન લઈ લેશે એ મુજબ વિચારવું હજુ વહેલું ગણાય. વ્યક્તિગત પ્રચાર હજુ પણ પ્રભુત્વ ધરાવે છે. ચાર રાષ્ટ્રીય સર્વેક્ષણ સંકેત આપે છે કે ચૂંટણ પ્રચાર દરમ્યાન ઉમેદવારો, પક્ષના કાર્યકરો અને ટેકેદારો ૫૦% મતદારોનો તેના ઘેર સંપર્ક કરે છે. ભારત જેવા દેશમાં લોકસભા બેઠકો સરેરાશ ૧૨.૫ લાખ જેટલા મતદારો ધરાવતી હોય છે. અને ચૂંટણી પ્રચાર દરમ્યાન ૬ લાખ જેટલા મતદારોનો ઉમેદવાર કે ટેકેદારો દ્વારા વ્યક્તિગત સંપર્ક સધાતો હોય છે. અર્થાત હાઈટેક પ્રચારનો આરંભ કર્યો છતાં ઉમેદવારો અને રાજકીય પક્ષોએ પરંપરાગત પ્રચારની રીતરસમ ત્યજી નથી જ દીધી. એક ચતુર્થાંશ મતદારો પણ એ વાતને સમર્થન આપે છે કે રાજકીય પક્ષના ઉમેદવાર દ્વારા આયોજીત ચૂંટણી સભાઓમાં તેણે હાજરી આપી હતી. મોટાભાગના મતદારોએ આવી એકથી બે સભાઓમાં જ હાજરી આપી હતી. પરંતુ એવા સંકેત મળે છે કે વર્ષ ૨૦૦૪ની લોકસભા ચૂંટણી સુધી મતદારોએ ચૂંટણી પ્રચાર પ્રવૃત્તિઓમાં ખાસ્સી રૂચી લીધી હતી.

૭૫% સંસદીય મતદાન વિસ્તારોમાં મહદઅંશે ગ્રામીણ વિસ્તારો પ્રવર્તે છે. કેટલીક બેઠકોના ઢાંચામાં મિડિયા આધારિત હાઈટેક પ્રચાર એટલી ઝડપથી

પરંપરાયુક્ત પ્રચારનું સ્થાન કદાચ નહીં લે. માધ્યમો લોકોના અભિપ્રાય ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા નિભાવે છે એ વાત સાચી પરંતુ સાથે જ એ બાબતને સમજવી જોઈએ કે લોકોના અભિપ્રાય ઘડતરના અન્ય માર્ગો પણ હાઈટેક પ્રચાર પદ્ધતિ કરતા ચઢીયાતી કાર્યદક્ષતા ધરાવે છે. વર્ષ૨૦૦૪ની ચૂંટણીના પરિણામો જોઈએ તો હાઈટેક પ્રચાર પર આધારિત રહેલી તેલુગુ દેશમ્ પાર્ટી (ટીડીપી) એ ચૂંટણી જંગમાં નુકશાન વેઠ્યું હતું. તો ટીવી પરની પ્રચાર ઝુંબેશોનો ભાગ્યે જ ઉપયોગ કરનારા બહુજન સમાજ પાર્ટી અને રાષ્ટ્રીય જનતા દળ જેવા પક્ષોએ નોંધપાત્ર વિજય મેળવ્યો હતો.

બીજુ, ભારતીય જનસમૂહહવે વર્ષો જતાં રાજકીય રીતે ઘડાતો જાય છે. રાજકીય સમુદાયના મૂળ નખાવા લાગ્યા છે. વર્તમાનમાં તો આ વલણો રાજ્યસ્તરે જ જોવા મળે છે. આ વલણને સમજવા આપણે દલિતો,મુસ્લિમો, યાદવો, રેડ્ડી, કમ્માસ, પટેલ, કોળી વગેરે સમુદાયોના મતદાન વલણો પર નજર નાખવી પડશે. આ રાજકીય સમુદાયો હવે જાતિના કોચલામાંથી બહાર આવ્યા છે. પ્રાદેશિક નેતાગીરીએ તેમને વધુ ખુલ્લા કર્યા છે. આવા મતદાર સમૂહોને જૂના વોટબેન્ક જેવા મતદારોથી અલગ તારવવાની જરૂર છે. કારણ કે એમના દ્વારા મૂકાતી શરતો એમની નેતાગીરીને નિર્ધારીત કરે છે. તાજેતરમાં ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં લોધી અને કુરમી નેતાગીરીનું શું થયું એ ઘટના આવા જ વલણો તરફ ઈશારો કરે છે.

આ પ્રકારના નવા વલણોને પરિણામે ચૂંટણી માટેની અવિધિસરની નેટવર્ક પદ્ધતિઓમાં બદલાવ આવ્યો છે. તાજેતરમાં અન્ય હકારાત્મક સંકેતો પણ મળ્યા છે. ઉત્તરપ્રદેશમાં છેલ્લે થયેલી ચૂંટણીમાં બસપાએ વધુ શક્તિશાળી સામાજિક જોડાણોની સ્થાપના કરીને એ આધારે જ વિધિવત પ્રચાર પર જોર આપ્યું. રાજકીય સમુદાયોના ઉદભવ વિના આવું બની જ ના શકે. પોતાની પાસેના શક્તિશાળી દલિત રાજકીય સમુદાયના બળે બસપાએ અન્ય સામાજિક જૂથોના પ્રગતિશીલ તત્ત્વોનો પણ ટેકો મેળવી લીધો. બસપાની પ્રચાર ઝુંબેશ નરી આંખે જોઈ શકાય તેવી નહોતી. સમાજવાદી પાર્ટી અને બે રાષ્ટ્રીય પક્ષોનાા હાઈટેક પ્રચારના મુકાબલે ઓછા સંસાધનોની મદદથી કદાચ તેનો પ્રચાર થતો રહ્યો. બસપાને મતે સામાજિક નેટવર્કિંગ પર ધ્યાન આપતા ચૂંટણી ખર્ચ પણ ઘટે છે. પરંતુ બસપાને મળેલી સફળતા એ આ પ્રકારના નેટવર્કીંગની પદ્ધતિનું ભાવિ સુનિશ્ચિત નથી જ કરતી.

રાજકીય સમુદાયોના ઉદ્‌ભવ સાથે ભારતીય મતદારો વિવિધ પક્ષો સાથે વર્ષો સુધી વચનબદ્ધ રહેતા થયા છે. ચૂંટણી પ્રચાર શરૂ થાય તે પહેલાં જ મતદાર અંગેનો નિર્ણય લેતા મતદારોની સંખ્યા વધી છે. ૧૯૯૬માં આવા મતદારોનું પ્રમણ ૨૮% હતું. તે વર્ષ ૨૦૦૪ માં વધીને ૫૪% થયું છે. વિવિધ રાજકીય પક્ષો તરફની મતદારોની પ્રતિબદ્ધતા વર્ષોથી વધી રહી છે. ચૂંટણીમાં એક બે દિવસ પહેલાં જ મતદાન અંગેનો નિર્ણય લેનારા મતદારોની સંખ્યા ઘટી રહી છે. એવું કહી શકાય કે ચૂંટણી પ્રચાર ઝૂંબેશ દરમિયાન મતદાન અંગેનો નિર્ણય લેનારા મતદારોની સંખ્યા હજી પણ નોંધપાત્ર જ કહી શકાય. ૫૦% મતદારો હજી ચૂંટણી પ્રચાર દરમ્યાન રાજકીય પસંદગી અંગેનો નિર્ણય લેતા રહ્યા છે. અને આ મતદારો ચૂંટણી પરિણામોનું ભાવિ નક્કી કરતા હોય છે.

અને છેલ્લે ભારતીય ચૂંટણીઓ માટેની નાણાકીય જોગવાઈઓ અંગેની વાત કરી લઈએ. ચૂંટણી પંચે લોકસબાની ૧૩ બેઠક માટેના ચૂંટણી ખર્ચના પાસાના અભ્યાસ માટે એક પંચની રચના કરી હતી. આ અભ્યાસ તારણો સ્પષ્ટ પ્રસ્થાપિત કરે છે કે ૧૯૫૨નો આપણો આદર્શવાદી ઉમેદવાર એ ભૂતકાળ બની ચૂક્યો છે અને કદી પાછો નહીં આવે. ખર્ચ અને મત સુરક્ષિત કરવા વચ્ચે સ્પષ્ટ સંબંધ સ્થપાઈ ગયો છે. ઉમેદવાર જેટલા નાણા વધુ ખર્ચે એટલું પરિણામ ઊંચુ મેળવી સકે. સરેરાશ વિજેતા ચૂંટણી પાછળ રૂપિયા ૮૨.૮૭ લાખ ખર્ચે છે. ઉમેદવાર ડીપોઝીટ જાળવવા માગતો હોય તો ૭૩ લાખનું ખર્ચ ફરજિયાત છે. ચૂંટણી પંચ સમયાંતરે ખર્ચની મર્યાદા નક્કી કરતું રહે છે. પરંતુ આખરે આ મર્યાદા બીનવાસ્તવિક જ સાબિત થતી રહી છે. ઉમેદવાર દ્વારા ખર્ચમાં પક્ષ અને ટેકોદારો દ્વારા થતા ખર્ચને સામેલ કરવામાં નહીં આવે ત્યાં સુધી આ પ્રયાસો ફળદાયી નહીં જ રહે. કોર્પોરેટ ફન્ડીંગના સૂચન અંગે હજી ચર્ચા જ શરૂ નથી થઈ કારણ કે કોર્પોરેટ જકાત એમની ડોનેશન શૈલી પારદર્શક રહે તેમ ઈચ્છતું નથી. ગ્રામીણ-શહેરી બેઠકોની વાત કરીએ તો શહેરી વિસ્તારોમાં વધુ સંસાધનોની જરૂર રહે છે. આ અભ્યાસ તારણમાં એક હકીકત એ પણ સામે આવી કે ખર્ચના આ આંકડા તો રાબેતા મુજબની ચૂંટણીના છે, પરંતુ ચૂંટણી મોજુ પ્રવર્તતુ હોય એવામાં સ્થિતિ અલગ છે. ચૂંટણી મોજું પ્રવર્તતું હોય એવા સંજોગોમાં ઉમેદવાર વધુ ખર્ચ વિના વધુ મત મેળવી શકે છે. પરંતુ લોકશાહી રાજકીય સંસ્કૃતિમાં મોજા આધારિત ચૂંટણીઓની ઘટના નિયમિત તો ના જ બનવી જોઈએ.

■ ■ ■

# આર્થિક સુધારા
# એક મુદ્દાના સ્વરૂપમાં ભારતીય ચૂંટણીમાં ચર્ચાતો પ્રશ્ન

✍ સંજયકુમાર

**ભારતીય મતદારોમાં આર્થિક સુધારાના મુદ્દે પ્રવર્તી ઓછી જાગૃતિ જ એકમાત્ર કારણ નથી કે આ મુદ્દે મતદારોને ચૂંટણીમાં મત નાખવા ગતિશીલ નથી કરી શકતી. રાજકીય પક્ષો એવો સંદેશો પહોંચતો કરવા પ્રયાસ કરે કે આર્થિક સુધારાને કારણે ગરીબી ઘટાડવામાં મદદ મળી છે. તો પણ સામાન્ય મદતારોને ગળે એ વાત ઉતરતી નથી, વ્યાપક પણે એવીમાન્યતા જે કાંઈ થતું રહ્યું છે તેનો લાભ ધનવાનોને જ મળ્યો છે. અને સામાન્ય જનતાતો તેન ાલાભોથી વંચિત જ રહી છે. લગભગ તમામ વર્ગના મતદારો વત્તાઓછા અંશે આ પ્રકારનો મત ધરાવે છે. એમાંય ગરીબો મોટાભાગે માને છે કે આર્થિક સુધારાના લાભ ધનિકોને મળે છે.**

નિયમીત ચૂંટણી તે કોઈપણ લોકશાહીની જીવનરેખા છે.ચૂંટણી મતદારોને તેમના મંતવ્યો, અભિપ્રાયો અને સરકાર પ્રત્યેની તેના આક્રોશને વ્યક્ત કરવાની તક પૂરી પાડે છે. અન્ય લોકશાહીની જેમ ભારતના કિસ્સામાં પણ આ હકીકત એટલી જ સાચી છે. નિયમીત ચૂંટણીઓએ ભારતની લોકશાહીને ટકાવી રાખવામાં ખૂબ જ મદદ કરી છે. ભારતે સ્વાધીનતા હાંસલ કર્યા બાદ ૧૪ જેટલી રાષ્ટ્રીય ચૂંટણીઓ ઉપરાંત વિવિધ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીઓ જોઇ છે. તો ૭૩મા બંધારણીય સુધારા બાદ રાષ્ટ્રીય અને રાજ્ય દરજ્જાની ચૂંટણીઓની યાદીમાં પંચાયતી ચૂંટણીઓનો પણ ઉમેરો થયો છે. વિવિધ રાષ્ટ્રીય ચૂંટણીઓમાં મોટાપાયે મતદારો ઉમટી પડવાની ઘટના તે રાજકીય પ્રક્રિયામાં લોકોની રૂચિ અને સહભાગિતા છતી કરે છે. ૧૯૫૨માં આયોજીત લોકસભાની પ્રથમ ચૂંટણી વખતે ૪૬% મતદારોએ મત આપ્યો હતો, આ ટકાવારી ૬૦% પણ હવે વટાવી ચૂકી છે. વર્ષ ૨૦૦૪માં આયોજીત લોકસભાની ચૂંટણીઓમાં ૫૮% મતદારોએ મત આપ્યા હતો.

ચૂંટણી દરમિયાન વિવિધ રાજકીય પક્ષો દ્વારા અપાતા ઉત્તેજનને કારણે લોકો મોટી સંખ્યામાં મતદાન કરે છે. ચૂંટણીઓ એક તરફ મતદારોને તેમના અભિપ્રાય, મંતવ્યો, નારાજગી, આક્રોશ વ્યક્ત કરવાની તક પુરી પાડે છે તો બીજી તરફ રાજકીય પક્ષોને પણ તેમની તાકાતની કસોટી કરવાની તક મળે છે.

રાજકારણ તો રાજકીય સત્તા હસ્તગત કરવાનું સાધન છે અને ચૂંટણીઓ તે એક પ્રકારની વ્યવસ્થા છે કે જેની મદદથી રાજકીય પક્ષો સત્તા કબજે કરે છે. ચૂંટણીઓ તમામ રાજકીય પક્ષોને તેમની તાકાતની કસોટી કરવાની તક પુરી પાડે છે. અન્ય રાજકીય પક્ષોની તુલનામાં જે રાજકીય પક્ષ શક્તિશાળી હોય છે તે ચૂંટણી જીતી જાય છે. રાજકીય નેતાઓ અને રાજકીય પક્ષોનું અંતિમ ધ્યેય ચૂંટણી વિજય જ હોય છે.

સૈદ્ધાંતિક રીતે આ બધી બાબત સરળ લાગે છે. પરંતુ વ્યવહારમાં આ બાબત એટલી સરળ નથી. ચૂંટણી જીતવા રાજકીય પક્ષોને ખૂબ જ જહેમત કરવી પડે છે. રાજકીય પક્ષોએ પોતાની નીતિઓ અને કાર્યક્રમો સાથે આગળ આવવું પડે છે અને મતદારોને પોતાની તરફેણમાં આકર્ષવા પડે છે. મતદારોને આકર્ષવા રાજકીય પક્ષોને સતત કાર્યશીલ રહેવું પડે છે, એટલું જ નહીં પરંતુ ચૂંટણીના સમયે મતદારોને ઝંઝોળવા પણ પડે છે. ચૂંટણી સમયે પોતાની નીતિઓ અને કાર્યક્રમોની મદદથી રાજકીય પક્ષો મતદારોને જાગૃત કરવા પ્રયાસ કરે છે. સામાન્ય મતદારો સુધી ચૂંટણી ઢંઢેરાની મદદથી પક્ષો પોતાનો સંદેશો મોકલે છે.

રાજકીય પક્ષો એક પ્રશ્ન સંબંધે વિવિધ

(લેખક સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝ (સીએસડીએસ), દિલ્હીના ફેલો છે.)

મંતવ્ય, નીતિઓ ધરાવતા હોય છે. ભારતમાં 'આર્થિક સુધારા' તે આવો જ જટિલ મુદ્દો છે. આર્થિક સુધારાને મુદ્દે રાજકીય પક્ષો વિભિન્ન મત ધરાવતા હોય છે. કેટલાક રાજકીય પક્ષો આર્થિક સુધારાનો વિરોધ કરે છે તો કેટલાક રાજકીય પક્ષો આ મુદ્દે તેમને મળેલી સફળતાઓના ગાણા ગાય છે.

આમ તો આર્થિક સુધારાનો પ્રથમ પ્રયોગ ૧૯૮૦માં થયો હતો. જો કે તે સમયે ખાસ નિતિગત પરિવર્તનો કર્યા વિના નિયંત્રણના કેટલાક પાસાંમાં માત્ર છુટછાટ આપવા પ્રયાસ થયો હતો. આવી ધીમી શરૂઆતને કારણે ભારતમાં મતદારોના મન જીતવા આર્થિક સુધારાના મુદ્દાનો કોઈ રાજકીય પક્ષે ઉપયોગ કર્યો નહોતો. ૧૯૮૦માં સ્થિરતાના મુદ્દે રાષ્ટ્રીય ચૂંટણઈઓ લડાઈ હતી અને આ મુદ્દે મતદારોને પોતાની તરફેણમાં લેવામાં કોંગ્રેસને સફળતા મળી.

ત્યારબાદ ૧૯૯૦માં આર્થિક સુધારાની દિશામાં બીજીવારના પ્રયોગ શરૂ થયા. મનમોહનસિંઘ નાણાંપ્રધાન હતો ત્યારે આર્થિક સુધારાની નીતિને અનુસરવાની પહેલ કરી. આ આર્થિક સુધારાનો હેતુ સરકારના નિયંત્રણોમાં છુટછાટ આપીને ખાનગી ક્ષેત્રની ભૂમિકા વધારવાની હતી. પ્રારંભિક પાંચ વર્ષ (૧૯૯૧-૯૬) દરમિયાન કોંગ્રેસ સરકારે આર્થિક સુધારાની પ્રક્રિયાને વેગવંતી બનાવી. અને ૧૯૯૬ની ચૂંટણી દરમિયાન આર્થિક સુધારાનો મુદ્દો ચૂંટણીમાં હકારાત્મક કે પછી નકારાત્મક ફળશ્રુતિ આપશે એ મુદ્દે પ્રારંભે દ્વિધા સેવ્યા બાદ આખરે ચૂંટણી ઢંઢેરામાં આ મુદ્દો સામેલ કરવાનો હિંમતપૂર્વક નિર્ણય લેવામાં આવ્યો. કોંગ્રેસે ચૂંટણીસૂત્ર આપ્યું કે - "આર્થિક સુધારાથી મેળવેલો એક-એક રૂપિયો વિકાસ માટે હાંસલ કરેલો છે." અમેઠી સંસદીય મતવિસ્તારથી ચૂંટણી પ્રચારનો આરંભ કરતાં પી.વી.નરસિંહા રાવે આર્થિક સુધારાના મુદ્દાને પોતાના ચૂંટણી વકતવ્યનો મુખ્ય મુદ્દો બનાવ્યો. ૧૯૯૬ની ચૂંટણીમાં કોંગ્રેસનો પરાજય થયો. કેટલાક લોકોએ વિચાર્યું કે આર્થિક સુધારાની નીતિને જનતાએ નકારી કાઢી હોવાથી કોંગ્રેસનો પરાજય નહોતો થયો પરંતુ પક્ષ આ મુદ્દાને લોકપ્રિય ના બનાવી શકયો તેથી પરાજય થયો.

એ જ પ્રમાણે ૨૦૦૪ની લોકસભાની ચૂંટણી દરમિયાન ભાજપે પણ પક્ષના નેતૃત્વ હેઠળ એનડીએ શાસન દરમિયાન મેળવેલી આર્થિક સિદ્ધિના મુદ્દે ચૂંટણી જંગમાં ઉતરવાનું નિર્ધાર્યું. પક્ષે "ઈન્ડિયા શાઈનિંગ"ને ચૂંટણી પ્રચારનો મુખ્ય મુદ્દો બનાવ્યો. માન્યું કે આ વ્યૂહથી મતદારો આકર્ષાશે. પરંતુ પક્ષનો ચૂંટણીમાં પરાજય થયો અને ચર્ચા જાગી કે "ઈન્ડિયા શાઈનીગ" સૂત્રને કારણે પક્ષનો પરાજય થયો? ૧૯૯૬ની લોકસભાની ચૂંટણી બાદ કોંગ્રેસમાં જે સ્થિતિ સર્જાઈ હતી એવી જ સ્થિતિ રાજકિય વર્તુળમાં સર્જાઈ. કેટલાકે માન્યું કે 'ઈન્ડિયા શાઈનિંગ' સુત્રના કારણે ભાજપનો પરાજય થયો તો કેટલાકે દલીલ કરી કે આર્થિક સુધારાના સાચા લાભોનો સંદેશ લોકો સુધી ના પહોંચતાં પરાજય થયો. આ બે અનુભવના કારણે ભૂતકાળમાં આર્થિક સુધારાના મુદ્દાએ રાજકીય પક્ષોને ચૂંટણી જીતવામાં મદદ કરી કે અવરોધ સર્જ્યો તે મુદ્દે કંઈ કહેવું મુશ્કેલ બન્યું છે. પરંતુ મૂળ પ્રશ્ન એ છે કે ભારતની ચૂંટણીઓમાં આર્થિક સુધારાનો મુદ્દો મતદારોની રાજકીય પસંદગીના મુદ્દે કેટલો પ્રભાવશાળી રહ્યો તે છે.

લોકોને આમ તો તેમની આર્થિક સમૃધ્ધિની ચિંતાઓ રહેતી હોય છે પરંતુ છેલ્લી કેટલીક ચૂંટણીઓ દરમિયાન સરેરાશ ભારતીય મતદારો માટે આર્થિક સુધારા ભાગ્યેજ ચિંતાનો વિષય રહ્યો છે. રાજકીય પક્ષો પોતાના ચૂંટણી ઢંઢેરામાં આર્થિક સુધારાનો મુદ્દો ઉઠાવતા રહ્યા છે. સરેરાશ ભારતીય મતદારોમાં આર્થિક સુધારાને મુદ્દે ખાસ જાગૃતિ નથી જ આવી. ભારતના એક ચતુર્થાંશ મતદારો જ આર્થિક સુધારાને મુદ્દે જાગૃત છે. લોકસભાની ૧૯૮૬ની ચૂંટણી દરમિયાન ૧૮% ભારતીય મતદારોએ જ આર્થિક સુધારા વિશે સાંભળ્યું હતું. જો કે રાજકીય પક્ષોએ આર્થિક સુધારાના મુદ્દાને જોરશોરથી ચર્ચાવાની શરૂઆત કરી દેતાં ૧૯૯૮ની લોકસભાની ચૂંટણી દરમિયાન ૨૬% મતદારો આર્થિક સુધારા વિશે જાણતા થયા હતા. પરંતુ ત્યારબાદ આ ટકાવારીમાં ભાગ્યે જ વધારો થયો છે. વર્તમાનમાં એક અંદાજ મુજબ ૨૮% મતદારો આ મુદ્દે જાગૃતિ ધરાવે છે. અર્થાત આર્થિક સુધારાને મુદ્દે મતદારોમાં જાગૃતિ વધતી રહી છે. પરંતુ સાચા અર્થમાં મતદારોને આ મુદ્દે ગતિશીલ કરી શકાતા નથી.

આર્થિક સુધારાને મુદ્દે જાગૃતિનું પ્રમાણ ખૂબજ નીચું હોવા સાથે આ મુદ્દે જાગૃતિના પ્રકારમાં પણ ભેદ છે. શહેરી મતદારો ગ્રામીણ મતદારોને મુકાબલે આ મુદ્દે વધુ જાગૃત છે. શહેરી વિસ્તારની વાત કરીએ તો માત્ર ૪૦% મતદારો જ આર્થિક સુધારાને મુદ્દે જાગૃત લાગે છે. મોટી ઉંમરના મતદારોને મુકાબલે યુવાન મતદારો આર્થિક સુધારાના મુદ્દે વધુ જાગૃત જણાય છે. વર્તમાનમાં યુવા મતદારો પૈકી ૩૫% મતદારો આર્થિક સુધારાને મુદ્દે જાગૃત છે તો મોટેરા ૨૩% મતદારોમાં જ જાગૃતિ પ્રવર્તી રહી છે. તો ગરીબ મતદારોના મુકાબલે ધનવાન મતદારોમાં આર્થિક સુધારાને મુદ્દા જાગૃતિ વધી છે. ધનવાન અને સમૃદ્ધ મતદારો પૈકી ૪૮% મતદારો આ મુદ્દે જાગૃત છે. તો ગરીબ પૈકી ૨૧% મતદારો જ જાગૃત છે. છેલ્લા દાયકાથી

મતદારોમાં આર્થિક મુદ્દે જાગૃતિનું પ્રમાણ વધીરહ્યું છે પરંતુ એટલા હદે નથી જ વધ્યું કે આર્થિક સુધારાનો મુદ્દો મતદારોને ચૂંટણી લાભો મેળવવા ગતિશીલ કરી શકાય.

ભારતીય મતદારોમાં આર્થિક સુધારાના મુદ્દે પ્રવર્તી ઓછી જાગૃતિ જ એકમાત્ર કારણ નથી કે આ મુદ્દે મતદારોને ચૂંટણીમાં મત નાખવા ગતિશીલ નથી કરી શકતી. રાજકીય પક્ષો એવો સંદેશો પહોંચતો કરવા પ્રયાસ કરે કે આર્થિક સુધારાને કારણે ગરીબી ઘટાડવામાં મદદ મળી છે. તો પણ સામાન્ય મતદારોને ગળે એ વાત ઉતરતી નથી, વ્યાપક પણે એવીમાન્યતા જે કાંઈ થતું રહ્યું છે તેનો લાભ ધનવાનોને જ મળ્યો છે. અને સામાન્ય જનતાતો તેના લાભોથી વંચિત જ રહી છે. ૪૮% લોકો માને છે કે આર્થિક સુધારના લાભ માત્ર ધનવાનોને જ મળ્યા છે અને માત્ર ૧૯% લોકો માને છે કે ગબીબો આથી લાભાન્વિત થયા છે. ૯% લોકો તો એવું માને છે કે આર્થિક સુધારાથી આ દેશમાં કોઈને લાભ થયો નથી. લગભગ તમામ વર્ગના મતદારો વત્તાઓછા અંશે આ પ્રકારનો મત ધરાવે છે. એમાંય ગરીબો મોટાભાગે માને છે કે આર્થિક સુધારાના લાભ ધનિકોને મળે છે.

ચૂંટણી દરમિયાન મતદારોને ગતિશીલ કરવા ચૂંટણી સુધારા તે મુદ્દો નથી તો પછી કયા મુદ્દા છે ? રાષ્ટ્રીય અને વિધઆનસભાની ચૂંટણી દરમિયાન મતદારો માટે કયા મુદ્દા અગત્યના રહે છે ? ભૂતકાળમાં ચૂંટણીના પ્રકારને આધારે દેશ કે રાજયસ્તરના મુદ્દાઓને આધારે લડાતી હતી. રાષ્ટ્રીય ચૂંટણી સમયે સામાન્ય મતદારોને સ્પર્ષતા રાષ્ટ્રીય મુદ્દા આધારે ચૂંટણી લડાતી હતી. આપણને યાદ છે કે ૧૯૭૧ની ચૂંટણીઓ 'ગરીબી હટાવો' ના સુત્ર આધઆરે લડાઈ હતી તો ૧૯૭૭ની લોકસભા ચૂંટણીઓ 'ઈન્દિરા હટાઓ' સુત્ર આધારે લડાઈ હતી. તો ૧૯૮૦ની લોકસભાની ચૂંટણી સ્થિરતાના મુદ્દે લડાઈ હતી. ૧૯૮૪ની લોકસભા ચૂંટણી ઈન્દિરા ગાંધીની હત્યાના કારણે સંર્જાયેલા સહાનુભૂતિ મોજા આધારે લડવામાં આવી હતી. તો ૧૯૮૯માં ભ્રષ્ટાચાર અને 'બોફોર્સ' મુદ્દો મુખ્ય બની રહ્યો હતો. ભારતીય મતદારોને આ તમામ મુદ્દા સ્પર્શી ગયા હતા. રાજય વિધાનસબાને પણ રાજયસીટના મુદ્દા પ્રભાવિત કરતા રહેતા હતા.

પરંતુ છેલ્લા એક દાયકાથી ચૂંટણીની પદ્ધતિઓ બદલાઈ છે. સહદ ભારતીય મતદરોને અસરકર્તા મુદ્દા ઓછા જ જોવા મળે છે. ૧૯૯૦ પછી ભાગ્યેજ કોઈ ચૂંટણી રાષ્ટ્રીય મુદ્દા આધારે લડાઈ છે. મોટી સંખ્યામાં પ્રાદેશિક પક્ષના થયેલા ઉદયે મતદારોની રાજકીય પસંદગીઓ અને અગ્રિમતાઓમાં પરિવર્તન સર્જ્યું છે. પ્રાદેશિક પક્ષો વિવિધ રાજ્યોમાં લોકપ્રિય બનતા ગયા. થોડા વર્ષો પહેલાં રાષ્ટ્રીય અને વિધાનસભાની ચૂંટણી વચ્ચે મતદારો ભેદ રાખતા હતા. પ્રાદેશિક પક્ષો ચૂંટણી જંગમાં હોય તો પણ કેટલાક રાજયોમાં મતદારો રાષ્ટ્રીય ચૂંટણી સમયે રાષ્ટ્રીય પક્ષોને મત આપવાનું પસંદ કરતા હતા અને વિધાનસભાની ચૂંટણી સમયે પ્રાદેશિક પક્ષો પર પંસદગી ઉતારતા હતા. પરંતુ કેટલાક વર્ષોથી આ ભેદરેખા ભૂંસાઈ ગઈ છે. મતદારોની રાજકીય પસંદગીઓ વધુ જડ બનતી ગઈ, હેવ રાષ્ટ્રીય કે રાજ્યની ચૂંટણી સમયે તેઓ પોતાની રાજકીય પસંદગીના મુદ્દે ભેદ રાખતા નથી. તેમના દ્વારા થતું મતદાન ચૂંટણીના પ્રકારને બદલે તેમની રાજકીય પંસદગી આધારે થવા લાગ્યું. હવે રાષ્ટ્રીય ચૂંટણી તે રાષ્ટ્રીય ચૂંટણી નથી રહી પરંતુ વિવિધ રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓમના સરવાળારૂપ બની રહી છે. બંને સ્તરની ચૂંટણી સંકેત આપે છે કે મતદારો એક કે બીજા રાજકીય પક્ષને મત તો આપતા હોય છે. પરંતુ મતદારો પક્ષ કરતાં ઉમેદવાર પર વધુ પસંદગી ઉતરતા હોય છે. છેલ્લા કેટલાક વર્ષોથી પક્ષ કરતા ઉમેદવાર પર વધુ પસંદગી ઉતરતી થઈ છે.

છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન મતદારોમાં એક બીજું વરિવર્તન પણ આવ્યું છે. મતદારોનું હવે એક કે બીજા પક્ષ સાથેનું જોડાણ રૂઢ બન્યું છે. મોટાભાગના મતદારો ચૂંટણી પ્રચાર ઝુંબેશના આરંભ પહેલાં જ એક પક્ષ પ્રતિ પ્રતિબદ્ધતા દર્શાવતા થઈ ગયા છે. આ રીતે એક પક્ષ પ્રતિ પ્રતિબદ્ધ થઈ ગયેલા મતદારોને આર્થિક સુધારા સહિતના કોઈપણ મુદ્દાથી ટસથી મસ કરી શકાતા નથી.

ભારતીય ચૂંટણી પ્રક્રિયામાં અને મતદાનની પસંદગીઓમાં આ રીતે આવેલા પરિવર્તનોએ એ નક્કી કરવું મુશ્કેલ બનાવી દીધું છે કે આર્થિક સુધારાના મુદ્દાએ કોઇપણ રાજકીય પક્ષ માટે મતદાનોને ગતિશીલ કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી છે કે નહીં વધુમાં આર્થિક સુધારા અંગેની જાગૃતિના નીચા સ્તરના સંજોગોમાં એવું પણ કઈ રીતે કલ્પી શકાય કે આર્થિક સુધારાનો મુદ્દો ચૂંટણી સમયે મતદારોને સફળતાપૂર્વક આકર્શી શકશે ? આજની સ્થિતિમાં પ્રશ્નનો પ્રત્યુત્તર ના માં જ મળે.

**કોષ્ટક-૧ : આર્થિક સુધારા અંગેની જાગૃતિનું નીચું પ્રમાણ**

| ચૂંટણી વર્ષ | આર્થિક સુધારા અંગેની જાગૃતિ (%માં) |
|---|---|
| ૧૯૯૬ | ૧૯ |
| ૧૯૯૮ | ૨૬ |
| ૨૦૦૭ | ૨૮ |

**સ્રોતઃ** સી.એસ.ડી.એસ., નવી દિલ્હી દ્વારા હાથ ધરાએલ રાષ્ટ્રીય ચૂંટણી ૧૯૯૬ અને ૧૯૯૯, રાષ્ટ્રીય મોજણી જાન્યુ-૨૦૦૭

**કોષ્ટક-૨ : ગ્રામીણ મતદારોની તુલનાએ આર્થિક સુધારા મુદ્દે શહેરી મતદારો વધુ જાગૃત**

| ચૂંટણી વર્ષ | શહેરી મતદાર % | ગ્રામીણ મતદાર % |
|---|---|---|
| ૧૯૯૬ | ૩૧ | ૧૪ |
| ૧૯૯૮ | ૩૮ | ૨૨ |
| ૨૦૦૭ | ૪૦ | ૨૭ |

**સ્રોતઃ** સી.એસ.ડી.એસ., નવી દિલ્હી દ્વારા હાથ ધરાએલ રાષ્ટ્રીય ચૂંટણી ૧૯૯૬ અને ૧૯૯૯, રાષ્ટ્રીય મોજણી જાન્યુ-૨૦૦૭

**કોષ્ટક-૩ : મોટેરાંને મુકાબલે યુવા મતદારો આર્થિક સુધારાને મુદ્દે વધુ જાગૃતિ**

| ચૂંટણી વર્ષ | યુવા મતદાર % | ગ્રામીણ મતદાર % |
|---|---|---|
| ૧૯૯૬ | ૧૮ | ૧૪ |
| ૧૯૯૮ | ૨૭ | ૧૯ |
| ૨૦૦૭ | ૩૭ | ૨૩ |

**સ્રોતઃ** સી.એસ.ડી.એસ., નવી દિલ્હી દ્વારા હાથ ધરાએલ રાષ્ટ્રીય ચૂંટણી ૧૯૯૬ અને ૧૯૯૯, રાષ્ટ્રીય મોજણી જાન્યુ-૨૦૦૭

**કોષ્ટક-૪ : ગરીબ મતદારના મુકાબલે સમૃદ્ધ મતદારોમાં આર્થિક સુધારા મુદ્દે વધુ જાગૃતિ**

| ચૂંટણી વર્ષ | સમૃદ્ધ મતદાર % | મધ્યમ વર્ગ % | ગરીબ મતદાર % |
|---|---|---|---|
| ૧૯૯૬ | ૪૧ | ૨૬ | ૧૪ |
| ૨૦૦૭ | ૪૮ | ૪૧ | ૨૧ |

**સ્રોતઃ** સી.એસ.ડી.એસ., નવી દિલ્હી દ્વારા હાથ ધરાએલ રાષ્ટ્રીય ચૂંટણી ૧૯૯૬ અને ૧૯૯૯, રાષ્ટ્રીય મોજણી જાન્યુ-૨૦૦૭

**કોષ્ટક-૫ માત્ર સમૃદ્ધોને આર્થિક સુધારાના લાભ પહોંચ્યાની સામાન્ય માન્યતા**

| ચૂંટણી વર્ષમ | તમામન લાભથયો % | માત્ર ધનવાનન લાભ થયો% | કોઈને લાભ નહીં% | અભિપ્રાય નહિં % |
|---|---|---|---|---|
| ૨૦૦૪ | ૨૭ | ૪૪ | ૧૪ | ૧૫ |
| ૨૦૦૭ | ૧૯ | ૪૬ | ૯ | ૨૬ |

**સ્રોતઃ** સી.એસ.ડી.એસ., નવી દિલ્હી દ્વારા હાથ ધરાએલ રાષ્ટ્રીય ચૂંટણી અભ્યાસ-૨૦૦૪, રાષ્ટ્રીય સર્વેક્ષણ-૨૦૦૭

**કોષ્ટક-૬ : પક્ષની તુલનામાં ઉમેદવાર પર પસંદગી ઉતારવાનું વલણ**

| ચૂંટણી વર્ષ | પક્ષ % | ઉમેદવાર % |
|---|---|---|
| ૧૯૯૯ | ૫૬ | ૨૫ |
| ૨૦૦૪ | ૪૫ | ૩૧ |

**સ્રોતઃ** સી.એસ.ડી.એસ., નવી દિલ્હી દ્વારા હાથ ધરાએલ રાષ્ટ્રીય ચૂંટણી અભ્યાસ૧૯૯૯ અને ૨૦૦૪

**કોષ્ટક-૭ અગાઉ કરતા મતદારો વધુ પ્રસિદ્ધ બન્યા છે ( %માં)**

| મતદાન અંગેનો નિર્ણય લેવાની ઘડી | લોકસભા ચૂંટણીઓ | | | |
|---|---|---|---|---|
| | ૧૯૯૬ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૪ |
| ચૂંટણીના દિવસે | ૨૪ | ૧૮ | ૧૭ | ૧૫ |
| ચૂંટણીના થોડા દિવસ પહેલા | ૩૬ | ૩૯ | ૨૬ | ૧૫ |
| ચૂંટણી પ્રચાર દરમિયાન | ૧૨ | ૧૨ | ૧૯ | ૧૬ |
| પ્રચારના આરંભ પહેલાં | ૨૮ | ૩૧ | ૩૮ | ૫૪ |

**સ્રોતઃ** સી.એસ.ડી.એસ., દ્વારા હાથ ધરાયેલા રાષ્ટ્રીય ચૂંટણી અભ્યાસ ૧૯૯૬,૧૯૯૮, ૧૯૯૯, અને ૨૦૦૪

# ચૂંટણીની સમીક્ષા

✍ જગદીપ ચોકર

**ચૂંટણીઓ તો માત્ર કાળાંતરે અને શક્યતઃ દેખી શકાય તેવી પ્રગટીકૃત લોકશાહી પ્રક્રિયા છે અને તેમાં રાજકીય પક્ષોની કામગીરી મહત્ત્વનો ભાગ છે. આપણા જેવી ઉદાહરણરૂપ લોકશાહીની સૌથી ટીકાત્મક મૂળભૂત બાબતોથી એક વાત સ્પષ્ટ છે કે ફકત મતદાનના દિવસે કે પ્રારંભ સમયે ચૂંટણીઓનું ઓડિટીંગ કરવું એક ખૂબ જ મર્યાદામાં રહીને થતું મુશ્કેલ કામ છે, જે લોકશાહીને મજબૂત થવા પ્રેરે છે. દેશનું ખરું હિત અને લોકોની સેવા માત્ર તેમાં જ છે કે જો ચૂંટણીઓના ઓડિટીંગમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનો બહોળો દૃષ્ટિકોણ જોવામાં આવે.**

મરિયમ-વેબસ્ટરની ઓનલાઈન ડિક્શનરી પ્રમાણે ઑડિટના બે અર્થ આ પ્રમાણે છે : (અ) એક સંસ્થા કે વ્યક્તિના ખાતાની કે નાણાંકીય સ્થિતિની ઔપચારિક કસોટી અને (બ) એક સૈદ્ધાંતિક પરીક્ષણ અને અવલોકન. આ દૃષ્ટિએ ''ચૂંટણી ઑડિટીંગ'' માટે એમ કહી શકાય કે તેમાં ચૂંટણી પ્રક્રિયાનું સૈદ્ધાંતિક પરીક્ષણ અને અવલોકન કરવામાં આવે છે. ચૂંટણીલક્ષી ઑડિટીંગમાં શાનો સમાવેશ થઈ શકે તે મુદ્દા અંગે હું આ લેખમાં લખવાનો છું.

ચૂંટણીનાં ઓડિટનું વર્ણન ધોરણસર અને સીધીસટ રીતે આપવું હોય તો એમ કહી શકાય કે યોગ્ય મતદારોને મુક્ત રીતે અને સરળતાપૂર્વક તેમનો મત આપવાની અનુમતિ રહે તેવી ચકાસણી. પહેલી નજરે જ માની શકાય કે દરેક બુથ પર થતાં મતદાનની અથવા તો કોઈ નમૂનારૂપે એકાદ પોલિંગ બુથ પર થતાં મતદાનની પ્રક્રિયાનું અવલોકન કર્યા પછી તેના આધારે નિષ્કર્ષ કાઢવા જોઈએ. તેમ છતાં, હંમેશની જેમ આવા પ્રથમ દૃષ્ટિકોણનાં તારણો પણ તેની રજૂઆત કરતાં વધારે તો અણદેખ્યા રહે છે.

ચૂંટણી પ્રક્રિયાનો વાસ્તવિક અને વ્યાપક દૃષ્ટિકોણ દર્શાવશે કે બધું બંધ બેસતું ગોઠવી દેવામાં આવ્યું છે અને તે આખી ચૂંટણી પ્રક્રિયાનું પ્રતિબિંબ સમાજ પર પડે છે. એક રીતે તો સમાજમાં સમગ્ર ચૂંટણીની ગતિવિધિ કેવી રીતે ચાલે, કેવું કામ થઈ રહ્યું છે અને કેટલીક સંગઠિત રીતે થયું (જો તેમાં જરા પણ સંગઠિત થયું હોય તો !) છે તેનું જ એ પરિણામ છે. જ્યારે મતદારોની યાદી કે ચૂંટણીલક્ષી રોલ અને ઉમેદવારોના નામાંકન વગેરેની સાથે ચૂંટણી હરીફાઈની શરૂઆત સાથે ચૂંટણી પ્રક્રિયા ઠોસ રીતે ચાલુ થઈ જાય છે ત્યારે જ વિસ્તૃત સામાજિક પ્રક્રિયાની રુએ ખરેખરી ચૂંટણી પ્રક્રિયા શરૂ થાય છે, જેમાં ચૂંટાઈ આવવા માટે ઉમેદવારો સતત કાર્યરત રહે છે અને આગામી ચૂંટણીમાં સફળતાની ખાતરી રાખવા રાજકીય પક્ષો તથા અન્ય જૂથો પણ સતત કાર્યરત થઈ જાય છે. આમ, આ બાબતને ધ્યાનમાં લેતાં લોકો સાથે ભળીને જૂથ રૂપે સતત કામ કરતાં રહીને સ્પર્ધાત્મક પ્રવૃતિમાં રહેવાથી ''સ્પર્ધાત્મકતા''ની સ્થિતિમાં સુધારો આવી જાય છે.

આથી, જો કોઈએ ચૂંટણીનું વ્યાપક ઓડિટીંગ કરવું હોય તો તેણે દેશમાં રાજકીય પ્રક્રિયાઓ પર સતત દેખરેખ રાખવી પડશે. તેમ છતાં, નક્કર ચૂંટણી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને ચૂંટણીના ઓડિટમાં પહેલું પગલું મતદારયાદીમાં ચોક્કસાઈ, આધારભૂતતા અને વ્યાપકતા હોય તે હોવું જોઇએ. એ તો બહુ જાણીતી વાત છે કે ભારતીય ચૂંટણી પંચ અને રાજ્ય ચૂંટણી પંચના સતત ગંભીર પ્રયત્નો હોવા છતાં પણ ભારતમાં મતદાર યાદીઓ વાસ્તવિક ચોક્કસાઈવાળી અને ચાલુ સમયની નથી હોતી. ખામી વિનાની મતદાર યાદી બનાવવી એ સહેલી વાત

(લેખક ભારતીય વ્યવસ્થાપન સંસ્થાન-આઈઆઈએમ-અમદાવાદના નિવૃત્ત અધ્યાપક અને લોકશાહી સુધારણા સંગઠનના પ્રણેતા છે.)

નથી અને તેમાં મોટી સંખ્યામાં ગૂંચવણો જોવા મળે છે. આટલા માટે જ અમેરિકા જેવો આર્થિક સંપન્ન અને ટેકનોલોજીથી સજ્જ દેશ પણ મતદાર યાદીને સંપૂર્ણતયા સંતુષ્ઠ રીતે બનાવી શકવા સક્ષમ નથી. કારણ કે હમણાં જ ઓબામા અભિયાન માટેની મતદારોની નોંધણી અંગે એક ACORN (એસોસિએશન ઓફ કમ્યુનિટી ઓર્ગેનાઈઝેશન્સ ફોર રિફોર્મ નાઉ) નામના જૂથે વિવાદ સર્જ્યો હતો. ભારતમાં જે જટિલતા જોવા મળે છે તે તેની રીતે વિશેષ છે.

સ્થાળાંતર કરતાં રહેતાં કામદારોની વસતિ મોટી સંખ્યામાં અદૃશ્ય રહે છે, જેઓ મતદાર તરફી નોંધવાની ચૂંટણીપંચની બધી જ શરતો પૂરી કરી શકતાં નથી. કારણ કે તેઓ મોટા ભાગે કામના સ્થળે સ્થળાંતર કરીને ગયા હોય તો ત્યાં ''રહેઠાણનો પુરાવો'' આપી શકતાં નથી. વળી, જો તેમનાં નામ તેમનાં મૂળ 'વતન' માં નોંધાયેલા હોય તો પણ ઘણીવાર માત્ર મત આપવા ખાતર 'ઘેર' જવા માટે તેઓ પૈસા ખર્ચી શકતા નથી. ગેરહાજર મતદારોની મતદાનપ્રક્રિયા પણ જટિલ અને ખર્ચાળ છે. ખાસ કરીને ઓછી આવકવાળા મતદારો માટે વધારે, કે જે કારણસર જ તેઓને સ્થળાંતર કરવું પડ્યું હોય છે.

પછી મોજૂદ મતદારયાદીઓને અપડેટ કરીને તેનું પુનરાવલોકન કરવાનો મુદ્દો છે. અહીં સૌ પ્રથમ મહત્ત્વની બાબત એ છે કે આગામી ચૂંટણીઓ પૂર્વે જ મતદાર યાદીઓને અપડેટ કરવાના અભિયાનને શરૂ કરવાની સિસ્ટમ. જ્યારે ચૂંટણીપંચો તેમની રીતે શક્ય તેટલી ઉત્તમ કામગીરી કરવાના પ્રયાસમાં પૂરજોશમાં પ્રચાર કરે છે, ત્યારે પણ તે દરમ્યાન અસંખ્ય નાગરિકો નોંધાયા વિનાના રહે છે, જો કે ચૂંટણીપંચો વાજબી રીતે જ દાવો કરે છે કે એક નિયમિત સિસ્ટમ છે જ, જે અંતર્ગત વ્યક્તિ પોતાનું નામ મતદારયાદીમાં નોંધાવીને ખરાઈ કરી લે, જે હંમેશા ઉપલબ્ધ જ હોય છે. પરંતુ કદાચ આ સિસ્ટમ બહુ જાણીતી નથી અથવા તો મતદારો માટે સુવિધાજનક નથી. જે ખૂબ જ જરૂરી છે તે એ છે કે મતદાર નોંધણીની એક સતત ચાલુ રહેતી સિસ્ટમ હોય તો તે નાગરિકોને સહેલાઈથી સુવિધાજનક સ્થળે ઉપલબ્ધ રહે અને તેમાં કોઈ જ અડચણ કે સતામણી જેવું ન હોય. આવી સિસ્ટમથી એક સ્થળેથી બીજા સ્થળે કામ કરવા જતાં લોકોની પણ ગણના થશે અને જો તકલીફદાયક ના હોય તો નવા સ્થળે પણ જો ફોન કનેક્શન કે રાંધણ ગેસનું જોડાણ મળી ગયાં હોય તો પણ લોકો મતદાર તરીકે નામ નોંધાવી શકે.

અન્ય એક મહત્ત્વનો મુદ્દો એ છે કે જે ખરેટાણે મતદાન વખતે જ ગૂંચવણો સર્જે છે તે છે મતદાર યાદીમાંથી તે જ મતવિસ્તારના મતદારોનાં નામ ગાયબ હોય. તેઓએ તેમાં નામ નોંધાવ્યા હોવા છતાં અને એકથી વધુ વાર ચકાસ્યું હોય તો પણ તેમનાં નામ ગાયબ હોય. આવું ઘણી બધી વાર એટલા માટે બને છે કે કેન્દ્રિય ચૂંટણી પંચ અને રાજ્ય ચૂંટણી પંચ પોતાના અલગ મતદારયાદીના નોંધણી પત્રકો રાખે છે. કેન્દ્રિય ચૂંટણી પંચ પાસે સંસદ અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓનું તથા રાજ્યચૂંટણી પંચ પાસે પંચાયતો તથા અન્ય સ્થાનિક ચૂંટણીઓનું નોંધપત્રક હોય છે. આવું એટલા માટે કે કેન્દ્રિય તથા રાજ્ય ચૂંટણી પંચોએ જવાબદારી વહેંચી લીધી છે. આ બંને એકમો એકંદરે સરખી જ કામગારી કરે છે અને બંને વારંવાર વિવિધ સ્તરે એક જ સામાન્ય નોંધપત્રક તૈયાર કરે છે, છતાં ખબર નહિ કયાં કારણોસર તેની એક સરખી અસર દેખાતી નથી.

ચૂંટણીઓનું ઓડિટીંગ કરવાનો એક રસ્તો એ છે કે મતદાન બાદ ઘરે ઘરે ફરીને એક સેમ્પલ રૂપ સર્વે કરાવીને મતદાર યાદીઓમાં ચોક્કસાઈ તપાસતાં રહેવું. પણ ત્યારબાદ તરત જ તે પણ ખાતરી કરી લેવાની કે જેઓએ મતદાન કર્યું હતું તેઓએ ખરેખર બુથ પર જઈને મત આપ્યો હતો કે નહિ. ભૂતકાળમાં કેટલીક એજન્સીઓ દ્વારા આવા સર્વે થયેલા છે. તેમાં એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ પણ સામેલ હતી. તેણે સ્પષ્ટ બતાવી દીધું હતું કે નામ કમી થવાના અને નવાં જોડાયાનાં લગભગ ૩૦-૩૫% જેટલી ભૂલો મતદારયાદીમાં જોવા મળી હતી. અગાઉ એક યોગ્ય મતદારનું નામ યાદીમાંથી બાકાત હતું અને બાદમાં એક અયોગ્ય મતદાર કે જે મૃત્યુ પામ્યા હોય થવા સ્થળાંતર કરી ગયા હોય તો પણ તેનું નામ યાદીમાં સામેલ હતું. જ્યારે આવા સર્વેમાં અચોક્કસાઈવાળી મતદારયાદી હોવાનું જાહેર થાય ત્યારે સંબંધિત ચૂંટણી પંચોએ જ સુધારાવધારા કરી લેવા જરૂરી બને છે.

ચૂંટણી સમીક્ષા કરવાનું અન્ય એક પાસું કે જેમાં મોટા ભાગે કંઈ ધ્યાન આપતું નથી તે છે ઉમેદવારોની ગુણવત્તા. વર્ષોથી એક એવી સિસ્ટમ ઉભી થઈ ગઈ છે કે મોટાભાગે બધા રાજકીય પક્ષો એવા ઉમેદવારોને નામાંકિત કરે છે, જે તેઓને માત્ર જિતાડી શકે. એમાં પણ ઉમેદવારનો ભૂતકાળ શું છે તે સાથે તેમને કંઈ લાગતું વળગતું નથી ; આના પરિણામે આજે એવી સ્થિતિ ઉભી થઈ છે કે લોકસભાના ૧૨૨ જેટલી મોટી સંખ્યાના સાંસદો સંપૂર્ણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેમના વિરુદ્ધના કેસ પેન્ડિંગ છે. તેઓની સામે હત્યા, અપહરણ, લૂંટ જેવા ગુનાઓ બદલ પગલાં ભરવામાં આવ્યાં છે અને કેટલાંક તો જેલની સજા પણ ભોગવી રહ્યાં છે.

રાજ્ય વિધાનસભાઓમાં પણ આવી જ સ્થિતિ છે અને ગુનાહિત કેસ માટે પેન્ડિંગ કેસ ધરાવતા એમએલએનું પ્રમાણ સરેરાશ ૨૦-૨૫% છે. ૧૩ માર્ચ, ૨૦૦૩ ના રોજ (એઆઈઆર ૨૦૦૩ એસસી ૨૩૬૩) સુપ્રીમ કોર્ટ દ્વારા અપાએલા અભૂતપૂર્વ ચુકાદા અનુસાર આ ઉમેદવારોએ ફરજિયાત એફિડેવિટ કરાવ્યું તેના પરથી આ આંકડો જાણવા મળ્યો છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ સંસદ અને રાજ્ય વિધાનસભામાં ચૂંટણીમાં ઉભા રહેવા માટે ઉમેદવારોએ તેમના પેન્ડિંગ ગુનાહિત કેસો અંગે સ્પષ્ટતા કરવી જરૂરી છે.

આ ચુકાદાથી નાગરિકો /મતદારો અને પ્રસાર માધ્યમો જેવાં હિતવાંચ્છુ જૂથો દ્વારા ખૂબ અસરકારક રીતે ચૂંટણીનું ઑડિટીંગ થયું. આની હકારાત્મક અસરો દેખીતી રીતે જોવા મળી કે કેટલાક રાજકીય પક્ષોએ જાહેરાત કરી કે તેઓ જેની સામે ગુના સબબ કેસ ચાલ્યા હોય તેવા લોકોને ટિકિટ આપશે નહિ.

ઉપર દર્શાવેલી પ્રવૃત્તિઓ હંમેશની નથી કે જેની ચર્ચા ચૂંટણીના ઓડિટીંગમાં ઉભરતી રહે, પણ કેટલીક એવી દુષ્પ્રવૃત્તિઓ છે, જે ભારતીય ચૂંટણીઓમાં જોવા મળે છે અને તેનો ઉલ્લેખ હાલના ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી એન. ગોપાલસ્વામીએ કર્યો હતો. તે આ પ્રમાણે છેઃ "એવી ઘણી બાબતો છે, જેનું આપણને ગૌરવ ન થઈ શકે, નાણાશક્તિ, મસલપાવર, ઘાલમેલ, મતદાર યાદી પાતોની રીતે તૈયાર કરવી, બોગસ મતદાન, બુથ પર કબજો જમાવવો, પ્રિ.પોલ તથા મતદાનના દિવસે હિંસાચાર, ધમકી આપવી... સરકારી નોકરોનો ઉપયોગ કરીને સત્તાને ભાંડતા રહીને આપણે ગૌરવ ન લઈ શકીએ. ખાસ કરીને પોલીસ, બહેકી ગયેલા ગુનેગારો, વચનભંગ થઈને કરવામાં આવતા બેફામ ખર્ચ, દારૂ તથા અન્ય ગુનાઓમાં લાંચ-ભ્રષ્ટાચાર વગેરેમાં સરકારી નોકરોનો ઉપયોગ કરીને આપણે ગૌરવ ન લઈ શકીએ. એટલે એક એવો તબક્કો આવે છે કે જ્યારે તમે આશ્ચર્ય તથા આઘાત સાથે આ ડેમોક્રસી (લોકશાહી) કે ડેમો(નો)ક્રસી (બીનલોકશાહી) છે, તે મુદ્દો ઉઠાવવા લાગો છો."

મોટાભાગની આ દુષ્પ્રવૃત્તિઓ ખરે ટાણે, ચૂંટણીના દિવસે કે મતદાનના દિવસના થોડા દિવસો પહેલાં આચરવામાં આવે છે. માટે જ મતદાનના દિવસે કે તેના થોડા દિવસ પહેલાં કરવામાં આવેલું ચૂંટણી ઓડિટીંગ પણ એટલું જ ટીકાત્મક બની રહે છે અને લોકશાહીની પ્રક્રિયાને નબળી બનાવતાં રહીને ઘાલમેલ કરનારા બિન્ધાસ્ત નિર્લજ્જ લોકો કાયદેસર પગલાં લેતાં અટકાવી દે છે. જે લોકોને ચૂંટણીનાં હિતલક્ષી પરિણામોમાં રસ છે, તેઓને મોકળો માર્ગ આપીને માલિકી હક આપવો જોઇએ. જેમાં શક્યતઃ માત્ર પક્ષપાતરહિત અને બીનરાજનીતિક નાગરિકોનાં જૂથો હોવાના. તેઓ જ ચૂંટણીનું પ્રામાણિક ઓડિટીંગ કરાવી શકે.

ચૂંટણીમાં સૌથી ટિપ્પણીને લાયક, ઓડિટિંગમાં ધ્યાનપાત્ર પાસું છે રાજકીય પક્ષોનાં કાર્યોનો હિસ્સો. સીધીસાદી વાત એ છે કે ચૂટણીનાં રંગમંચ પર રાજકીય પક્ષો ખૂબ ચાવી રૂપ અને મહત્ત્વપૂર્વ અભિનેતાઓ સમા છે. રાજકીય પક્ષો જ નક્કી કરી શકે છે કે મતદારો કોને મત આપી શકે. જ્યારે કોઈ પક્ષ કોઈ ઉમેદવારને ટિકિટ આપવા પસંદ કરે છે ત્યારે તે પક્ષ માટે કેટલો મહત્ત્વનો છે તે જોઇને પછી જ પસંદ કરે છે. આ ઉમેદવાર ચૂંટાઈ ગયા પછી પણ સ્વચ્છાએ ધારાસભામાં સ્વતંત્ર રીતે મત આપી શકતો નથી. કારણ કે એ બધું પણ પક્ષના નિર્ણયમાં એટલે કે નિયંત્રણમાં નક્કી થાય છે, સિવાય કે ધારાસભામાં હાજર રહેવનો ફરજિયાત આદેશ હોય અને એન્ટિ-ડિફેકશન કાનૂનની ગતિવિધિ હોય ત્યારે. આમાં વિટંબણા એ જોવા મળે છે કે જ્યારે બધા જ પક્ષો બરાડા પાડીને કહેતા હોય છે કે દેશની લોકશાહીના તેઓ સંરક્ષણકર્તા છે, ત્યારે ખરેખર તો આંતરિક કાર્યોમાં એક પણ રાજકીય પક્ષ લોકશાહીની રીતે વર્તતો હોતો નથી.

આવી અસાધારણ સ્થિતિ તરફ ભારતીય કાયદા પંચનું ધ્યાન ખેંચાયું છે, જેનાથી પંચે તેના ચૂંટણીસુધારાના ૧૭૦ માં અહેવાલમાં એક આખું પ્રકરણ "રાજકીય પક્ષોમાં આંતરિક લોકશાહી અંગે કાયદાની જરૂરિયાત" અંતર્ગત લખ્યું છે. કાયદા પંચની તેમાંથી કેટલીક ભલામણો અને અવલોકનો સંપૂર્ણ ફેરફારો અંગેના છે.

ફકરો ૩.૧.૨. દર્શાવે છે, "કાર્યરત રાજકીય પક્ષોમાં આંતરિક લોકશાહીની ખાતરી અને વાકેફ કરાવવાના ઉદ્દેશથી તેમનું કાર્ય પારદર્શક અને ખુલ્લું બનાવવાની જરૂર છે અને ભારતીય બંધારણની પ્રતિજ્ઞામાં તથા ભાગ ૩ તથા ૪ માં દર્શાવેલાં બંધારણીય ધ્યેયો હાંસલ કરવામાં રાજકીય પક્ષો અસરકારક સાધનરૂપ બને તેવી ખાતરી રાખવા તેનું ઘડતર અને કાર્યવહન કાયદાની રુએ નિયમિત બને તે જરૂરી છે."

આગળ ચાલુ રહેતો ફકરો ૩.૧.૨.૧. દર્શાવે છે, 'ઉપરોક્ત કારણોની તટસ્થતા પર એમ કહેવું જોઇએ કે જો લોકશાહી આપણા બંધારણીય તંત્રને જાળવે છે, તો તે જ રીતે રાજકીય પક્ષો પણ બંધાયેલા છે કે તેઓ સંસદની લોકશાહીને જાળવે. રાજકીય પક્ષો જ સરકાર રચે છે. સંસદને સભ્યો આપે છે અને દેશમાં સરકાર ચલાવે છે. માટે જ

અનુ.પાના નં. ૨૪ ઉપર

# શું તમે જાણો છો ?

# ચૂંટણીતંત્ર અંગેની હકીકતો

**ભારતના રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના હોદ્દાઓ માટેની ચૂંટણીઓનું સંચાલન કોણ કરે છે ?**

ઉત્તર : ભારતના રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના હોદ્દાઓ માટેની ચૂંટણીનું આયોજન ભારતનું ચૂંટણી પંચ કરે છે.

બંધારણની કલમ ૩૨૪(૧) હેઠળ ભારતનું ચૂંટણીપંચ આ બંને હોદ્દા માટેની ચૂંટણીના નિરીક્ષણ દિશાસૂચન અને નિયંત્રણની સત્તા ધરાવે છે. આ અંગેની વિષેશ જોગવાઈઓ રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી અધિનિયમ ૧૯૫૨ અને તે અંતર્ગત ઘડવામાં આવેલા નિયોમોમાં કરવામાં આવે છે.

**સંસદીય ચૂંટણીનું આયોજન કઈ સત્તા કરે છે ?**

ઉત્તર : સમાન કલમ ૩૨૪ હેઠળ ભારતનું ચૂંટણીપંચ સંસદના બંને ગૃહો માટેની ચૂંટણીના નિરીક્ષણ, માર્ગદર્શન અને નિયંત્રણની સત્તા ધરાવે છે. આ અંગેની વિશેષ જોગવાઈઓ લોક પ્રતિનિધિ અધિનિયમ, ૧૯૫૧ અને તે અંતર્ગત ઘડવામાં આવેલા નિયોમોમાં કરવામાં આવી છે.

**કઈ સત્તા રાજ્ય વિધાનસભા અને વિધાન પરિષદની ચૂંટણીનું આયોજન કરે છે ?**

ઉત્તર : ભારતનું ચૂંટણીપંચ કલમ ૩૨૪/૧૭ પંચને રાજ્ય વિધાનસભાના બંને ગૃહો માટેની ચૂંટણીના નિરીક્ષણ માર્ગદર્શન અને નિયંત્રણની સત્તા આપે છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ અને તે અંતર્ગત ધરવામાં આવેલા નિયમોમાં આ અંગેની વિસ્તૃત જોગવાઈ કરવામાં આવી છે.

**કઈ સત્તા કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી અને અન્ય સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનું સંચાલન કરે છે ?**

ઉત્તર : રાજ્ય ચૂંટણી પંચ બંધારણના (૭૩મા અને ૭૪મા) સુધારા અધિનિયમ, ૧૯૯૨ હેઠળ પ્રત્યેક રાજ્ય, કેન્દ્ર શાસિત પ્રદેશમાં રચવામાં આવેલું રાજ્ય ચૂંટણી પંચ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, જિલ્લા પંચાયત, જિલ્લા પરિષદ, પંચાયત સિમિતિઓ, ગ્રામપંચાયતો અને અન્ય સ્થાનિક સંસ્થાઓના ચૂંટણી આયોજનની સત્તા ધરાવે છે. તેઓ ભારતના ચૂંટણી પંચની પણ સ્વાયત્ત સત્તા ધરાવે છે.

**ચૂંટણી પંચની વર્તમાનમાં કઈ રીતે રચના થાય છે ?**

ઉત્તર : આ ત્રણ સભ્યોનું બનેલું સંગઠન છે. જેમાં એક સભ્ય મુખ્ય ચૂંટણી કમિશનર અને બે ચૂંટણી કમિશનર હોય છે.

**ચૂંટણી પંચ પ્રારંભથી જ બહુસભ્ય ધરાવતું સંગઠન છે ?**

ઉત્તર : પ્રારંભે તે બહુસભ્યનું બનેલું સંગઠન નહોતું. ૧૯૮૦માં તેની રચના થઈ ત્યારે પંચ એક સભ્યનું જ બનેલું હતું. ૧૫ ઓકટોબર, ૧૯૮૯ સુધી પંચ માત્ર મુખ્ય ચૂંટણી કમિશનરનું બનેલું હતું. ૧૫ ઓકટોબર, ૧૯૮૯થી ૧લી જાન્યુ.૧૯૯૦ સુધી પંચ ત્રણ સભ્યોનું બનેલું હતું. ૨ જાન્યુ. ૧૯૯૦થી ૩૦ સપ્ટેમ્બર ૧૯૯૩ સુધી પંચ ફરી એક સભ્યનું બનેલું હતું. પરંતુ ૧ ઓકટોબર, ૧૯૯૩થી પંચ ફરી ત્રણ સભ્યોનું બની ગયું.

**મુખ્ય ચૂંટણી કમિશનરની વરણીની મુદ્દત કેટલી ? શું તે ચૂંટણી કમિશનરની વરણીની મુદતથી અલગ છે ? વેતન અને ભથ્થાઓના સંદર્ભમાં તેમનો દરજ્જો શું**

છે ?

ઉત્તર : મુખ્ય ચૂંટણી કમિશનર કે ચૂંટણી કમિશનર હોદ્દો સંભાળ્યા બાદની છ વર્ષની મુદત પૂરી કર્યા પહેલાં તેઓ ૬૫ વર્ષની વયમર્યાદા ધરાવતા થતાં જ એ તારીખે પદ ખાલી કરી દે છે. તેમનો દરજ્જો સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓ બરોબરનો હોય છે. મુખ્ય ચૂટણીકમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર (સેવા-વર્તણુક) નિયમો, ૧૯૯૨ મુજબ મુખ્ય ચૂંટણી કમિશનર અને બે ચૂટણી કમિશનર ભારતની સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓની બરોબરીનું વેતન અને ભથ્થા મેળવે છે.

**ચૂંટણી પંચ બહુસભ્ય ધરાવતું પંચ બન્યું ત્યારબાદ નિર્ણયો બહુમતીથી લે છે કે સર્વાનુમતીથી ?**

ઉત્તર : મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર (સેવા-વર્તણૂક) નિયમો, ૧૯૯૩ની કલમ ૧૦ની જોગવાઈ નીચે મુજબ છે.

- ચૂંટણી પંચ દ્વારા સર્વાનુમતે નિર્ણય આધારે
- કલમ(૧)ની જોગવાઈ પ્રમાણે ચૂંટણી પંચે શક્ય ત્યાં સુધી સર્વાનુમતે નિર્ણય આધારે આગળ વધવાનું રહેશે.
- પેટાકલમ (૨) મુજબ જે મુદ્દે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર વચ્ચે મતભેદ સર્જાય તે મુદ્દે બહુમત અભિપ્રાય મુજબ નિર્ણય લઈ શકાય.

**મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરની નિમણૂક કોણ કરે છે ? તેમની સંખ્યા કોણ નક્કી કરે છે ?**

ઉત્તર : રાષ્ટ્રપતિ બંધારણની કલમ ૩૨૪(૨) હેઠળ ભારતના રાષ્ટ્રપતિ મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણ કમિશનરની નિમણૂકની સત્તા ધરાવે છે. બંધારણની કલમ ૩૨૪(૨) ભારતના રાષ્ટ્રપતિને સમયે સમયે મુખ્ય ચૂંટણી કમિશનરને બાદ કરતાં બાકીના ચૂંટણી કમિશનરની સંખ્યા નક્કી કરવાની સત્તા આપે છે.

**રાજ્યોમાં ચૂંટણીની કામગીરીનું નિરિક્ષણ કોણ કરે છે ?**

ઉત્તર : મુખ્ય ચૂંટણી અધિકારી (સીઈઓ) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨૦ અને સાથે વાંચતા રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશમાં ચૂંટણી પંચના એકંદર નિરીક્ષણ, માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ આ ફરજ બજાવે છે.

**મુખ્ય ચૂંટણી અધિકારીની નિયુક્તી કોણ કરે છે ?**

ઉત્તર : ભારતનું ચૂંટણી પંચ રાજયસરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્રના પરામર્શમાં રહીને રાજયસરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીની વરણી કરી છે.

**જિલ્લાની ચૂંટણીનું નિરીક્ષણ કોણ કરે છે?**

ઉત્તર : લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૧૩ એએ હેઠળ અને મુખ્ય ચૂંટણી અધિકારીના નિરીક્ષણ, માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ જિલ્લા ચૂંટણી અધિકારી જિલ્લાની ચૂંટણી કામગીરીનું નિરીક્ષણ કરે છે.

**જિલ્લા ચૂંટણી અધિકારીની નિમણૂંક કોણ કરે છે ?**

ઉત્તર : ભારતનું ચૂંટણીપંચ રાજય સરકારના પરામર્શમાં રહીને રાજય સરકારના કોઈ અધિકારીની જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે વરણી કરે છે.

**કોઈપણ સંસદીય કે વિધાનસભા મતદાનક્ષેત્રમાં ચૂંટણી આયોજન માટે કોણ જવાબદાર રહે ?**

ઉત્તર : રીટર્નિંગ અધિકારી - લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૨૧ મુજબ કોઈ પણ સંસદીય કે વિધાનસભા બેઠકની ચૂંટણી સંચાલનની જવાબદારી રિટર્નીંગ અધિકારી નિભાવે છે.

**રીટર્નીંગ ઓફિસરની નિમણૂક કોણ કરે છે ?**

ઉત્તર : ભારતનું ચૂંટણીપંચ રાજ્યસરકાર કે કેન્દ્રીય પ્રદેશના વહીવટીતંત્રના પરામર્શમાં રહીને પ્રત્યેક સંસદીય અને વિધાનસભા મતદાન ક્ષેત્ર માટે સ્થાનિક સરકારના અધિકારીની રિટર્નિંગ ઓફિસર તરીકે વરણી કરે છે. ભારતનું ચૂંટણી પંચ આ રિટર્નીંગ ઓફિસરની મદદ માટે એક કે વધુ મદદનીશ રિટર્નીંગ ઓફિસરની વરણી પણ કરે છે.

**સંસદીય અને વિધાનસભા મતદાનક્ષેત્રની**

**મતદારયાદી તૈયાર કરવાની કામગીરી માટે કોણ જવાબદાર છે ?**

ઉત્તર : મતદાન નોંધણી અધિકારી - સંસદીય /વિધાનસભા મતદાનક્ષેત્રની મતદારયાદી તૈયાર કરવાની જવાબદારી મતદાર નોંધણી અધિકારી નિભાવે છે.

**મતદાન કેન્દ્રો પર ચૂંટણી સંચાલન કોણ કરે છે ?**

ઉત્તર : પ્રિસાઈડિંગ ઓફિસર - પ્રિસાઈડિંગ ઓફિસર અન્ય મતદાન અધિકારીઓની મદદથી મતદાન કેન્દ્ર પર ચૂંટણી મતદાનનું સંચાલન કરે છે.

**મતદાન નોંધણી અધિકારીની નિમણૂંક કોણ કરે છે ?**

ઉત્તર : લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૧૩બી હેઠળ ભારતનું ચૂંટણી પંચ રાજ્ય સરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્રના પરામર્શમાં રહીને રાજ્યસરકાર કે સ્થાનિક સત્તાધીશની મતદાર નોંધણી અધિકારી તરીકે વરણી કરે છે. વધુમાં ભારતનું ચૂંટણી પંચ મતદાર નોંધણી અધિકારીને મદદ કરવા એક કે વધુ મદદનીશ મતદાર નોંધણી અધિકારીની પણ નિમણૂક કરે છે.

**પ્રિસાઈડીંગ ઓફિસર અને મતદાન અધિકારીની નિમણૂક કોણ કરે છે ?**

ઉત્તર : જિલ્લા ચૂટણી અધિકારી

**નિરીક્ષકોની નિમણૂક કોણ કરે છે ?**

ઉત્તર : ભારતનું ચૂંટણી પંચ

■ ■ ■

**અનુ.પાના નં. ૨૧ થી શરૂ**

એ જરૂરી છે કે તેઓની આંતરિક લોકશાહીથી, નાણાંવ્યવસ્થાની પારદર્શકતા અને રાજકીય પક્ષોની કામગીરીની ક્ષમતાથી સૌ પરિચિત બને. જે રાજલકીય પક્ષ તેના પોતાના આંતરિક કાર્યોમાં લોકશાહીના સિદ્ધાંતોનો આદર નથી કરતો, તેની પાસેથી દેશની સરકાર ચલાવવા માટેના સિદ્ધાંતોનો તે આદર કરે તેવી અપેક્ષા રાખી શકાય નહિ. આંતરિક રીતે સરમુખત્યારશાહી અને બાહ્ય રીતે લોકશાહી ચાલી શકે નહિ.'

ચૂંટણીઓ તો માત્ર કાળાંતરે અને શક્યતઃ દેખી શકાય તેવી પ્રગટીકૃત લોકશાહી પ્રક્રિયા છે અને તેમાં રાજકીય પક્ષોની કામગીરી મહત્ત્વનો ભાગ છે. આપણા જેવી ઉદાહરણરૂપ લોકશાહીની સૌથી ટીકાત્મક મૂળભૂત બાબતોથી એક વાત સ્પષ્ટ છે કે ફક્ત મતદાનના દિવસે કે પ્રારંભ સમયે ચૂંટણીઓનું ઓડિટીંગ કરવું એક ખૂબ જ મર્યાદામાં રહીને થતું મુશ્કેલ કામ છે, જે લોકશાહીને મજબૂત થવા પ્રેરે છે. દેશનું ખરું હિત અને લોકોની સેવા માત્ર તેમાં જ છે કે જો ચૂંટણીઓના ઓડિટીંગમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનો બહોળો દૃષ્ટિકોણ જોવામાં આવે.

■ ■ ■

**અનુ.પાના નં. ૩૭ થી શરૂ**

પશુઆહારની કેટલીક રૂઢીચુસ્ત પદ્ધતિઓ દૂધ એકત્ર કરવાની બીન આરોગ્યક્ષમ રીતો અને અંધશ્રદ્ધાઓ નાબૂદ કરીને સહકારી ડેરી ઉદ્યોગને સહાયભૂત બનવું.

દૂધ સંઘનાં કાર્યક્ષેત્રની દૂધ મંડળીઓ મારફત દૂધ અને દૂધની દરેક પ્રકારની બનાવટો વેચવાની વ્યવસ્થા ગોઠવવી.

સ્વચ્છ દૂધના ઉત્પાદન માટે પશુઓને બેસવાની જગ્યા સૂકી, ખાડા વિનાની, દોહન સમયે બાવલાની બરાબર સફાઈ, દૂધ દોહવાના વાસણો બરાબર રાખથી ઉટકી તાપમાં સુકવવા, દોહનારાના હાથ સાબુથી સાફ કરવા, દૂધ દોહન પછી દૂધને ગરણાથી ગાળવું, વાસણને ઢાંકવું દોહન પછી દૂધને ઠંડી જગ્યાએ મૂકવું વગેરે બાબતોનો ખાસ ખ્યાલ રાખવો પડશે. આપણું દૂધ સ્વચ્છ હશે તો આપણાં વિસ્તારની ખ્યાતિ દુનિયાના દેશોમાં અવશ્ય ફેલાશે.

સહકારી ક્ષેત્રે ગુજરાત રાજ્યમાં દરેક જિલ્લામાં દૂધ ડેરીઓ કાર્યરત થતાં ગામડાઓની પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા દૂધ એકત્રિત કરી દૂધ ડેરીઓ ગુજરાત સ્ટેટ.કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ લી.ના નેજા હેઠળ દૂધ અને દૂધની બનાવટો દેશ-પરદેશમાં વેચાણ કરે છે. જેનાથી ગ્રામ્ય ખેડૂતોને વધુ આવક મળતી થઈ અને જમીન વિહોણા ગરીબ પ્રજાજનોને રોજીરોટી આપતા ગ્રામ

**સંદર્ભ**


- મુજપરા સંજય "સૌરાષ્ટ્રમાં સહકારી ડેરી ઉદ્યોગનો વિકાસ" સહકાર સપ્તાહ વિશેષાંક ૨૦૦૫. પાના.નં ૧૪૭ થી ૧૫૦
- પટેલ કાનજીભાઈ "દૂધ અને સેવા સહકારી મંડળીઓનો ગ્રામ્ય અર્થતંત્રમાં ફાળો" સહકાર વાર્ષિક અહેવાલ ૨૦૦૪. પાના નં. ૨૪ થી ૨૫
- ડૉ.કેશવભાઈ જે.ગોટી "સહકારી ધોરણે પશુપાલનનો ધંધો" સહકારી વિશેષાંક ૨૦૦૭.
- હર્ષદભાઈ એમ.શાહ "ગુજરાતમાં સહકારી ડેરી ઉદ્યોગ" સહકાર વિશેષાંક ૨૦૦૪ પાના નં.૫૯
- દેસાઈ હસમુખ "રાજ્યના સરકારી ડેરી ઉદ્યોગની આજ અને આવતીકાલ" સરકાર સપ્તાહ વિશેષાંક ૨૦૦૬
- અર્થસંકલન : અંક ૧૧, ૩૦ નવે.૨૦૦૨, પેજ નં. ૩૩૭
- યોજના : અંક-૫, ઓગષ્ટ ૨૦૦૪, પેજ નં. ૬
- અર્થસંકલનઃ અંક ૮, ૩૧ ઓગષ્ટ-૦૬, પેજ નં.૨૨૭


■ ■ ■

# ભારતની લોકશાહી અને રાજકારણ

✍ **ડો. અંબાલાલ પટેલ**

**પ્રોફેસર ગેલબ્રેથે તેમના 'ન્યુ ઈન્ડસ્ટ્રીઅલ સ્ટેટ' પુસ્તકમાં લખ્યું છે કે જગતભરનાં વેપારગૃહોનું કેવું મોટું સામ્રાજ્ય છે. અમેરિકા જેવી સરકારોએ પણ તેનું સાંભળવું પડે છે. તેઓ જણાવે છે કે જો આપણે માત્ર ભૌતિક મૂલ્યોનો જ વિકાસ કરીશું તો રાજતંત્ર આર્થિક ભાર નીચે જ દબાઈ જશે. આજે વિશ્વમાં અને ભારતમાં આમ જ થઈ રહ્યું નથી શું ? જો આપણે આર્થિક મૂલ્યો સિવાયનાં નૈતિક, આધ્યાત્મિક કે કળાનાં મૂલ્યોને મહત્ત્વ આપીશું તો આર્થિક સામ્રાજ્ય પર અમુક અંશે નિયંત્રણ રાખી શકીશું. આર્થિક વિકાસ પાછળ ગાંડી દોટ મૂકીશું તો થોડાંક જ વર્ષોમાં લોકાશાહીનો લોપ થશે.**

લોકશાહીની વ્યાખ્યા કરતા એક લેખકે કહ્યું છે કે લોકશાહી એટલે Democracy એટલે Democracy is for the people, of the people, by the people. લોકશાહી એ લોકો માટેની, લોકોની અને લોકો વડે ચાલતી રાજ્ય વ્યવસ્થા છે. તેમાં ખરેખર તો લોકોના પ્રતિનિધિઓએ લોકોની આશા અને આકાંક્ષાઓ પ્રમાણે રાજ્ય વહીવટ ગોઠવવો અને ચલાવવો જોઇએ. પરંતુ જો આમ ન બને તો લોકોમાં તેના પ્રતિનિધિઓ માટે આદરમાન કે વિશ્વાસ રહેતો નથી. આવા સંજોગોમાં લોકશાહીમાં પ્રતિનિધિને ચૂંટનાર લોકોને તેમના પ્રતિનિધિને પાછો બોલાવવાનો (Recall) અધિકાર પણ હોવો કે મળવો જોઇએ.

જે રાજકીય પક્ષો પોતાના સિદ્ધાંતો કે વચનો આપીને ચૂંટાય છે તેઓએ પોતાના સિદ્ધાંતોને વળગી રહી રાજ્યકારભાર ચલાવવો જોઇએ અને પોતાનાં વચનો પાળવાં જોઇએ. તેમણે અશક્ય વચનો ન આપવાં જોઈએ તથા અમુક જ વર્ગને લાભ આપવાની નીતિ રીતી ન રાખવી જોઇએ. આમ કરવાથી પ્રજામાં ભાગલા પડે છે અને સરવાળે દેશ કે રાષ્ટ્ર નબળું પડે છે. લોક પ્રતિનિધિઓનું જીવન પણ સીધું, સાદું, સરળ અને સ્વચ્છ હોવું જોઇએ. તેઓમાં સગાવાદ, રંગ, ધર્મ કે કોમવાદ જાતિવાદ ન દેખાવા જોઇએ.

પરંતુ આજે આપણે ત્યાં એવું જોવા મળતું નથી. હા, ગાંધીજીએ રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના કરીને પોતાના સાથી પ્રતિનિધિઓ મારફત પ્રાંતિક સ્વરાજ્યનો વહીવટ આઝાદી પહેલાં અને આઝાદી પછી સ્થાપ્યો ત્યારે સાચી લોકશાહીનાં દર્શન થતાં હતા. આ બધું ગાંધીજીના ત્યાગ, તપશ્ચર્યા, દૂરંદેશી અને પ્રામાણિકતાને કારણે શક્ય બન્યું હતું. આપણાં પહેલા રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રબાબુ અને વડાપ્રધાન જવાહરલાલ નહેરુ ગાંધીજીના રંગે રંગાયેલા હતા અને કોંગ્રેસે દેશમાં વિશ્વાસ ઉભો કર્યો હતો જેને કારણે દેશની એકતા અને અખંડતા જળવાઈ હતી. સરદાર પટેલે દેશનાં ૫૭૦ રજવાડાં અને તેમના વડાઓનાં દિલ પ્રેમ અને વિશ્વાસને જોરે જીત્યાં હતાં અને પોતાની પ્રામાણિકતા અને દેશભક્તિ જાળવીને કામો કર્યા હતા. દેશી રાજાઓને સરદારે આપેલા વચનો જળવાયા નહોતાં તેવો કચવાટ પ્રચાર માધ્યમોએ વ્યક્ત કર્યો હતો.

આજે દેશમાં જુદા જુદા પક્ષોની નીતિ-રીતિઓમાં લોકોને પહેલાં જેવો વિશ્વાસ રહ્યો નથી. પ્રદેશવાદ, ભાષાવાદ,જાતિવાદ, સગાંવાદ, ધર્મવાદ વગેરે અનિષ્ટો દેશમાં ફાલતાં-ફૂલતાં જાય છે અને દેશમાં અલગતાવાદ, ત્રાસવાદ, ધર્મઝનૂન ગરીબી, બેકારી વધતાં જ જાય છે. ગરીબો વધુ ગરીબ થતા જાય છે અને ધનવાન વધુ ધનવાન બનતા જાય છે.

(લેખક ખાદી અને ગ્રામોદ્યોગ સાથે સંકળાયેલા છે.)

દેશનો વિકાસદર વધતો જાય તો પણ દેશની સંપત્તિની સમાન કે ન્યાયી વહેંચણી થતી દેખાતી નથી. જો કે વિકાસ દર ઘટતો જવાના સંકેતો છાપામાં જોવા મળે છે.

આપણાં દેશના લોકસભા (પાર્લામેન્ટ)ના સભ્યોના પગારો અને ભથ્થાં વધતાં જાય છે. તેમાં કોઈ માઈનો લાલ બોલતો નથી કે અમારે આટલું બધું ન જોઈએ. પ્રધાનો અન તેમના હાથ નીચેના અમલદારો, કેન્દ્રીય નોકરો વગેરેના પગારો, ભથ્થાં પ્રજાની આંખે ચઢે છે. પછી પણ એનામાં ખળભળાટ સંભળાય છે ? જૂદા જૂદાં મંડળો જેમ કે બેંક્ના કર્મચારીઓ સરકારી નોકરોનાં મંડળો સરકારને અલ્ટીમેટમ આપી હડતાળો પાડે અને સરકારે ઝૂકવું પડે તેવી પરિસ્થિતિ સર્જાય છે. આ બધી બાબતો દેશની એકતા માટે જોખમ ઊભું કરે છે. બોંબ ધડાકા, આતંકવાદ વગેરે જન્મે છે શાથી ? આ બધી બાબતો ચર્ચાની એરણ પર આવે છે પણ તેને દોરનાર મહાત્મા ગાંધીજી કે લાલબહાદુર શાસ્ત્રીજી કે સરદાર પટેલ જેવા ત્યાગી, સ્વચ્છ, વ્યવહારકુશળ માણસોની ખોટ સાલે છે.

હમણાં છાપામાં સમાચાર હતા કે સ્વીત્ઝર્લેન્ડની બેંકમાં ભારતના વિદેશી દેવાં કરતાં અનેકગણું ભારતનુ નાણું પડ્યું છે. આપણામાં ઈઝરાઈલના જેવી દેશભક્તિ જાગે તો ભારતમાતાનો જયજયકાર થઈ જાય. ઈઝરાઈલના લોકોએ પોતાની સંપત્તિ, તન, મન, ધન દેશને ચરણે ધરી દઈને ત્યાં આઝાદી ટકાવી ભૂમિને શક્ય તેટલી રસાળ-ફળદ્રુપ બનાવી. પાણીનો કરકસર ભર્યો ઉપયોગ કરી પરસેવો પાડી ઉત્પાદન વધાર્યું એન તે પરદેશ પણ મોકલ્યું. શું ભારત આમ ન કરી શકે ? સ્વીસ બેંકમાં આપણા રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ કે અમલદારો કે રાજા -રજવાડાંનાં નાણા હોઈ શકે. ગરીબ-ગુરબાંને તો પોતાનાં જીવન ચલાવવાનાં સાંસા-ફાંફા છે ત્યાં તેમનાં નાણાં ન જ હોઈ શકે ? ગાંધીજીની કોંગ્રેસના જૂના જોગીઓમાંથી ત્યાં કોઈનું નાણુ સ્વીસબેંકમાં હોવાનો સંભવ નથી. સરકારે સ્વીસ બેંકનું ભારતનું નાણું સ્વદેશી બેંકોમાં લાવવાનો ઉદ્યમ ન કરી શકાય ? જો આ બાબત ખોટી હોય તો સરકારે સ્પષ્ટતા કરવી જોઇએ.

અત્યારે દેશમાં ચૂંટણીનું વાતાવરણ છે. દરેક પક્ષો અને જૂદા જૂદા પક્ષના માણસો લોકોને લલચાવનારાં વચનો, પ્રલોભનો આપે છે. જૂદી જૂદી કોમ, ધર્મના પ્રદેશના લોકોને ઠાલાં વચનો આપે છે જે ચૂંટાયા પછી અભરાઈએ ચડાવી દેવાય છે. બે રૂપિયે કિલો ચોખા, ખેડૂતોને મફત વીજળી, ઉદ્યોગમાં સ્થાનિક લોકોને નોકરી અને લાભો, શિક્ષણમાં અનામતમાં વધારો વગેરેને એક પ્રકારની લાંચ ગણી શકાય કે કેમ ? આપણે ત્યાં બધા રાજકરણીઓ એક બીજાથી ચડે તેવા છે !

## પ્રતિનિધિઓની પસંદગી અને ખર્ચ

જૂદા જૂદા પક્ષો માટે પસંદગીની બાબતો અંગે લોકસભા અને ધારાસભા કે સરકારી નોકરીઓમાં ધારા ધોરણોની ચર્ચા ચગડોળે ચઢે છે પણ તેમાંથી કશું નીપજતું લાગતું નથી. ક્યા પક્ષના કેવા કેટલા સાંસદ કે ધારાસભ્યો સામે ફોજદારી, નાણાંવિષયક કે અન્ય વાંધાજનક ગુનાઓ છે તેની સંખ્યા પણ અવાર-નવાર છાપામાં આવે છે. આ બધામાંથી જે કેન્દ્રમાં પ્રધાનો છે તેમનું તો નામ પણ દેવાય નહીં ! સંસદમાંથી પક્ષના સભ્યોના રાજીનામાં આપી સરકાર ઉથલાવવાની પેરવી થાય એટલે વડાપ્રધાને કે કોઇએ કંઈક રસ્તો શોધવો કે ઉભો કરવો પડે ! અને તેને રુપાળું મહોરું પહેરાવવું પડે ! છાપામાં આવતા આ સમાચારો ખોટા છે ?

## પ્રદેશવાદ અને રાજીનામાંનું રાજકરણ

બાલ ઠાકરે સામે જાહેર હિતની અરજી સુપ્રીમમાં થઈ કે બિહાર કે ઉત્તરપ્રદેશના લોકોને તેમનો પક્ષ મારે-પીટે કે ખૂન કરે છે. સુપ્રિમે કહ્યું કે આ રાજકીય ઈચ્છા શક્તિની બાબત છે. છતાં ચુકાદો આપતાં સુપ્રિમે બાલ ઠાકરેને કહ્યું કે આપણે બધા ભારતીયો છીએ. કોઈપણ ભારતીય નાગરિક કોઈ પણ પ્રદેશાં જઈ કામ, ધંધો કરી શકે છે અને બંધારણીય હક્કો ભોગવી શકે છે.

તામિલનાડુના મુખ્ય પ્રધાન શ્રી કરુણાનિધીએ એવો ફતવો કરતા તામિલ ટાઈગરો પરના સિલોનની સરકારના હુમલા અને તામિલો માટે તાત્કાલિક મદદ અને સિલોનની સરકાર પર દબાણ લાવી વાટાઘાટો કરાવવા માટે તેમના સભ્યોના સંસદમાં રાજીનામાં આપવાની ધમકી ઉચ્ચારી હતી. કેન્દ્ર સરકારે તાત્કાલિક વિદેશ પ્રધાન મારફત વ્યવસ્થા ગોઠવી. સિલોનના એલચીને મળી સિલોન સરકાર સાથે હુમલામાં નુકશાન પહોંચેલાને મદદ મોકલવાની ભારત તરફથી તજવીજ થઈ હતી અને સિલોનની સરકાર પર પણ દબાણ ઉભું થયું હતું. આ બધા સમાચાર છાપાનાં માધ્યમ દ્વારા જાણવા મળે છે. છાપાજ લોકશાહીના રખેવાળનું કામ આ રીતે કરે છે. અમુક વખતે સમાચાર માધ્યમોને ગળે ટૂંપો દેવાનું કામ થાય છે કે તેમના પર પણ દબાણો આવે છે. જૂદા જૂદા પક્ષો પણ એક બીજાથી ચડે તેવા છે. લાલુ પ્રસાદ યાદવ કેન્દ્રમાં રેલવે પ્રધાન છે તો પણ તેમના પક્ષ તરફથી સાંસદોનાં રાજીનામાંની ધમકી અપાઈ હતી. પણ નીતિશકુમારે તો તેમના પહેલાં બિહારના

મામલે સાંસદોના રાજીનામા અપાવી લાલુયાદવને નીચું જોવડાવ્યું હતું.

છાપામાં એવા પણ સમાચાર આવે છે કે જુદાં જુદાં મંડળો કે સંસ્થાઓ, મ્યુનિસિપાલિટીઓ, ધારાસભ્યો વગેરેની મિટિંગો રમણીય કે સહેલગાહે જઈ શકાય તેવા સ્થળોએ, ગંજાવર ખર્ચા કરી ગોઠવાય છે. પ્રજા આ બધા પાસેથી આવી વર્તણૂંક માટે પ્રતિનિધિઓને ચૂંટી કે પસંદ કરી મોકલતી નથી. આ તો "મોસાળમાં મા પીરસનારી" કહેવત જેવું છે. જે લોકો ગરીબ કે સામાન્ય પ્રજાની સેવા કરવા ગયા હોય તે કરવેરા પ્રજા પર લાદીને આવા ખર્ચા કરે તે લોકશાહી કેવી કહેવાય વારુ ? અમેરિકામાં 'ઓબામા વારી' થઈ તેમાંથી આપણે કંઈક શીખવાનું છે ખરું ? અમેરિકાની મંદીમાં પણ તેની સરકારના લડાઈના ખર્ચા, પ્રજાને મોજશોખી બનાવવાની વાતો આવે છે. ઓબામા સામે પડકાર છે કે પ્રજાને કરકસર, મહેનત અને બચતની ટેવ પાડવી પડશે. આ જ વાત ભારતની લોકશાહી ટકાવવા માટે લાગુ પડે છે. નેપાળમાં પ્રજાએ રાજાને બદલ્યા જેમાં પ્રજાની ઈચ્છાનો પડઘો દેખાય છે. આપણાં દેશના પ્રધાનો, રાષ્ટ્રપતિના પરદેશ પ્રવાસો, ભથ્થાં અને ઉદ્યોગપતિઓ કે અન્ય નાટક-ચેટક કે સિનેમાના સર્જકો અને અભિનેતા કે અભિનેત્રીઓ નાં જીવનકવન, રહેણી કહેણી વગેરેના ખર્ચાઓ તો આખરે સામાન્ય નાગરિક અને ગરીબો પર જ આવીને ઠરે છે. માટે આપણે સવેળા ચેતવાની જરૂર નથી લાગતી ? આતંકવાદનું મૂળ ગરીબી, પ્રદેશવાદ, ભાષાવાદ, ધર્મના ઝનૂનમાં છે. ગાંધીજીએ નોંધ્યું છે અને કહ્યું છે કે જ્યાં સુધી આપણાં ધાર્મિક સ્થળોના ઝાકમઝોળ ખર્ચા ન ઘટે ત્યાં સુધી સાચી ધાર્મિકતા પ્રગટશે નહીં. આ તેમના વકતવ્યનો સાર છે. રાજેન્દ્રબાબુ રાષ્ટ્રપતિ થયા પછી જાતે કપડાં ધોતા, રાષ્ટ્રપતિ ભવનના ઓછા ઓરડા વાપરતા, ઓછો પગાર લેતા. આવું જ કંઈક લાલબહાદુર શાસ્ત્રીજીનું હતું. જય જવાન -જય કિસાનનો નારો ગજવી અનાજની કટોકટી અને ગરીબોની લાગણીને માન આપવા ગામડાંમાં રાતાવાસો કરી શુક્રવારનું સાંજનું ભોજન તેમણે છોડ્યું હતું. પ્રજા અત્યારે તેઓને જ યાદ કરે છે નહીં કે અન્યોને.

પાકિસ્તાન સામેની લડાઈ વખતે શાસ્ત્રીજીને કમાન્ડરો મળવા આવ્યા ત્યારે શાસ્ત્રીજી જમવાનું છોડી કમાન્ડરો કે તેના અધિકારીઓને મળવા આવ્યા હતા. આવા લોકશાહીના ચાહકો ધારકો અને રક્ષકોને આપણી લાખ લાખ સલામ હજો.

લોકો હવે થોડા સમયની રાજનીતિથી કંટાળી ગયા છે અને તેમને સ્થિર અને સારા સમાજની જરૂરિયાત સમજાઈ છે. આવી નીતિ નાત-જાત, રંગભેદ, ધર્મ,જાતિ-જ્ઞાતિથી ઉપરવટ જઈ શાણા અને પ્રામાણિક સમાજનું નિયમન ઇચ્છે છે. સાથે સાથે શાણપણ, સમાનતા-આર્થિક રાજકીય-ધાર્મિક હોવી જરૂરી છે. તેમાં સગાંવાદ, પ્રદેશવાદ, ધર્મઝનૂન કે લાંચરુશ્વત વગેરેને સ્થાન નથી. તાજેતરના દિવસોમાં સમાચાર માધ્યોમોમાં એક વાત ચર્ચાના ચકડોળે ચઢી છે કે ધારાસભા, રાજ્યસભા અને લોકસભાની ટિકીટો આપવા માટેના ભાવ બોલાય છે અને વધુ આપનારને તે અપાય છે.

**આર્થિક સામ્રાજ્યની બુરાઈઓનું નિયંત્રણ**

પ્રોફેસર ગેલબ્રેથે તેમના 'ન્યુ ઈન્ડસ્ટ્રીઅલ સ્ટેટ' પુસ્તકમાં લખ્યું છે કે જગતભરનાં વેપારગૃહોનું કેવું મોટું સામ્રાજ્ય છે. અમેરિકા જેવી સરકારોએ પણ તેનું સાંભળવું પડે છે. તેઓ જણાવે છે કે જો આપણે માત્ર ભૌતિક મૂલ્યોનો જ વિકાસ કરીશું તો રાજતંત્ર આર્થિક ભાર નીચે જ દબાઈ જશે. આજે વિશ્વમાં અને ભારતમાં આમ જ થઈ રહ્યું નથી શું ? જો આપણે આર્થિક મૂલ્યો સિવાયનાં નૈતિક, આધ્યાત્મિક કે કળાનાં મૂલ્યોને મહત્ત્વ આપીશું તો આર્થિક સામ્રાજ્ય પર અમુક અંશે નિયંત્રણ રાખી શકીશું. આર્થિક વિકાસ પાછળ ગાંડી દોટ મૂકીશું તો થોડાંક જ વર્ષોમાં લોકશાહીનો લોપ થશે.

૧૯૯૮ના વર્ષનું બેંક ઓફ સ્વીડનનું નોબલ પારિતોષિક વિજેતા પ્રોફેસર અમર્ત્ય સેને પણ જણાવ્યું છે કે અમુક અંશે આર્થિક તુલનામાં શિક્ષણ, આરોગ્ય અને જાતીય સમાનતા (સ્ત્રી-પુરુષ વચ્ચેની)ની કક્ષાને ઊંચી આણવા સરકારી હસ્તક્ષેપને યોગ્ય ગણતાં સેનના આર્થિક ચિંતનને નોબેલ પારિતોષિક માટે યોગ્ય ગણ્યું હતું. અર્થશાસ્ત્રીઓની સમિતિએ પરોક્ષ રીતે આમ સંપૂર્ણ મુક્ત બજારની નીતિની વિરુદ્ધ ચુકાદો આપ્યો છે. આમ, અમર્ત્ય સેને પણ આર્થિક બુરાઈઓના સામ્રાજ્યની વાત કરી છે.

■ ■ ■


**વિકાસલક્ષી**

**સામયિક**

**યોજના**

**યોજના વાંચો, યોજના વંચાવો**

# ગ્રીન હાઉસ ઈફેક્ટ

✍ પ્રો. રમીલાબેન પટેલ

**વનસ્પતિ પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયામાં કાર્બન ડાયોક્સાઈડ વાયુ લે છે અને ઓક્સિજન બહાર કાઢે છે. જેમ કે ૧૪૦ અબજ ટન કાર્બન ડાયોક્સાઈડ વાયુ વનસ્પતિ દ્વારા ઉપયોગમાં લેવાતો. પરંતુ દર મિનિટે પાંચ હેક્ટર વનસ્પતિનો નાશ થતાં જંગલનું પ્રમાણ ઘટતું ગયું છે. પ્રતિ વર્ષે વિશ્વ બજારમાં ૪૫,૦૦૦ ચોરસ માઈલ વિસ્તારના જંગલો કાપવાની ઘટના બની છે. પૃથ્વીની સપાટી ઉપરના સૌથી વધુ સમૃદ્ધ જંગલો દક્ષિણ અમેરિકા ખંડના બ્રાઝિલ દેશમાં એમેઝોન નદીના તટ પ્રદેશમાં આવેલા છે. 'ટ્રાન્સ એમેઝોન હાઈવે' ને સમાંતર ૨૦ કી.મી. ના વિસ્તારમાં પહોળા પાઘડી પને પથરાયેલા આ જંગલો પૃથ્વીના ફેફસાં તરીકે જાણીતા છે.**

વર્તમાન સમયમાં પર્યાવરણના પ્રશ્ને વૈશ્વિક જાગૃતિ સાથે "ગ્રીન હાઉસ ઈફેક્ટ" શબ્દ વધુ પ્રચલિત બન્યો છે. ગ્રીન હાઉસનો વિચાર સૌ પ્રથમ વાર ૧૮૮૨માં ફ્રાન્સના ગણિતશાસ્ત્રી જીન ફોરિયરને આવ્યો હતો. ગ્રીન હાઉસનો સામાન્ય અર્થ 'છોડ ઉછેર ઘર ' એવો થાય છે. અવાહક દિવાલો અને પારદર્શક છતની મદદથી બાંધવામાં આવેલા કાચના મકાનમાં અપેક્ષા પ્રમાણેનું તાપમાન જાળવી શકાય છે. દિવસ દરમ્યાન આવતો સૂર્યપ્રકાશ પારદર્શક છતોમાંથી પ્રવેશ કરી અંદરથી જમીન અને છોડને ગરમી આપે છે. રાત્રિના સમય દરમ્યાન ગરમી બહાર જઈ શકતી નથી. જેમ કાચના 'છોડ ઉછર ઘર' માં ઈચ્છિત તાપમાન જાળવીને વનસ્પતિનો વૃદ્ધિ વિકાસ કરી શકાય છે તેમ પૃથ્વીના તાપમાનની કુદરતિ સ્થિતિ કે સમતુલા એટલે 'ગ્રીન હાઉસ' પરંતુ માનવીના આર્થિક વિકાસના પ્રયાસોથી પૃથ્વીના તાપમાનની કુદરતી સ્થિતિમાં અસમતુલા ઉભી થઈ છે. એટલે કે ગ્રીન હાઉસ ઈફેક્ટ થઈ છે.

પૃથ્વીની આસપાસ વીંટળાયેલા હવાની છેક ઉપર ઓઝોન નામના વાયુનુ પડ હોય છે. સૂર્યમાંથી છૂટતી પ્રજાના પ્રાણઘાતક તત્ત્વોને ઓઝોનનું પડ અટકાવીને પૃથ્વીની ઉપર આવતા અટકાવે છે. પરંતુ કાર્બન ડાયોકસાઈડ તેમજ મિથેઈન, નાઈટ્રસ ઓક્સાઈડ તેમજ ક્લોરોફ્લોરો કાર્બન વાયુ વગેરે વાયુઓ દ્વારા આ ઓઝોનનું સ્તર નાશ પામતા સીધી ગરમી પૃથ્વી ઉપર આવે છે. જેથી પૃથ્વીના વાતાવરણમાં ઉષ્ણતામાનના પ્રમાણમાં વધારો થાય છે. આવું પ્રમાણ વધવા ઓઝોનના સ્તરને અસર કરનાર મુખ્ય ચાર વાયુઓ જવાબદાર બને છે. : (૧) કાર્બન ડાયોક્સાઈડ વાયુ (૨) મિથેઈન વાયુ (૩) નાઈટ્રસ ઓક્સાઈડ વાયુ અને (૪) ક્લોરોફ્લોરો કાર્બન જવાબદાર બન્યો છે.

### કાર્બન ડાયોક્સાઈડ વાયુ

ગ્રીન હાઉસ ઈફકેટનો પ્રથમ નંબરનો વાયુ કાર્બન ડાયોક્સાઈડ છે. કાર્બન ડાયોક્સાઈડ ૫૦% જવાબદાર છે. ઓગણીસમી સદીના મધ્ય ભાગ સુધીમાં પ્રાણીઓના શ્વાસોશ્વાસમાંથી વનસ્પતિ તેમજ જાનવરોના સડવાથી આ વાયુ ઉત્પન્ન થતો અને થોડા પ્રમાણમાં રહેતો.

આજે સ્વસંચાલિત ચાલતા ઉર્જામથકો, સિમેન્ટ, પોલાદ, રાસાયણિક ખાતરના પ્લાન્ટસ, વિદ્યુત શક્તિ પેદા કરતા પાવર પ્રોજેક્ટો, થર્મલપાવર પ્રોજેક્ટ, ન્યુક્લિઅર પાવર પ્રોજેક્ટ, પરમાણુ વીજ પ્રોજેક્ટ વગરે પ્રોજેક્ટો કોલસો તેમજ કુદરતી ગેસ દ્વારા ચાલતા હોય છે. પેટ્રોલ, ડિઝલ,ગેસથી ચાલતા મોટા ભાગના વાહનો તેમજ વેપારી અને નિવાસ હેતુની ઈમારતો કાર્બન

(લેખિકા દેવગઢબારીઆની કોમર્સ કોલેજ ના અર્થશાસ્ત્ર વિભાગમાં કાર્યરત છે.)

ડાયોક્સાઈડ ઓકતા હોય છે.

૧૯૮૯માં "પોપ્યુલેશન એન્ડ એન્વાયર્ન્મેન્ટ" નામના સામાયિકમાં જી.ફિશર નામના વૈજ્ઞાનિકે એમ પુરવાર કરી બતાવ્યું છે કે આજે કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ જેટલું છે એટલું વિશ્વમાં કદી પણ ન હતું. ૧૭૫૦માં વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ 'પાર્ટસ પર મિલિયન વોલ્યુમ' ૨૮૦ હતું. જે ૨૦૦૬માં ૩૮૦ પીપીએમવી જેટલું ત ગયું છે. એટલે કે વર્તમાન સમયમાં કાર્બન ડાયોક્સાઈડના પ્રમાણમાં ૩૭% નો વધારો થયો છે. અત્યાર સુધી અમેરિકા ૭.૦૭ અબજ ટન ગેસ હાઉસનું સર્જન કરતું આવ્યું છે. પરંતુ નેધરલેન્ડની એક પર્યાવરણ સંસ્થાએ જણાવ્યા મુજબ ૨૦૦૬માં ચીનમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૮% જેટલું રહ્યું છે. જે અમેરિકા કરતાં પણ વધુ છે. તેમજ ભારતમાં ૪% કરતાં વધુ ઉત્પન્ન થાય છે.

વનસ્પતિ પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયામાં કાર્બન ડાયોક્સાઈડ વાયુ લે છે અને ઓક્સિજન બહાર કાઢે છે. જેમ કે ૧૪૦ અબજ ટન કાર્બન ડાયોક્સાઈડ વાયુ વનસ્પતિ દ્વારા ઉપયોગમાં લેવાતો. પરંતુ દર મિનિટે પાંચ હેક્ટર વનસ્પતિનો નાશ થતાં જંગલનું પ્રમાણ ઘટતું ગયું છે. પ્રતિ વર્ષે વિશ્વ બજારમાં ૪૫,૦૦૦ ચોરસ માઈલ વિસ્તારના જંગલો કાપવાની ઘટના બની છે. પૃથ્વીની સપાટી ઉપરના સૌથી વધુસમૃદ્ધ જંગલો દક્ષિણ અમેરિકા ખંડના બ્રાઝિલ દેશમાં એમેઝોન નદીના તટ પ્રદેશમાં આવેલા છે. 'ટ્રાન્સ એમેઝોન હાઈવે' ને સમાંતર ૨૦ કી.મી. ના વિસ્તારમાં પહોળા પાઘડી પને પથરાયેલા આ જંગલો પૃથ્વીના ફેફસાં તરીકે જાણીતા છે. ભારતમાં પણ ગંગા નદીના મુખત્રિકોણમાં આવેલું 'સુંદરવન' હિમાલય અને પર્વતીય વિસ્તારો પણ ૬૦% જંગલો, આંદામાન-નિકોબાર દ્વિપસમુહમાં ૮૬.૯% જંગલો, મણીપુર,ત્રિપુરા, અરુણાચલપ્રદેશ આ તમામ રાજયમાં ભૂમિભાગમાં ૬૦% જંગલો આવેલા છે. પરંતુ તેનો સતત નાશ થતાં કાર્બન ડાયોક્સાઈડની ઓક્સિજનમાં પરિવર્તનની પ્રક્રિયા ધીમી પડતાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ઘટવાને બદલે વધવા પામ્યું છે.

## મિથેઈન વાયુ

ગ્રીન હાઉસ ઈફકેટનો બીજા નંબરનો વાયુ મિથેઈન. મિથેઈન વાયુ કુદરતી ગેસ, ભારતના મોટા બંધોમાંથી, ડાંગરની ક્યારીઓમાં, જંગલોની આગમાં, સુધરાઈ સોલિટ વેસ્ટ નિકાલ, કોલસા ઉત્પાદનની પ્રક્રિયામાં, તેલ, ગેસ અને બાયોગેસ બળવાથી તેમજ પાળેલા જાનવરોના પાચન અવયવોમાં બને છે. હાલમાં દક્ષિણ ફલોરિડા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકે કરેલા સંશોધન પ્રમાણે ડામરના રસ્તાઓ ઉપર સખત ગરમી પડવાથી રાસાયણિક પ્રક્રિયા થતાં આ વાયુ ઉત્પન્ન થાય છે. ઉપરાંત, સેન્દ્રીય પદાર્થોના કોહવાટથી કે પ્રાણીઓના ઓડકારથી પણ વાયુ ઉત્પન્ન થાય છે. આ વાયુનું પ્રમણ ૨૦૦૬થી ૨૦૦૭ સુધીમાં ૦.૫% જેટલું છે.

વિશ્વમાં ખેતીલાયક પ્રવૃત્તિઓ ૨૨% જેટલું મિથેઈન વાયુનું સર્જન કરે છે. બ્રાઝિલ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ફોર સ્ટેટ રીસર્ચના વિજ્ઞાનીઓએ જણાવ્યું છે કે ભારતના મોટા ભાગના બંધો વાર્ષિક ૩.૩૪ કરોડ ટનના પ્રમાણમાં મિથેઈનનું ઉત્સર્જન કરે છે. ભારતના સરોવરો ૧.૧ મે.ટન, હાઈડ્રોપાવર બંધોના ટર્બાઈનો ૧૯.૨ સહિત ભારતના જળસંગ્રહ કરતાં સરોવરો દ્વારા ૪૫.૮ મે.ટન મિથેઈનનું ઉત્સર્જન થાય છે. જે વાતાવરણમાં જતાં ઓઝોનના સ્તરને ક્ષતિ પહોંચાડે છે.

## નાઈટ્રસ ઓક્સાઈડ વાયુ

ગ્રીનહાઉસ ઈફેક્ટને અસર કરનારો ત્રીજો વાયુ નાઈટ્રસ ઓક્સાઈડ છે. જે અસ્મિ ઈંધણના વપરાશ જમીનમાંથી પરોક્ષ રીતે છૂટા પાડવાની ઘટના, નાઈટ્રીક એસિડના ઉત્પાદન, ખેતીનો કચરો બળવાથી, ખેતીમાં રાસાયણિક ખાતરના ઉપયોગથી નાઈટ્રસ ઓક્સાઈડ વાયુનું ઉત્સર્જન થાય છે. જે હવામાં ભળતા ઓઝોનના સ્તરને ક્ષતિ પહોંચાડનાર વાયુ છે.

## ક્લોરોફલોરો કાર્બન (CFC)

ક્લોરોફલોરો કાર્બન નાઈટ્રસ ઓક્સાઈડ કરતાં પણ ખતરનાક વાયુ છે. આ વાયુ ફોમ-પ્લાસ્ટીકના ઉત્પાદન દ્વારા તેમજ રંગો, સ્પ્રેના ઉત્પાદન તેમજ વિજાણુ સર્કીટના સર્જન દ્વારા ઉત્પન્ન થાય છે. જે ઓઝોનના સ્તરને ક્ષતિ પહોંચાડનાર વાયુ છે.

માનવ સર્જિત આ વાયુ મુખ્યત્વે ઓઝોનના સ્તરને ક્ષતિગ્રસ્ત કરી ટૂંકી તરંગ લંબાઈ ધરાવતા વેધક પારજાંબલી કિરણોને પૃથ્વીની સપાટી સુધી પહોંચાડવા માટે અનુકૂળતા કરી આપનાર આ વાયુ હજી હમણાં જ ૧૯૩૦ માં શોધવામાં આવ્યો છે.

આમ, 'ગ્રીન હાઉસ ઈફેક્ટ' માટે ઉપરના વાયુઓ જવાબદાર બનતા વાતાવરણમાં દિન પ્રતિદિન ઉષ્ણતામાનનું પ્રમાણ વધતું ગયું છે. ૧૮૮૦ ના દાયકા કરતાં ૧૯૮૦ના દાયકામાં ૦.૬ અંશ સેલ્સિયસ હતું. તે વધીને ૧૯૯૦ માં ૧.૦ અંશ સેલ્સિયસ છે અને ૨૦૫૦ માં ૪.૫

અંસ સેલ્સિયસ વધે એવો અંદાજ છે.

આ વધતા ઉષ્ણતામાન દ્વારા ઓઝોનના સ્તરમાં ગાબડું પડતાં જેને ''ટ્રોપીકલ પેરેડાઈઝ'' ઉષ્ણકટિબંધનું સ્વર્ગ કહેવાય છે એવા માલદીપના ટાપુઓ, બાંગ્લાદેશ, વેસ્ટઈન્ડિઝ, મોરેશિયસ વગેરે જેવા ટાપુઓનો બરફ પીગળતા આ ટાપુઓ જળસમાધી લેશે. તાન્ઝાનિયાના કિલિંજરોનો ગ્લેશિયર (બરફ) ૮૨% જેટલો ઓગળી ચૂક્યો છે. પેરૂમાં પણ કોરીકાલિસ ગ્લેશિયર વાર્ષિક ૬૦ મીટરના દરે પોતાનું અસ્તિત્વ ખતમ કરી રહી છે. ગ્રીનલેન્ડ અને ઉત્તર ધ્રુવપ્રદેશોમાં વિશ્વના તાજા પાણીનો ૯૦% જથ્થો બરફના રૂપમાં જ પડેલો રહે છે. આ સંજોગોમાં આ ગ્લેશિયર (બરફ) ઓગળશે તો સમુદ્રની સપાટી ઉંચી આવશે. આઈપીસીસીએ ફેબ્રુઆરી ૨૦૦૭માં પોતાના અહેવાલમાં ચેતવણી આપી છે કે ૨૨ મી સદીમાં આપણી સંસ્કૃતિ ધ્રુવીય પ્રદેશમાં બરફનું નામોનિશાન જોઈ શકશે.

નેશનલ સાયન્સ ફાઉન્ડેશન અને નેશનલ ક્લાઈમેટ ડેટા સેન્ટરે એવા નવા તથ્યો મૂક્યા છે કે ગ્લોબલ વોર્મિંગના પરિણામે એટલાન્ટિકા પ્રદેશમાં હેરિકેન વાવાઝોડાનું પ્રમાણ વધ્યું છે. ગંગા નદીને જળપ્રવાહથી છલોછલ રાખતા ગંગોત્રીના હિમખંડો આમ તો ૧૭૮૦ થી ઓગળી રહ્યો છે. પરંતુ છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન હિમખંડો ઓગળવાની રફતાર ત્રણ ગણી વધી ગઈ છે. આવી રફતાર ચાલુ રહેશે તો ગંગાનો તટ ખૂબ જ વધી જશે. વિશ્વના પર્યાવરણ પર્યટન નકશામાં આજે તો 'સુંદરવન' નું સ્થાન છે. પરંતુ આ પ્રદેશનું પર્યાવરણ પણ ઓસરી રહ્યું છે. સુંદરવનમાં થઈ રહેલા આબોહવાના પરિવર્તનના કારણે હુગલી નદી સૂકાઈ રહી છે. હજુ પગલાં લેવામાં નહિં આવે તો મયુરાક્ષી, અઝય, દામોદર, રૂપનારાયણ, હલદી, દેવી વગેરે નદીઓ પણ સૂકાઈ જશે.

આમ, પૃથ્વી પરનો બરફ પીગળી જવાના કારણે સૂર્યના અતિરિક્ત પારજાંબલી કિરણો પ્રતિબિંબિત કે પરાવર્તિત થતાં અટકી જશે તો ઉષ્ણતામાનમાં ઓર વધારો થશે. 'બરફ એ તો પૃથ્વીની સપાટી પરનો આઈનો છે.'

ગ્રીન હાઉસ ઈફેક્ટના કારણે વધતું જતું તાપમાન અને અસહ્ય ગરમી માનવ સહિત સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે ભયજનક બની રહેશે. જેમાં માનવ શરીરમાં ચર્મ કેન્સર જેવા અનેક રોગોની માત્રમાં વધારો થવાથી પૂરેપૂરી શક્યતા છે.

વાતાવરણ કાર્બન ડાયોક્સાઈડની માત્રામાં થતી સતત વૃદ્ધિના પરિણામે વનસ્પતિમાં થતી પ્રકાશ સંશ્લેષણની ક્રિયા વેગીલી બનતા જમીનમાં પોષક તત્વો ઝડપથી ઘટશે. જેથી નાઈટ્રોજનયુક્ત ખાતરોનો વધુ ઉપયોગ થતાં જમીનમાં ઉત્પાદનની માત્રા ઘટી છે. ઈ.સ.૧૯૭૧ માં 'એડગર મિસેલે' એપોલો- એપોલો-૧૪પર બેસીને ચંદ્રની ધરતી પરથી પૃથ્વીને ચમકતા આસમાનને સ્ફટીક જેવી સફેદ અને સપ્તરંગી બતાવી હતી. આજે ફરીથી જોવામાં આવે તો આનંદ અને આશ્ચર્યને બદલે શોક અને આઘાત ઉત્પન્ન થાય તેવી પૃથ્વી આપણને જોવા મળે.

વર્લ્ડ વોચ ઇન્સ્ટિટ્યુટે આગાહી કરતાં કહ્યું છે તે પ્રમાણે જો દર વર્ષે ૧૫૦૦ અબજ ડોલરનું રોકાણ લગાતાર કરવામાં નહિં આવે તો પૃથ્વીની આબોહવામાં પડેલા ગાબડાને અટકાવી નહિં શકાય તથા વિશ્વના અર્થતંત્રને સપાટ માર્ગ પર લાવી ન શકાય.

આગામી વર્ષ ૨૦૦૯માં ડેનમાર્ક કોપનહેગનમાં જે વૈશ્વિક પરિષદ યોજનારી છે તેમાં વિકસિત રાષ્ટ્રોએ ખર્ચ કરવાની તૈયારી દાખવવી પડશે. આ કોન્ફરન્સમાં ટેકનીકલ અને આર્થિક સહયોગ પર ભાર મુકવામાં આવશે. વિકાસશીલ દેશોને ક્લાઈમેટ ચેન્જની અસરોને હળવી કરવા તેમજ તેના માટેના પગલાંને અનુસરવા માટેની સહાય આપવી પડશે.

આમ, હવે વિશ્વ સ્તરે ગ્લોબલ વોર્મિંગની અસરોની જાગૃતિ લાવવાના બહોળા પ્રયાસો થઈ રહ્યા છે. આ માટે વિકસિત રાષ્ટ્રોએ આર્થિક તેમજ ટેક્નિકલ સપોર્ટ આપવાની તૈયારી દર્શાવી છે. જ્યારે વિકાસશીલ દેશો પણ પગલાં લેવાં તૈયાર થયાં છે.

**સંદર્ભ**


૧. ભારતના આર્થિક વિકાસની સમસ્યાઓ, ન્યુ પોપ્યુલર પ્રકાશન, સૂરત : પ્રિ.આર.સી.જોષી

૨. યોજના -જૂન-૨૦૦૮, : લેખક :અશ્વિનકુમારલાલ

૩. India Development Report, 1999-2000, Kirit S. Parikh, Indira Gandhi Institution of Development Research.

૪. Environment Economy and Policy, Janathan A. Lesser, Daniel E. Dodds, Richard O. Zerbe. Addison-Wesley, An Imprint of Addison Wesley Longman, Inc.

૫. ભારતની આર્થિક સમસ્યાઓ, મયૂર પ્રકાશન, અમદાવાદ-૩૮૦૦૦૭.

૬. ઈન્ટરનેટ વેબ સાઈટ આઈપીસીસી ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ


■ ■ ■

# કુદરતી આપત્તિઓ : પહેલાં અને પછી

✍ જયેશકુમાર બાંભણિયા

**આધુનિક યુગમાં પૂર, ચક્રવાત, વાવાઝોડું, ત્સુનામી જેવી કુદરતી આપત્તિઓને આગોતરી માહિતી મેળવી શકાય છે. અને એના આધારે કેટલાંક રક્ષણાત્મક પગલાંઓ ભરી શકાય છે. અને આપત્તિ પછી રચનાત્મક કાર્યો માટે પણ આપણે એકબીજાને બીજી કોઈ મદદ આવે તે પહેલા મદદરૂપ થઈ શકીએ છીએ. દુષ્કાળ, માનવસર્જિત આપત્તિઓ દરમ્યાન પણ જો જરૂરી વ્યવસ્થાપન કરવામાં આવે તો તેના દ્વારા ઉભી થયેલી મુશ્કેલીઓને અમુક અંશે નિવારી શકાય છે અને સામનો કરી શકાય છે. આમ તો કુદરતી આપત્તિઓ પહેલાં અને પછી જરૂરી કેટલીક સામાન્ય બાબતો જો દરેક નાગરિક જાણે અને અમલમાં મૂકે તો સરકારને પણ ઘણી મદદ પ્રાપ્ત થાય.**

માનવજાતે અત્યાર સુધીમાં અવિશ્વસનીય વિકાસ સાધ્યો છે. છતાંય પ્રકૃતિની પાસે તો તે વામણો હતો - છે - રહેશે. કુદરત જ્યારે રીઝે ત્યારે માણસને માલામાલ કરી દે, અને રૂઠે ત્યારે? કંગાલ. માણસ કુદરતને આધિન છે. કુદરત માણસની નહીં.

માનવજાત દ્વારા કુદરતની જે રીતે છેડખાની કરવામાં આવી રહી છે, કુદરત પોતાનો ગુસ્સો Climate change સ્વરૂપે આપણા પર ઠાલવે છે. તેના ભાગરૂપે જે કુદરતી આપત્તિઓ અનુભવીએ છીએ તેને નીચે દર્શાવ્યા મુજબ ૫ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવી છે.

**૧. વાતાવરણીય આપત્તિ**

ચક્રવાત, પૂર, દૂષ્કાળ

**૨. ભૂસંચલિત આપત્તિ**

જ્વાળામુખી, ભૂકંપ, સુનામી

**૩. સ્થાનિક આપત્તિ**

હિમશિલાપાત, ભૂપાત

**૪. જંતુજન્ય પ્રકોપ**

પ્લેગ, એઈડ્સ, સાર્સ,બર્ડ ફ્લુ વગેરે

**૫. માનવપ્રેરિત આપત્તિ**

અણુવિસ્ફોટ, ઔદ્યોગિક દુર્ઘટના.

આમાંની દરેક આપત્તિઓમાંની એક પણ આપત્તિનો ભોગ ન બન્યો હોય એવો વિશ્વનો કોઈ પણ દેશ નહીં હોય. પરંતુ યોગ્ય મૅનેજમેન્ટ જ આવી આપત્તિઓ દ્વારા ઊભી થનારી મુશ્કેલીઓ હળવી કરવામાં મદદરૂપ સાબિત થાય છે. દરેક દેશે કુદરતી આપત્તિઓ સામેનું વ્યવસ્થાપન સુદૃઢ અને સુવ્યવસ્થિત બનાવવું જોઈએ. તો જ આવી આપત્તિનો સામનો કરી શકાય. વિશ્વબંધુત્વની ભાવના સાકાર કરવા આવો કુદરતી આપત્તિનો ભોગ બનેલા રાષ્ટ્રને મદદરૂપ થવું જોઇએ. આવી મુશ્કેલ પરિસ્થિતિના સમયે જ દેશની એકતાનીય સાચી ઓળખ મળતી હોય છે.

અત્યારના આધુનિક યુગમાં પૂર, ચક્રવાત, વાવાઝોડું, ત્સુનામી જેવી કુદરતી આપત્તિઓને આગોતરી માહિતી મેળવી શકાય છે. અને એના આધારે કેટલાંક રક્ષણાત્મક પગલાંઓ ભરી શકાય છે. અને આપત્તિ પછી રચનાત્મક કાર્યો માટે પણ આપણે એકબીજાને બીજી કોઈ મદદ આવે તે પહેલા મદદરૂપ થઈ શકીએ છીએ. જુદી જુદી કુદરતી આપત્રિઓ પહેલાં અને પછી લઈ શકાય તેવાં જરૂરી પગલાંઓ હવે આપણે જોઇએ.

**દરેક કુદરતી આપત્તિ વખતે ધ્યાનમાં રાખવાની કેટલીક બાબતો**

- અફવાઓથી દૂર રહેવું.
- રેડિયો, ટી.વી. સમાચારપત્રોની ખબરોને જ ખરી માનવી.
- વૃદ્ધો, બાળકો, અશક્તોને મદદરૂપ થવું.

(જયેશકુમાર બાભણિયા, એમ.એ.બીએડ., મુકામ ઝાંઝમેર, જિ.ભાવનગર)

- ગભરાયા વિના ઘટનાનો મક્કમ રીતે સ્વીકાર કરી તેનો સામનો કરવો.
- પાલતુ પશુઓને બંધનમુક્ત કરવાં.
- પ્રાથમિક સારવાર પેટી અને જરૂરી દવાઓ સાથે જ રાખવી.

**કુદરતી આપત્તિઓ અને સાવચેતીના ભરવાનાં જરૂરી પગલાં**

**ચક્રવાત, વાવાઝોડું, અતિવૃષ્ટિ**

**● પહેલા શું કરવું ?**

- યોગ્ય માધ્યમ દ્વારા મળેલા વિશ્વસનીય સમાચારને માન્ય ગણો.
- પરિવારના સભ્યો સાથે સુરક્ષિત મજબૂત સ્થળનો આશરો લો.
- ઘરેથી નીકળતી વખતે વીજળીની મેઈન સ્વીચ, રસોડાની અંદર ગેસ નોબ બંધ કરો.
- જરૂરી કિંમતી સામાન વોટરપ્રુફ પાઉચમાં પેક કરી સાથે લેવો.
- બે-ત્રણ દિવસ ચાલે તેટલો ખોરાક અને શુદ્ધ પાણી સાથે રાખવાં.
- 'ફર્સ્ટ એઈડ બોક્સ ' અને જરૂરી કેટલીક દવા સાથે રાખો.

**● પછી શું કરવું ?**

- અસર નાબૂદ થયા પછી, પહેલા ઘરમાં ઊભી થયેલી મુશ્કેલીઓ નિવારવી.
- તમને કોઈ મુશ્કેલી ન નડી હોય તો આજુબાજુના ઈજાગ્રસ્ત કે જરૂરિયાતવાળા લોકોને મદદરૂપ થવું.
- ઘરનાં બધાં જ વીજળીક ઉપકરણોનો ઉપયોગ કરતાં પહેલાં સૂકા હોવાની ખાતરી કરો, પછી જ ચાલુ કરો.
- નબળા પુલ, મકાન કે ઉખડી પડવાની તૈયારી હોય તેવાં વૃક્ષોથી સાવચેત રહો.

**જ્વાળામુખી પ્રસ્ફોટન**

**● પહેલાં શું કરવું ?**

- મોટાભાગે જ્વાળામુખી પ્રસ્ફોટનની વત્તાઓછા અંશે આગોતરી માહિતી મળતી હોય છે.
- સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવે ત્યારે ઝડપથી સુરક્ષિત સ્થાન પર પહોંચવું.
- કિંમતી જણસો અને જરૂરી કપડાં કે સામાન લેવો હિતાવહ છે. કારણ કે એકવાર જ્વાળામુખી ફાટ્યા પછી એ ક્યારે બંધ થશે તે ચોક્કસ રીતે કહી શકાય નહીં.

**● પછી શું કરવું ?**

- સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવે પછી જ નિવાસસ્થળે પહોંચવું.
- વીજળીક સાધનો અને ગેસની જરૂરી તપાસ કરી પછી જ ચાલુ કરવાં.

**ધરતીકંપ : ધરતીકંપની આગોતરી માહિતી શક્ય નથી માટે..**

**● ધરતીકંપ શરૂ થતાં શું કરશો ?**

- જમીન પર કે ખુલ્લી જગ્યામાં આવી જવું.
- મકાનમાં હોઈએ તો ટેબલ કે ફર્નિચર નીચે બેસી જવું.
- કાચની બારી અને સાધનોથી દૂર રહેવું કારણ કે ધ્રુજારીથી તે તૂટી જવાથી ઈજા થવાની શક્યતા ઊભી થાય છે.
- ખુલ્લી જગ્યામાં હોઈએ તો ઊંચાં મકાન, વીજળીનાં થાંભલા, મોટાં વૃક્ષોથી દૂર રહેવું.
- કોઈ સામુહિક કાર્યક્રમ કે સ્થળમાં હોઈએ તો ધક્કામુક્કી કર્યા વિના પ્રથમ વૃદ્ધો, બાળકો, સ્ત્રીઓ અને અશક્તોને બહાર નીકળવામાં મદદ કરો. દા.ત. રમતનું મેદાન, થિયેટર, શાળા.
- તમે કોઈ વાહન ચલાવતા હો તો તેને રસ્તાની એક બાજુ ઊભું રાખી દો. અને કારની અંદર બેસી ન રહો.

**● ધરતીકંપ શમ્યા પછી શું ?**

- રક્ષણ માટેનાં યોગ્ય સ્થળ શોધી રાખો.
- ફરી ધ્રુજારી કે આંચકાની માનસિક તૈયારી રાખો.
- તમને થયેલી ઈજાની સારવાર લો અને બીજાને મદદ કરો.
- આગ લાગી હોય તો ફાયર બ્રિગેડનો સંપર્ક કરો.
- કોઈને ગંભીર ઈજા થઈ હોય તો ૧૦૮ મેડિકલ વાન માટે ફોન કરો.
- મક્કમ મન, નિર્ધાર સાથે આવી પડેલી મુશ્કેલીનો સામનો કરો તો ઝડપથી આપ આઘાતમાંથી બહાર નીકળી શકશો.

**જંતુજન્ય પ્રકોપો : જંતુજન્ય પ્રકોપોની આગોતરી માહિતી શક્ય નથી.**

**● જંતુજન્ય પ્રકોપ દરમિયાન શું ?**

- ગરમ ઉકાળેલું પાણી પીવું અને વાસી ખોરાક ન ખાવો.

- જરૂરી દવાઓ સાથે રાખવી, સામાન્ય કળતર કે દુખાવાને અવગણવા નહી અને યોગ્ય ઉપચાર કરવા.
- ચેપી વ્યક્તિનાં વસ્ત્રો, પથારી, વાસણો વગેરે અલગ રાખવા.
- શ્વાસોશ્વાસથી ફેલાતા રોગોને અટકાવવા માટે મોઢે રૂમાલ અથવા માસ્ક બાંધવા.
- ઘરમાં યોગ્ય સ્વચ્છતા અને ચોખ્ખાઈ રાખવી, જેથી રોગનું સંક્રમણ અટકાવી શકાય.

**● જંતુજન્ય પ્રકોપ પછી શું ?**

- ઘરની આજુબાજુનાં રોગચાળો ફેલાવનારાં માધ્યમોને દૂર કરવાં જેમ કે, ખાડાઓ, ખાબોચિયાં પૂરી દેવાં, ગંદકી દૂર કરવી વગેરે.
- ઘરમાં દરેક સભ્યએ મચ્છરદાનીનો ઉપયોગ કરવો અને સ્વચ્છ સુઘડ રહેવું.
- નાના બાળકો અને પ્રસૂતા સ્ત્રીઓને રસીકરણ કરાવવું.
- અડોશ પડોશના લોકોને સ્વચ્છતા પ્રત્યે સભાન બનાવવા.

**પૂર :**

**● પહેલાં શું ?**

- સલામત સ્થળની માહિતી મેળવી રાખવી.
- જરૂરી દવા સાથેની પ્રાથમિક સારવાર પેટી રાખેવી, જેમાં ડાયેરિયા અને સર્પદંશની દવાઓ રાખવી.
- વિવિધ વસ્તુ બાંધવા દોરડાં તથા રેડિયો, ટોર્ચ હાથવગાં રાખવાં.
- કપડાં અને કિંમતી વસ્તુને વોટરપ્રુફ પેકિંગમાં મૂકવાં.
- છત્રી અને વાંસનો ડંડો રાખો.
- સૂકો ખોરાક, ઊની વસ્ત્રો અને પીવાનું પાણી સાથે રાખો.
- વધારાનું અનાજ કે ફ્રિજ, ટીવી જેવી વસ્તુઓ ઊંચી જગ્યાએ મૂકી દેવી.
- તમારા જવાના સ્થળની માહિતી શક્ય હોય તો ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમના કાર્યકરને આપી રાખવી.

**● દરમ્યાન અને પછી શું ?**

- રેડિયો, ટેલિવિઝન અને સમાચાર પત્રોનો સંપર્ક જાળવી રાખવો.
- ઘરની મેઈન સ્વિચ બંધ કરવી અને ગેસનોબ પણ બંધ કરવો.
- ઘર છોડવું પડે એમ હોય તો પાણી નિકાસની બધી જ જગ્યાઓ રેતી વડે બંધ કરી દેવી, જેથી, ઘરમાં ગંદું પાણી ન આવે. દા.ત. ટોઈલેટ કમોડ.
- ઊકાળેલું જ પાણી પીવું, ખોરાક ઢાંકેલો રાખો, ભરપેટ ન ખાશો. બાળકોને ભૂખ્યાં ન રાખવાં.
- આસપાસ જંતુનાશક દવાનો છંટકાવ કરો.
- પાણીમાં પલળેલું અનાજ અને ખોરાક ખાશો નહિં.

**નોંધ : ઉપરોક્ત પૂર પ્રબંધનને લગતી બાબતોનો ત્સુનામી વખતે પણ અમલ કરી શકાય.**

આ ઉપરાંત, દુષ્કાળ, માનવસર્જિત આપત્તિઓ દરમ્યાન પણ જો જરૂરી વ્યવસ્થાપન કરવામાં આવે તો તેના દ્વારા ઉભી થયેલી મુશ્કેલીઓને અમુક અંશે નિવારી શકાય છે અને સામનો કરી શકાય છે.

આમ તો કુદરતી આપત્તિઓ પહેલાં અને પછી જરૂરી કેટલીક સામાન્ય બાબતો જો દરેક નાગરિક જાણે અને અમલમાં મૂકે તો સરકારને પણ ઘણી મદદ પ્રાપ્ત થાય. અહીં કેટલાક એવાં સૂત્ર આપ્યા છે, તેનો અમલ કરવાથી કુદરતી મુશ્કેલીઓને હસતે મોઢે આવકારીને સામનો કરી શકીશું.

પાણી પહેલાં પાળ બાંધો
માનવ સેવા એ જ પ્રભુ સેવા.
ચેતતા નર સદા સુખી.
*Unity is strength..*
*कर भला हो भला।*

■ ■ ■

# ગુજરાતનો ડેરી ઉદ્યોગ : સમસ્યા અને ઉકેલ

✍ પ્રા.જી.આઈ.મારૂ

**_W.T.O_ ના કરાર અંતર્ગત સહકારી ડેરી ઉદ્યોગના ક્ષેત્રે જે ઉદારીકરણની નીતિ અપનાવેલ છે, તેને પરિણામે ડેરી ઉદ્યોગમાં સ્પર્ધાત્મક વાતાવરણ ઉભુ થયું છે. આજે વિશ્વ વેપારના દ્વાર ખૂલી ગયા છે. આપણી ડેરીનું દૂધ અને તેની બનાવટો દુનિયાના દેશોના બજારમાં વેચાવા લાગી છે. આપણી દૂધની બનાવટો, ઉંચી ગુણવત્તાવાળી અને ઉંચા ભાવ ઉપજાવનારી બને તે માટે આપણી દૂધ પેદા કરવાની પદ્ધતિમાં સુધારો કરવો પડશે. આધુનિક વિદેશી ડેરી ઉદ્યોગ સામે ટકવા માટે તથા વિદેશના બજારમાં આપણા ડેરી પ્રોડક્ટસની માગ ઉભી કરવા માટે ભારતના સહકારી ડેરી ઉદ્યોગમાં પ્રાથમિક દૂધ મંડળીઓએ નીચેના વિચારોને અમલમાં મૂકવાની જરૂર છે.**

"ભારતનો આત્મા ગામડામાં રહેલો છે." આ વાક્ય મહાત્મા ગાંધીનું છે. ભારતમાં ૫,૫૭,૧૩૦ ગામડાઓ છે. જેમાં ૭૫% જેટલી વસ્તી વસે છે. ગ્રામ્ય વિસ્તારનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ભારતની ખેતી મુખ્યત્વે વરસાદ ઉપર આધારિત છે. વરસાદની અનિશ્ચિતતાને લીધે ખેતીક્ષેત્રની આવકો પણ અનિશ્ચિત રહે છે. તેને લીધે ભારતનો ખેડુત નિરુત્સાહી, નિરાશ થતો ગયો છે. પરંતુ અનુભવે જણાવ્યું કે ખેતી કરતાં પશુપાલનનો વ્યવસાય બારેમાસ આવક ઉભી કરતો માલુમ પડ્યો છે.

ભારતમાં સહકારી ધોરણે ઉભું થયેલું ડેરી ઉદ્યોગનું માળખું અકલ્પનીય અને દ્વિતીય છે.એટલું જ નહી, આજથી ૨૫ વર્ષ પહેલાં વિશ્વના દૂધ ઉત્પાદક દેશોમાં જેનો સમાવેશ થતો ન હતો, તે ભારતીય સહકારી ઉદ્યોગે વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને તેને જાળવી રાખ્યું છે. આ સ્થાનને જાળવી રાખવાની જવાબદારી આપણા કુશળ અને કાર્યક્ષમ અગ્રીઓની છે. તેમણે રાત-દિવસ મહેનત કરીને સહકારી ડેરી ઉદ્યોગને મજબૂતાઈનો દોર આપીને સફળતાના શીખરે પહોંચાડ્યો છે. સાથે સાથે આ ઉદ્યોગમાં રહેલી વિકાસની શક્યતાઓને હજુ વધુ વેગવંતી બનાવવામાં આવે તો ભારતે પ્રાપ્ત કરેલ પ્રથમ ક્રમ ને લગભગ કોઈ વટાવી શકે તેમ નથી.

ગામડાંના લોકોની આજીવિકા માટે વ્યવસાય ખેતી છે અને પશુપાલન પણ એક મહત્વનું આવકનું સાધન છે. શરૂઆતના વર્ષો એટલે કે ૭૦ વર્ષ પૂર્વ ગ્રામજીવનના લોકો દૂધાળા પશુઓ પૈકી જે દૂધ મળતું તેનો ઉપયોગ પોતાના પૂરતો રાખીને બાકીનું દૂધ આજુબાજુ મફત કે નજીવા ભાવે આપી દેતા હતા. દૂધનો વેપારી ધોરણે ઉપયોગ કરતા ન હતા. પરંતુ ધીરે ધીરે શહેરીવસ્તીમાં વધારો થવાથી શહેરોમાં દૂધની માંગ વધવા લાગી, આથી એક "વચેટીયા વર્ગ"નો ઉદ્ભવ થયો. જે ગ્રામ્યસ્તરે નીચાભાવે દૂધ ખરીદી તેનું વેચાણ શહેરોમાં ઉંચાભાવે વેપારી 'વચેટીયા વર્ગ 'કરવા લાગ્યો.તેમાં ઉત્પાદક અને ગ્રાહક બંનેનું શોષણ થતું હતું.

### દૂધ સહકારી મંડળીની શરૂઆત

આર્થિક શોષણ મુક્તિનું આ કપરું કામ કરનાર માટે રાજકીય, પક્ષીય પરીબળો અવરોધક હતા. સરદાર વલ્લભભાઈની દીર્ઘદૃષ્ટિ, મોરારજીભાઈની બુદ્ધિશક્તિથી આ કામ ૪ જાન્યુઆરી ૧૯૪૬માં પ્રથમ મીટિંગ દ્વારા થયું.

ખેડા જિલ્લાના કર્મનિષ્ઠ સેવકશ્રી ત્રિભુવનદાસ પટેલે આ કામ ઉપાડ્યું. ૭મી ઓકટોબર ૧૯૪૬ના દિવસે હાડગુડ ગામે દૂધ ઉત્પાદકોના સહકારી સંઘ સાથે જોડાયેલી પ્રથમ મંડળી તરીકે રજીસ્ટર કરવામાં આવી. ખેડા જીલ્લાના આણંદ મુકામે ૧૪-૧૨-૧૯૪૬ના રોજ ખેડા

(લેખક કડી સ્થિત એમ.એમ.શાહ મહિલા આર્ટસ કોલેજમાં પ્રાધ્યાપક છે.)

જીલ્લા સરકારી દૂધ ઉત્પાદક સંઘ.લી.ની સ્થાપના થઈ. પાછળથી એ "ખેડા સહકારી સંઘ" એવા ટૂંકા નામથી ઓળખાયો.

અમૂલના પગલે ગુજરાતમાં સુમૂલ ૧૯૫૧, બરોડા ૧૯૫૭, દુધધારા ભરૂચ ૧૯૫૯, દૂધ સાગર ૧૯૬૦, ગોપાલ રાજકોટ ૧૯૬૧, સાબર ૧૯૬૪, બનાસ ૧૯૬૯, મધુર ૧૯૭૧, વસુધારા ૧૯૭૩, પંચામૃત પંચમહાલ ૧૦૭૩ અને ઉત્તમ અમદાવાદ ૧૯૮૫માં જિલ્લા સહકારી ડેરીઓ શરૂ થઈ. ગુજરાત સહકારી ડેરી ઉદ્યોગમાં મોટેભાગે સફળ રહ્યું છે. ડૉ. વર્ગીસ કુરિયન અને ત્રિભોવનદાસ પટેલની જોડીએ અમૂલને વિશ્વમાં પ્રસિદ્ધ બનાવ્યું. અમૂલના પગલે શરૂ થયેલ શ્વેતક્રાંતિના જનક ડૉ.વર્ગીસ કુરિયન છે. આજે સમગ્ર દેશને શ્વેતક્રાંતિના સફળતાના સૂત્રધાર તરીકે ડૉ.વર્ગીસ કુરીયનને ગણે છે. રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના વર્ષ ૨૦૦૪-૦૫ ના અહેવાલના આંકડા બતાવે છે કે દેશમાં સહકારી ધોરણે ડેરી-ઉદ્યોગ સૌથી વધુ ગુજરાતમાં થયો છે.

આજે ગુજરાતમાં ૧૦,૦૦૦ ઉપરાંત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ આવેલી છે. જેના દ્વારા લાખો સભાસદોને તેમજ અસંખ્ય દૂધ ઉત્પાદકોને મોટો આર્થિક લાભ મળતો ગયો છે.

કોષ્ટકના આંકડા બતાવે છે કે ભારતની શ્વેતક્રાંતિમાં ગુજરાત શિખરે રહ્યું છે. છેલ્લા ૨૦ વર્ષમાં બમણું દૂધ ઉત્પાદન તેમજ જિલ્લા સહકારી ડેરી ઉભી કરીને ગુજરાતે આ ક્ષેત્રે મોટી ક્રાંતિ સર્જી છે. તેમાં પણ મહેસાણાની દૂધ સાગરડેરી, અમૂલ ડેરી, સાબર ડેરી,બનાસ ડેરી, વાર્ષિક ૬ મિલીયન ટન કરતાં પણ વધુ દૂધ ઉત્પાદન કરીને ગુજરાતના ડેરી ઉદ્યોગમાં શિરમોર રહી છે.

સમગ્ર દેશમાં સહકારી ક્ષેત્રે દૂધ એકત્રીકરણમાં ૨૦૦૫-૦૬માં દૈનિક ૬૨.૫૧ લાખ લીટર દૂધ સાથે ગુજરાતનો નંબર પ્રથમ આવે છે. બીજા રાજ્યોનો હિસ્સો ઘણો ઓછો છે.

ભારતમાં સહકારી ક્ષેત્રે ગુજરાત રાજ્ય વિવિધ ક્ષેત્રે પ્રવૃત્તિમાં કામ કરતું રાજ્ય ગણાય છે. ભારતની સહકારી પ્રવૃત્તિના દર્શન માટે તેમજ અભ્યાસ માટે પરદેશથી મુલાકાતીઓ આવે છે. અને તેની પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ પ્રેરણા અને પ્રકાશ મેળવી પ્રશંસાના પુષ્પો વેરતા જાય છે. આવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં ગુજરાતની સહકારી ડેરી પ્રવૃત્તિએ નોંધપાત્ર આકર્ષણ જન્માવ્યું છે.

ભારતમાં પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની સંખ્યા કુલ ૧,૦૩,૨૮૧ છે. દેશમાં જિલ્લા દૂધ સંઘો ૧૭૦ છે. જે ૨૮૫ જિલ્લાઓમાં કાર્યરત છે. દૂધ મંડળીઓ સાથે ૧૧ મિલીયન ખેડૂત સભાસદો જોડાયેલા છે. જેનું વાર્ષિક દૂધ ઉત્પાદનનું મૂલ્ય ૮.૫ લાખ કરોડ રૂા. છે. દૂધ ઉત્પાદન માર્ચ-૦૨માં ૮૪.૦૬ મિલીયન ટન હતું. દૂધનો વપરાશ માથાદીઠ ૨૨૬ ગ્રામ છે. દૂધ વેચાણ સરેરાશ દૈનિક ૧૩૭.૨૯ લાખ લીટર છે.

ગુજરાતમાં દૂધ સંઘોની સંખ્યા ૧૨ છે. ડેરી પ્લાન્ટ કુલ ૧૯ છે. ગુજરાતમાં પ્રાથમિક દૂધ ઉત્પાદન સહકારી મંડળીઓની સંખ્યા ૧૨૨૨૫ છે. ડેરીઓની દૈનિક ક્ષમતા ૬૫૯૫ હજાર લીટરની છે. ગુજરાતમાં દૂધ સંઘો એકબીજાના હરીફ ન બને અને સ્પર્ધામાં ડૂબી ન જાય તથા એક જ પ્રકારની ગુણવત્તા ધરાવતા દૂધ પ્રોડક્ટ માટે "ગુજરાત સ્ટેટ કો. ઓપરેટિવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન" ની રચના કરવામાં આવી છે. આ મિલ્ક માર્કેટીંગના નેજા હેઠળ દૂધની બનાવટો, બાળ દુગ્ધાહાર, સ્કીમ મિલ્ક પાવડર, પનીર, ઈન્સ્ટન્ટ, મિલ્ક મિક્ષ, ઘી, કન્સેન્સ્ડ દૂધ, આઈસ્ક્રીમ, શ્રીખંડ, મુલયામજાબુ ડેરી વ્હાઈટનર, મલાઈ, પેડાં, ચોકલેટ વિગેરે 'અમૂલ' લોગોથી વેચાણ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.

**ગુજરાતમાં દૂધ ઉત્પાદન (હજાર ટનમાં)**

| ૧૯૮૩-૮૪ | ૧૯૯૦-૯૧ | ૧૯૯૪-૯૫ | ૧૯૯૯-૦૦ | ૨૦૦૨-૦૩ | ૨૦૦૬-૦૭ |
|---|---|---|---|---|---|
| ૩૦૯૩-૧૩ | ૩૫૨૪-૭૩ | ૪૪૫૯-૧૩ | ૫૨૫૫-૧૨ | ૬૦૮૯-૪૧ | ૭૫૩૩-૧૦ |

## W.T.O અને ડેરી ઉદ્યોગ

૧૯૯૪માં દોહા રાઉન્ડની પૂર્ણાહુતિ થઈ ત્યાર બાદ કરવામાં આવેલા અનેક અભ્યાસો ઉપરથી એમ જાણવા મળ્યું કે વિકાસશીલ દેશોને જેટલો લાભ વિદેશી મદદથી થાય છે તેના કરતાં વધુ લાભ વિદેશ વેપાર વડે થતો હોય છે. વિવિધ અભ્યાસોએ સાબિત કર્યું છે કે "વિદેશી વેપાર એ વિકાસનું એન્જિન છે." અને ગરીબીના નિવારણ માટે આવા વેપારનો વિકાસ અનિવાર્ય છે. આથી છેલ્લા બે દાયકા દરમિયાન અનેક વિકાસશીલ દેશોએ વિદેશ વેપારના ક્ષેત્રે ઉદારીકરણની નીતિ અપનાવી છે.

## સહકારી ડેરી ઉદ્યોગને વૈધિકરણનો પડકાર

સને ૧૯૯૧માં તે સમયના વડાપ્રધાન માન.નરસિંહરાવે નવી આર્થિક નીતિ અમલમાં મૂકી અને ૧૯૯૫માં W.T.O(વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન)ના કરારો થયા. તેમાં ખાસ કરીને :-

- કૃષિ પેદાશની આયાતો ઉપર જકાતદર તથા સબસીડીના દર ઘટાડવા માટે મુખ્ય કરાર થયા છે.

- મિલ્ક પાવડર જેવી પ્રોડક્ટમાં ઝીરો ઝકાત કરવાના કરારમાં ભારતે સંમતિ બતાવી છે.
- બીજી બાજુ યુરોપિય સંઘના દેશોમાં ૧૯૯૫માં ૭૦ લાખ ખેડૂતોને ૯૦ બિલીયન ડોલર સબસીડી મળતી હતી. જે ૨૦૦૨માં ૧૧૪.૫ બિલીયન ડોલર જેટલી થવા પામી હતી. જાપાનમાં ૧ ગાય દીઠ ૮ ડોલર સબસીડી આપવામાં આવે છે. જ્યારે ભારતમાં ૧ ગાયદીઠ ફક્ત ૧ ડોલર સબસીડી મળે છે.
- વિકસિત દેશોની સરખામણીમાં ભારતના ડેરી ઉત્પાદનના આયાત જકાતના દરો ઘણા નીચા છે. બીજી તરફ ભારતમાં વિકસિત દેશો કરતા ડેરી ઉદ્યોગને ઓછી સબસીડી મળે છે. વિકસિત દેશોએ ડેરી ઉદ્યોગને અપાતી સબસીડીમાં ઘટાડો કર્યો નથી.
- દૂધની બનાવટોના ક્ષેત્રમાં વૈશ્વિકસ્તરની પદ્ધતિઓ વિકસીત દેશો દ્વારા અમલમાં મૂકાવામાં આવેલી છે. ખાસ કરીને W.T.Oની કડક શરતો જેવી કે પશુઓનું મશીન દ્વારા જ દૂધ કાઢવું જોઇએ, પશુઓને શુદ્ધ કરેલું જ પાણી પીવડાવવું જોઇએ, ફીલ્ટર પ્રોસેસ દ્વારા જ દૂધ મેળવેલું હોવું જોઇએ વગેરે જે ભારત જેવા દેશ માટે અશક્ય છે.
- ભારતના મોટાભાગના પશુપાલકો હજુ જૂની પ્રણાલી પદ્ધતિથી પશુઓનો ઉછેર કરે છે. તેથી પશુઓની દૂધ ઉત્પાદક ક્ષમતા ઓછી છે. આથી ભારતમાં દૂધના લીટર દીઠ ખર્ચ વધુ આવે છે. જયારે બીજી બાજુ ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ડેન્માર્કનું ડેરી પ્રોડક્ટનું ખર્ચ ખૂબ નીચું છે.
- ભારતમાં પશુઓના આરોગ્ય પ્રત્યે વૈજ્ઞાનિક પદ્ધતિ મુજબ દેખભાળ થતી નથી. આથી રોગચાળામાં પશુઓ વધુ મૃત્યુ પામે છે. આથી ખર્ચનું પ્રમાણ વધુ આવે છે.
- પાણીની અછતના લીધે ઘાસચારો ઉપલબ્ધ થતો નથી. આથી પશુઓની દૂધ ઉત્પાદન શક્તિ ઓછી રહેવા પામે છે.
- વિદેશી ડેરીઓમાં જે શુદ્ધતાથી ઉત્પાદન થાય છે તેવી શુદ્ધતા ભારતમાં જોવા મળતી નથી. ભારતમાં પશુઓ બાંધવાની જગ્યા, દૂધ દોહવાની પદ્ધતિ, દૂધના વાસણ વગેરે સ્વચ્છ હોતા નથી.
- પંજાબ મિલ્ક પાવડરની મોટાપાયા ઉપર આયાત કરે છે. આથી પંજાબમાં આંતરિક રીતે ડેરી પ્રોડક્ટના ભાવ તૂટી ગયા છે. પંજાબ આયાત થતા મિલ્ક પ્રોડક્ટના હુમલાનો સામનો કરી રહ્યું છે.
- વિદેશી ડેરી ઉદ્યોગ નવી ટેકનોલોજી, નવા સંશોધનો સાથે સજ્જ હોવાથી ઓછા ખર્ચે ઓછી કિંમતે, ઉચ્ચ ગુણવત્તાસભર ડેરીની ચીજવસ્તુ મોટાપાયા ઉપર ભારતમાં નિકાસ કરવા લાગી છે. આ સ્પર્ધાત્મક વાતાવરણમાં ભારતમાં ડેરી ઉદ્યોગને પણ નવી ટેકનોલોજી કેળવીને પડકાર સામે બાથ ભીડવાની પરિસ્થિતિ સર્જાઈ છે.

W.T.Oના કરાર અંતર્ગત સહકારી ડેરી ઉદ્યોગના ક્ષેત્રે જે ઉદારીકરણની નીતિ અપનાવેલ છે, તેને પરિણામે ડેરી ઉદ્યોગમાં સ્પર્ધાત્મક વાતાવરણ ઉભુ થયું છે. આજે વિશ્વ વેપારના દ્વાર ખૂલી ગયા છે. આપણી ડેરીનું દૂધ અને તેની બનાવટો દુનિયાના દેશોના બજારમાં વેચાવા લાગી છે. આપણી દૂધની બનાવટો, ઉંચી ગુણવત્તાવાળી અને ઉંચા ભાવ ઉપજાવનારી બને તે માટે આપણી દૂધ પેદા કરવાની પદ્ધતિમાં સુધારો કરવો પડશે.

આધુનિક વિદેશી ડેરી ઉદ્યોગ સામે ટકવા માટે તથા વિદેશના બજારમાં આપણા ડેરી પ્રોડક્ટસની માગ ઉભી કરવા માટે ભારતના સહકારી ડેરી ઉદ્યોગમાં પ્રાથમિક દૂધ મંડળીઓએ નીચેના વિચારોને અમલમાં મૂકવાની જરૂર છે.

## સમસ્યાઓનો ઉકેલ

### શિક્ષણ અને તાલીમ

W.T.O ના લીધે ડેરી ઉદ્યોગમાં હરીફાઈનું તત્ત્વ ઉમેરાતા ડેરી ઉદ્યોગમાં નવી ટૅક્નોલૉજીના ઉપયોગ માટે, સફળ સંચાલન માટે શિક્ષણ અને તાલીમની જરૂરિયાત પેદા થઈ છે.

- નવી આર્થિક નીતિના સંદર્ભમાં અને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનને લીધે આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં પ્રાથમિક દૂધ મંડળીઓમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્યોને સતત માર્ગદર્શન મળતું રહે તે જરૂરી છે. આ માટે દૂધ સંઘો, જિલ્લા સહકારી સંઘો દ્વારા ધંધાકીય આયોજન અને તેના અમલ માટેના પ્રકારના શિક્ષણ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવે છે. આ અંગેના સેમિનાર, વર્કશોપ, નવચેતન તાલીમ કાર્યક્રમોનું આયોજન કરીને મેનેજમેન્ટના સદસ્યોને નવી ટૅક્નોલૉજીથી સતત માહિતગાર કવા જોઇએ.
- મંડળીના કર્મચારીઓ તથા સભાસદોને જરૂરી હોય તેવી માહિતીથી અને કૌશલ્યોથી સજ્જ કરવા. કર્મચારીઓને પ્રોફેશનલ મેનેજમેન્ટ તરફ ૧૦૦% વાળવા.

- દૂધ ઉત્પાદક સભાસદોને અદ્યતન ટૅક્નોલૉજીથી સજ્જ કરવા માટેની ખાસ તાલીમ આપવી.
- ગ્રામીણ પ્રદેશોમાં મહિલાઓ જ પશુ ઉછેર અંગેની જવાબદારીઓ નિભાવતી હોવાથી ડેરી ક્ષેત્રમાં મહત્ત્વના સુધારા કરવા મહિલાઓની ભરતી તાલીમ આપીને તેઓને પ્રોત્સાહિત કરવા.
- ગ્રાહક શિક્ષણને મહત્ત્વ આપવું અને તે અંગેનાં વર્કશોપ યોજવા.
- સ્પર્ધાત્મક બજારોને ધ્યાનમાં લઈ વિકાસ કાર્યક્રમોનું આયોજન કરવું.

**પશુ આરોગ્ય અને પશુચિકિત્સા સેવાઓ**

સ્પર્ધાત્મક વાતાવરણમાં પશુઓની ગુણવત્તામાં સુધારો કરવો જરૂરી બને છે. તે માટે પશુઓના આરોગ્યમાં સુધારો થાય. તેમના રોગોનું નિવારણ થાય તે માટે દરેક જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો અંતર્ગત પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં નીચે મુજબની પશુ આરોગ્ય અને પશુ ચિકિત્સા માટેની કામગીરી હાથ ધરવી.

- રોગ પ્રતિકાર માટે રસીકરણ ગ્રામ્ય કક્ષાએ કોઈ રોગના ચિહ્નો જણાય અને રોગચાળો ફાટી નીકળે તે અગાઉ અને તરત જ રસીકરણ કાર્યક્રમ યોજવા. જેથી ગાય, ભેંસ, ઢોર રોગ સામે રક્ષણ મેળવે.
- કૃમિના રોગો સામે પ્રતિકાર અને દર વર્ષે રોગોનું પરિક્ષણ કરાવવું જોઈએ.
- પશુ ચેપી રોગ અને સંસર્ગજન્ય રોગોનું નિવારણ.
- પશુ આરોગ્ય સેવાઓમાં વધારો કરવો.
- પ્રાથમિક સારવારની અદ્યતન તાલીમી કર્મચારી તૈયાર કરવા, જેથી કોઈપણ રોગની સામે ડૉકટરની સેવા પ્રાપ્ત થતાં પહેલા ઢોરની પ્રાથમિક સારવાર કરી બચાવી શકાય.
- ગરમી, ઠંડી, વરસાદથી પશુઓને રક્ષણ આપવું જોઈએ. શક્ય હોય તો પશુઓને બાંધવાની જગ્યા પાકી અને સ્વચ્છ રાખવી જોઈએ.
- પશુઓને દર અઠવાડીયે નવડાવવા જોઈએ.

**કૃત્રિમ વીર્યદાન**

દૂધ ઉત્પાદકોના ઢોર-ગાય ભેંસનુ ઓછા ઉત્પાદન ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા માટે ઓલાદ સુધારણા કાર્યક્રમ હાથ ધરવા. દરેક પ્રાથમિક દૂધ મંડળીમાં વીર્યદાન કેન્દ્ર ઉપલબ્ધ છે. હવે નવી ટૅક્નોલૉજી પણ અપનાવવામાં આવે છે. કૃત્રિમ વીર્યદાન કાર્યક્રમને હજી વેગ મળે તે માટેના પ્રચાર કાર્ય હાથ ધરવાની જરૂર છે.

**પશુ પોષણ**

પશુઓની તંદુરસ્તી જળવાય, ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન મેળવવા તથા તંદુરસ્ત ઓલાદ મેળવવા માટે સમતોલ આહારની જરૂરિયાત છે.

આથી જ ઢોર-પશુઓના આહારમાં ડેરી ઉત્પાદીત સર્વગુણ સહિત પ્રોટીન્સ-વિટામીન સાથેનું પશુધણ વાપરવું ઉચિત છે. પશુનું પોષણ વૈજ્ઞાનિક ઢબના ખોરાક દ્વારા કરવામાં આવે તો ઢોર વધુ દૂધ આપે છે. તંદુરસ્ત રહે છે. પશુ પોષણ એ મહત્ત્વનું પાસું છે.

આપણી પાસે જેટલા ઘાસચારો/દાણ ઉપલબ્ધ હોય તેટલા જ પશુઓ પાળવા જોઈએ. પશુઓ વધુ પાળવા અગત્યના નથી, અગત્યનું છે વધુ દૂધાળ પણ ઓછા જાનવરો નહીં સારા જાનવરોનો આગ્રહ રાખો.

**પશુ ઉછેર-વિસ્તરણ સેવાઓ**

પશુ ઉછેર માટેની વિવિધ પ્રકારની તાલીમ ખેડૂતોને મળે તે જરૂરી હોઈ દરેક દૂધ સંઘો તેની વિસ્તરણ સેવાઓનો પ્રચાર-પ્રસાર વધુ કરે છે. તેનો લાભ દરેક દૂધ ઉત્પાદકોએ લેવો જોઈએ. પશુ ઉછેર પદ્ધતિમાં ટૅક્નોલૉજી, નવું વિજ્ઞાન, નવા સંશોધનો દાખલ કરવા જોઈએ.

લીલો ઘાસચારો, સુધારેલો ગૌચારો અને દાણ માટે વપરાતા વૃક્ષો ગ્રામ્ય કક્ષાએ દૂધ સંઘોના માર્ગદર્શન હેઠળ ઉછેરવા. વધુ ઉત્પાદન આપતા અને ઓછા પાણીથી પાકતા ગજરાત ઘાસ હાઈબ્રીડ જુવાર, રજકા જેવા ઘાસનું વાવેતર કરવું.

દૂધ ઉત્પાદન વૃદ્ધિ માટે સહિવાલ, ગીર, રાઠી અને કાંકરેજી જેવી જાતોના ઢોરનું ઉત્પાદન વધારવું અને મુરાહ, મહેસાણા, જાફરાબાદી ભેંસની જાત તથા તેનું ઉત્પાદન વધારવા યોગ્ય પસંદગી કાર્યક્રમો દ્વારા સુધારવું.

**મહિલાઓનું યોગદાન**

પશુપાલન ધંધામાં મહિલાઓની વ્યવહારુ જાણકારી ધ્યાનમાં લેતા ડેરી સહકારી સંસ્થાઓમાં મહિલા સભાસદોની સંખ્યા ૫૦% જેટલી કરવી. દરેક કક્ષાની સહકારી ડેરીના વહીવટમાં મહિલાઓની ભાગીદારી વધારવા પગલા લેવા.

ગામડાઓમાં નાના ખેડૂતો અને ખેતમજૂરોને આર્થિક સહાયયુક્ત ગાયો, ભેંસો ખરીદવા માટે ધિરાણ યોજનાઓ અમલમાં મૂકવી તેમજ 'દૂધ ઘરો' બાંધવાની યોજનાઓ અમલમાં મૂકવી.

આદિવાસી વિસ્તારોમાં

અનુ.પાના નં.૨૪ ઉપર

# વૈશ્વિક મંદી અને ગ્રામોદ્યોગ

✍ ડો. કેશવભાઈ ગોટી

**દેશની ૭૦% થી વધુ જનસંખ્યા ગામડાંમાં રહે છે. જ્યારે આપણા ઉદ્યોગ દંધા શહેરોમાં છે. વિશ્વના કેટલાક દેશોની મંદીથી ગભરાવવાની જરૂર નથી. આવી મંદી આવે ને જાય મહેનતુ શ્રમજીવી અને ખેડૂત પશુપાલકોએ અત્યારથી જ ચેતવા જેવું છે. આવતું વર્ષ આનાથી પણ નબળુંહ હોઈ શકે છે. પારકી પંચાત કર્યા વિના આપણા કામમાં સુધારો લાવીએ અને કરકસર કરી આપણી પ્રગતિ કરવાની જરૂર છે. કારણ આપણે વધુ છઈએ અને ધિપનતિઓ, ઉદ્યોગ ધંધાવાળાઓ આંગણીના વેઢે ગણી શકાય તેટલા છે. આપણા વડીલોએ મહેનતનું ખાતા શીખવ્યું છે તો આપણા વ્યવસાયો ખીત, પશુપાલન, સુતારીકામ, લૂહરીકામ, વણાટકામ, દરજીકામ, મોચીનો વ્યવસાય દિનબદિન સુધરવો રહ્યો.**

હિન્દુસ્તાનનું મુખ્ય પર્વ દિવાળી વૈશ્વિકમંદી અને શેરબજારના કડાકાના કારણે ઝળહળતી ના રહેતા મંદ રહી ખરુ ને ? માને છોડીને મૂઈમાને ધોવવાતી લાંબાગાળે કોઈ ફાયદો થતો નથી. સતંત્ર ભારતનું સુકાન સંભાળનાર નહેરુજીની કલ્પના હતી કે મોટા મોટા ઉદ્યોગ દંધા વિકસાવવા અને તેના દ્વારા રાષ્ટ્રની પ્રગતિ આર્થિક ઉન્નતી કરવી. આઝે ૬૦ વર્ષ પછી દેશના ગામડાંનું સમાજ જીવન, ભાઈચારો, મિલનસારપણું, ખેતી રાષ્ટ્રની આવકમાં ૫૪% જેટલો ફાળો આપતી હતી તે આજે માત્ર ૧૮% જેટલો ફાળો આપે છે. અલબત્ત તેના કારણોમાં ઉદ્યોગ ધંધો અને સર્વિસ ફેક્ટર વધવા જવાબદાર છે.

જેના દેશણાં ક્યારેક સૂર્ય આથમતો ન હતો તેવા અંગ્રેજોએ ૧૭૫૭માં પ્લાસીની યુદ્ધમાં વિજય મેળવ્યો. ત્યારપછી તે જાણે ભારતની છડે ચોક લૂંટફાટ ચલાવી સંપત્તિ ભૂખ્યા અંગ્રેજો એ ભારતનો માલ ઈંગ્લેન્ડ અને અન્ય દેશોમાં વેચવા માટે જાય તો ૭૨% જકાત લેવાતી. દુનિયાના આવાં સમૃદ્ધ દેશો પોતાનો માલ અન્ય દેશામાં વેચાય તે માટે ડબલ્યુ ટી.ઓ. નો સહારો લે છે. નબળાને ઉગતો જ ડામી દે છે. આ સમૃદ્ધ દેશોની કૂટ નિતી છે.યરોપ અને અમેરિકાના દેશોમાં ખેડૂતોને વધૂ જથ્થામાં ઉથ્પાદન કરવા માટે અબજો ડોલર સબસીડી વહીવટ કર્તા તેનો અમલ કરવા તૈયાર થયા છે. જે દેશના ઉત્પાદનને માઠી અસર કરે છે..

વિશ્વના દેશોમાં મંદી આવી છે. પણ કયા ક્ષેત્રમાં ? રોયલ્ટી, પાવર, ટેલીકોમ, કેપીટલ, ગુડ્ઝ, ઓઈલ, બેંકિંગ, ટૅક્નોલૉજી,ઝવેરાત વગેરે મહાકાય ઉદ્યોગક્ષેત્રમાં મંદી આવી છે. આમાંથી એક પણ પ્રોડક્ટ્સ ખાઈ શકાય કે આપણા દેશના મુખ્ય વ્યવસાયમાં સીધી અસર કરે તેવી નથી. આપણે તો ટાંચા સાધનો અને ખંતથી કામ કરનારા છીએ જેમાં માનવશ્રમની મહેક હોય છે. અર્થશાસ્ત્રના પુસ્તકમાં નોંધ છે. ડાયનો ઝીનીયસ નામના મહાલ ઓલીયા સાધુને મળવા રાજા સિકંદર ગયા. ફકીરબાબા તેની મસ્તીમાં હતા. રાજાએ પ્રસન્ન થઈને કહ્યું હું આપની શી મદદ કરું ત્યારે ડાયનો ઝીનીયસે કહ્યું તમે બાજુમાં રહો મારે સૂર્યના તાપની જરૂર છે. તમારી નહીં. કારણ તમારો પડછાયો મને ખલેલ પાડે છે. આ રીતે વિશ્વના ધનાઢ્યની આપણને જરૂર નથી તેનો માલસામન ન વાપરવો અને આપણી જાતને આપણા ગ્રામોદ્યોગથી જ વિકસાવી પડશે.

દેશની ૭૦% થી વધુ જનસંખ્યા ગામડાંમાં રહે છે. જ્યારે આપણા ઉદ્યોગ દંધા શહેરોમાં છે. વિશ્વના કેટલાક દેશોની મંદીથી ગભરાવવાની જરૂર નથી. આવી મંદી આવે ને જાય મહેનતુ શ્રમજીવી અને ખેડૂત પશુપાલકોએ અત્યારથી જ ચેતવા જેવું છે. આવતું વર્ષ આનાથી પણ નબળુંહ હોઈ શકે છે. પારકી પંચાત કર્યા વિના આપણા કામમાં સુધારો લાવીએ અને કરકસર કરી આપણી પ્રગતિ કરવાની

(લેખક લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુર, તા.પાલનપુર, જિ.બનાસકાંઠા સાથે સંકળાયેલા છે.)

જરૂર છે. કારણ આપણે વધુ છઈએ અને ધિપનતિઓ, ઉદ્યોગ ધંધાવાળાઓ આંગણીના વેઢે ગણી શકાય તેટલા છે. આપણા વડીલોએ મહેનતનું ખાતા શીખવ્યું છે તો આપણા વ્યવસાયો ખીત, પશુપાલન, સુતારીકામ, લુહારીકામ, વણાટકામ, દરજીકામ, મોચીનો વ્યવસાય દિનબદિન સુધરવો રહ્યો. આ વ્યવસાયમાં સંવર્ધન અને સંશોધન કરવું પડશે જેનાથી આપણને કાયમી કામ, વધુ ઉત્પાદન અને આવકમાં વધારો થશે. આપણો કંઈ માલ પેદા થાય છે તે આપણી સહકારી મંડળી દ્વારા વેચાણ થશે તો ઉત્પાદકો પોષણક્ષમ ભાવો અને અનેક સામાજિક સેવાઓ મળશે. સહકારી માળખું મજબૂત હશે તો રાષ્ટ્રની પ્રગિત થશે. દા.ત. ગુજરાત રાજ્ય મિલ્ક માર્કેટીંગ ફેડેરેશને ચાલુ વર્ષે ૨૨% જેટલો વિકાસ કરેલ છે.

દેશમાં ચેસોચેમે કરેલા સર્વેક્ષણનું તારણ દર્શાવે છે કે ત્રાસવાદી હૂમલા, બોમ્બ વિસ્ફોટ વગેરેને કારણે ઈ-શોપીંગ તરફ લકો વળ્યા છે. અને ફૂટપાથીયા શ્રમીકનું જીવન બરબાદ કરી નાખ્યું છે. પણ જૂઓ તો ખરા કે આ ત્રાસવાદ અને બોમ્બ વિસ્ફોટની પ્રવૃત્તિ વિકસી ક્યા ? જૂઓને મોટા ઉદ્યોગપતિઓ અને ધંધાદારીઓ અઢળક કમાણી કરે છે. જેના કારણે ગરીબ અને તવંગરનો ભેદભાવ વધે છે. તેમાંથી ત્રાસવાદ ગૂંડાગીરી અને આતંક ફેલાય છે. તેમાં પણ કોમી તંગદીલી ગામડાંના ખેડૂત શ્રમજીવી પરિવારમાં નથી કારણ ત્યાં પરિવાર ભાવ છે. એકબીજાના સારાં નબળા કામમાં હૂંફ મળે છે. વિશ્વની મંદીની હાય હાય કરવા જેવી નતી કારણ આપણે જ સર્જ છીએ. તેતી અનાજ, કઠોળ, દૂધ ,ઘી, શાકબાજી, ગૃહ વપરાશની ચીજો સર્જન કરીએ છીએ. તેમ છતાં આપણે પોતાની,ગામની અને જિલ્લા તેમજ દેશની પ્રગતિ કરવિ હશે તો.

- કઠીન પરિશ્રમ કરવો પડશે આળસ કે કામચોરી અત્યારના સમયમાં ચાલશે જ નહી.
- આપણી ગ્રામિણ ચીજવસ્તુ આપણા પોતના માટે, સમાજ માટે અને દેશ માટે વપરાશે તેમ માની ગુણવત્તામાં સુધારો કરવા જેવો છે.
- પોતાના બાપદાદાનો વ્યવસાય કરતા હોઈએ તો કામમાં, પરફેક્શન લાવી અને ગુણવત્તા સુધારો લાવવાની જરૂર છે.આનાથી રોજગારી, સમૃદ્ધી અને સદ્ગુણી સમાજ પેદા થશે જે અરાજકર્તા ઘટાડશે.
- શહેર અને વિશ્વના દેશોમાં ચાલતા વ્યવસાયમાં ટોંગ ન અડાડો પણ જેનું લૂણ ખાઈએ એની ધરતી પર ટકીને અને નિયમ મુજબ કર તો આપીઓ જે સૌના હીતમાં છે.
- આપણે જ મહાસત્તા છીએ, અમેરીકા, રશિયા, ઈન્ગલેન્ડ, જાપાન વગેરે દેશોની ચાંપલુસી કરવાનું,તેની પ્રતિક્રિય શું આવશે તે જોવાનું ટાળી અને વ્યક્તિ દીઠ વધુ ઉત્પાદન કરવાની ખેવના રાખીએ.
- મારા પીતાશ્રીના સોનેરી શબ્દો ‘ઉજળુ તેટલું દુઃખ’ ભૌતિક સુખ, સુખસગવડના સાધનો મેળવવાની હરિફાઈમાં ન ઉતરીએ પરંતુ કરકસરનો ગુણ વિકસાવીએ.
- તંદુરસ્ત હરિફાઈ કરીએ અને ભાઈચારાની ભાવના કેળવીએ તેથી સમાજ જીવન મધમધતું બનશે.
- આ સરકાર અને તે સરકારે કંઈ જ ન કર્યું તે વાત ભૂલી આપણે દેશ માટે શું કર્યું તે વિચારવા જેવું છે.
- ભૂતકાળને ભૂલી, વર્તમાનને વ્હાલું કરી, કઠીને પરિશ્રમ કરી આપણું અને સૌનું ભલુ થાય તેવા કામમાં પરોવાઈએ.
- આવક આઠ આના અને ખર્ચ રૂપિયો તેનાથી બચીએ. વિવેકપૂર્ણ ખર્ચા કરીએ.
- અન્ય દેશના વ્યવહારો, વિશ્વ સમાચાર, રાજકિય આતંકો, નવી શોધખોળો વગેરેથી માહિતગાર રહેવું જરૂરી છે.
- નવયુવાનોને ગ્રામિણઉદ્યોગો, ગ્રામિસંસ્કૃતિ, આપણું પર્યાવરણ અને આપણી સંસ્કૃતિથી ઉજાગર કરતા રહો જેથી નવું કરવાની પ્રેરણા મળશે. જે દેશ અને પોતાના સમાજ જીવનના હિતમાં હશે.
- છેલ્લા બે વર્ષોમાં ૨૦% થી ૮૦% જેટલો ભાવવધારો થયો છે. તેના કારણોમાં વૈશ્વિક મંદી અને કેન્દ્ર સરકારનું બજેટ જવાબદાર છે. તેનાથી ગરીબ અને શ્રમજીવી પરિવારે હાલાકી ભોગવવી પડશે. તેની જગ્યાએ સરકાર આગલા વર્ષો જ ભાવવાધોર ડામવા માટે ઉત્પાદકોને માથાદીઠ આવક ક્વીન્ટર દીઠ ૫% થી ૧૫% જેટલો ભાવવધારો જાહેર કરીએ તો ખેડૂતો ખૂબ મહેનત કરીને ટનબંધ વધારાનું ઉત્પાદન કરશે જેનાથી દેશના ગરીબોને અને ટૂંકી આવક ધરાવતા પરિવારોને ફાયદો થશે.

■ ■ ■


**વિકાસલક્ષી સામયિક**

**યોજના**

**યોજના વાંચો, યોજના વંચાવો**

# અનુસૂચિત જાતિની વ્યવસાયી વ્યક્તિઓનું કુટુંબજીવન

✍ પંકજ વાઘેલા

**અમદાવાદથી ૨૩ કિ.મી. દૂર આવેલાં સાણંદ નગરની અનુસૂચિત જાતિનાં કુટુંબ જીવન ઉપર અભ્યાસ કરવામાં આવ્યો હતો. સાણંદ નગરમાં વસતી અનુસૂચિત જાતિની છ પેટા જ્ઞાતિઓ - વણકર, ચમાર, બ્રાહ્મણ (ગરોડા), બારોટ (તૂરી), સેનવા અને ભંગી કુટુંબોના ૧૦૦ ઉત્તરદાતાઓની પ્રાથમિક, કૌટુંબિક, નોકરી-વિષયક માહિતી અને નોકરીને પરિણામે કુટુંબજીવન પર પડેલી અસરો અને પરિવર્તનો સમજવા પર વિશેષ ભાર મૂકાયેલ છે. માહિતીના એકત્રીકરણ માટે પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરેલો છે. કૌટુંબિક માસિક આવક ૫૦૦૧ થી ૧૫૦૦૦ રૂપિયા સુધીની છે. ૬૧% ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબના છે.**

હિન્દુ ધર્મશાસ્ત્રોમાં અને પુરાણોમાં વિવિધ જાતિઓની ઉત્પત્તી, સામાજિક દરજ્જાઓ, ધાર્મિક અને શૈક્ષણિક હક્કો તથા ફરજો, તેઓનાં વર્તન વ્યવહારો, રોજ-બરોજની રહેણી-કરણી, રહેઠાણ અને પહેરવેશ, ખોરાક વગેરે અંગેના નીતિ-નિયમો(કાયદા) દર્શાવ્યા છે. વૈદિકશાસ્ત્રોમાં ચતુવર્ણનો ઉલ્લેખ છે. ચતુવર્ણ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર વર્ણવ્યવસ્થા. શરૂઆતમાં કિર્તી યુગકાળ સુધી આ વર્ણ વ્યવસ્થા કર્મ આધારિત હતી. એટલે કે વ્યક્તિની જાતિ તેનાં કાર્યથી નક્કી થતી. પાછળથી જાતિ આધારિત વર્ણવ્યવસ્થા ઉદ્ભવ અને વિકાસ પામી. આ પ્રકારની વ્યવસ્થા સામાજિક ક્રમમાં જાતિગત દરજ્જાઓ નક્કી કરતી વ્યવસ્થા છે. અને તેનાથી સમાજમાં છૂત-અછૂત ઉંચ-નીચના ભેદભાવો વગેરે જેવાં ખ્યાલો પ્રવેશ્યાં. વર્તમાન સમયમાં ઉદ્યોગિકરણ, શહેરીકરણ,કાનૂનીકરણ, અનામતપ્રથા, શિક્ષણ, સમાચાર માધ્યમો, વાહનવ્યવહારની સગવડો જેવાં વિવિધ પરિબળોને લીધે અનુસૂચિત જાતિનાં પરંપરાગત સ્થાનમાં નોંધપાત્ર પરિવર્તનો આવેલાં જોઈ શકાય છે.

અમદાવાદથી ૨૩ કિ.મી. દૂર આવેલાં સાણંદ નગરની અનુસૂચિત જાતિનાં કુટુંબ જીવન ઉપર અભ્યાસ કરવામાં આવ્યો હતો. સાણંદ નગરમાં વસતી અનુસૂચિત જાતિની છ પેટા જ્ઞાતિઓ - વણકર, ચમાર, બ્રાહ્મણ (ગરોડા), બારોટ (તૂરી), સેનવા અને ભંગી કુટુંબોના ૧૦૦ ઉત્તરદાતાઓની પ્રાથમિક, કૌટુંબિક, નોકરી-વિષયક માહિતી અને નોકરીને પરિણામે કુટુંબજીવન પર પડેલી અસરો અને પરિવર્તનો સમજવા પર વિશેષ ભાર મૂકાયેલ છે. માહિતીના એકત્રીકરણ માટે પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરેલો છે.

કૌટુંબિક માસિક આવક ૫૦૦૧ થી ૧૫૦૦૦ રૂપિયા સુધીની છે. ૬૧% ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબના છે. બધા જ ઉત્તરદાતાઓના મકાનમાં વિજળી અને પાણીની સુવિધા છે. લગભગ બધાં ઉત્તરદાતાઓના ઘરમાં ટેલિવિઝન છે. અડધા ઉત્તરદાતાઓ ટેલિફોનની સગવડ ધરાવે છે. ૭૨% ઉત્તરદાતાઓ પોતાના ઘરમાં નિયમિત વર્તમાનપત્રો મંગાવે છે.

### નોકરીના લીધે વ્યક્તિગત જીવન પર અસરો

આધુનિકીકરણની પ્રક્રિયાએ ભારતીય સમાજમાં રૂઢિગત મૂલ્યો અને વર્તનઢબમાં પરિવર્તન આણ્યું છે. જેમ જેમ લોકો આધુનિક મૂલ્યો, વિચારો અને ધ્યેયો અપનાવતાં જાય છે તેમ તેમ પરંપરાગત સામાજિક સંસ્થાઓનું માળખું બદલાવા લાગ્યું છે. નોકરી અને વ્યવસાયના કારણે વ્યક્તિગત જીવન ઉપર વિવિધ અસરો પડતી હોય છે. આવી અસરો હકારાત્મક અને નકારાત્મક એમ બંને પ્રકારની હોય છે. અહીં ઉત્તરદાતાઓના વ્યક્તિગત જીવન ઉપર પડેલી બંને અસરો તપાસવાનો

(લેખક શ્રીમતી એસ.આર.મહેતા આર્ટસ કોલેજ, અમદાવાદમાં મુલાકાતી વ્યાખ્યાતા છે.)

પ્રયત્ન કર્યો છે.

### (અ) હકારાત્મક અસરો

બધાં જ ઉત્તરદાતાઓ એમ માને છે કે નોકરીને લીધે વ્યક્તિત્વના વિકાસને નવો ઓપ મળે છે. અને અનેક વ્યક્તિઓનો સંપર્ક વધ્યો છે તથા તેઓના જ્ઞાનમાં વધારો થયો છે. આ ઉપરાંત બધા જ ઉત્તરદાતાઓ આર્થિક સ્વાતંત્ર્ય મળવાથી સ્વાવલંબી બન્યા છે. ૯૪% ઉત્તરદાતાઓ કહે છે કે તેઓના વૈચારિક વલણોમાં પરિવર્તન આવ્યું છે.

### (૨) હકારાત્મક અસરો

લગભગ એક ચતુર્થાંશ જેટલા ઉત્તરદાતાઓ એમ માને છે કે, આર્થિક સ્વાતંત્ર્ય ક્યારેક સ્વચ્છંદતા તરફ દોરે છે. અર્ધા ઉપરાંતના ઉત્તરદાતાઓએ કહ્યું છે કે, બેવડી ભૂમિકાથી ઉભાં થતાં પ્રશ્નોનો સામનો કરવો પડે છે. નોકરીનાં સ્થળે ભેદભાવને કારણે ગૌરવ હણાય છે તેવો જવાબ માત્ર ૮% ઉત્તરદાતાઓએ આપેલા છે. અહીં એ બાબત ઉલ્લેખનીય છે કે, વિવિધ પરિબળોની અસરને કારણે જ્ઞાતિ આધારિત ભેદભાવો, અસ્પૃશ્યતા વગેરેનું પ્રમાણ ઘટી ગયું છે.

### કુટુંબના સ્વરૂપમાં પરિવર્તન

પ્રસ્તુત સંશોધનમાં નોકરીને લીધે ઉત્તરદાતાઓનાં કુટુંબના સ્વરૂપમાં શું પરિવર્તન આવ્યું તે અંગે પૂછતા અર્ધા ઉપરાંતના ઉત્તરદાતાઓનાં કુટુંબ સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત થયાં છે. ૧૪% ઉત્તરદાતાઓનાં રહેઠાણ જુદા થયાં છે.

### કુટુંબના દરજ્જામાં પરિવર્તન

બંધારણનો વ્યક્તિ સ્વાતંત્ર્યનો આદર્શ, સમાજવાદી ઢબની બીનસાંપ્રદાયિક સમાજરચનાનાં મૂલ્યોનો સ્વીકાર, સાર્વત્રિક પુખ્તવયી મતાધિકાર, કાનૂન સમક્ષ સમાનતાનો ખ્યાલ, શિક્ષણ અને વિજ્ઞાનનો વિકાસ, ઉદ્યોગીકરણને પરિણામે વધેલી આર્થિક, ભૌગોલિક અને વ્યાવસાયિક ગતિશીલતા વગેરે પરિબળો જ્ઞાતિપ્રથાના પરંપરાગત કોટિક્રમિક માળખાને ઉલટાવી નાખવા કટિબદ્ધ બન્યા છે તે ઘટના સહજ જોઈ શકાય તેવી છે.

અનુસૂચિત જાતિનાં લોકોને પરંપરાગત દરજ્જો સૌથી ઉતરતી કક્ષાનો હતો. નોકરીને લીધે તેઓના કુટુંબના દરજ્જામાં શું પરિવર્તન આવ્યું છે તે તપાસતાં ૯૬% ઉત્તરદાતાઓનાં કુટુંબનો દરજ્જો સુધર્યો હોવાનું જણાય છે. જો કે વ્યક્તિગત પરિવર્તનથી સમગ્ર માળખામાં તત્કાલીન પરિવર્તન આવતું નથી. પરંતુ તે માળખાકીય પરિવર્તન માટે કારણરૂપ ચોક્કસ બને છે. કોઈપણ પ્રકારનું સામાજિક પરિવર્તન સમગ્ર માળખામાં કે, માળખાનાં કેટલાક ભાગોને અસરકર્તા બને છે જે ધીમે ધીમે સમગ્ર માળખાને પરિવર્તન તરફ દોરે છે.

### કુટુંબની પ્રતિષ્ઠા પર અસર

સમાજમાં વ્યક્તિ કે તેનાં કુટુંબના દરજ્જા આધારે તેનાં કુટુંબની પ્રતિષ્ઠા નક્કી થાય છે. પહેલાનાં સમાજમાં કુટુંબ કે વ્યક્તિનો દરજ્જો જ્ઞાતિ આધારિત હતો. પરંતુ વર્તમાન સમયમાં વિવિધ પરિબળોને કારણે આ અર્પિત દરજ્જો પ્રાપ્ત દરજ્જો બન્યો છે.

નોકરીને લીધે ઉત્તરદાતાઓનાં કુટુંબની પ્રતિષ્ઠા ઉપર શું અસર પડી છે તે અંગે પૂછતાં ૯૬% ઉત્તરદાતાઓએ કહ્યું કે કૌટુંબિક પ્રતિષ્ઠા વધી છે.

સામાજિક દરજ્જાના નિર્ણાયક પરિબળ તરીકે વ્યવસાય, શિક્ષણ અને આવકનું મહત્ત્વ વધ્યું હોવાથી વર્ગ સ્વરૂપનું સ્તરીકરણ વિકસી રહ્યું છે અને સ્તરીકરણનો પરંપરાગત આધાર નબળો પડવા લાગ્યો છે.

### ભૌતિક સગવડોમાં વધારો

પરંપરાગત સમયમાં અનુસૂચિત જાતનાં લોકો ઉપર ખાનપાન, રીતભાત, પહેરવેશ, રહેઠાણ વગેરે બાબતોમાં ઘણાં નિયંત્રણ અને નિષેધો હતાં. તેઓ સવર્ણો જેવી જીવનશૈલી અપનાવી શકતાં નહી. આ ઉપરાંત તેઓ પોતાના ઘરમાં રાચ રચીલું કે અન્ય કિંમતી ચીજ વસ્તુઓ વસાવી શકતા નહીં. ઉદ્યોગીકરણ, કાનૂનીકરણ, નોકરીમાં અનામત, શિક્ષણ વગેરે પરિબળોને કારણે તેઓ સવર્ણ જેવી જ જીવનશૈલી અપનાવતા થયા છે. નોકરીમાં નિયમિત માસિક વેતન મળવાથી આર્થિક સ્થિરતા પ્રાપ્ત થાય છે. અને ધીમે ધીમે ઘરમાં સુખ-સગવડનાં ભૌતિક સાધનો પ્રાપ્ત થાય છે. ૯૬% ઉત્તરદાતાઓ નોકરીને લીધે પોતાના ઘરમાં ભૌતિક સગવડોમાં વધારો કરી શક્યા છે.

૯૬% ઉત્તરદાતાઓ પોતાનાં ઘરમાં ટેલિવીઝન વસાવી શક્યા છે. અર્ધા ઉપરાંતના ઉત્તરદાતાઓના ઘરમાં ટેલિફોન છે. ૪૦% ઉત્તરદાતાઓ મોટર સાઈકલ અથવા સ્કૂટર વસાવી શક્યા છે.

### કુટુંબમાં શિક્ષણ વિષયક પરિસ્થિતિમાં સુધારો

૭૦% ઉત્તરદાતાઓ પોતાના બાળકોને વધુ શિક્ષણ આપી શક્યા છે. ૮૨% ઉત્તરદાતાઓ પોતાના બાળકોને સારી શાળામાં મોકલી શક્યા છે. ૮૪% ઉત્તરદાતાઓ પોતાના બાળકોના શિક્ષણ પાછળ પૂરતું ખર્ચ કરી શકે છે.

### લગ્ન માટેની તક અને લગ્નક્ષેત્ર પર અસર

આધુનિક સમયમાં જન્મ આધારિત દરજ્જા કરતાં પ્રાપ્ત દરજ્જાનું મહત્ત્વ વધ્યું છે. નોકરીને લીધે ઉત્તરદાતાઓની તથા કુટુંબીઓની લગ્ન માટેની તકમાં વધારો થયો છે કે નહિં તે પૂછતાં બધાં જ ઉત્તરદાતાઓએ કહ્યું કે, નોકરીના લીધે

પોતાનાં કુટુંબના સભ્યોની લગ્ન માટેની તકમાં વધારો થયો છે.

કાનૂનીકરણ, શહેરીકરણ, ઉદ્યોગીકરણ, શિક્ષણ વગેરે જેવા અનેક પરિબળોને કારણે આધુનિક સમયમાં લગ્નક્ષેત્ર વિસ્તૃત બન્યું છે.

### બીજી જ્ઞાતિમાં લગ્ન માટેની તક

નોકરીને લીધે બીજી જ્ઞાતિમાં પોતાનાં કુટુંબના સભ્યોની લગ્ન માટેની તક વધી છે કે નહિ તે પૂછતાં, ૮૮% ઉત્તરદાતાઓએ ના કહી અને ૧૨% ઉત્તરદાતાઓએ કોઈ જવાબ આપ્યો નહિ. આ બાબત આજે પણ લગ્ન અંગેના રિવાજો અને રૂઢીઓમાં પરંપરાગત વલણ દર્શાવે છે.

### કુટુંબની જીવનશૈલીમાં પરિવર્તન

નોકરીને પરિણામે તેઓ પોતાની જીવનશૈલી સવર્ણો જેવી બનાવી શક્યા છે. પરંપરાગત વ્યવસ્યાય ધંધો છોડીને વ્યવસાયિક ગતિશિલતા શક્ય બનતાં તેઓની રહેણીકરણી, ખાન-પાન વર્તન, રીતભાત,પહેરવેશ વગેરે અનેક બાબતોમાં પરિવર્તન આવ્યું છે.

### કૌટુંબિક રૂઢીચુસ્તતા અને અંધવિશ્વાસમાં પરિવર્તન

શિક્ષણ, ઉદ્યોગીકરણ, શહેરીકરણ વગેરે જેવાં પરિબળોને લીધે અનુસૂચિત જાતિનાં લોકોમાં નવી જાગૃતિ વિકાસ પામી છે. ૯૬% ઉત્તરદાતાઓએ કહ્યું કે, તેઓની કોટુંબિક રૂઢીચુસ્તતામાં ઘટાડો થયો છે અને ૯૮% એ કહ્યું કે અંધવિશ્વાસનું પ્રમાણ ઘટ્યું છે.

### કુટુંબમાં સ્ત્રીના દરજ્જામાં પરિવર્તન

૮૫% ઉત્તરદાતાઓના કુટુંબમાં સ્ત્રીઓનો શૈક્ષણિક વિકાસ થયો છે. ૯૫% ઉત્તરદાતાઓના કુટુંબમાં સ્ત્રીઓની જાગૃતિ વધી છે. ૮૮% ઉત્તરદાતાઓના કુટુંબમાં સ્ત્રીઓનો દરજ્જો સુધર્યો છે.

શિક્ષણ ક્ષેત્રે સ્ત્રીના સ્થાનમાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં છે. શિક્ષણે સ્ત્રીને વિકાસ સાધવા સમર્થ બનાવી છે. આજે સ્ત્રીઓ માત્ર પ્રાથમિક કે માધ્યમિક કક્ષાનું શિક્ષણ મળવીને બેસી ન રહેતાં કલા, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, સંગીત, નૃત્ય, કૃષિ, વેપાર-વાણિજ્ય, ઈજનેરી, કાનૂની, તબીબી વગેરે ક્ષેત્રે ડિગ્રી અને સ્થાન હાંસલ કરતી ગઈ છે.

### કુટુંબમાં સભ્યોનું શોષણ અને ભેદભાવ

નોકરીને લીધે ઉત્તરદાતાઓની આવક નિશ્ચિત અને નિયમિત બની છે. પરિણામે તેઓનાં જીવનધોરણ અને રહેણીકરણીમાં સુધારો થયો છે. તેઓ ગૌરવપૂર્વક જીવતાં થયા છે. હક્ક માટેની જાગૃતિ અને અન્યાયો સામે પ્રતિકાર કરવાની હિંમત તેઓ કરી શકે છે. ૯૬% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે, કુટુંબના સભ્યોનું શોષણ અને ભેદભાવમાં ઘટાડો થાય છે. ૪% ઉત્તરદાતાઓએ આ અંગે જવાબ આપ્યો નથી.

### સામાજિક રિવાજો અંગેની માન્યતામાં પરિવર્તન

દરેક સમાજ પોતાના સભ્યો માટે સમાજમાં આંતરક્રિયા અને વ્યવહાર માટેના ધોરણો નક્કી કરે છે. સમાજના આ ધોરણો, મૂલ્યો અને માન્યતાઓ વિકસે છે. જેને લઈને સભ્યો આપસમાં તેમજ અન્ય સમાજના સભ્યો સાથે સામાજિક, ધાર્મિક, આર્થિક વગેરે વ્યવહાર માટે આંતરક્રિયા કરે છે.

અનુસૂચિત જાતિમાં વિવિધ પેટાજ્ઞાતિઓને પણ પોતપોતાનાં આગવાં સામાજિક બંધારણો છે. પરાપૂર્વથી મૌખિક રીતે પેઢી દર પેઢી સ્વીકારાયેલા આ બંધારણો વર્તમાન સમયે અનેક સુધારા-વધારા સાથે ધીરે ધીરે લેખીત સ્વરૂપ પામી રહ્યા છે. અહીં ઉત્તરદાતાઓની સામાજિક રીવાજો અંગેની માન્યતાઓમાં પરિવર્તન અંગે પૂછતાં, ૮૭% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેમની સામાજિક રીત રિવાજો અંગેની માન્યતાઓમાં પરિવર્તન આવ્યું છે.

### તારણો

પ્રસ્તુત સંશોધનમાં બધા જ ઉત્તરદાતાઓ માને છે કે, નોકરીને લીધે વ્યક્તિત્વને નવો ઓપ મળ્યો છે. અનેક વ્યક્તિઓનો સંપર્ક વધ્યો છે. અને તેઓના જ્ઞાનમાં વધારો થયો છે. તથા આર્થિક સ્વાતંત્ર્ય મળવાથી સ્વાવલંબી બન્યા છે. લગભગ બધા ઉત્તરદાતાઓ માને છે કે તેઓના વૈચારિક વલણોમાં પરિવર્તન આવ્યું છે અને સમયનો સદ્ઉપયોગ કરવાની પ્રરણા મળી છે. અર્ધા ઉપરાંતના ઉત્તરદાતાઓને બેવડી ભૂમિકા (ઘર અને નોકરી) ને લીધે ઉભા થતાં પ્રશ્નોનો સામનો કરવો પડે છે. અડધા જેટલા ઉત્તરદાતાઓને નોકરીના સ્થળે આવવા જવાની પ્રતિકૂળતાથી આરોગ્ય ઉપર વિપરીત અસરો પડવાની શક્યતા ઉભી થશે તેમ લાગે છે. અડધા ઉપરાંતના ઉત્તરદાતાઓનું કુટુંબ સંયુક્તમાંથી વિભક્ત પ્રકારનું બન્યું છે. લગભગ બધા ઉત્તરદાતાઓના કુટુંબનો દરજ્જો ઉંચો આવ્યો છે અને કુટુંબની પ્રતિષ્ઠા વધી છે. લગભગ બધા ઉત્તરદાતાઓના ઘરમાં ટેલિવિઝન છે. અડધા ઉત્તરદાતાઓના ઘરે ટેલિફોન છે. પોણા ભાગ ઉપરાંતના ઉત્તરદાતાઓ પોતાના બાળકોને સારી શાળામાં મોકલી શક્યા છે અને તેઓને શિક્ષણ પાછળ પૂરતું ખર્ચ કરી શક્યા છે. અડધા ઉપરાતંના ઉત્તરદાતાઓના કુટુંબના સભ્યોને લગ્ન માટેની તકમાં વધારો થયો છે અને લગ્નક્ષેત્ર વિસ્તૃત બન્યું છે. લગભગ બધાં જ ઉત્તરદાતાઓ એમ માને છે કે તેઓની જીવનશૈલી બદલાઈ છે અને કૌટુંબિક રૂઢીચુસ્તતા તથા

અંધવિશ્વાસનું પ્રમાણ ઘટ્યું છે. ૮૫% ઉત્તરદાતાઓના કુટુંબની સ્ત્રીઓનો શૈક્ષણિક વિકાસ થયો છે અને લગભગ બધા ઉત્તરદાતાઓના કુટુંબની સ્ત્રીઓમાં જાગૃતિનું પ્રમાણ વધ્યું છે. અડધા ઉપરાતંના ઉત્તરદાતાઓના કુટુંબની સ્ત્રીઓ કુટુંબની આર્થિક બાબતોમાં સહભાગી બની છે. લગભગ બધા ઉત્તરદાતાઓના કુટુંબના સભ્યોનું શોષણ અને ભેદભાવ ઘટ્યો છે. ૮૭% ઉત્તરદાતાઓ એમ માને છે કે, તેઓના સામાજિક રિવાજો અંગેની માન્યતાઓમાં પરિવર્તન આવ્યું છે.

## સારાંશ

અનુસૂચિત જાતિનાં લોકાનાં વ્યવસાયની અસર તેઓના જીવન ઉપર પડી છે. તેઓ પોતાના પરંપરાગત ગંદા ગણાતા વ્યવસાયો ત્યજે અને સ્વચ્છ વ્યવસાયોમાં જોડાય તે અસ્પૃશ્યતા નાબૂદી માટે અત્યંત મહત્ત્વની બાબત છે. અનુસૂચિત જાતિનાં લોકો પ્રત્યે રખાતી સૂગનું કારણ તેઓના ગંદા વ્યવસાયો છે. તેઓ આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરશે તો અન્ય ક્ષેત્રોમાં તેઓની પ્રગતિ માટેનાં દ્વાર ખુલ્લા થઈ જશે. આ ઉપરાંત તેઓનું જીવન ધોરણ ઉંચું જસે અને આર્થિક રીતે સ્થિરતા પ્રાપ્ત થશે.

વર્તમાન સ્પર્ધાત્મક યુગમાં અનુસૂચિત જાતિનાં શિક્ષિત લોકોને સરકારી કે જાહેર સંસ્થાઓમાં નોકરી કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. ખાનગી સંસ્થાઓમાં તેઓને પસંદગીની નિમણૂંક મળતી નથી અને જો મળે તો જ્ઞાતિભેદને કારણે પાછળથી નોકરીમાંથી છૂટા થવું પડે છે. એટલે કે, માત્ર અનામત જગ્યાઓ ઉપર જ તેઓની નોકરીની સલામતી છે. આજના સમયમાં વિવિધ સંસ્થાઓનું ખાનગીકરણ વધવા લાગ્યું છે. ખાનગીક્ષેત્રે અનુસૂચિત જાતિના લોકોને નોકરીઓમાં સ્થાન નહીં મળે તો તેઓને ભયંકર બેકારીનો સામનો કરવો પડશે.

સંશોધન દરમ્યાન એ પણ જોવા મળ્યું છેકે અનુસૂચિત જાતિના શિક્ષિતોમાંથી કેટલાકને અનામત જગ્યાઓમાં નોકરીની તક પ્રાપ્ત થઈ છે. પરંતુ આવી તક બધા શિક્ષિતોને મળતી નથી. આર્થિક ઉન્નતિ સામાજિક અને સાંસ્કૃતિક વિકાસનો પાયો છે.

### સંદર્ભ સૂચિ


૧. ગુજરાતના વિકસતાં સમુદાયો, મંગલપ્રભાત, અમદાવાદ :
પટેલ ઉર્મિલા

૨. ગુજરાતની અનૂસુચિત જાતિઓ,
મકવાણા મનુભાઈ

૩. સામાજિક પરિવર્તન અને ગુજરાતના અસ્પૃશ્યો ૧૯મો સૈકો - અર્થાત અંક ૧, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત ૧૯૮૧
મહેતા મકરન્દ

૪. 'Caste and Race in India', Richard D. Irwin, New York, 1932
Ghurey G.S.

૫. 'The History of Caste in India', Ithaca-taylor and Carpenter, 1909,
Ketkar S.V.


■ ■ ■

અનુ.પાના નં. ૪૬ થી શરુ

અર્થ એ થાય છે કે અનેક કારણોસર સ્ત્રીઓને દિલ્હીમાં શિક્ષણ આપી શકાય છે પરંતુ તેમનું સામાજિક સ્થાન નીચુંછે. આ બધાનો નિષ્કર્ષ એ આવે છે કે સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા માટે શિક્ષિતોમાં પણ સ્ત્રીઓના સ્થાન અને માન માટે પ્રયત્ની કરવાનો ખૂબ જરૂર છે.

આ પરિસ્થિતિ વધુમાં એવું પુરવાર કરી જાય છે કે વધતું જતું શિક્ષણ સામાજિક પ્રગતિશીલ મૂલ્યોને અને આધુનિકતાને આપોઆપ સ્વીકારવામાં મદદ કરતું નથી. જો સમાજ રૂઢિગત વિચારોના પ્રભાવ તળે હોય તો તે વિજ્ઞાન અને ટેકનોલોજીએ આપેલાં સાધનો અને માધ્યમોનો રૂઢિગત વિચારોને મજબૂત કરવા માટે ઉપયોગમાં લે છે. પ્રવર્તમાન સમયમાં આપણો રૂઢિગત સમાજ માતાના શરીરની બહાર દૂધનું વાસણ મૂકવાને બદલે ગર્ભાશયમાંના પ્રવાહીમાં જ તેને મારી નાંખે છે. આથી સામાન્ય જનમાનસમાં એવી ગેરસમજ થાય છે કે સ્ત્રીભ્રૂણ હત્યા આધુનિકતાની દેણ છે. વાસ્તવમાં તે પ્રવર્તમાન સમયમાં રૂઢિચુસ્તાની અને પૌરાણિક વિચારોની દેણ છે.

## સમાપન

આધુનિકતાના વિચાર સંપુટમાંનો એક વિચાર એ છે કે કાયદાનું શાસન હોવું જોઈએ. સ્ત્રીભ્રૂણ હત્યા એ બહુ મોટો સામાજિક ગુનો બને છે તથી ભારત સરકારે સમાજને લગતા જે અનેક કાયદા કર્યા છે તેમાંનો એક કાયદો સામાજિક ભ્રૂણહત્યા અટકાવવાનો છે. એ કાયદાનું નામ છે. ગર્ભજાતિ પરીક્ષણ નિવારણ કાયદો - ૧૯૯૪. આમ, સરકારી રાહે પણ સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા માટે આખા દેશમાં મોટા પાયા પર સમાજ જાગૃતિનું કામ ઉપાડવામાં આવ્યું છે. જુદી જુદી બીનસરકારી સંસ્થાઓએ પણ આ કામ ઉપાડ્યું છે. એવી એક અમદાવાદની 'સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ' નામની સંસ્થાએ 'સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવીએ' નામનું પુસ્તક પ્રકાશિત કર્યું છે. તમે જોશે કે ઈચ્છિત પરિવર્તન માટે લેખકોએ પરિબળો ગણાવ્યા છે તે બધાં જ આધુનિકતાને સૂચવે છે જેને કારણે સ્ત્રીભ્રૂણ હત્યા થાય છે તેને એમણે ખોટી પરંપરાથી બતાવ્યું છે. જે દર્શાવે છે કે પ્રવર્તમાન સમાજમાં રૂઢિગત વિચારણાને કારણે જ સ્ત્રીભ્રૂણ હત્યા થાય છે.

### સંદર્ભ


૧. સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવીએ, પટેલ વી.એમ., કસ્પેકર એ.પી., સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ, નવરંગપુરા, અમદાવાદ, વર્ષ-૨૦૦૪

2. વોલ્ટેર : Understanding of Inequality

3. રૂસો : The Social Contract


■ ■ ■

# સ્ત્રીભ્રૂણ હત્યા : શું આધુનિક સમાજની દેણ છે ?

✍ ડો.અશ્વિની કાપડીઆ

**દેશના સૌથી વધારે સમૃદ્ધ ગણાતા દિલ્હી, હરિયાણા અને પંજાબમાં સ્ત્રીઓનુંપ્રમાણ સૌથી ઓછું છે. છતાં એ હકીકત જગજાહેર છે કે આ ત્રણે રાજ્યોમાં સ્ત્રીઓની સામાજિક અને કૌટુંબિક પરિસ્થિતિ ઘણી જ દયનીય છે. અહીંની સ્ત્રીભ્રૂણ હત્યાની ભાગીદાર કમનસીબ માતાઓના ઈન્ટરવ્યુ લેવાયા ત્યારે એમાંની કેટલીક સ્ત્રીઓએ નિખાલસતાપૂર્વક એકરાર કર્યો હતો કે તેઓ એમના જેવી કરૂણ પરિસ્થિતિમાં તેમની દીકરીઓને મૂકવા માંગતી નથી. તેમનો આ એકરાર સ્પષ્ટ કરે છે કે આ વિસ્તારોમાં રાજકીય અને આર્થિક વિકાસ ખૂબ થયો છે અને તે દૃષ્ટિએ ત્યાં આધુનિકતા આવેલી દેખાય છે. આગળ વધીને પંજાબમાં આવેલા ભાખરા બંધ આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બે મીસાલ પૂરાવો છે. પરંતુ એ જ રાજ્યોમાં આવેલા પુરાણા કુતુબમિનારના જેટલા જૂના વિચારોમાંથી સમાજ મુક્ત થયો નથી.**

સ્ત્રીભ્રૂણ હત્યા ખૂબ ગંભીર સમસ્યા છે. આ સમસ્યા કુદરતે પેદા કરી નથી, પરંતુ માણસોએ અને તેમના બનેલા સમાજે પેદા કરી છે. સ્ત્રીભ્રૂણ હત્યા માનવસર્જિત હોવાથી માનવ સમાજે જ એ સમસ્યાનો ઉકેલ લાવવો પડે. કુદરતને સંબંધ છે ત્યાં સુધી બાળકો અને બાલિકાઓના જન્મ સપ્રમાણ રીતે જ થાય તેવી ગોઠવણ હોય છે. પુરુષના વીર્યમાં સમાવિષ્ટ X અને Y થી ઓળખાતા કણો સમાન સંખ્યામાં પેદા થાય છે. આથી બાલિકાઓની ઓછી સંખ્યાના જન્મ માટે નથી જવાબદાર કુદરત કે નથી જવાબદાર માતા.

સ્ત્રીભ્રૂણ હત્યાનો પ્રશ્ન અત્યારે જ કેમ ગંભીર બન્યો એવી વિચારણા શરૂ થાય છે. તેથી ઝટ તેમજ સીધો સાદો જવાબ આપી દેવાય છે, કે હમણાંના સમયમાં એ સવાલ આપણને ગંભીર લાગે છે, તેથી સમસ્યા આજની એટલે કે આધુનિકતાની દેણ છે. કોઈપણ સામાજિક સમસ્યાના દેખીતા સરળ ઉકેલ શોધવામાં ખૂબ જોખમી છે. સ્ત્રીભ્રૂણ હત્યા સાથે સમગ્ર સમાજનું અસ્તિત્વ જોખમમાં મૂકાય છે તેથી એ સમસ્યાના ઉકેલને હળવાશથી લઈ શકાય નહીં. આધુનિક સમાજ એટલે તે સમાજ કે જેણે આધુનિકતાને સ્વીકારી છે. આથી આપણે આધુનિકતાને સમજવી પડે આમ, સ્ત્રીભ્રૂણ હત્યાના કારણો પૈકી એક કારણ આધુનિકતા છે કે નહીં તેને ઉંડાણપૂર્વક તપાસવું પડે. મેં તે તપાસવાનો યતકિંચિત પ્રયાસ કર્યો છે. મારી આ તપાસનાં તારણો સ્ત્રીભ્રૂણ હત્યાના ઉકેલ માટે યોગ્ય થઈ પડશે તેવું મારું માનવું છે.

### આધુનિકતાની સંકલ્પના

જે પૌરાણિક નથી તે આધુનિકતા છે. જેમાં રૂઢિગતતા નથી તે આધુનિકતા છે. વૈચારિક, કલાવિષયક, સાહિત્ય વિષયક અને સામાજિક ક્ષેત્રે જ્યારે જૂના વિચારો અને રીતિનીતિઓનો અસ્વીકાર કરવામાં આવે અને તદ્દન નવી રીતે વિચારવામાં આવે ત્યારે તે આધુનિકતા બને છે. જેવું છે તેવું જ બતાવતાં પૌરાણિક ચિત્રોની જગ્યાએ બુદ્ધિ કસીને જ્યારે ચિત્રને સમજવાનું આવે ત્યારે તેના ચિત્રકારે આધુનિકતા સ્વીકારી છે એવું કહી શકાય. એવી ચિત્રકળા મૉડર્ન આર્ટથી ઓળખાય છે. સ્ત્રીભ્રૂણ હત્યા કૌટુંબિક અને સામાજિક ઘટના છે. આથી જ પૌરાણિક વિચારો હતા અને આજે પણ સમાજમાં પ્રવર્તે છે તે 'સ્ત્રી નર્કની ખાણ છે', 'સ્ત્રીને તો રોજ એક વાર ટીપવી જ પડે', 'ખૂબ પાપ કર્યા હોય તો બૈરાંનો અવતાર મળે', 'સ્ત્રી કાર્યક્ષેત્ર તો રસોડું અને પ્રજોત્પત્તિનું જ છે' જેવા ખયાલો પૌરાણિક છે. 'પતિના પાછળ જીવતા સળગી જવાથી સતીત્વ મળે છે', વિધુર પુનઃલગ્ન કરી શકે પણ વિધવા નહીં, બૈરા ભણે તો છકી જાય જેવા આત્યંતિક અને ક્રૂર વિચારો પણ પૌરાણિક છે. આ બધાનો કુલ સરવાળો એ થાય છે કે કુટુંબમાં અને સમાજમાં સ્ત્રી વિવિધ પ્રકારના શોષણો કરવા માટેનું રમકડું બની ગયું છે. આધુનિકતા આ બધા જ પૌરાણિક વિચારોનો અસ્વીકાર કરે છે.

(લેખક શ્રીમતિ વી.આર. ભક્ત શિક્ષણ મહાવિદ્યાલય સુરત સાથે સંકળાયેલા છે.)

આ બધાં રૂઢીગત અને પૌરાણિક વિચારોનો અસ્વીકાર કરતો વિચારસંપુટ સમગ્ર વિશ્વને ફ્રાંસની અઢારમી સદીમાં થયેલી ક્રાંતિમાંથી પ્રાપ્ત થયો છે. ફ્રાંસની ક્રાંતિના મૂળમાં ક્રાંતિકારી વિચારોનું પ્રેરકબળ કામ કરતું હતું.ફ્રાંસ અને વિશ્વની પૌરાણિક વિચારસરણી સામે અનેક ચિંતકોએ પોતાના વિચારો રજૂ કર્યા. તે પૈકી વોલ્ટર અને રૂસોના વિચારો ફ્રાંસ અને દુનિયાની પ્રજા પર ભારે અસર કરી ગયા. આ બધા વિચારોનો ટૂંક સાર 'સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા' થી પ્રજા સમક્ષ રજૂ કરવામાં આવ્યો. આ ત્રણે શબ્દો પાછળ જે વિચારો હતા તે ધગધગતા લાવારસ જેવા હતા જેણે રાજાશાહી અસમાનતા, સ્ત્રી-રંગીન પ્રજા, બાળકો પ્રત્યેના ભેદભાવ અને પ્રજાને ગુલામ સમજવાની ભાવનાનો નાશ કરી દીધો. આ ત્રણ શબ્દથી ફ્રાંસમાં આધુનિકતાનો ઉદય થયો. આપણી સ્વતંત્રતાની લડતમાં પણ આ વિચારોએ એક પ્રેરકબળ તરીકે કામ કર્યું. સ્વતંત્રતા પછી પણ આ વિચારને કેન્દ્રમાં રાખીને બંધારણ ઘડાયુ. બંધારણના મુખ્ય ઘડવૈયા આંબેડકર પર આ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનો ભારે પ્રભાવ હતો. આથી આધુનિકતાના આ વિચારોના એક ભાગ સ્વરૂપ લિંકને જે કહ્યું હતું કે 'લોકોની, લોકો વડે અને લોકો માટેની રાજ્યવ્યવસ્થા સાચી લોકશાહી છે.' તે પ્રમાણેની લોકશાહી ભારતમાં સ્થપાય તેવી વ્યવસ્થા બંધારણમાં થઈ. રાજાઓ દૈવી શક્તિ ધરાવે છે અને તેમના શબ્દો કાયદો છે તે પૌરાણિક વિચાર ફેંકી દેવામાં આવ્યો અને કાયદાના શાસનની સ્થાપના થઈ. આમ, આ બધા વિચારોનો સંપુટ આધુનિકતા છે.

## પ્રવર્તમાન સમય અને આધુનિકતા

ઈતિહાસમાં નોંધાયું છે કે કોઈ એક સમયખંડમાં કોઈ એક જ પ્રકારના વિચારોનો પ્રભાવ પડતો નથી. પ્રવર્તમાન સમયમાં પણ આવું જ બન્યું છે. આધુનિકતા દ્વારા જે વિચારસંપુટ પ્રાપ્ત થયો છે તેની સાથે સાથે પૌરાણિક વિચારો પણ તેમનો પ્રભાવ પાથરી રહ્યો છે. સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા પૈકી કોઈ પણ વિચારના માપદંડે સ્ત્રી શોષણનું રમકડું બની શકતી નથી. આધુનિકતા સ્ત્રીને પુરુષના જેટલો સમાન અને માનભર્યો મોભો આપે છે તે સમાજમાં વાંકડો, સ્ત્રી પરતંત્રતા, આજીવન વૈધવ્ય, મહિલા નિરક્ષરતા, આબરુ માટે પુત્રીઓની કતલ અને સ્ત્રીભ્રૂણ હત્યા જેવા તત્ત્વો અસ્તિત્વ ધરાવતા નથી. આમ પ્રવર્તમાન સમયમાં જે સમાજે આધુનિકતા સ્વીકારી નથી અને રૂઢિગત વિચારો સ્વીકાર્યા છે તે સમાજમાં સ્ત્રીભ્રૂણ હત્યા થાય છે. જે સમાજ મોટા પ્રમાણમાં સ્ત્રીભ્રૂણ હત્યાને ચાલવા દે છે તે પ્રવર્તમાન સમયમાં પુરાણો સમાજ છે, આધુનિક નથી.

## સ્ત્રીભ્રૂણ હત્યાને પોષક રૂઢિગત ખ્યાલો

૨૦૦૧માં થયેલી વસતી ગણતરી સૌથી વધારે વિશ્વસનીય માહિતી ગણી શકાય. ભારતમાં ૧૯૦૧થી વસતી ગણતરી થાય છે. કોઈ પણ વસતી ગણતરીમાં સ્ત્રીઓની સંખ્યા પુરુષ જેટલી થઈ નથી. સ્વતંત્રતા બાદ પણ એ પ્રમાણ સુધર્યું નથી. એકંદરે ભારતનો સમાજ રૂઢિચુસ્ત હોવાને કારણે આ બને છે. ક્યા રાજ્યમાં ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા કેટલી છે તે તપાસતા આપણે ક્યાં પરિબળો સ્ત્રીભ્રૂણ હત્યા માટે જવાબદાર છે તે નક્કી કરી શકીએ. પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી હોય તો વૈજ્ઞાનિક દષ્ટિએ સ્ત્રીઓના મોત અકુદરતી કારણસર એટલે કે સામાજિક અને કૌટુંબિક કારણોએ થાય છે તે સ્વીકારવું પડે. વૈજ્ઞાનિક રીતે એવું પુરવાર થયું છે કે સમાન પરિસ્થિતિમાં પુરુષ કરતાં સ્ત્રીનું આયુષ્ય કુદરતી રીતે વધારે હોય છે. એનો અર્થ એ થયો કે પુરુષના પ્રમાણમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી કરવા માટે સામાજિક અને કૌટુંબિક રૂઢિગત રિવાજો આપણાં કેટલાક વિસ્તારોમાં ખૂબ વધારે અસરકારક છે. હું સમજું છું કે જો પ્રમાણમાં સ્ત્રીઓની સંખ્યા છી હોય તો માત્ર સ્ત્રીભ્રૂણ હત્યા જેવા અકુદરતી, રૂઢિગત અને ક્રૂર વિચાર જ જવાબદાર નથી. છોકરીઓને અપૂરતું પોષણ, કૌમાર્ય આવે ત્યારે દર્શાવવામાં આવતી બેદરકારી, વાંકડા ખૂન, માન જાળવણી ખૂન અને ખાસ તો કુટુંબમાં સતત થતાં અપમાન અને શોષણ આ બધી જ રૂઢિગત વિચારણાઓ સ્ત્રીઓની સંખ્યા ઓછી કરે છે. મારી રજૂઆતનો આ જ મુદ્દો છે કે સામાજિક અને કૌટુંબિક સ્તરે સ્ત્રીને સમાનતા અને માનભર્યું સ્થાન આપવામાં આવતું નથી તેથી સ્ત્રીભ્રૂણ હત્યા થાય છે.

આ સંદર્ભે વસતી ગણતરીના આંકડા તપાસીએ તો ૨૦૦૧માં કેન્દ્રશાસિત વિસ્તારો સહિત એકંદરે ૩૫ રાજ્યો અને વિસ્તારોના સ્ત્રી પુરુષ પ્રમાણ જાહેર કરવામાં આવ્યાં. આમાંથી ૮ રાજ્યો અને વિસ્તારો દસ લાખથી ઓછી વસ્તીવાળા છે એટલે કે આ વિસ્તારોનો નમૂનો ઘણો

**સારણી-૧ ન્યુનતમ સ્ત્રી-પ્રમાણ ધરાવતાં ત્રણ રાજ્યો (દર હજાર પુરુષે)**

| રાજ્યનું નામ | સ્ત્રીઓની સંખ્યા |
|---|---|
| દિલ્હી | ૮૨૧ |
| હરિયાણા | ૯૬૧ |
| પંજાબ | ૯૭૪ |

**સારણી-૨ મહત્તમ સ્ત્રી પ્રમાણ ધરાવતાં ત્રણ રાજ્યો (દર હજાર પુરુષે)**

| રાજ્યનું નામ | સ્ત્રીઓની સંખ્યા |
|---|---|
| કેરાળા | ૧૦૫૮ |
| છત્તીસગઢ | ૯૯૦ |
| તામીલનાડુ | ૯૮૬ |

નાનો છે. આથી આજની મારી રજૂઆતમાં એ રાજ્યો અને વિસ્તારોને ધ્યાનમાં લીધા નથી. આમ કરીને જો ન્યુનતમ અને મહત્તમ સ્ત્રી પ્રમાણના પહેલા ૩ રાજ્યો અલગ કરવામાં આવે તો ઘણી માહિતી મળે છે.

આ સારણી-૧ અને ૨ પ્રમાણે સ્પષ્ટ થાય છે કે દેશના સૌથી વધારે સમૃદ્ધ ગણાતા દિલ્હી, હરિયાણા અને પંજાબમાં સ્ત્રીઓનુંપ્રમાણ સૌથી ઓછું છે. આ ત્રણે રાજ્યો માત્ર માથાદીઠ આવકની દૃષ્ટિ સમૃદ્ધ નથી પરંતુ આર્થિક વિકાસમાં પણ આગળ છે. આમ છતાં એ હકીકત જગજાહેર છે કે આ ત્રણે રાજ્યોમાં સ્ત્રીઓની સામાજિક અને કૌટુંબિક પરિસ્થિતિ ઘણી જ દયનીય છે. અપવાદરૂપ સ્ત્રીઓ સિવાય સામાન્ય મહિલાઓ કુટુંબમાં અને સમાજમાં નિમ્નકક્ષાનું સ્થાન ભોગવે છે. અહીંની સ્ત્રીભ્રૂણ હત્યાની ભાગીદાર કમનસીબ માતાઓના ઈન્ટરવ્યુ લેવાયા ત્યારે એમાંની કેટલીક સ્ત્રીઓએ નિખાલસતાપૂર્વક એકરાર કર્યો હતો કે તેઓ એમના જેવી કરૂણ પરિસ્થિતિમાં તેમની દીકરીઓને મૂકવા માંગતી નથી. તેમનો આ એકરાર સ્પષ્ટ કરે છે કે આ વિસ્તારોમાં રાજકીય અને આર્થિક વિકાસ ખૂબ થયો છે અને તે દૃષ્ટિએ ત્યાં આધુનિકતા આવેલી દેખાય છે. આગળ વધીને પંજાબમાં આવેલા ભાખરા બંધ આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બે મીસાલ પૂરાવો છે. પરંતુ એ જ રાજ્યોમાં આવેલા પુરાણા કુતુબમિનારના જેટલા જૂના વિચારોમાંથી સમાજ મુક્ત થયો નથી. દિલ્હીમાં સંસદમાં દેશનું ભાવિ ઘડાય છે. જ્યારે રસોડામાં સ્ત્રીઓ જીવતી બળે છે અથવા તો જન્મ લેતાં પહેલાં માંસના લોચાની જેમ કચરાપેટીમાં ફેંકાઈ જાય છે. સોનોગ્રાફી આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનું પ્રદાન છે. પરંતુ તેના ઉપયોગ કરવા ડોકટરો અને તેનો ભોગ બનતી ગર્ભસ્થ બાલિકાઓના મા-બાપ પૌરાણિક માનસ ધરાવે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રગતિની સાથે સાથે સામાજિક અને કૌટુંબિક માન્યતાઓના ક્લેવરને પણ આધુનિક પ્રગતિની સાથે સાથે સામાજિક અને કૌટુંબિક માન્યતાઓના ક્લેવરને પણ આધુનિક બનાવવા પડે.

બીજી બાજુ દર્શાવે છે કે કેરાળાએ વિક્રમ સર્જક સ્ત્રી પ્રમાણ જાળવ્યું છે. કુદરતી કારણોસર સ્ત્રીઓની સંખ્યા પુરુષો કરતાં વધે તેનો પુરાવો કેરાલા છે. ત્યાંની સ્ત્રીઓને સમાજમાં પુરુષો જેટલું સમાન અને સન્માનભર્યું સ્થાન મળ્યું છે. સૌથી વધારે સ્ત્રી શિક્ષણ કેરાળામાં છે. આ બાબત વધુ એક પુરાવો આપે છેકે શિક્ષણને કારણે સ્ત્રીઓનું સશક્તીકરણ થાય છે. અલબત્ત એક માત્ર શિક્ષણને જ કારણે તે શક્ય બનતું નથી. શિક્ષણ સ્ત્રીભ્રૂણ હત્યા નિવારતું એક પરિબળ બની શકે પરંતુ તે એક માત્ર પરિબળ ન બની શકે.

સમાજમાં સ્ત્રીને સમાનતા અને સન્માન પ્રાપ્ત થાય તો જ સ્ત્રીભ્રૂણ હત્યા અટકી શકે. છત્તીસગઢ મુખ્યત્વે આદિવાસીઓનું રાજ્ય છે. આ આદિવાસી સમાજ પર જે રૂઢિગત વિચારો છે તેની અસર ખૂબ ઓછી થઈ છે. તેઓ કુદરતની ખૂબ પાસે રહે છે અને કુદરતી પરિબળોને એમનું કામ કરવા દે છે. આખા દેશના માટાભાગનો આદિવાસી સમાજ સ્ત્રી-પુરુષની સમાનતાને સહજ રીતે સ્વીકારે છે. આર્થિક પ્રવૃત્તિઓમાં પણ સમાજની સ્ત્રીઓ પુરુષો સાથે ખભે ખભા મિલાવે છે. આથી સમાજમાં સ્ત્રીને નિમ્ન કક્ષાની ગણવી કે અપમાનિત રાખવાનો સવાલ જ પેદા થતો નથી. પરિણામે ત્યાં શિક્ષણ ઓછું હોવા છતાં ૧૦૦૦ પુરુષોએ ૯૯૦ સ્ત્રીઓ છે. આ બતાવે છે કે માત્ર શિક્ષણથી સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવી શકાતી નથી. જેને માટે અંગ્રેજીમાં માઈન્ડસેટ કહે છે તે મૂળભૂત વિચારો જ સમાજમાં સ્ત્રીઓ માટે બદલવા જોઈએ. તામિલનાડુ સ્ત્રીઓના પ્રમાણમાં ત્રીજા ક્રમે આવે છે. સ્ત્રી શિક્ષણમાં પણ તેનો ત્રીજો ક્રમ આવે છે. તામિલનાડુ અને દિલ્હીની સરખામણી કરતાં શિક્ષણની મર્યાદિત અસર આપોઆપ પુરવાર થાય છે દિલ્હીમાં કેરાળા પછી સ્ત્રી શિક્ષણ (૭૫%) સૌથી વધારે છે. અને બીજી બાજુ સૌથી ઓછી સ્ત્રીઓ દિલ્હીમાં (૮૨૧) દર્શાવે છે તેનો

અનુ.પાના નં. ૪૩ ઉપર

**સારણીઃ૩ ન્યુનતમ સ્ત્રી પ્રમાણ ધરાવતાં રાજ્યોમાં શિક્ષિત વસતી(%માં)**

| રાજ્ય | પુરુષ % | સ્ત્રી % | તફાવત % |
|---|---|---|---|
| દિલ્હી | ૯૭.૩૭ | ૭૫.૦૦ | ૧૩.૩૭ |
| હરિયાણા | ૭૯.૨૫ | ૫૬.૩૧ | ૨૨.૯૪ |
| પંજાબ | ૭૫.૬૩ | ૬૩.૫૫ | ૧૨.૦૮ |

**સારણીઃ૪ મહત્તમ સ્ત્રી પ્રમાણ ધરાવતા રાજ્યોમાં શિક્ષિત વસતી(%માં)**

| રાજ્ય | પુરુષ % | સ્ત્રી % | તફાવત % |
|---|---|---|---|
| કેરાળ | ૯૪.૨૦ | ૮૭.૮૬ | ૦૬.૩૪ |
| છત્તીસગઢ | ૭૭.૮૬ | ૫૨.૪૦ | ૨૫.૪૬ |
| તામિલનાડુ | ૮૨.૩૩ | ૬૪.૫૫ | ૧૭.૭૮ |

# મહિલા સશક્તીકરણ : દલિત સ્ત્રીઓની નજરે

✍ કિન્ના ચડોકીયા

ગાંધીજીએ કહ્યું હતું કે, 'અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું કલંક છે.'

અવગણના, પરાયાપણું એટલે અળગાપણું જેમાં મનુષ્ય એક ઘટક બની જાય છે. આંકડો-સંખ્યા બની જાય છે અને પ્રવર્તમાન વ્યવસ્થાના પરિવર્તન પરત્વે ઉદાસીન બની જાય છે. પ્રવર્તમાન સામાજિક પિતૃસ્તાક વ્યવસ્થા, સામાજિક અને આર્થિક સ્તરીકરણના માળખામાં દલિત સ્ત્રીનું સીમાન્તીકરણ અને સમાન્તીકરણના કારણે દલિત સ્ત્રી અતિ ઉપેક્ષિત બની ગઈ છે. સમાજમાં તે જીવે છે પરંતુ પોતાની જાતિ અને સમાજ સાથે પરાયાપણું અનુભવે છે. સામાજિક વ્યવસ્થામાં એક સ્ત્રી ઉપરાંત દલિત સ્ત્રી તરીકે તિરસ્કાર, અમાનવીય વ્યવહાર, અસુરક્ષા અને આત્મસન્માનને નીચોવી નાંખે છે.

ઋગ્વેદના દસમાં મંડલના પુરુષસૂકતમાં કહેવામાં આવ્યું છે કે, બ્રાહ્મણ વિરાટ પુરુષના શીશમાંથી, ક્ષત્રિય તેની ભૂજામાંથી, વૈશ્ય તેની જાંઘમાંથી અને શુદ્ર તેના પંજામાંથી જન્મ્યા. આ પરથી સ્પષ્ટ થાય છે કે મનુષ્યની ઉત્પત્તિ માટે સ્ત્રી નહીં પણ પુરુષને મહત્ત્વનો ગણવામાં આવે છે. વૈશ્વિક સ્તરે સ્ત્રી-પુરુષ વચ્ચેની સ્પષ્ટ ભેદરેખા દોરવામાં આવી છેકે જૈવિક કરતા સામાજિક વ્યવસ્થા, ધર્મ, સંસ્કૃતિ દ્વારા વધુ પ્રભાવિત છે. એટલે કહી શકાય કે સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા માનવસર્જિત છે અને આથી જ સ્ત્રીઓનો દરજ્જો હંમેશા 'દ્વિતીય' રહ્યો છે.

### દલિત સ્ત્રીઓની સ્થિતિ અને સમસ્યા

ભારતમાં સામાજિક વ્યવસ્થાનો આધાર ધર્મ રહ્યો છે. સામાજિક સ્તરીકરણમાં સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય વર્ણવ્યવસ્થા મુખ્ય પાયો બની. વંશ, નાત-જાત અને જાતિના આધારે સામાજિક વર્ણવ્યવસ્થા અને તેના દ્વારા સત્તાની લગામ આવી, ત્યારે સત્તાવિહીન પર સત્તાની વહેંચણી થઈ. સામાજિક સ્તરે બિરાજતા વર્ગ પાસે પરાધિનતા બળજબરીથી લાદવામાં આવી. આમ સામાજિક જીવન પર ધર્મશાસ્ત્રોની વ્યાપક અસર થઈ.

ઉચ્ચ ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક ધરોહર ધરાવતા ભારત દેશમાં જો સ્ત્રીનો દરજ્જો દ્વિતીય નાગરીકોનો હોય તો દલિત સ્ત્રીનો દરજ્જો કયો ગણવો ? સામાજિક વર્ણીયમાળખામાં છેવાડે મૂકાયેલ, અવહેલના, અપમાન અને તિરસ્કૃત દલિત સમુદાય અને આ સમુદાયની દલિત સ્ત્રીની સ્થિતિ શું હોઈ શકે ? સ્ત્રી તરીકેનો સામાજિક ભાર અને દલિત તરીકે પણ કોરાણે મૂકાયેલ છે, જેના માટે અસ્તિત્ત્વ એ સંઘર્ષ સિવાય વિશેષ કશું નથી. સામાજિક સંઘર્ષ, કૌટુંબિક સંઘર્ષ, અને આર્થિક સંઘર્ષની સાથે માનવીય સન્માનની ગેરહાજરીમાં એનું જીવન શરૂ થાય છે અને સમાપ્ત થઈ જાય છે.

સામાજિક માળખામાં અસ્પૃશ્યતાનો ભોગ બનેલ કચડાયેલા, દબાયેલા વર્ગને દલિત કહેવામાં આવે છે. એટલે કે અધિકારોથી વંચિત એવા છેવાડાના વર્ગને દલિત કહેવામાં આવે છે. જેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગનો સમાવેશ થાય છે. દેશની કુલ વસતીમાં તેમનું પ્રમાણ ૬૦% જેટલું છે. અનુ.જાતિ, અનુ.જનજાતિ અને અન્ય પછાતવર્ગ વચ્ચે સ્પષ્ટ તફાવત છે. અનુ.જનજાતિ એ ભૌગોલિક રીતે છૂટાછવાયા અને જંગલ વિસ્તારોમાં રહેતો વર્ગ છે. જે આર્થિક વિકાસના લાભોથી વંચિત અલ્પવિકસિત વર્ગ છે. જયારે અનુસૂચિતજાતિ એ સમાજમાં, સમાજ વચ્ચે સાથે રહે છે. આ વર્ગ માત્ર આર્થિક રીતે પછાતપણું ભોગવતો નથી, પરંતુ તેથી વિશેષ સામાજિક ભેદભાવ અને તિરસ્કાર

(લેખિકા શેઠ એમ. એન. લો કોલેજ પાટણમાં અધ્યાપક સહાયક છે.)

ભોગવે છે. આમ, આ વર્ગના આર્થિક, સામાજિક સિમાન્તીકરણની સાથે માનવીય ગૌરવનું પણ હનન થાય છે.

સમગ્ર દેશમાં દલિત સ્ત્રીની સ્થિતિ જોતાં વર્તમાન સમયે દલિત સ્ત્રીની સ્થિતિ નીચેના મુદ્દાઓ અને પ્રશ્નો દ્વારા સ્પષ્ટ કરી શકાય.

**સામાજિક અવગણના**

ગાંધીજીએ કહ્યું હતું કે, 'અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું કલંક છે.'

અવગણના, પરાયાપણું એટલે અળગાપણું જેમાં મનુષ્ય એક ઘટક બની જાય છે. આંકડો-સંખ્યા બની જાય છે અને પ્રવર્તમાન વ્યવસ્થાના પરિવર્તન પરત્વે ઉદાસીન બની જાય છે. પ્રવર્તમાન સામાજિક પિતૃસ્તાક વ્યવસ્થા, સામાજિક અને આર્થિક સ્તરીકરણના માળખામાં દલિત સ્ત્રીનું સીમાન્તીકરણ અને સમાન્તીકરણના કારણે દલિત સ્ત્રી અતિ ઉપેક્ષિત બની ગઈ છે. સમાજમાં તે જીવે છે પરંતુ પોતાની જાતિ અને સમાજ સાથે પરાયાપણું અનુભવે છે. સામાજિક વ્યવસ્થામાં એક સ્ત્રી ઉપરાંત દલિત સ્ત્રી તરીકે તિરસ્કાર, અમાનવીય વ્યવહાર, અસુરક્ષા અને આત્મસન્માનને નીચોવી નાંખે છે. પોતાની જાતને સ્વતંત્ર અભિવ્યક્ત કરવાની અસમર્થતા કારણે તે પોતાની જાતેને આપેલ વ્યવસ્થાને અનુરૂપ ઘડવાનો સતત પ્રયત્ન કરે છે.

**આર્થિક અસમાનતા**

અર્થશાસ્ત્રની પરિભાષામાં દેશ ઝડપથી વિકાસ પ્રાપ્ત કરી રહ્યો છે આ વિકાસ દર ૮ % થી ૯% જેટલો છે. ખાનગીકરણ, ઉદારીકરણ, અને વૈશ્વિકરણ દ્વારા ભારત વિશ્વનું શક્તિશાળી રાષ્ટ્ર બનશે તેવી ધારણા રખાય છે. વાસ્તવમાં મૂડીવાદ તરફની ગતિ ભારત જેવા વિકાસશીલ દેશ માટે આશીર્વાદ રૂપ નિવડી શકે છે કે કેમ તે પ્રશ્ન છે. ઝડપી દરે વધતા વિકાસના માહોલમાં વંચિત સમુદાયની કઠણાઈમાં વધારો થાય છે પરંતુ તેની સાથે દલિત સ્ત્રીના સંઘર્ષમાં પણ વધારો થયો છે.

દેશની કુલ સ્ત્રીની વસતીમાં દલિત સ્ત્રીઓનું પ્રમાણ ૧૬% છે. કુલ દલિત વસતીમાં દલિત સ્ત્રી ૪૭.૬% છે. આખા દેશમાં ગામડામાં વસતી સ્ત્રીઓમાં દલિત સ્ત્રીઓનું પ્રમાણ ૧૭.૯૨ % છે. આખા દેશની શહેરી સ્ત્રીઓમાં દલિત સ્ત્રીઓનું પ્રમાણ ૧૨% જેટલું છે. ગુજરાતમાં ગ્રામીણ વિસ્તારમાં વસતી કુલ સ્ત્રીઓમાં દલિત સ્ત્રીઓનું પ્રમાણ ૬.૯૭ % જેટલું છે. દેશમાં કુલ દલિત સમુદાયની ૮૮% વસતી ગામડામાં છે. અસ્તિત્ત્વ ટકાવી રાખવા માટે દલિત સ્ત્રીઓએ સંઘર્ષ કરવો પડે છે. ગ્રામીણક્ષેત્રે મુખ્યત્વે ખેતમજૂરી, છૂટક મજૂરી, માછીમારી, પરંપરાગત વ્યવસાયોનો સમાવેશ થાય છે. ઘરના કામનો ભાર જેવો કે પાણી, બળતણ, ઘાસચારો લાવવો, ઘરનું કામ વગેરે અને સમયની સાથે તેને બહારનું વૈતરું પણ કરવું પડે છે. તનતોડ મજૂરી તો ખરી પણ અસંગઠિત શ્રમિક હોવાથી વધુ કલાક કામ, નીચા વચનો દ્વારા તેમનું શોષણ કરવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારની કુલ દલિત સ્ત્રીઓમાં ૮૫% જેટલી સ્ત્રીઓ ખેતમજૂર તરીકે કામ કરતી હતી. શહેરી ક્ષેત્રમાં દલિતો અતિ અલ્પભાગમાં શિક્ષિત છે અને જ્યાં ખૂબ મોટા પ્રમાણમાં અશિક્ષિત છે તેમને મજૂરી કર્યા સિવાય છૂટકો નથી.તેઓ અસંગઠિત તથા સ્વરોજગારીના ક્ષેત્રોમાં કામ કરે છે. અસંગઠિત ક્ષેત્રે કામ કરતી સ્ત્રીઓનું આર્થિક રીતે તો ખરું પણ શારીરિક શોષણ પણ થતું હોય છે, આ છતાં પરિવારની જવાબદારીના કારણે તે શોષાઈને પણ માંડમાંડ બે ટંકનું ભોજન મેળવી શકે છે. જેમાં સ્ત્રીઓનું સ્વાસ્થ્ય પણ જોખમાય છે. તેમજ સમગ્ર દેશમાં મેલું ઉપાડનાર દલિત સંખ્યાઓ લગભગ પાંચ લાખ છે. આ કાર્ય મુખ્યત્વે સ્ત્રીઓ દ્વારા જ કરવામાં આવે છે. તેમજ માથે મેલું ઉપાડનાર સ્ત્રીઓની ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આમ, દલિત મહિલાઓમાં પણ દલિત સફાઈ કામદાર દલિત સ્ત્રી છે. નબળી આર્થિક પરિસ્થિતિના કારણે દલિત સ્ત્રીએ નીચે દરજ્જાના અને નીચા વેતનવાળા કામો પણ કરવા પડે છે.

**માનવીય અધિકારોથી વંચિત**

દેશમાં વસતા બધા નાગરિકોને કાયદો સમાન દૃષ્ટિથી જુએ છે એમ જણાવવામાં આવ્યું છે પણ શું દલિત સ્ત્રીને નાગરિક તરીકે ગણવામાં આવે છે. નાગરિકતાથી વિભાવના દલિત સ્ત્રીનો પડછાયો પણ નથી. વ્યવસ્થાતંત્રની ખામી દ્વારા દલિત સ્ત્રીની સ્થિતિ ભેદભાવપૂર્ણ થઈ જાય છે. કોઇ પણ સ્વતંત્ર રાષ્ટ્રના નાગરિકના મૂળભૂત અધિકારો સમાન જ હોય, આપણા બંધારણે પણ સૌને સમાન હક આપ્યા છે. બંધારણમાં વિવિધ કલમો જોઇએ.

- કાયદા સમક્ષ સમાનતા અથવા અસમાનતાનો અધિકાર - અનુ.૧૪
- ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનનાં કારણોસર ભેદભાવ પર પ્રતિબંધ - અનુ.૧૫.
- જાહેર રોજગારીની બાબતોમાં તકની સમાનતા - અનુ.૧૬
- જીવન અને અંગત સ્વાતંત્ર્યનું રક્ષણ અનુ.૨૧
- ગુલામી અને ફરજિયાત શ્રમ અને કાનૂની રક્ષણ - અનુ.૨૩

- બંધારણીય ઉપચારોનો અધિકાર - અનુ. ૩૨

ઉપર્યુક્ત કલમોના સંદર્ભે બંધારણમાં આદર્શ અને વાસ્તવિકતા વચ્ચે પહોળી ખાઈ છે. કટ્ટર ધાર્મિક હિતગ્રહી જૂથો, સત્તાધારીઓ, રાજકીયપક્ષો તેને વધુ પહોળી બનાવે છે. આવી સ્થિતિમાં જ્યાં દલિત વર્ગનું સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક શોષણ અને બીનમાનવીકરણ થતું હોય તો દલિત સ્ત્રીની સ્થિતિને શું કહી શકીશું ?

કોઈપણ સ્વતંત્ર રાષ્ટ્રના નાગિરકના મૂળભૂત અધિકારો સમાન જ હોય છે. આપણા બંધારણે પણ સૌને સમાન હક આપ્યા છે. ધાર્મિક અને જાતિગત સંઘર્ષ માટે આપણો દેશ વગોવાયેલો છે. જ્યારે પણ જૂથો વચ્ચે સંઘર્ષ થાય છે ત્યારે તેનો સીધો ભોગ સ્ત્રીઓ બને છે.

દક્ષિણભારતમાં પુખ્ત ઉંમરે પહોંચે તે પહેલા જ હજારો કન્યાઓ વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવાય છે. દેવદાસીના નામ, જે મોટ ભાગે દલિત છોકરીઓ છે. એકવાર દેવદાસી તરીકે સમર્પણ થયા પછી તે છોકરી લગ્ન કરી શકતી નથી. ઊંચી જાતિના પુરુષોના જાતિય ઉપભોગ માટે તેને ફરજ પડાય છે અને અંતે શહેરી વેશ્યાવાડામાં વેચી દેવાય છે. તેમજ બળાત્કાર જેવી ઘટનાઓ પણ ગ્રામીણ વિસ્તારોમાં સામાન્ય પણે બનતી હોય છે. જાતિ પ્રથાના ભાગરૂપે દલિત કન્યાઓને ગામના જમીનદારો સામે સમર્પણ કરવાની ફરજ પાડવામાં આવે છે. મોટાભાગના વિસ્તારોમાં ૧૦ થી ૧૬ વર્ષની ઉંમર દરમ્યાન વહેલા લગ્ન કરી દેવાની પ્રથા જળવાઈ રહી છે. કેમ કે દલિત છોકરીઓ ઉપર એકવાર બળાત્કાર થાય તો તેને સહિયારા પાકો અંગેના વિવાદોના નિકાલ લાવવા માટેની કે ગુમાવી દીધેલી જમીન પર ફરીવાર પોતાના દાવા કરીને દલિતો દ્વારા કરાતી ચળવળોને કચડવા માટેની ઉંચી જાતના નેતાઓના પ્રયાસોના ભાગ રૂપે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓ પર સામૂહિક બળાત્કારો કરવામાં આવે છે. તેમજ દલિત સ્ત્રીઓનું શિક્ષણમાં ઘણું શોષણ થાય છે. આવી શોષણવાળી સ્ત્રીઓ અવાજ ઉઠાવતાં કે ફરિયાદ કરતાં અચકાય છે. તાજેતરમાં પણ એવી ઘટના આપણી નજર સમક્ષ આવી છે જેમાં શિક્ષણ ક્ષેત્રે દલિત સ્ત્રીઓના શોષણની વાતો બહાર આવી છે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને કહ્યું છે કે, "આપણાં દેશમાં જન્મેલા સહુ કોઈને પોતાનું સ્વપ્ન જોવાનો અને તેને સાકાર કરવાનો જન્મસિદ્ધ અધિકાર છે." ખાસ કરીને દલિત વર્ગના બાળકોને શિક્ષણની પૂરતી તકો મળી રહે. શિક્ષકોએ તેમની વિશેષ કાળજી રાખી અધવચ્ચે તેઓ શાળા છોડી જતા ન રહે તેની કાળજી રાખવી જોઇએ. દલિત સમાજના નવા ધંધા સાથે પરંપરાગત ધંધાઓને પણ ઉત્તેજન આપી, તેમની લુપ્ત થતી જતી કલાને પણ જીવંત રાખવાનું કામ આપણે કરવાનું છે. અસ્પૃશ્યતા નિવારવાનું કામ એ પુણ્યનું કામ છે. તેમજ આપણા જ ભાઈ ભાંડુઓને અપનાવવાનું કામ કરે છે. એ આપણાં સહુનું સહિયારું કામ છે.

કોઈને ના કારણ પૂછવાં,<br>
કોઈને ના કહેવું કેમ ?<br>
પળના અનંત મારગ ઉપર,<br>
વેરતા જેવો પ્રેમ

આમ, દલિત સ્ત્રીની સ્થિતિ સુધારવા માટે વ્યૂહરચના ઘડવી પડશે. તેમજ તેમાં અમલીકરણનું વજન પણ હોવું જોઇએ. સંવિધાનની કલમો માત્ર આદર્શ ન રહે પરંતુ ન્યાયતંત્ર દ્વારા તેનો કડક અમલ થાય તો જ સ્ત્રી પરના અત્યાચારો ઘટે. આમ, આવો આપણે સૌ આ દલિત, પીડિત, શાપિત, શોષિત અને વિકાસની તકોથી વંચિત એવો જનસમૂહને ગૌરવભેર જીવન જીવતા કરવા અને મહાત્મા ગાંધીજીના સ્વપ્નના ભારતનું નિર્માણ કરવા ખભે ખભા મિલાવીએ.

■ ■ ■

# અર્થતંત્રમાં પ્રાણ પુરવા સરકાર દ્વારા આર્થિક પેકેજની જાહેરાત

વૈશ્વિક નાણાકીય કટોકટની ભારતીય અર્થતંત્ર પર પડનારી અસરો વિશે ચિંતા સેવીને સરકારે આ સમસ્યાનો ઉકેલ શોધવા સંખ્યાબંધ પગલાં લીધા છે.

આ દિશાની પ્રથમ અગ્રિમતા તે પ્રથમ તો જનતાને આપણી નાણાકીય વ્યવસ્થાઓની સ્થિરતાની પુનઃખાતરી આપવી અને તેમાંય ખાસ કરીને બેન્ક થાપણોની સલામતી આપવાની છે. નાણાકીય મોરચે આરબીઆઈ એ વિસ્તરતા જતા અર્થતંત્રની વધધતી રહેલી જરૂરિયાતો પુરી પાડવા બેંક ધિરાણો મળતા રહે એ રીતે બેન્કિંગ વ્યવસ્થામાં પુરતી તરલતા ઠાલવવા મનસુબો બનાવી લીધો છે. સીઆરઆરમાં શ્રેણીબદ્ધ ઘટાડા કરીને તેમ જ એસએલઆર જરૂરિયાતોને પહોંચી વળવા વધારાની છુટછાટો આપીને બેન્કોમાં રોકડની પૂરતી તરલતા ઉભી કરવામાં આવી છે. રેપો અને રીવર્સ રેપોરેટમાં ઘટાડો કરીને વ્યાજદર ઘટાડાના સંકેત પણ આપી દીધા છે. થોડા સમય પહેલા રેપોરેટ અને રિવર્સ રેપોરેટમાં ૧૦૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો પણ કરવામાં આવ્યો છે. તો વિદેશમાંથી ભંડોળ લાવવા સક્ષમ ધિરાણ ઈચ્છુક વિદેશમાંથી વેપારી ધિરાણ મેળવી શકે તે દિશામાં પણ કેટલીક છુટછાટ આપવામાં આવી છે.

અર્થતંત્રમાં પ્રાણ પુરવા ઉપર મુજબ લેવાયેલા નાણાકીય અને ધિરાણ સંબંધી પગલાં ઉપરાંત અન્ય 'ફિસકલ' પગલાં પણ લેવામાં આવ્યા છે. નાણાકીય બાબતોને પ્રોત્સાહન આપવાની જરૂરત જોતાં સરકારે મૂળભૂત લક્ષ્ય મુજબના સ્તરથી વધી જતી નાણાકીય ખાદ્યને ચલાવી લેવા પણ જાગૃત પણે મન બનાવી લીધું છે. ધિરાણ માફી યોજના, તેલ અને ફર્ટિલાઈઝર બોન્ડસ એન અનાજ સબસિડીના ઉંચા સ્તરને કારણે નાણાકીય ખાદ્ય લક્ષ્ય લક્ષ્યાંક કરતાં વધવાની શક્યતા છે. સરકારે આ ઉપરાંત નીચે મુજબના પગલાં પણ લીધાં છે.

### ૧. યોજનાકીય ખર્ચ

યોજનાકીય ખર્ચની રાહે અર્થતંત્રમાં પ્રાણ પુરવાની દિશામાં સરકારે વર્તમાન વર્ષે રૂપિયા ૨૦,૦૦૦ કરોડ સુધીના વધારાની યોજનાકીય ખર્ચને અધિકૃત કરવા નિર્ણય લીધો છે. તો ફાળવેલા ભંડોળનો પુરેપુરો ઉપયોગ થાય એ બાબત સુનિશ્ચિત કરવા પણ પગલાં લેવામાં આવ્યા છે કે જેથી કરીને ખર્ચની ગતિને જાળવી શકાય. વર્તમાન નાણાકીય વર્ષના બાકીના ચાર મહિના દરમિયાન યોજનાકીય અને બિનયોજનાકીય એમ રૂપિયા ૩,૦૦,૦૦૦ કરોડ સુધીના ખર્ચની યોજના છે.

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન પણ અર્થતંત્રને પ્રોત્સાહન આપવાની જરૂર પડશે જ. આગામી વર્ષ માટેના બજેટમાં યોજનાકીય ખર્ચમાં નોંધપાત્ર વધારો કરીને આ સિદ્ધ કરી શકાશે.

### ૨. સેનવેટમાં ઘટાડો

નાણાકીય વર્ષના બાકીના સમય માટે વધારાના ખર્ચને પ્રોત્સાહન આપવા સેનવેટમાં હંગામી ધોરણે 'એક્રોસ-ધ-બોર્ડ' ૪% નો કાપ મૂકવામાં આવ્યો છે. પેટ્રોલિયમ અને જે ચીજવસ્તુઓ પર વર્તમાનમાં ૪% થી ઓછા દરે જ સેનવેટ લાગુ પડે છે તેને બાદ કરતાં બાકીના તમામ ઉથ્પાદકોને આ ઘટાડો આ નિશ્ચિત સમયમર્યાદામાં લાગુ પડશે.

### ૩. નિકાસને ટેકારૂપ પગલાં

(અ) કાપડ ઉદ્યોગ (હાથશાળ, કાર્પેટ અને હસ્તકલાકારીગરી સહિત), ચામડા, હીરા અને ઝવેરાત કે દરિયાઈ પેદાશો અને એસએમઈ ક્ષેત્ર જેવા શ્રમ કે રોજગાર પ્રોત્સાહક નિકાસો પર પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ એક્સપોર્ટ ક્રેડિટની જોગવાઈ કરવામાં આવી છે. વાર્ષિક ૭%ના લઘુત્તમ વ્યાજની શરતે ૩૧-૩-૦૯ સુધી ૨% ઘટાડેલા વ્યાજદરે આ પ્રકારનું ધિરાણ આપવા ઠરાવવામાં આવ્યું છે.

(બ) તો ટર્મિનલ એક્સાઈઝ ડ્યુટી/ સીએસટીના રિફન્ડની સંપૂર્ણ ચૂકવણી માટે વધારાની રૂપિયા ૧૧૦૦ કરોડના ભંડોળની જોગવાઈ કરવામાં આવી છે.

(ક) નિકાસ પ્રોત્સાહન યોજનાઓ માટે રૂપિયા ૩૫૦ કરોડ વધારાની ફાળવણી.

(ડ) મુશ્કેલ બજારો / પેદાશોની નિકાસો માટે ગેરંટીઓ આપી શકે તે હેતુસર ઈસીજીસીને રૂપિયા ૩૫૦ કરોડ સુધીની સરકારના પીઠબળ સાથેની ગેરંટી ઉપલબ્ધ બનાવાશે.

(ઈ) નિકાસકારોને નિકાસોના એફઓબી મુલ્યના ૧૦% સુધીના ફોરેન એજન્ટ

કમિશન પર સર્વિસ ટેક્સનું રીફંડ લેવા છુટછાટ આપવામાં આવશે.

### ૪. ગૃહનિર્માણ

ગૃહનિર્માણ તે રોજગાર અને નિર્ણાયક રહેતા ક્ષેત્રોમાં માગ વધારાની દિશામાં મહત્ત્વનું પ્રદાન કરી શકે છે. અને તેમાંય દેશમાં ખાસ કરીને મધ્યમ અને ઓછી આવક ધરાવનારા જૂથોની આ અંગેની મોટી માગ પુરી કરવાની બાકીમાં છે. રિઝર્વ બેન્કે જણાવ્યું છે કે ટૂંકમાં જ તે નેશનલ હાઉસિંગ બેન્કને રૂપિયા ૪૦૦૦ કરોડ સુધીની રીફાઈનાન્સ સુવિધા પુરી પાડશે. વધુમાં ખાસ કરીને ઈન્દિરા આવાસ યોજનામાં યોજનાકીય ખર્ચ વધારાની સંભાવના વધારી શકાય તેમ છે. આ ક્ષેત્રને ટેકો આપતાં અન્ય પગલાં લેતાં બેન્કો ટૂંક માં જ (૧) રૂપિાય પાંચ લાખ સુધી અને (૨) રૂપિયા પાંચ થી ૨૦ લાખ સુધીના હોમલોન ઈચ્છુકો માટે સરકાર પેકેજ જાહેર કરશે. આ ક્ષેત્ર પર ખાસ નજર રાખીને ક્ષેત્રને પ્રોત્સાહન આપનારા વધારાના પગલાં પણ લેવામાં આવશે.

### ૫. મધ્યમ, લઘુ અને માઈક્રો સાહસિકોનું (એમએસએમઈ) ક્ષેત્ર

સરકાર રોજગારી સર્જન માટે નિર્ણાયક મનાતા મધ્યમ, લઘુ અને માઈક્રો સાહસિકો (એમએસએમઈ) ક્ષેત્રને ટેકો આપવાની બાબતને સર્વોચ્ચ અગ્રિમતા આપી રહી છે. આ ક્ષેત્રને ધિરાણ પૂરું પાડવા રીઝર્વ બેન્કે ''સિડબી'' માટે રૂપિયા ૭૦૦૦ કરોડ સુધીની રિફાઈનાન્સ સુવિધા આપવાની જાહેરાત કરી છે. આથી કરીને એમએસએમઈ ક્ષેત્રને બેન્ક, એનબીએફસીએસ તેમજ એસએફસી દ્વારા સીધું ધિરાણ મેળવવું આસાન બનશે. આ ઉપરાંત નીચે મુજબના પગલાં લેવાઈ રહ્યાં છે.

(અ) 'કોલેટરલ' મુક્ત ધિરાણને વેગ આપવા માટે માઈક્રો અને લઘુ સાહસિકોને અપાતા ધિરાણો માટે 'ધિરાણ ગેરંટી યોજના' હેઠળ આવરી લેવામાં આવતી વ્રતમાન ગેરંટીને ૫૦% ગેરંટી કવર સાથે રૂપિયા ૫૦ લાખથી વધારીને રૂપિયા ૧ કરોડ કરવામાં આવશે.

(બ) ધિરાણ ગેરંટી યોજના હેઠળ આવરી લેવાની લોન માટેનો 'લોક ઈન પિર્યડ' ૨૪ મહિનાથી ઘટાડીને ૧૮ મહિના કરવામાં આવશે. બેન્કે ગેરંટી સ્કીમસ હેઠળ વધુ ધિરાણોને આવરી શકે તે હેતુએ આ દિશામાં પગલાં લેવામાં આવશે.

(ક) સરકાર એમએસએમઈ એકમોના બિલોની ચૂકવણી ઝડપથી થાય તે હેતુસર કેન્દ્રીય જાહેર એકમોને સૂચના સમયે તેમ જ રાજ્યોના જાહેર એકમોને વિનંતી કરશે. ધિરાણ અંગેની શરતોને સરળ બનાવવામાં આવે તો આવી ચૂકવણીઓ સમયસર કરવામાં જાહેર એકમોને મદદ મળે.

### ૬. કાપડ ઉદ્યોગ

(અ) ટીયુએફ યોજનાના સમુચા બેકલોગને પુરો કરવા વધારાના રૂપિયા ૧૪૦૦ કરોડની ફાળવણી થશે.

(બ) હસ્તકલાકારીગીરીની તમામ વસ્તુને 'વિશેષ કૃષિ અને ગ્રામ ઉદ્યોગ યોજના' હેઠળ આવરી લેવામાં આવશે.

### ૭. માળખાકીય નાણાકીય ફાળવણી

જાહેર ખાનગી ભાગીદારી રાહે અમલ માટે સંખ્યાબંધ 'ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ' ને મંજૂરી અપાઈ ચૂકી છે. નાણાકીય વિશ્વમાં વર્તમાનમાં પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા આ પરિયોજનાઓ સામે અવરોધ સર્જી શકે છે. આ સ્થિતિનો સામનો કરવા સરકારે 'ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રકચર ફાઈનાન્સ કંપની લિમિટેડ' ને ૩૧-૩-૨૦૦૯ સુધીમાં ટેક્સ-ફ્રી બોન્ડની મદદથી રૂપિયા ૧૦,૦૦૦ કરોડનું ભંડોળ ઉભુ કરવા માટે અધિકૃતિ કરવા સરકારે નિર્ણય લીધો છે. ખાસ કરીને હાઈવે અને બંદરગાહ ક્ષેત્રની માળખાકીય પરિયોજનાઓ માટે ધિરાણ સંભવ બની શકે તે હેતુસર બેન્કો લાંબી મુદ્દતનું ધિરાણ પૂરૂ પાડવા આ કંપની આ ભંડોળનો ઉપયોગ કરશે. અર્થાત આઈઆઈએફસીએલ દ્વારા રીફાઈનાન્સ માટે ઉભા થનારા સંસાધનો બેન્ક ફાઈનાન્સિંગને બમણું કરશે. જરૂરિયાત રહેતા કંપની બોન્ડની મદદથી વધુ ભંડોળ પણ ઉભુ કરી શકશે. ખાસ કરીને હાઈવે ક્ષેત્રના રૂપિયા ૧,૦૦,૦૦૦ કરોડના પીપીપી કાર્યક્રમને આ કાર્યક્રમ ટેકો આપશે.

### ૮. અન્ય પગલાં

(અ) સરકારના વિભાગોને નિર્ધારીત બજેટમાં સરકારી વાહનોના રિપ્લેસ્મેન્ટ લેવાની છુટછાટ આપવામાં આવશે.

(બ) ઉર્જા ક્ષેત્રમાં વપરાશ માટેના નેફથા પરની નિકાસ ડ્યુટી નાબુદ કરવામાં આવશે.

(ક) કાચા લોખંડ પરની નિકાસ ડ્યુટીને નાબુદ કરવામાં આવશે અને 'લમ્પ્સ' પરની નિકાસ ડ્યુટીને ૫% ઘટાડવામાં આવશે.

આર્થિક સ્થિતિઓના બદલાવ પર સરકાર બારીક નજર રાખી રહી છે. અને મંદીનો સામનો કરવા તેમ જ અર્થતંત્રની ગતિને જાળવી રાખવા જરૂર જણાયે વધારાના પગલાં લેતાં પણ ખચકાશે નહીં.

**સૌજન્ય : પી.આઈ.બી.**

## મહિલા સશક્તીકરણ

# સ્વસહાય જૂથ - એક શ્રેષ્ઠ વિકલ્પ

✍ પ્રા.સવિતા દેસાઈ

**સમાન વિચારો અને ખાસ કરીને સરખી સમજદારી એ સ્વસહાય જૂથોની વિશિષ્ટ પહેચાન છે. સ્વસહાય જૂથો નાણાંકીય મધ્યસ્થીઓ તરીકેની ભૂમિકા નિભાવી શકે છે. મહિલાઓને સામાન્ય રીતે સામાજિક કાર્યો, સ્વાસ્થ્ય સુધારણા કે કેટલાંક મહત્ત્વના કામો માટે નાની રકમની જરૂરિયાત રહે છે ત્યારે તેઓને બેંકો કે અન્ય નાણાકીય સંસ્થાઓ લોન આપવા આગળ આવતી નથી કેમકે તેમાં તેમને રસ નથી, વધુ મળતર નથી અને કામ વધારે રહે છે. વળી, તેમની ધિરાણ પાત્રતા ઉપર બેંકોને કોઈ વિશ્વાસ નથી. આ પરિસ્થિતિમાં આવી ગરીબ મહિલાઓના નાનાં જૂથો બનાવી નાની નાની બચતો એકત્રિત કરી જૂથની જરૂરિયાતમંદ વ્યક્તિને નાણાં લોન તરીકે આપે તેવો એક અદ્‌ભૂત ખ્યાલ વૈશ્વિક સ્તરે પણ પ્રવર્તમાન બન્યો છે.**

સામાજિક જીવનમાં પુરુષ અને સ્ત્રી એ બંને સાથે જ સદીઓથી બલ્કે સૃષ્ટિ ઉપર જીવનના પ્રારંભથી જ આર્થિક સમસ્યાઓ સાથે જોડાયેલા રહ્યાં છે. ગમે તેવી પરિસ્થિતિ વચ્ચે પણ મહિલાને કુટુંબના ભરણ પોષણની નૈતિક જવાબદારી નિભાવવાની રહે છે. આ જવાબદારીને તે કદી તરછોડી શકતી નથી. આ બાબત જ મહિલાને સ્વાવલંબી, સ્વનિર્ભર અને આર્થિક રીતે સશક્ત બનવા માટે પ્રેરી રહેલ છે. આર્થિક રીતે તે સ્વનિર્ભર ન હોઈ તેને સદીઓથી શોષણ અને અપમાનભર્યું જીવન જીવવું પડ્યું છે. જેમાં હવે ધીમુ પણ પરિવર્તન આવી રહ્યું છે. વિકાસની તકો એ પ્રત્યેક મહિલાનો અધિકાર છે. આર્થિક સહયોગ દ્વારા જો મહિલાઓને આર્થિક પ્રવૃત્તિઓમાં સક્રિય તથા અર્થપૂર્ણ રીતે સામેલ કરવામાં આવે તો કુટુંબ તથા સમાજની ઉન્નતિમાં તે મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે તેમ છે. ''વિવિધ પ્રવૃત્તિઓમાં મહિલાઓની જેટલી સામેલગીરી વધુ એટલી પ્રગતિ વધુ'' એ સૂત્ર સહુએ યાદ રાખવા જેવું છે.

મહિલાઓને તેમના સ્વવિકાસ, નિયમન અને નાણાકીય સાધનોની પ્રાપ્તિ માટે સમાન તકો આપવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. આવી તકો મળ્યા પછી તે તકોનો લાભ મેળવવા અને વિકાસના મુખ્ય પ્રવાહમાં સામેલ થવા માટે મહિલાઓએ પોતે સજ્જતા કેળવવી જોઇએ, જેથી તેઓ સશક્ત બની શકે. જો મહિલા સશક્ત બનશે તો કુટુંબ સશક્ત બનશે અને કુટુંબ સશક્ત થતાં સમગ્ર દેશ સશક્ત બનશે. એટલે કે દેશને સશક્ત બનાવવા માટે મહિલા સશક્તીકરણ જરૂરી બની જાય છે.

મહિલા સશક્તીકરણ માટે સરકાર દ્વારા પંચવર્ષીય યોજનાઓમાં વિશિષ્ટ મૂડીરોકાણ કરવામાં આવ્યું છે. મહિલા વિકાસ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કેટલીક વિશિષ્ટ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ૧૯૭૫થી ૧૯૮૫ સુધીના દસકાને 'મહિલા દશક' તરીકે અને ૨૦૦૧ના વર્ષને 'મહિલા સશક્તિકરણ વર્ષ ' તરીકે ઉજવવામાં આવ્યું. છતાં હજુ સુધી ધાર્યું પરિણામ મેળવી શકાયું નથી.

આર્થિક ઉદારીકરણ અને ખાનગીકરણના માહોલમાં ગરીબ અને અલ્પ આર્થિક સાધનો ધરાવતા વર્ગના લોકોના આર્થિક વિકાસ માટે જો કોઈ અસરકારક ઉપાય હોય તો તે તેમના પોતાના દ્વારા જ સંચાલિત હોય તેવા સ્વસહાય જૂથ જ હોઈ શકે. આર્થિક ઉદારીકરણ અને ઔદ્યોગિકરણમાં ઝડપથી પરિવર્તન થયા પછી આપણા દેશ માટે બેરોજગારીની સમસ્યા વધુ જટિલ બની છે. આ સમસ્યાની સૌથી વધારે અને ગંભીર અસરો ગરીબ અને અલ્પ સાધનો ધરાવતા વર્ગના લોકો ઉપર થવા પામી છે અને એમાં પણ ખાસ કરીને તેનો સૌથી વધુ ભોગ મહિલાઓ બની છે. મહિલા

(લેખક શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ, પાટણમાં અધ્યાપક છે.)

જાગૃતિ દ્વારા તેમને ગૃહની જવાબદારીઓ વહન કરવાની સાથે કુટુંબની આમદનીમાં વધારો થાય તેવા વિવિધ ગૃહઉદ્યોગ, કુટિર ઉદ્યોગ, લઘુઉદ્યોગ તેમજ કેટલાંક વ્યવસાયો હાથ ધરી સમાજની પરંપરાગત શૃંખલામાંથી તેઓ બહાર આવે તે જરૂરી છે. જો કે આ દિશામાં આઝાદી પછી મહિલા સામાજિક બદલાવની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ યોજનાઓને કારણે પ્રોત્સાહક જાગૃતિ અને ક્રિયાશીલતા જોવા મળે છે ત્યારે સ્વસહાય જૂથના માધ્યમ દ્વારા મહિલાઓ સહેલાઈથી આવક, રોજગારી પ્રાપ્ત કરાવી આપતી વવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી આર્થિક રીતે સ્વનિર્ભર બની કુટુંબને મદદરૂપ બની રહી છે.

સ્વસહાય જૂથમાં જે મનોવૈજ્ઞાનિક માનસિકતા કામ કરી રહેલ છે તે એ છે કે ગરીબ વ્યક્તિમાં બચત કરવાની વૃત્તિ કુદરતી રીતે સાહજિક જ હોય છે અને એમાં પણ મહિલાઓની બચત કરવાની વૃત્તિ ઘણી ઊંચી હોય છે. અનુભવે એવું જાણવા મળ્યું છે કે મહિલાઓમાં કરકસર, બચતની ટેવ, તકલીફો સહન કરવાની શક્તિ, કુટુંબને સહાયરૂપ થવાની ભાવના, પ્રામાણિકતાના ગુણો વગેરે આત્મસાત થયેલા હોય છે.

નીચેના પાયાના સ્તરે જોખમવિહિન કરજ પુરૂં પાડી રોજગારી સર્જનમાં સ્વસહાય જૂથો અવિધિસરનાં ઘટકો તરીકે મહત્વની ભૂમિકા ભજવે છે. ગ્રામ્યસ્તરે મહિલાઓ કુટુંબની આવકોમાં નોંધપાત્ર ઉમેરો કરી શકે તે માટે તેમને પ્રોત્સાહન કરી ઉત્તેજન આપવાની જરૂર છે. આ માટે પાયાના માઈક્રો લેવલે મહિલાઓના સ્વસહાય જૂથો રચવાનો અભિગમ છેલ્લા કેટલાંક વર્ષોથી વધુને વધુ લોકપ્રિયતા મેળવતો જાય છે એટલુ જ નહીં પરંતુ નાબાર્ડ તેમજ રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકે તો તે સંબંધની ખાસ યોજના પણ બનાવેલ છે.

**સ્વસહાય જૂથનો અર્થ**

"સ્વસહાય જૂથ એ એક એવું મંડળ છે કે જેના સભાસદો સમાન વિચારધારા, સમાન સામાજિક દરજ્જો અને સમાન સ્થિતિ તેમજ જરૂરિયાતો ધરાવતા હોય."

સમાન વિચારો અને ખાસ કરીને સરખી સમજદારી એ સ્વસહાય જૂથોની વિશિષ્ટ પહેચાન છે. સ્વસહાય જૂથો નાણાંકીય મધ્યસ્થીઓ તરીકેની ભૂમિકા નિભાવી શકે છે. મહિલાઓને સામાન્ય રીતે સામાજિક કાર્યો, સ્વાસ્થ્ય સુધારણા કે કેટલાંક મહત્ત્વના કામો માટે નાની રકમની જરૂરિયાત રહે છે ત્યારે તેઓને બેંકો કે અન્ય નાણાકીય સંસ્થાઓ લોન આપવા આગળ આવતી નથી કેમકે તેમાં તેમને રસ નથી, વધુ મળતર નથી અને કામ વધારે રહે છે. વળી, તેમની ધિરાણ પાત્રતા ઉપર બેંકોને કોઈ વિશ્વાસ નથી. આ પરિસ્થિતિમાં આવી ગરીબ મહિલાઓના નાનાં જૂથો બનાવી નાની નાની બચતો એકત્રિત કરી જૂથની જરૂરિયાતમંદ વ્યક્તિને નાણાં લોન તરીકે આપે તેવો એક અદ્‌ભૂત ખ્યાલ વૈશ્વિક સ્તરે પણ પ્રવર્તમાન બન્યો છે. સભ્યોનાં પોતાના જ બચતનાં નાણા હોઈ વસૂલાતમાં કોઈ મુશ્કેલી સર્જાતી નથી.

ભારતમાં ૧૯૯૨થી આ પ્રકારના સ્વસહાય જૂથોની રચના થવા પામી છે. ૧૯૯૨ના વર્ષમાં ૨૫૫ જેટલા સ્વસહાય જૂથો રચાયા હતાં. જેનું પ્રમાણ વધીને ૨૦૦૫-૦૬ના વર્ષ દરમ્યાન ૨૨૩૮૫૮૬ જેટલું થવા પામ્યું છે.

**સ્વસહાય જૂથોની નોંધપાત્ર વિશિષ્ટતાઓ નીચે મુજબ છે.**

- ૧૯૯૯-૨૦૦૦ માં ૮૧૭૮૦ જેટલાં સ્વસહાય જૂથો એકમલક્ષી ધિરાણ કાર્યક્રમ સાથે સંકળાયેલા હતાં. જે ૨૦૦૫-૦૬માં ૬૨૦૦૮૯ જેટલાં થયા છે.
- ૧૯૯૯-૨૦૦૦ માં જૂથોએ મેળવેલ બેંક લોનનું પ્રમાણ ૧૯૨.૯૭ કરોડ રૂપિયા જેટલું હતું જે વધીને ૨૦૦૫-૦૬ માં ૧૧૩૯૮ કરોડ રૂપિયા થવા જાય છે.
- નાબાર્ડ દ્વારા બેંકોએ મેળવેલ પુનઃધિરાણની રકમ ૧૯૯૯-૨૦૦૦ માં ૧૫૦.૧૩ કરોડ રૂપિયા હતી. જે ૨૦૦૫-૦૬ માં ૪૧૫૭ કરોડ રૂપિયા થઈ હતી.
- ૧૯૯૨-૯૩માં જૂથ દીઠ સરેરાશ લોનનું પ્રમાણ ૧૧૭૬૫ રૂપિયા અને કુટુંબદીઠ સરેરાશ લોનનું પ્રમાણ ૬૯૨ રૂપિયા હતું. ૨૦૦૪-૦૫ ના વર્ષમાં જૂથદીઠ સરેરાશ લોન ૫૭૦૯૯ રૂપિયા અને કુટુંબદીઠ સરેરાશ લોન ૩૮૬૯ રૂપિયા થવા પામી હતી.
- નાબાર્ડ દ્વારા જે ધિરાણ કરવામાં આવે છે તેમાંથી સ્વસહાય જૂથોને કરાતા ધિરાણનું પ્રમાણ સતત વધતું જતું જોવા મળ્યું છે. સ્વસહાય જૂથોને અપાતું ધિરાણ ૨૦૦૫-૦૬ માં નાબાર્ડના કુલધિરાણના ૧૨.૪ %, ૨૦૦૬-૦૭માં ૧૪.૭% અને ૨૦૦૭-૦૮માં ૧૭.૮% થવા જાય છે. જે જૂથોની સક્રિયતા વધારવા માટેની નાબાર્ડની ભૂમિકાને સૂચવે છે.

મહિલાને આર્થિક, સામાજિક, રાજકીય અને વહિવટી દૃષ્ટિએ સશક્ત બનાવવા માટે સ્વસહાય જૂથ યોજના એક શ્રેષ્ઠ વિકલ્પ પુરવાર થઈ શકે તેમ છે.

■ ■ ■

# સ્વૈચ્છિક સંગઠનો દ્વારા મહિલા સશક્તીકરણ

✍ **સુનિતા પટેલ**

**સ્વસહાય જૂથોએ આર્થિક રીતે સશક્તીકરણના કામોમાં પણ પોતાનો ફાળો નોંધાવ્યો છે. જેમ કે ઊંચા વ્યાજ દરે કરજ લેવાના કારણે પરિવારમાં આવતા નાણાનું વ્યાજ ભરવામાં ધોવાણ થતું હતું. સ્વસહાય જૂથોએ એ નાણાંના ધોવાણને અટકાવ્યું તેમજ તેઓ પોતાના મંડળોનું બેંકો સાથે લીન્કેઝ કરીને, બેંકમાંથી ધિરાણ પ્રાપ્ત કરીને, પોતાના ધંધા વ્યવસાયમાં રોકાણ કરવાની ક્ષમતામાં વૃદ્ધિ કરી, જોખમો લેવાની ક્ષમતા વધારીને માઈક્રોફાઈનાન્સની મદદથી જીવનના પાયાની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરવાના માર્ગો ખુલ્લા કરવામાં મદદ કરી છે.**

**સ્ત્રીની ઉન્નતિ કે અવનતિ પર જ રાષ્ટ્રની ઉન્નતિ કે અવનતિ નિર્ભર છે.**

- જવાહરલાલ નહેરુ

ગુજરાત રાજયના જામનગર જિલ્લાંના ગામડાંઓની અંદર આરોગ્ય-પાણી, રોજગારી, શિક્ષણ, પંચાયતી રાજ, દારૂબંધી અને મહિલા જાગૃતિનું કામ કરતી, સંસ્થા ગ્રામ વિકાસ ટ્રસ્ટ અને ઓખામંડળ શક્તિ સંગઠન આ બે જાણીતી સંસ્થાઓ છે. આમ તો ઓખામંડળના વાઘેરો ૧૮૫૭ ની ક્રાંતિ સમયે અંગ્રેજો સામે લડ્યા અને ગાયકવાડ સરકાર સામે બાથ ભીડી હતી. આ વિસ્તાર ગાયકવાડી વિસ્તાર હતો એટલે આઝાદી પહેલાં આ વિસ્તારના વાઘેરોના ઉત્થાન માટે ગાયકવાડ દ્વારા પ્રયાસ કરેલા પરંતુ આઝાદી પછીયે આ વિસ્તાર અતિ પછાત જ રહેલો. ૨૨ વર્ષ પહેલાં આ વાઘેરોમાંના જ એક ખમીરવંતા અને વિકાસશીલ માનસ ધરાવતા પ્રો.ડુંગરભા કેરે ઓખામંડળ વિદ્યા વિસ્તારના કેન્દ્ર દ્વારા અર્થશાસ્ત્રના પ્રોફેસરની નોકરીમાંથી વહેલી નિવૃત્તિ લઈને ગ્રામવિકાસ કરવાનું નક્કી કરેલું. આ ગ્રામવિકાસથી તેમણે જબરો લોકમતઉભો કર્યો. જેમાં તેમણે તેમના પત્નીને ઘુમાવ્યા પરંતુ લડત સફળ રહી. તેમણે આ વિસ્તારની પ્રગતિશીલ પરિવર્તન લાવવા માટે લોકભાગીદારી અને મહિલા જાગૃતિ સિવાય નહીં આવે તેવું લાગતાં તેમણે ગામેગામ મહિલા બચત મંડળોની સ્થાપના કરી. મહિલાઓ બચતમંડળ ઉપરાંત સફળ લોક શિક્ષણનું કાર્ય કરે, આ ગ્રામવિસ્તારની ઓછું ભણેલ જાગૃત મહિલાઓ એ જે ક્રાંતિ સર્જી છે એમાં આપણે જોઈએ તો આરોગ્ય પેટીઓ દ્વારા આરોગ્ય સુધારણા કરી ગામમાંથી દારૂને દેશવટો આપ્યો તેમજ લોક ભાગીદારી દ્વારા વરસાદી પાણી સંગ્રહી સમાજ પરિવર્તનનું કાર્ય કર્યું છે. જે રીતે જામનગર જિલ્લાના ગામડાઓમાં ઓખામંડળ સંગઠન અને ગ્રામવિકાસ ટ્રસ્ટે જે મહેનત કરી છે તેવી જ રીતે કચ્છ જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારમાં કચ્છ મહિલા વિકાસ સંગઠન, અભિયાન તેમજ શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ જેવી સંસ્થાઓનું સારું એવું યોગદાન રહ્યું છે. તેમાં કચ્છના ગામડાની બહેનોના વિકાસ માટે મહિલા કાર્યકર તરીકે સક્રિય ફાળો આપનાર શ્રી સુષ્માબેન આયંગર સતત મહિલાઓના વિકાસ એટલે કે જાગૃતતા માટે પ્રયત્ન કરે છે.

આ સંસ્થાઓ દ્વારા બચતમંડળની શરૂઆત થઈ પરંતુ તેની સાથે સાથે બહેનોમાં જાગૃતતા આવી. જેના પરિણામરૂપે તેઓ પોતાના પ્રશ્નો જેવા કે પાણી, બાળકોનું શિક્ષણ, વાહન વ્યવહારની તકલીફ વગેરે પ્રશ્નોનો પોતાની જાતે ઉકેલ લાવ્યા છે. તદ્ઉપરાંત એક ખાસ કિસ્સાની વાત કરું તો કચ્છમાં ‘‘હમલા’’ અને ‘‘મંજલ’’ નામના બે ગામ છે જેમાં હમલા આખુ દરબારોનું છેતેમાં

(લેખિકા નોર્થ ગુજરાત એજ્યુ.સોસાયટી એમ.એસ.ડબલ્યુ કોલેજ પાટણમાં વ્યાખ્યાતા છે.)

બહેનોનું કહેવું એવું છે કે;

**"ભૂકંપ આવે કે ખાવાના સાંસા પડે પણ અમારી દરબારની બાઈઓ ક્યારેય ઘરની બહાર ન જાય."**

આવા પ્રકારની માનસિકતા ધરાવનારી બહેનોને ઘરની બહાર પોતાની સમસ્યા ઉકેલતા આ સંસ્થાઓ દ્વારા શીખવવામાં આવ્યું છે. સામાજિક રિવાજ કે પ્રાચીના ભયના કારણસર વડીલોની ઉપસ્થિતિમાં મહિલાઓ બોલી નહોતી શકતી એ સંજોગોમાં જરૂર જણાયે હિંસાનો ભોગ બનેલી મહિલાઓ પોલીસ સ્ટેશન કે પછી પંચ સમક્ષ રજૂઆત કરવામાં સ્વસહાય જૂથોએ મદદરૂપ ભૂમિકા નિભાવી પરિણામ રૂપે આદિવાસી વિસ્તારમાં હિંસાનો સામનો કરી રહેલી મહિલાને મદદ કરવી, મહિલાઓને પોતાનાજ 'ન્યાયપંચ'ની રચના કરી એટલું જ નહિ, પરંતુ વિસ્તારમાં પ્રવર્તી રહેલા બાળલગ્નાં દૂષણો , દહેજના પ્રશ્નોનો અંત લાવવા જાગૃતિ રેલીઓનું પણ આયોજન કર્યું. સંગઠને મહિલાઓને કાનૂની તાલીમ આપી વિવિધ મુદ્દે જાગૃત સંદેશાનો ફેલાવો કરવા માટે સ્થાનિક મહિલાઓ દ્વારા નાટ્ય અભિનયની ટૂકડી ઉભી કરી, તદ્ઉપરાંત વર્તમાન સમયમાં તેઓ તાલુકા સ્તરે મદદ અને પ્રોત્સાહન આપી રહેલ છે.

આમ, આવા સ્વસહાય જૂથોએ આર્થિક રીતે સશક્તીકરણના કામોમાં પણ પોતાનો ફાળો નોંધાવ્યો છે. જેમ કે ઊંચા વ્યાજ દરે કરજ લેવાના કારણે પરિવારમાં આવતા નાણાનું વ્યાજ ભરવામાં ધોવાણ થતું હતું. સ્વસહાય જૂથોએ એ નાણાંના ધોવાણને અટકાવ્યું તેમજ તેઓ પોતાના મંડળોનું બેંકો સાથે લીન્કેઝ કરીને, બેંકમાંથી ધિરાણ પ્રાપ્ત કરીને, પોતાના ધંધા વ્યવસાયમાં રોકાણ કરવાની ક્ષમતામાં વૃદ્ધિ કરી, જોખમો લેવાની ક્ષમતા વધારીને માઈક્રોફાઈનાન્સની મદદથી જીવનના પાયાની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરવાના માર્ગો ખુલ્લા કરવામાં મદદ કરી છે. સામાન્ય રીતે આપણે જોઈએ તો મહિલાઓના આવા સામાજિક પરિવર્તનને ધ્યાનમાં રાખીએ તો આજની મહિલાઓ ઘરમાં ગૃહિણી તરીકે, સાસરિયામાં વહુ તરીકે, પિયરમાં દિકરી તરીકે અને પોતાના પતિની સાથે એક જીવનસાથી તરીકેની ભૂમિકા ભજવે છે. વળી, કેટલીક મહિલાઓ આ બધી બાબતોની સાથે આજે દરેક નાના-મોટા ક્ષેત્રમાં મહિલાઓ પણ પુરુષોની સાથે જ કામ કરતી હોય છે. તેથી આજના યુગમાં 'પુરુષ સમોવડી સ્ત્રી' ની ગણના કરવામાં આવી છે.

**"સ્ત્રી વિના ગૃહ નથી, ગૃહ વિના પ્રજા નથી અને પ્રજા વિના રાજ્ય નથી, સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે."**

**-ગાંધીજી**

આમ, ખરેખર આજે મહિલાઓ વિકાસની (સશક્તીકરણ) તરફ ડગ માંડી રહી છે.

■ ■ ■

# બાળકોના માનવીય હક્કો

✍ પાર્થકુમાર ગેડિયા

**બાળકોના હક્કો જેવા કે શિક્ષણ, આરોગ્ય, શોષણની નાબૂદી, જીવન ધોરણની ઉચ્ચ કક્ષા, રાષ્ટ્રીયતા વગેરે વિશ્વના કોઈપણ બાળકને સારા કે ઉત્તમ નાગરિકપણું સમર્પિત કરવા જરૂરી છે તેમાં કોઈ જ શંકા નથી. ભારત સરકાર પણ બાળકોના હક્કોના જતન કરવામાં ઘણા અંશે સફળ રહી છે છતાં તેમાં સઘન પ્રયાસો ઇચ્છનીય છે. ગુજરાત સરકાર પણ વર્તમાન વર્ષમાં 'બાળ વર્ષ -૨૦૦૮' મુદ્દે સંપૂર્ણ જાગૃત અવસ્થામાં કાર્યાન્વિત છે, જે પ્રસંશનીય છે. બાળકોના હક્કોના રક્ષણ માટે તેમજ તેમના કલ્યાણ માટે ઘણાં બધાં કાયદાઓ ઘડાયા છે પણ તેનો ચુસ્ત અમલ થવો જરૂરી છે. બાળકોની કેળવણી અને બાળકોને શોષણમાંથી મુક્તિ એ બાળકલ્યાણલક્ષી અભિગમનું એક મહત્ત્વનું પાસુ છે.**

વાયબ્રન્ટ ગુજરાતમાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં શિક્ષણદિન નિમિત્તે માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિડીયો કોન્ફરન્સિંગ કાર્યક્રમ હેઠળ બાળ વર્ષનું મહત્ત્વ દર્શાવતા વૈશ્વિક સુંદરીની હરીફાઈ જેમ બાળકોનાં આરોગ્ય-શિક્ષણ સંદર્ભે શાળા કક્ષાએ હરીફાઈ યોજવી જોઇએ. ગુજરાત સરકારે 'નીરોગી બાળ વર્ષ - ૨૦૦૮' ને જાહેર કર્યું છે. જો કે યુનાઈટેડ નેશન્સે ૧૯૪૬માં બાળકોના હક્કોને માન્ય કરેલા. તે જ વર્ષમાં યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન (યુનિસેફ) ની સામાન્ય સભાએ આંતરાષ્ટ્રીય 'બાળવર્ષ ' ૧૯૭૯ જાહેર કર્યું હતું.

૨૧મી સદી જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે. તેથી દરેક રાષ્ટ્રોએ તેના બાળકોની વૃદ્ધિ વિકાસ માટે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. અર્થાત્ કોઈપણ દેશે ઉત્તમ નાગરિકો બનાવવા માટે પ્રાથમિક શિક્ષણને સૌથી વધુ અગ્રતા આપવી જોઇએ. મનુષ્ય જીવનમાં તેણે બાળપણમાં જે શિક્ષણ અને સંસ્કારો મેળવ્યા હોય તેનું મહત્ત્વ સૌથી વધારે છે. કારણ કે ઉત્તમ નાગરિકો વૈશ્વિક સમાજ માટે આશિર્વાદરૂપ બને છે. તે બાબતે બાળકોના માનવીય હક્કો જોઇએ.

- બાળકોને કોઈપણ સ્વરૂપના ભેદભાવ સામે રક્ષણ આપવું.
- બાળકોના હિતોને પ્રાધાન્ય આપવું તેમજ તેના હિતોનું રક્ષણ કરવું.
- બાળકોનાં વિચારોને અસરકારક બનાવવા.
- બાળકોનો મહત્તમ અને સર્વાંગી વિકાસ થાય તે રીતે જીવન જીવવાનો હેતુ આપવો.
- નામ અને રાષ્ટ્રીયતા મેળવવાનો હક.
- કુટુંબ વાતાવરણ મેળવવાનો હક, જેમાં કોઈપણ બાળકને તેના વાલી કે કુટુંબથી દૂર ન કરે તેવો હક, તંદુરસ્તીના હક દ્વારા બાળકોના વિકાસ અને અસ્તિત્વની શક્ય તેટલી હદે મહત્તમ ખાતરી આપવી.
- શારીરિક તેમજ માનસિક અસમર્થ બાળકોને સારું અને આનંદસભર જીવન જીવવાનો હક.
- દરેક બાળકને સામાજિક સલામતીનો હક.
- દેશમાં કટોકટી વખતે ૧૫ વર્ષ સુધીના બાળકોને લશ્કરમાં ભરતી કરાશે નહીં.
- શોષણ સામેનો હક જેમાં બાળ કામદાર તરીકે, માદક પદાર્થો સામે, જાતિય શોષણ સામે અને અપનયન સામે રક્ષણ મળે છે.
- બાળકોને શિક્ષણ મેળવવાનો હક જેમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત પુરું પાડવાની રાજ્યની ફરજ છે.

બાળકોના માનવ અધિકારો કે બાળકોનો હક્ક પહેલામાં શિક્ષણ મેળવવાનો હક્ક પ્રાથમિક અને પાયાની

(લેખક વી.ડી.કાણકિયા આર્ટસ એન્ડ એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલામાં વ્યાખ્યાતા છે.)

બાબત ગણી શકાય. બાળકનો સામાજિક, નૈતિક,માનસિક, ભૌતિક રીતે વિકાસ થાય તેવું જીવન ધોરણ જીવવાનો હક્ક પણ તેને શિક્ષણના હક્કમાંથી જ મળી રહે છે. જોન કેનેથ ગાલબ્રઈથ કહે છે કે "આ વિશ્વમાં શિક્ષિત પ્રજા કદાપી ગરીબ જોવા નહીં મળે અને ગરીબ પ્રજા ક્યારેય સમૃદ્ધ ન હોઈ શકે." ભારતમાં શાળાએ જનાર બાળકોનો 'ડ્રોપ આઉટ' રેટ મહત્તમ છે. રાજ્ય સરકારની એ ફરજ છે કે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત પુરું પાડવું જોઇએ. આ માટે પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા બહેતરીન બનાવવી અનિવાર્ય છે. આ વિકલ્પ ઉપલબ્ધ થાય પછી પ્રાથમિક શિક્ષણ પરત્વે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી શકાય. ભારતમાં સાર્વત્રિક શિક્ષણનો અભિગમ પણ સફળ થયો નથી. કારણ કે ૬૦% વિસ્તારોમાં પ્રાથમિક તેમજ માળખાગત સુવિધાનો અભાવ તેમજ ૬ લાખ ગામડાઓ, ૧૬૦૦ બોલીઓ અને ૧૭ ભાષા ધરાવતા આ દેશમાં શિક્ષણનો પ્રસાર અને પ્રભાવ સરળતાથી પહોંચાડી શકાતો નથી. ઉપરાંત શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચેનો ગુણોત્તર પણ ચિંતાજનક છે. ગુજરાતમાં બાળ શિક્ષણ ને ગતિશીલ બનાવવા માટે ગુણવત્તા સુધારવા અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમથી શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન થયું છે. એટલે કે પ્રાથમિક શિક્ષણમાં ૪૯% જેટલો "ડ્રોપ આઉટ" રેશિયો હતો તે ઘટીને ૩.૨૪ % થઈ ગયો છે. ગુજરાત સરકાર દ્વારા નિર્ધારીત શહેરી ગરીબોના શિક્ષણ થકી સશક્તીકરણના હેતુને સિદ્ધ કરવા કન્યા કેળવણી રથયાત્રાનો અમલ થતાં ૯૯.૦૨% કન્યાઓને શાળા પ્રવેશ અપાયો છે. કદી શાળામાં ન ગયેલી ૧૫ વર્ષથી નાની ઉંમરની કન્યાઓ માટે ૪૪ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય સાક્ષરતાની દૃષ્ટિએ સમગ્ર દેશમાં ૧૫માં સ્થાને સ્ત્રી સાક્ષરતાની દૃષ્ટિએ ૨૧મા ક્રમ ઉપર છે.

બાળકોના વિકાસ માટે વૈજ્ઞાનિક તથા મનોવૈજ્ઞાનિક ક્ષેત્રમાં જેમ જેમ પ્રગતિ થતી ગઈ તેમ તેમ સામાન્ય જન સમાજમાં પણ તે અંગેની સમજણ અને જાગૃતિ વધતા ગયા છે. બાળકોના હક્કોના રક્ષણ માટે સંવિધાનમાં પણ વિશેષ જોગવાઈઓ છે. એ ઉપરાંત બાળકોના હિતોના રક્ષણ માટે ઘડાયેલા જૂદા જૂદા અધિનિયમોમાં બે પ્રકારની જોગવાઈઓ કરેલી જોવા મળે છે.

**બંધારણીય ઉપાયો**

- ગુનાહિત પ્રવૃત્તિ ધરાવતા બાળકોને ગુનો કરવા પ્રેરે તેવા દુષિત વાતાવરણથી દૂર કરી સંભાળ લેતી સંસ્થામાં મૂકવા.
- બાળકોના કલ્યાણ, શિક્ષણ અને વિકાસની વ્યવસ્થા કરવી.

આ અધિનિયમોમાં બાળ કામદાર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬ તથા બાળ ન્યાય ધારો-૧૯૮૬ હેઠળ બાળમજૂરી પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. તેમજ બાળ ગુન્હેગારો માટે ખાસ કોર્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ એક નવો અભિગમ છે. આ બાળ ગુનેગારની કોર્ટોનું કામ સજા કરવાનું નથી, પણ બાળકોને મુશ્કેલીમાં સહાય કરવામાં આવે છે અને તેમ કરી તેના પૂર્નવસવાટમાં મદદરૂપ થવાનું છે. સ્કેન્ડિનેવિયન દેશોમાં અમુક વયથી નાની ઉંમરના બાળકો માટે બાળ કલ્યાણ બોર્ડ-કોર્ટની જૂદી વ્યવસ્થા છે. ભારતમાં પણ એ દિશામાં પ્રગતિ કરવા વિશેષ પ્રયાસો હાથ ધરાયા છે. આંતરરાષ્ટ્રીય બાળ વર્ષ ૧૯૭૯ માં આ દિશામાં જનજાગૃતિ ઉભી કરવા સ્તુત્ય પ્રયાસો થયા છે. અને બાળ કલ્યાણ બોર્ડની રચના કરવા પ્રત્યે પણ સહાનુભૂતિપૂર્વક વિચાર કરવામાં આવે છે. પણ બાળ ગુનેગારો માટે જૂદી કોર્ટ એ સાચી દિશામાં પહેલું પગલું છે, તે આવકાર્ય છે.

બાળકોના કલ્યાણ અંગે ભારતીય સંવિધાનમાં પણ ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. સંવિધાનમાં સમાનતાના અધિકાર હેઠળ એવી જોગવાઈ કરવામાં આવી છે કે, રાજ્યે કોઈ પણ કારણસર કોઈ સામે ભેદભાવ રાખવો નહીં, પણ કલમ ૧૫(૧) માં જોગવાઈ કરવામાં આવી છે કે, મહિલા તથા બાળકો અંગે ખાસ જોગવાઈ કરી શકાશે અને આવી જોગવાઈથી ભેદભાવ થયો ગણાશે નહીં. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ બાળપણના કારણે બાળકોનું શોષણ ન થાય તે જોવાની ફરજ રાજ્ય પર નાખવામાં આવી છે.

આ સંવિધાનની જોગવાઈઓથી રાજ્યની બાળકલ્યાણની પ્રવૃત્તિઓને બળ મળે છે તથા તે ક્ષેત્રમાં કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને સમર્થન મળે છે. સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ ૧૯૫૯ માં બાળકોના અધિકાર અંગેનું ખતપત્ર સ્વીકાર્યું છે અને ભારતે પણ સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશ તરીકે આ ખતપત્ર હેઠળની જવાબદારીનો સ્વીકાર કર્યો છે.

બાળકોના હક્કોના રક્ષણ માટે તેમજ તેમના કલ્યાણ માટે ઘણાં બધાં કાયદાઓ ઘડાયા છે પણ તેનો ચુસ્ત અમલ થવો જરૂરી છે. બાળકોની કેળવણી અને બાળકોને શોષણમાંથી મુક્તિ એ બાળકલ્યાણલક્ષી અભિગમનું એક મહત્ત્વનું પાસુ છે. બાળકોના હક્કોને અગ્રિમતા આપી દેશના ભાવિ નાગરિકોનું યોગ્ય ઘડતર થાય તો જ દેશનો સર્વાંગી વિકાસ થઈ શકે.

■ ■ ■

# ભારતના ગ્રામીણ સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ

✍ દિપલબેન સોની

**ભારતના ગામડાંઓ આર્થિક સામાજિક રીતે બહુ પછાત છે, ગરીબી અને બેકારી જોવા મળે છે, માણસોને બે ટંક ખાવાનું પણ મળતું નથી. તેને રહેવા માટે ખૂલ્લું આકાશ અને જમીન છે. ખાવા માટે બે ટંકનું ભોજન અને શરીર ઢાંકવા માટે વસ્ત્ર પણ નથી. શિક્ષણ તો તેનાથી પણ દૂરની વાત છે. અંધવિશ્વાસ, રૂઢિઓ અને ઢોંગથી તે ઘેરાયેલી છે. આવા ગરીબ સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ વધુ દયનીય છે. આમ ગ્રામ્ય સમાજની સ્ત્રીઓમાં તેમના અધિકારો માટેની કોઈ જાગૃતિ જોવા મળતી નથી. સદીઓથી પછાત રહેલા ગ્રામ્ય સમાજમાં આજે પણ સ્ત્રીઓની સ્થિતિ દયનીય જોવા મળે છે**

**ભા**રતીય સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ સમય, કાળ અને પરિસ્થિતિઓ અનુસાર બદલાતી રહે છે. ભારતમાં સ્ત્રીઓના અનેક રૂપ છે. તેને જ્ઞાન, લક્ષ્મી, વિદ્યા, કળા, શક્તિ અને સૌંદર્યની પ્રતિક માનવામાં આવે છે. જેટલું સન્માન ભારતીય સ્ત્રીઓને ભારતમાં મળે છે તેટલું અન્ય સ્થળે જોવા વાંચવા મળતું નથી, પરંતુ દુઃખની બાબત એ છે કે વૈદિક યુગ પછી ભારતીય રૂઢિઓ અને ધર્મશાસ્ત્રીની રચના કરનારાઓએ સ્ત્રીઓ માટે એક સીમા નક્કી કરી દીધી અને સ્ત્રીઓને એક ભોગની વસ્તુ કે દાસી બનાવી દીધી. આ માટે રાજા રામમોહન રાય, સ્વામી દયાનંદ સરસ્વતી, વિવેકાનંદ, કેશવદાસ, ગોવિન્દ રાનડે અને મહાત્મા ગાંધી જેવા મહાન સમાજ સુધારકોએ સ્ત્રીઓના ઉદ્ધાર માટે આગળ પડતી ભૂમિકા ભજવી છે. દેશની સ્વતંત્રતા બાદ સ્ત્રી સમાજમાં અધિકારો અને કર્તવ્યો માટે એક નવી ચેતનાનો વિકાસ થયો. આ માટે તે નિરંતર સંઘર્ષ કરી રહી છે જેના પરિણામે આજે નાનાથી મોટા પદો સ્ત્રીઓ શોભાવી રહી છે. જો કે ગ્રામ્ય સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ આજે પણ દયનીય છે જેનું મુખ્ય કારણ ગ્રામ્ય સમાજ આર્થિક સામાજિક અને રાજકીય ચેતનામાં પાછળ છે. આજની સ્ત્રીઓની સ્થિતિ વિષે જાણવા માટે ગ્રામ્ય સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ શું હતી તે જાણવું જરૂરી છે.

## (૧) વૈદિક કાળ

આ યુગમાં સ્ત્રીઓની સ્થિતી સારી હતી. તે પુરુષની માફક સ્વતંત્ર હતી તેને વિદ્યા મેળવવાનો અધિકાર હતો. એટલું જ નહી વિવાહ, સંપત્તિ વગેરે પર પુરુષની માફક સમાન અધિકાર પ્રાપ્ત હતો. લગ્ન કરેલ સ્ત્રીને વધુ સન્માન આપવામાં આવતું. કોઈ પણ ધાર્મિક વિધિ સ્ત્રીની હાજરી વિના પૂર્ણ થાય નહીં તેમ માનવામાં આવતું હતું. અર્થર્વેદમાં સ્ત્રીને 'ઘરકી સામ્રાજ્ઞી' ગણવામાં આવતી હતી. તે કુટુંબનું સંચાલન કરતી અને કુટુંબના સર્વ સભ્યો તેની આજ્ઞા પ્રમાણે ચાલતા હતા. કુટુંબમાં પણ તેને સન્માનીય ગણવામાં આવતી હતી. યજુર્વેદમાં સ્ત્રીને ઉપનયન અને સંધ્યા સંસ્કાર આપવામાં આવતા હતા તેવો ઉલ્લેખ છે. આ યુગમાં વિવાહની પ્રથા ન હતી. આ યુગમાં સ્ત્રીને એટલી બધી સ્વતંત્રતા હતી કે તે પોતને મનપંસદ પતિ પસંદ કરી શકતી હતી. પુત્ર જન્મ પુત્રીના જન્મથી ઊંચો માનવામાં આવતો હતો.

## (૨) ઉત્તર વૈદિક કાળ

આ યુગમાં સ્ત્રીઓની સ્થિતિમાં પરિવર્તન શરૂ થયું. આ બાબતે વાદ-વિવાદ અને મતભેદ જોવા મળે છે. એક તરફ એવું કહેવામાં આવતું કે

( દિપલબને સોની, એમ.એસસી. (હોમસાયન્સ), આણંદ)

જ્યાં સ્ત્રીઓને સન્માન આપવામાં આવે છે ત્યાં દેવતાઓ નિવાસ કરે છે જ્યારે બીજી બાજુ એવું કહેવામાં આવતું કે સ્ત્રીઓ પર નિયંત્રણ લાદવું જરૂરી છે. મહાભારતના કાળથી સ્ત્રી સમાજ પ્રત્યે વિવાદ અને મતભેદની શરૂઆત થઈ અને તેમાં ધીરે ધીરે વધારો થયો.

**(૩) સ્મૃતિ યુગ**

સ્મૃતિ યુગમાં આવતા આવતાં સ્ત્રીઓની સ્થિતિ દયનીય અને વિચારવાલાયક બની ગઈ હતી. તે ધર્મકાંડના ચક્રમાં ફસાઈ ગઈ હતી અને તેમાંથી બહાર નીકળવું સરળ ન હતું. ઈશ્વરને સાક્ષી માનીને એવા નિયમો બનાવેલા હતા કે જેનું પાલન કરવું જરૂરી મનાતું. આ કાળમાં સ્ત્રી દેવી નહીં પરંતુ પુરુષની દાસી બનીને રહી ગઈ તે બાલ્યાકાળથી જ પરાધીન બની ગઈ. તે કન્યા કાળમાં કુટુંબની, યુવાનીમાં પતિની અને વૃદ્ધાવસ્થામાં પુત્રોના સંરક્ષણ હેઠળ પોતાની જીંદગી જીવવા લાગી. આમ તેની સ્વતંત્રતા ઘરની ચાર દિવાલો વચ્ચે કેદ થઈ ગઈ.

**(૪) મધ્યકાળ**

આ કાળમાં સ્ત્રીઓની સ્થિતિ વધુ બગડી ગઈ. મોગલ સામ્રાજ્યની સાથે સાથે હિન્દુ સમાજમાં કઠોરતા આવી. આર્થિક-સામાજિક નિયમો વધુ કડક બન્યા. સમાજ ઉપર મુસલમાનો અને મુસ્લિમ સંસ્કૃતિનો પ્રભાવ વધી ગયો. બ્રાહ્મણોએ સ્ત્રી સમાજ માટે કડક નિયમો બન્વાય. તેઓને ઊચ્ચે શિક્ષણના અધિકારોથી દૂર કરી દીધી. મુસલમાનોના ભયથી પડદા પ્રથાને પ્રોત્સાહન મળ્યું અને તેનું કડક પાલન કરાવ્યું. બાળ વિવાહ એક પ્રથા બની ગઈ. વિધવા-વિવાહ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો અને સતી પ્રથાને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

**(૫) બ્રિટીશ યુગ**

આ યુગમાં પણ સ્ત્રીઓની સ્થિતિમાં કોઈ વિશેષ પરિવર્તન ન થયું. અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન અનેક સુધારાવાદી આંદોલનો થયા જેનો મુખ્ય હેતુ સમાજ અને સ્ત્રીઓમાં રહેલી અંધશ્રદ્ધાઓ અને રૂઢિઓનો દૂર કરવાનો હતો. જનઆંદોલન થયા તેનો પ્રભાવ શાસન પર પડ્યો પરંતુ આ ક્ષેત્રે સરકારે કોઈ પહેલ કરી નહી પરિણામે સ્ત્રીઓની સ્થિતિ કુટુંબમાં એક દાસી તરીકેની જ રહી. તે કુટુંબની એક સભ્ય હોવ છતાં તેની પાસે કોઈ અધિકારો ન હતા તેનું મુખ્ય કાર્ય કુટુંબના બધા કાર્યો કરવા અને બાળકને જન્મ આપવો તે હતું. પતિના અત્યાચારોને સહન કરવા તે તનો પરમ ધર્મ બની ગયો હતો. આર્થિક ક્ષેત્રમાં પણ તેનો અધિકાર ન હો. તેને નોકરી કરવાનો અધિકાર ન હતો પછી ભલે ને તે ભૂખે મરી જાય.

સામાજિક ક્ષેત્રે સ્ત્રીઓની દશા આથી પણ વધુ ખરાબ હતી. તેનું સંપૂર્ણ કાર્યક્ષેત્ર પરિવાર હતું. બાહ્ય સમાજમાં તેના માટે પ્રતિબંધ હતો. તેને અંધવિશ્વાસ અને રૂઢિઓમાં કેદ કરવામાં આવી હતી. આ સંજોગોમાં રાજનૈતિક ક્ષેત્રે તેના અધિકારો માટેના પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. સને ૧૯૧૯ સુધી તો સ્ત્રીઓનો મત આપવાનો અધિકાર પણ ન હતો. સને ૧૯૩૭માં સ્ત્રીઓની સામાજીક સ્થિતિને જોઈ કેટલીક સ્ત્રીઓને મતાધિકાર આપવામાં આવ્યો. મહાત્મા ગાંધીજીએ સ્ત્રીઓને સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લેવા માટે પ્રેરણા આપી.

**ગ્રામીણ સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ**

ઉપરોક્ત વિગતો જોઈ આપ સરળતાથી અનુમાન બાંધી શકો છો કે ભારતના ગામડાંઓ આર્થિક સામાજિક રીતે બહુ પછાત છે, ગરીબી અને બેકારી જોવા મળે છે, માણસોને બે ટંક ખાવાનુંપણ મળતું નથી. તેને રહેવા માટે ખૂલ્લું આકાશ અને જમીન છે. ખાવા માટે બે ટંકનું ભોજન અને શરીર ઢાંકવા માટે વસ્ત્ર પણ નથી. શિક્ષણ તો તેનાથી પણ દૂરની વાત છે. અંધવિશ્વાસ, રૂઢિઓ અને ઢોંગથી તે ઘેરાયેલી છે. આવા ગરીબ સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ વધુ દયનીય છે. આમ ગ્રામ્ય સમાજની સ્ત્રીઓમાં તેમના અધિકારો માટેની કોઈ જાગૃતિ જોવા મળતી નથી. સદીઓથી પછાત રહેલા ગ્રામ્ય સમાજમાં આજે પણ સ્ત્રીઓની સ્થિતિ દયનીય જોવા મળે છે તે માટેના કારણો અત્રે દર્શાવેલા છે.

**(૧) સંયુક્ત કુટુંબ પ્રથા**

સંયુક્ત કુટુંબ પ્રથામાં પત્નીનું નહીં પણ પતિનું સ્થાન મહત્ત્વનું ગણવામાં આવે છે. પતિ ગમે તેવો હોય પણ તે પૂજ્ય અને સર્વશ્રેષ્ઠ છે તેમ મનાય છે. સંયુક્ત કુટુંબમાં સ્ત્રીની પોતાની કોઈ ઈચ્છાને ધ્યાને લેવાતી નથી તેમજ કોઈ અધિકારો આપવામાં આવતા નથી. તે સવારે વહેલી ઉઠે છે અને રાત્રે બધા સૂઈ જાય ત્યારબાદ સૂએ છે. તે કેટલીકવાર કુટુંબના સભ્યોની ગાળો

કે માર પણ ખાય છે. આમ વાસ્તવિકતાની દૃષ્ટિએ સંયુક્ત કુટુંબમાં સ્ત્રી સમાજની સંપૂર્ણ સ્વતંત્રતા અને અધિકારોનું હરણ થયું છે. તેને ઘરમાં દાસ બનાવી દીધ છે. સ્ત્રીને નસીબમાં માનનારી, અંધવિશ્વાસુ અને રૂઢિવાદી બનાવી દેવામાં આવે છે એટલે કે પોતાના અધિકારો માટે જાગૃત થઈ આંદોલનો ન કરી શકે.

### (૨) નિરક્ષરતા

ગામડાંઓ સ્ત્રીઓથી શિક્ષણ ક્ષેત્રે પછાત છે. ગામડાંઓના મોટા ભાગના લોકો આજે પણ લખી વાંચી શકતાં નથી. આજે પણ ૬-૭ કિ.મી ચાલીને જઈએ ત્યારે શાળા જોવા મળે છે. આજે પણ શાળામાં બાલિકાઓને ભણાવવા માટે માતા-પિતા મોકલતા નથી.

### (૩) આર્થિક પછાતપણું

કોઈપણ સમાજનો વર્ગ કે જે આર્થિક રીતે પછાત છે તે પોતાના ઉન્નતિ કરી શકતો નથી. તેના માટે તો બે ટંકનું ભોજન કઈ રીતે મેળવવું? તે જ મોટો પ્રશ્ન છે. ગમાડાંની સ્ત્રીઓ અભણ, બિનકુશળ, ગરીબ અને પતિ પર આશ્રિત રહેનારી છે. તે પોતે પણ પોતની રીતે કામ કરી આર્થિક રીતે સુદૃઢ બની શકતી નથી. આમ આર્થિક પછાતપઆને કારણે સ્ત્રીની સામાજિક સ્થિતિ પણ ઉતરતી કક્ષાની રહે છે.

### (૪) બાળ વિવાહ

શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે સ્ત્રી રજસ્વલા થાય તે પહેલા તેનો વિવાહ કરી દેવો જઇએ તો જ કન્યાદાનનું ફળ પ્રાપ્ત થાય. આ કારણને લઈને નાની ઉંમરે બાલિકાઓને વિવાહ કરી દેવામાં આળે છે. આ નાની ઉમરે તે વિવાહનો અર્થ શું થાય તે પણ જાણતી હોતી નથી તેમજ ગૃહસ્થીની સમજ પણ ન હોવ છતાં તેના પર ઘર ઘરગૃહસ્થીનો ભાર લાદી દેવામાં આવે છે.

### (૫) બહુપત્નિત્વ અને મનમેળ વગર વિવાહ

સામંતશાહી યુગ દરમ્યાન રાજા, મહારાજા, જમીનદાર, તાલુકેદાર વગેરેની પ્રતિષ્ઠા તેમની કેટલી પત્નીઓ છે તેના પર આંકવામાં આવતી હતી. એટલે કે સ્ત્રી એ પ્રતિષ્ઠા અને ભોગવવાની વસ્તુ બની ગઈ. ગામડાંઓમાં પણ આ બાબતથી પુરુષો અને પત્નીઓ રાખતા થયા પોતાની ઉંમર વધુ હોય તો પણ પોતાના થી અડધી ઉમરની સ્ત્રીને વિવાહ કરી પત્ની બનાવતા. આમ બહુપત્નીત્વ અને વિચાર કર્યા વિના મનમેળ વગરના લગ્નને કારણે સ્ત્રીની સ્થિતિમાં કોઈ ફેર ન પડ્યો તેમજ તેની પોતાની આર્થિક અને સામાજિક સ્થિતિામાં કોઈ ફેરફાર કરી શકાય તેવા વિચાર કરવાનો પણ સમય ન મળ્યો.

### (૬) વિવાહની રૂઢિગત પ્રથાઓ

ભારતીય સમાજમાં વિવાહ માટે કઠોર રૂઢિગત નિયમો અમલમાં છે જેમાં છોકરા અને છોકરીનું કુટુંબ, વંશ, ગૌત્ર, પિંડ વગેરેનો વિચાર કરી વિવાહ કરવામાં આવે છે તેમાં પણ સ્ત્રીને નિયમોથી વધારે જોડવામાં આવી છે જ્યારે પુરુષને અનેક પ્રકારની છૂટછાટ આપવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં સ્ત્રી શિક્ષિત અને કુશળ હોય તો પણ પોતાની પસંદગી પ્રમાણે વિવાહ કરી શકતી નથી. ગ્રામ્ય સમાજમાં સ્ત્રીનું શિક્ષણ, યોગ્યતા કે કુશળતા જોવામાં આવતી નથી અને તેને પતિના કુટુંબની યોગ્યતા જોવા વિના જ પરણાવી દેવામાં આવે છે. આમ ગ્રામ્ય સમાજમાં છોકરી સામે મુરતીયાની પસંદગીનો કોઈ પ્રશ્ન જ ઉભો થતો નથી.

### (૭) ગરીબાઈ અને દહેજ

ભારતીય ગ્રામ્ય સમાજમાં આજે પણ ગરીબાઈ જોવા મળે છે. ગરીબ વ્યક્તિ બે ટંકનું ભોજન પણ પ્રાપ્ત કરી શકતો નથી. ઠંડીમાં ઓઢવા માટે ચાદર પણ હોતી નથી. વરસાદની ઋતુમાં ઝૂંપડીમાં પાણી ટપકે છે. આવી પરિસ્થિતિમાં હોય ત્યાં દહેજ માટે નાણાં ક્યાંથી લાવી શકે ? આમ ગરીબાઈને કારણે કુમારી છોકરીઓને પતેનાથી બમણી કે ત્રણગણી ઉંમરના પુરુષો જોડે પરણાવી દેવામાં આવે છે જેનું મુખ્ય કારણ માતાપિતા દહેજ આપવા સમર્થ હોતા નથી.

## ગ્રામ્ય સ્ત્રીઓની સ્થિતિમાં આવેલ પરિવર્તનના કારણો

ભારતમાં સ્વતંત્રતા પછી ગામડાંઓના સ્ત્રી સમાજમાં અનેક પ્રકારના પરિવર્તનો સ્પષ્ટ રીતે જોવા મળ્યા છે. સદીઓથી ચાલ્યા આવતા આર્થિક અને સામાજિક ઢાંચામાં અનેક ફેરફારો થયા છે જેનો પ્રભાવ સ્ત્રી સમાજ ઉપર પડ્યો છે. ભારત સરકાર પણ ગ્રામ્ય સ્ત્રીઓની સ્થિતિમાં જે થોડુંગણું પરિવર્તન આવ્યું છે

તેના કેટલાક કારણો અત્રે દર્શાવેલ છે.

**(૧) શિક્ષણ**

સ્વતંત્રતા બાદ ભારત સરકાર દ્વારા શિક્ષણના પ્રસારના હેતુથી ગામેગામ પ્રાથમિક શાળાઓ અને પ્રૌઢ શિક્ષણના વર્ગો વગેરે ખોલવામાં આવ્યા છે. આજે શાળા, કોલેજોમાં છોકરીઓ ભણતી જોવા મળે છે. જો કે શાળા-કોલેજોમાં છોકરીઓની સંખ્યા ઓછી છે તેમ છતાં હવે ગામડાંઓમાં પણ ભણેલી સ્ત્રીઓ જોવા મળે છે. આવી સ્ત્રીઓ પોતાના કુટુંબમાં સ્માન મેળવી રહી છે અને કૌટુંબિક સમસ્યાઓમાં તેનો મત લેવામાં આવે છે. આમ શિક્ષણના માધ્યમ દ્વારા ગ્રામ્ય સ્ત્રીઓની સ્થિતિમાં થોડુંગણું પરિવર્તન આવ્યું છે.

**(૨) સંયુક્ત કુટુંબની પ્રથામાં ફેરફાર**

ગ્રામીણ સ્ત્રીઓની સ્થિતિમાં પરિવર્તન લાવવા માટુ સંયુક્ત કુટુંબનું પ્રથામાં ફેરફાર જવાબદાર મનાય છે. સંયુક્ત કુટુંબમાં સ્ત્રી એક ગુલામ હતી તેને વહેલી સવારથી મોડી રાત સુધી કામ કરવું પડતું હતું. આજે લગ્ન બાદ પતિ-પત્ની પોતાનું અલગ ઘર રાખી વિભક્ત કુટુંબપ્રથા અપનાવી પોતાની જવાબદારી જાતે નક્કી કરે છે. આમ કુટુંબો નાના થવા લાગ્યા છે. ગામડાંઓમાં સ્ત્રીઓ હવે બહાર નીકળવા લાગી છે અને પોતાના અધિકાર અને કર્તવ્ય સમજવા લાગી છે. હવે તો વાહનવ્યવહાર અને સંચાર માધ્યમોમાં પ્રગતિ થતાં ગામડાંઓ નાના તથા મોટા શહેરો સાથે જોડાવા લાગ્યા છે. પરિણામે ગામડાઓમાં શહેરોની સંસ્કૃતિ અને સભ્યતા પહોંચવા લાગહી છે. હવે તો ગ્રામ્ય સ્ત્રીઓ પણ શહેરોમાં જઈ ખરીદી કરવા લાગી છે. આમ શહેરોના સંપર્કમાં આવતાં સ્ત્રીઓ આધુનિક અને પ્રગતિશીલ બની છે. આમ ગ્રામ્ય સ્ત્રીઓની સામાજીક અને કૌટુંબિક સ્થિતિમાં નિરંતર પરિવર્તન આવી રહ્યું છે.

**(૩) તાલીમ સંસ્થાઓ**

ભારત સરકાર દ્વારા ગામડાંઓમાં અનેક પ્રકારની તાલીમી સંસ્થાઓ સ્થાપવામાં આવી રહી છે. જેના દ્વારા વિવિધ પ્રકારની તાલીમો જેવી કે કપડાં સિવવા, દિવાસળી બનાવવી, અગરબત્તી-મીણબત્તી બનાવવા, પડીયા-પતરાળા બનાવવા વગેરે આપવામાં આવે છે. કૌટુંબિક કામો પૂરા કર્યા બાદ સ્ત્રીઓ આવાં કાર્યો કરી આર્થિક આવક ઉભી કરી શકે છે જેને પરિણામે સ્ત્રીઓની આર્થિક સ્થિતિમાં સુધારો થવા પામ્યો છે અને સૌથી મહત્ત્વની બાબત સ્ત્રીઓ સ્વાવલંબી બનવા માંડી છે.

**(૪) મહિલા સ્વંયસેવિકાઓ**

આજે ગ્રામ્ય સમાજમાં ચાલતી યોજનાઓમાં મહિલાઓ સ્વયંસેવિકા તરીકે કામ કરે છે. આવી સ્વંયસેવિકાઓ ગામડાંઓમાં ઘરે ઘરે પહોંચી સ્ત્રીઓનું સ્વાસ્થ્ય, કુટુંબ કલ્યાણ, બાળકોનું પાલનપોષણ, બચત યોજનાઓ, બિમારીઓ વગેરેની માહિતી આપે છે. તેઓ દેશની પ્રગતિ વિષે જણાવે છે. તે રાત્રે પ્રોઢ શિક્ષણના વર્ગોની ઉપરાંત કુટુંબના આવશ્યક કાર્યો પણ શિક્ષણ આપે છે જેના કારણે સ્ત્રીઓની આર્થિક તથા સામાજિક સ્થિતમાં અને તેમના વિચારો તથા માનસિકતામાં પરિવર્તન આવે છે.

ઉપરોક્ત બાબતોથી એ સાબિત થાય છે કે ગ્રામ્ય સ્ત્રીઓની સ્થિતિ આજે સ્વતંત્રતા પહેલાં જ હતી તે આજે નથી રહી. તેમના કૌટુંબિક અને સામાજિક જીવનમાં સ્પષ્ટ રીતે ફેરફારો થયેલ જોવા મળે છે. પરંતુ આજે પણ શિક્ષણના અભાવે ગ્રામ્ય સ્ત્રીઓ રૂઢિવાદી અને અંધવિશ્વાસુ જોવા મળે છે. સંયુક્ત કુટુંબ પ્રથા તૂટવા લાગી છે અને વિભક્ત કુટુંબો બનવા લાગ્યા છે જેને પરિણામે નિશ્ચિતરૂપે પરિવર્તન આવ્યું છે અને સ્ત્રીઓની આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે. તેમ છતાં આજે પણ ગામડાંઓણાં રહેતી સ્ત્રીઓની સ્થિતિમાં કોઈ ખાસ સુધારો થયેલ નથી. આમ ઉપરોક્ત બાબતો ધ્યાને લઈ એક યુદ્ધની જેમ પ્રાથમિકતા આપી સુધારાત્મક ઉપાયો યોજવામાં આવે તો સ્ત્રીઓની આર્થિક સ્થિતિમાં સારો એવો સુધારો થઈ શકે તેમ છે.

■ ■ ■


વિકાસલક્ષી

સામયિક

**યોજના**

યોજના વાંચો, યોજના

વંચાવો

# પ્રાચીન ગુજરાતના પાટનગર ધોળકાના જૈનતીર્થો

✍ ગોવિંદ મકવાણા

**વાઘેલા રાજવી વીરધવલના શાસનકાળમાં વસ્તુપાળ તેજપાળે ધોળકાને એક જૈન તીર્થ તરીકે સ્થાપિત કર્યું હતું. તેમના સમયમાં ઘણાં વિદ્વાન આચાર્યોએ અહીંના ઉપાશ્રયોમાં અને વસતિ-ચૈત્યમાં રહીને ઘણાં જૈન ગ્રંથોની રચના કરી હતી અન તેની નકલો પણ તૈયાર કરી હતી, જેની પ્રશસ્તિ નોંધો જૈન સાહિત્યમાંથી મળી આવ છે. મહામાત્ય વસ્તુપાળે ધોળકામાં આદીનાથ ભગવાનનું મંદિર, બે ઉપાશ્રયો, વાવ અને પાણીની પરબ વગેરે બંધાવ્યા હતા. વસ્તુપાળના કાર્યકાળમાં ધોળકામાં શ્રીઅમરચંદ્રસૂરિ પધાર્યા હતા. અને તેમને વેણિકૃપાણઅમરની પદવી આપી હતી. ધોળકાના વીરધવલના રાજદરબારમાં તેમણે કવિ તરીકેની કીર્તિ સંપાદન કરી હતી.**

## પ્રાચીન પાટનગર ધોળકા

ધોળકા પ્રાચીનકાળમાં ધવક્કલ કે ધવલગઢ તરીકે જાણીતું ગુજરાતના પ્રાચીન અણહીલવાડના વાઘેલા રાજવીઓનું પાટનગર રહ્યું હતું. વિ.સ.૭૬ પૂર્વે ગુજરાતના પ્રાચીન રાજકીય અને વાણિજ્યિક નગરોમાંનું ધવલક્ક એક મુખ્ય નગર હતું. ઈ.સ.૧૪૪માં સૂર્યવંશી રાજા કનકસેન અહીં રાજ્ય કરતો હતો. ૧૧મી સદીના અંતમાં સિદ્ધરાજ જયસિંહની માતા મીનળદેવીએ અહીં તળાવ બંધાવ્યું હતું. ૧૨મી સદીમાં આ ગુજરાતનું મહત્ત્વનું વેપારી મથક હતું. મહાભારતકાળમાં તે વિરાટનગર તરીકે ઓળખાયું હતું, પણ તેના ચોક્કસ ઐતિહાસક આધાર નથી. વાઘેલા વંશનું કુળ ચૌલુક્ય હતું. આ કુળનો વ્યાઘ્રપલ્લીય (વાઘેલ) શાખાનો મુખ્ય પુરુષ અર્ણોરાજ (આનાક્) હતો. તેના પિતા ધવલે આ પ્રાચીન ધવલક્ક ની સ્થાપના પોતાના નામ ઉપરથી કરી હોવાની સંભાવના છે. ૧૨મી સદીમાં રચાયેલા જૈન ગ્રંથ પ્રશસ્તિઓમાં અને પ્રબંધોમાં ધવલક્કનો આધાર મળે છે. જેથી કહી શકાય કે, લવણપ્રસાદના પિતા આનાર્કે તેના પિતા ધવલના નામ ઉપરથી અથવા ધવલે પોતે ધવલક્ક અથવા ધવલગઢ વસાવ્યું હશે. ઐતિહાસિક આધારો એ પણ જણાવે છે કે, અણહીલવાડના સામ્રાજયને મંડળોમાં રાજકીય વહીવટ માટે વિભાજીત કર્યુ હતુ તેમાંનું એક મંડળ ગુર્જરમંડળ કે ગુર્જરાત્રામંડળ હતું. જેનું વહીવટ મુખ્ય મથક ધવલક્ક હતું આથી એમ પણ કહી શકાય કે, વાઘેલા રાજવીઓ પૂર્વે પણ ધવલક્ક સ્થપાયેલું હતું. અર્ણોરાજ ભીમદેવ બીજાનો વફાદાર સામંત હતો. ભીમદેવની સત્તા ઈ.સ.૧૧૯૭માં દિલ્હીના સુલતાન કુતબુદ્દીન ઐબના આક્રમણથી નિર્બળ બની હતી અણહીલવાડ પાટણને મુસ્લિમ લશ્કરે લૂટ્યું હતું. આ મુસ્લિમ આક્રમણ સામે આબુના રાજા ધારાવર્ષ અને અર્ણોરાજના પુત્ર લવણપ્રસાદે ભીમદેવને ઘણી મદદ કરી હતી. અર્ણોરાજ લવણપ્રસાદને ભીમદેવ બીજાના રાજયના રક્ષણની જવાબદારી સોંપી મુસ્લિમ આક્રમણમાં મરાયો હતો. અર્ણોરાજની જેમ લવણપ્રસાદે પણ ભીમદેવના વિશ્વાસુ અને વફાદાર સામંત તરીકે સેવા બજાવી હતી.

ભીમદેવના અમાત્યો અને માંડલીકો પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપવા લાગ્યા હતા ત્યારે લવણપ્રસાદે અને તેના પુત્ર વિરધવલે પણ ભીમદેવની વફાદારી સાચવી હતી. ભીમદેવના શાસનકાળમાં લવણપ્રસાદ પાટણનો સર્વોપરી બન્યો હતો છતાં તેણે પાટણનું શાસન પડાવી ન લીધું પણ તેના પુત્રને વિ.સં.૧૨૭માં ભીમદેવની સંમતિથી ધવલકનો સ્વતંત્ર રાજવી બનાવી રાણાનુ પદ આપ્યું હતું. આમ, વિરધવલ ધોળકાનો સ્વતંત્ર સૌ પ્રથમ વાઘેલા વંશનો

રાજવી બન્યો. તેઓ પાટણની ગાદી ભીમદેવ પાસેથી ઝૂંટવી લેવા શક્તિશાળી અને સમર્થ હતા છતાં તેમ કર્યું નથી. વિ.સં. ૧૨૭૬માં પાટણનો પુરોહિત સોમેશ્વરની સલાહથી અણહીલવાડના બે કુશળ અમાત્યો વસ્તુપાળ અને તેજપાળની વિરધવલનાં મંત્રી તરીકે નિમણુંક કરી હતી. ધોળકાનું સદનસીબ કહેવાય કે આવા કુશળ મંત્રીઓ મળ્યા. હતા. ભીમદેવના રાજ્યનું રક્ષણ પણ વિરધવલ અને આ અમાત્યો કરતા હતા. વિ.સં.૧૨૯૪માં ધોળકાના રાજવી વિરધવલનું મૃત્યુ થયું અને ધોળકાની ગાદીએ તેનો યુવરાજ પુત્ર વિશલદેવ આવ્યો. ધોળકાનું પ્રાચીન નામ ધવલક્ક કદાચ વિરધવલના નામ પરથી પણ પડ્યુ હોય તેમ પણ કહી શકાય. વિશલદેવે પણ પાટણના રાજવીને રાજ્યના રક્ષણમાં ઘણી મદદ કરી હતી. વિ.સં. ૧૨૯૮માં ભીમદેવનું મૃત્યુ થતાં તેનો પુત્ર ત્રિભુવનપાળ અણહીલવાડની ગાદીએ આવ્યો હતો. તે નિર્બળ શાસક પુરવાર થયો. વિ.સં.૧૩૦૦ માં તેની સત્તાનો અંત આવ્યો અને ધોળકાના વાઘેલા રાજવી વિશળદેવે પાટણની ગાદી પ્રાપ્ત કરી. આમ ધોળકામાંથી રાજ્ય સત્તા પાટણમાં બદલાઈ. લગભગ ૨૫ વર્ષ સુધી ધોળકા વાઘેલા રાજવીઓનું પાટનગર રહ્યું. ધોળકાના રાજવીને વસ્તુપાળ તેજપાળ જેવા બાહોશ, કુશળ અને સારા પ્રશાસનીય મહામાત્યો મળ્યા હતા. જેના કારણે ધોળકામાં પાટનગરને અનુરૂપ સ્થાપત્યોનું નિર્માણ થયું હતું. જેમાં ખાસ કરીને જૈન મંદિરો, દેવસ્થાનો, જળાશયો, મુસાફરખાના વગેરે બંધાયા હતા. વસ્તુપાળને જૈન મંદિરો બાંધવાનો એક ઉમદા શોખ હતો, જે ઇતિહાસ પ્રસિદ્ધ હકીકત છે. જેથી તેના સમયમાં અહીંના જૈન તીર્થોનું મહત્ત્વનું નિર્માણ થયું હતું. વસ્તુપાળનું વિ.સં.૧૯૨૬માં મૃત્યુ થયું. વસ્તુપાળ કવિ પણ હતો. તે કુર્ચાલ સરસ્વતી તરીકે પ્રસિદ્ધ હતો. કવિ તરીકે તેણે વસંતપાલ નામનું મહાકાવ્ય રચ્યું હતું. તેના મૃત્યુ પછી વિશલદેવે બે વર્ષ બાદ પાટણમાં પોતાની સત્તા સ્થાપિત કરી હતી.

મુલસમાન શાસળકાળમાં ત્યાં ફરતે કિલ્લો હતો. અને મુસલમાનોના મકાન સારા હતા. ઈ.સ.૧૭૩૬માં મરાઠાઓએ ધોળકા કબજે કર્યું હતું. પાંચ વર્ષ બાદ ફરી મુસલમાનોએ ઈ.સ.૧૭૪૧માં ધોળકા કબજે કર્યું. ત્યારબાદ ૧૭૫૭માં ગાયકવાડે પોતાની સત્તા સ્થાપી. ગાયકવાડ પાસેથી ૧૮૦૪માં બ્રિટીશ સરકારે ધોળકા કબજે કર્યું .ઈ.સ.૧૮૧૩માં ભયંકળ દુષ્કાળ પડતાં ધોળકાં પડી ભાંગ્યું. ૧૮મી સદીમાં અહીંયા સુતરાઉ સાડીનો ઉદ્યોગ-ધંધો ખત્રી, મેમણ અને કસ્બાતી મુસલમાનો કરતાં હતા. માટીના વાસણો, લોખંડના ઓજારો અને પિત્તળના વાસણો અહીં બનાવવાનો ખૂબ જ મોટો ધંધો હતો. સોના-ચાંદી, હાથીદાંતના ચૂડા પણ પ્રખ્યાત હતા. ૧૮મી સદીની શરૂઆતમાં અહીંથી કાપડ ઈરાની અખાત અને અરબસ્તાનમાં જતું હતું. પરંતુ ૧૮૧૩ માં દુષ્કાળને લીધે ધંધો પડી ભાંગ્યો. ધોળકાથી કાઠીયાવાડ અને અખાતના બંદરામાં કાપડ, બાજરો, ચોખા, દાળ વગેરે જતાં. ધોળકાનું કાપડ, ગોળ, દાડમ અને જમરૂખ બહાર નિકાસ થતાં હતાં. ધોળકામાં ચંદ્રેશ્વર મહાદેવનું મંદિર સંવત ૧૮૦૭માં ગાયકવાડના કારભારી અંતતાજીરાવે બંધાવ્યું હતું અને તેના નિભાવ માટે ગાયકવાડે ધોળકા પાસેનું રાજપુર ગામની ઉપજ આપવાનું ઠરાવ્યું હતું.

### જૈન તીર્થ ધવલક્ક (ધોળકા)

ધવલક્કની સ્થાપના ૧૨મી સદીમાં થઈ હતી અને ૧૫મી સદી સુધી આ નગરની જાહોજહાલી ખૂબ જ મહત્વપૂર્ણ હતી. આ સમય દરમિયાન જૈન ધર્મની પણ ખૂબ જ મોટી પ્રતિષ્ઠા અને ખ્યાતિ અહીં હતી. 'પ્રભાવકચરિત' ના લેખક અભયદેવસૂરિ જેમણે નવ અંગો (આગમો) ઉપર વિ.સં.૧૧૨૬ થી ૧૧૨૮ દરમ્યાન ટીકાઓ રચી હતી. તેઓ પણ આ નગરમાં પધાર્યા હતા. ધોળકા, પાટણ, આશાપલ્લી વગેરેના ૮૪ જેટલા શ્રાવકોએ અભયદેવસૂરિએ રચેલી આગમ ગ્રંથોની ટીકાઓની ૮૪ નકલો તૈયાર કરીને જૈનધર્મના આચાર્યોને અભ્યાસ માટે ભેટ આપી હતી. અહીંના જૈન શ્રાવકોની જાહોજહાલી અને વૈભવ જોતાં અહીંના જૈન તીર્થો ઘણાં સમૃદ્ધ હતાં. આ નગરમાં સંવત ૧૧૩૨માં ખરતરગચ્છના યુગપ્રધાન આચાર્ય શ્રી જિનદત્તસૂરિનો જન્મ થયો હતો. અને આ ધાર્મિક તીર્થ બન્યું હતું. સંવત ૧૧૪૧માં અહીં પધારેલા ધર્મદેવસૂરિએ આ બાળકના પ્રતાપી લક્ષણોની ભવિષ્ય વાણી કરી તેને સંવત ૧૧૪૧માં નવ વર્ષની ઉંમરે દીક્ષા આપી હતી. પ્રભાવકચરતમાં જણાવ્યા મુજબ વિ.સં.૧૧૪૩માં અહીં મળેલી ધર્મપરિષદમાં વાદિદેવસૂરિએ ધન્ધ નામના શિવાદ્વૈતીનો ધર્મ સત્સંગમાં પરાજ્ય કર્યો હતો. વાદિદેવસૂરીએ અહીં ઉદાવસતિ ચૈત્યમાં શ્રી સિમંધર સ્વામીની પ્રતિષ્ઠા કરી હતી. સિમંધર સ્વામીનું આ જૈન તીર્થ પુનઃ સિદ્ધરાજના મંત્રી ઉદયને ઈ.સ.૧૧૧૯ (વિ.સં.૧૧૭૫) માં બંધાવ્યું હતું. શ્રી જિન પ્રભસૂરિના નોંધવા મુજબ આ જૈન તીર્થ ૧૪માં સૈકા સુધી વિદ્યમાન હતું. વિ.સં.૧૧૯૦માં જિનપ્રભસૂરિએ

નેમિચંદ્રસૂરિ રચિત 'આખ્યાયનમણિકોશ' ની બીજી આવૃત્તિ અહીં નિવાદ્ધ કરીને પૂરી કરી હતી. અહીં મૂનિ સુવ્રતસૂરિ સ્વામીને અશ્વાલબોધ શકુનિકા વિહાર નામના જૈન મંદિરમાં પધાર્યા હતા અને અહીંના ધવલ શેઠે તેમને મૂનિ સુવ્રતચરિત રચવાની વિનંતી કરી હતી. જેથી તેમણે આશાપલ્લીના શ્રીમાલ નાગિલના પુત્રો સાથે રહીને વિ.સં.૧૧૯૩માં આસો વદ અમાસ દિવાળીના દિવસે તેની રચના પૂર્ણ કરી હતી. આ વર્ષમાં પણ એક જૈન મંદિર બંધાયાનો ઉલ્લેખ છે.

વાઘેલા રાજવી વીરધવલના શાસનકાળમાં વસ્તુપાળ તેજપાળે ધોળકાને એક જૈન તીર્થ તરીકે સ્થાપિત કર્યું હતું. તેમના સમયમાં ઘણાં વિદ્વાન આચાર્યોએ અહીંના ઉપાશ્રયોમાં અને વસતિ-ચૈત્યમાં રહીને ઘણાં જૈન ગ્રંથોની રચના કરી હતી અન તેની નકલો પણ તૈયાર કરી હતી, જેની પ્રશસ્તિ નોંધો જૈન સાહિત્યમાંથી મળી આવ છે. મહામાત્ય વસ્તુપાળે ધોળકામાં આદીનાથ ભગવાનનું મંદિર, બે ઉપાશ્રયો, વાવ અને પાણીની પરબ વગેરે બંધાવ્યા હતા. વસ્તુપાળના કાર્યકાળમાં ધોળકામાં શ્રીઅમરચંદ્રસૂરિ પધાર્યા હતા. અને તેમને વેણિકૃપાણઅમરની પદવી આપી હતી. ધોળકાના વીરધવલના રાજદરબારમાં તેમણે કવિ તરીકેની કીર્તિ સંપાદન કરી હતી. ૧૪મી સદીમાં માંડવગઢના મંત્રી પેથડે અહીંયા એક જૈન મંદિર બંધાવ્યું હતું. ૧૪મી સદીમાં વિનયપ્રભસૂરિએ રચેલી તીર્થમાળા નામના ગ્રંથમાં આ જિન મંદિરનો ઉલ્લેખ કરેલ છે. આ ગ્રંથમાં તેમણે એક લોકમાં જણાવેલ છે કે, ધવલકઈએ પાસુકલિકુંડ જિણહાવસહોય પાસવોરો આ લોકથી સાબિત થાય છે કે, ૧૨ થી ૧૪ મી સદી દરમિયાન ઘણાં જૈન તીર્થો અહીંયા આ ભૂમિને પવિત્ર કરતાં હતાં. તીર્થમાળા ગ્રંથમાં કલિકુંટ પાર્શ્વનાથ અન જિણહાવસહી પાર્શ્વનાથનો ઉલ્લેખ મળેલ છે. આજે પણ કલિકુંડ જૈનધર્મનું મહત્ત્વનું તીર્થ ધોળકા મુકામ વિદ્યમાન છે.

હાલની અંબાજીની પોળમાં શ્રી સુમંતિનાથ ભગવાનનું શિખરબંધ મંદિર વસ્તુપાળ તેજપાળે બંધાવ્યું હતું તેવો ઉલ્લેખ મળેલ છે. આ મંદિર બંધાવ્યું ત્યારે પૂર્વે આદિનાથ મૂળ નાયક તરીકે બિરાજમાન હતા. અને જિર્ણોદ્ધાર પછી તેમાં સુમતિનાથની પ્રતિષ્ઠા કરી હતી. આ મંદિરમાં બંને બાજુ શ્રી પાર્શ્વનાથ અને શ્રી આદિનાથ ભગવાનની મર્તિઓની પણ વિ.સં.૨૦૫૯માં પ્રતિષ્ઠા થઈ હતી. પંચભાઈની પોળમાં શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર પ્રાચીનકાળનું છે. ધોળકાનું જૂના મહોલ્લા તરીકે ઓળખાતી ભાલાપોળમાં શ્રી આદિશ્વર ભગવાનનું દેરાસર પ્રાચીન સમયનું હતું. તેમાં શ્રી વસ્તુપાળ અને રૂપાદેવીની આરસની મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરેલી હતી. અહીંના પ્રાચીન ખડોની શોધ કરવામાં આવે તો ધોળકાનો ઘણો પ્રાચીન ઈતિહાસ જાણી શકાય.વાઘેલા-સોલંકી વંશની સત્તા નાબુદ થતાં આ નગરની સાથે જૈન તીર્થોની પણ પડતી થઈ હતી. ધોળકાથી ૩૫ કિ.મી દૂર આવેલ કેસરડીમાં પણ ધોળકાના જૈન દેરાસરોના સમકાલીન પ્રાચીન જૈન દેરાસર હતું. આ કેસરડી ગામ પ્રાચીનકાળનું કાશહદ્ર હોવાની શક્યતા આ જૈન દેરાસર પરથી લાગે છે. આ દેરાસર પણ ૧૩ મી સદી પૂર્વેનું હોવાની શક્યતા છે. મુસ્લિમ શાસનમાં ઘણાં જૈન તીર્થોને મસ્જિદમાં રૂપાંતર કરવામાં આવ્યા હતા. તેનાં ઘણાં શિલ્પ સ્થાપત્યકીય આધારો મળેલ છે.

**મૂલ્યાંકન**

૧૩મી સદીમાં લગભગ ૨૫ વર્ષ સુધી અણહીલવાડના વાઘેલા રાજવીઓએ અહીં શાસન કર્યું હતું. જેને કારણે પાટનગરને અનુરૂપ ઘણાં શિલ્પસ્થાપત્યોની તેમજ ઐતિહાસિક ભવનોની રચના થઈ હતી. હાલનું મલાવ તળાવ અને વિરમગામનું મુતસર સરોવર વાઘેલા રાજવીઓના સમય દરમિયાન પણ બંધાયું હોય ! ૧૨મી સદીમાં ધવલક્કમાં ઉદયન મંત્રીએ જૈન તીર્થ બંધાવ્યા હતા. તેના ઉપરથી કહી શકાય કે, વાઘેલા રાજવીઓના શાસનકાળ પૂર્વે ધવલક્ક અસ્તિત્ત્વમાં હતું. આગળ ઉલ્લેખ કર્યા મુજબ અણહીલવાડના વિશાળ સામ્રાજ્યના વિવિધ મંડળો પૈકીના ગુર્જર મંડળનું ધવલક્ક વહીવટી મથક રહ્યું છે જેના કારણે તેના વિકાસ અને જૈન ધર્મને મળેલ આશ્રય ખૂબ જ મહાન છે. અણહીલવાડના પાટણના ચક્રવર્તી રાજવીઓ સિધ્ધરાજ જયસિંહ અને કુમારપાળના સમયમાં જૈન ધર્મને ઘણો મોટો રાજ્યાશ્રય મળ્યો હતો જેના કારણે ધોળકામાં જૈન તીર્થો પ્રાચીન કાળમાં અસ્તિત્વમાં આવ્યા હતા.

**સંદર્ભ ગ્રંથો**


૧. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-૪, ૧૯૭૬ - ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રી
૨. જૈન તીર્થ સર્વગ્રહ ખંડ-૧, ૧૯૫૧ - આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત
૩. ગુજરાતનો સોલંકી કાલીન ઈતિહાસ, ૧૯૭૬ - ડૉ.એન.એ. આચાર્ય
૪. જૈન આટ્‌ર્સ એન્ડ કલ્ચર વોલ્યુમ-૨
૫. ગુજરાત સર્વ સંગ્રહ-ઈ.સ.૧૮૮૭ - કવિ નર્મદા શંકર
૬. ગુજરાતનો ઈતિહાસ-૧૯૬૫ - ડૉ.આર.કે ધારૈયા
૭. ગુજરાતના ઐતિહાસિક અભિલેખો-૧૯૪૨- આચાર્ય ગિરજાશંકર વલ્લભજી


■ ■ ■

# ૨૦૦૮માં નોબલ પારિતોષિક પોલ રોબિન ક્રુગમેન

✍ ચિરાગકુમાર પટેલ

**ક્રુગમેને આંતરાષ્ટ્રીય અર્થતંત્રમાં ખૂબ જ કામ કર્યું હોવાથી તેઓ ખૂબ જાણીતા છે. રિસર્ચ પેપર ઈન ઈકોનોમિક પ્રોજેક્ટના જણાવ્યા મુજબ અત્યારે વિદ્યમાન જગતના ૫૦ શ્રેષ્ઠ અર્થશાસ્ત્રીમાં ક્રુગમેનની ગણના થાય છે. તેમજ *Maurice Obstfeld* સાથે સંયુક્તપણે લખેલું પુસ્તક, "ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ થિયરી એન્ડ પોલિસી"ની ગણના આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રમાં પ્રાથમિક પુસ્તક તરીકે થાય છે. તેમજ આવકની વહેંચણી અને જાહેરનીતિ જેવા વિષયો પર સામાન્ય વ્યક્તિને પણ ખબર પડે તેવી સરળ ભાષામાં સમજુતી આપતા તેમના લેખો ખૂબ જ પ્રસિદ્ધ છે. ન્યુટન કેન્સવાદી અર્થશાસ્ત્રી તરીકે પણ તેમની નોંધપાત્ર ગણના થાય છે.**

અમેરિકન અર્થશાસ્ત્રી કટાર લેખક પૉલ રોબિન ક્રુગમેન એવું દઢપણે માને છે કે અમેરિકાની હાલની આર્થિક મંદી એ અમેરિકાના પ્રેસિડેન્ટ બુશની ખોટી આર્થિક અને રાજકીય નીતિરિતીનું પરિણામ છે. પૉલ ક્રુગમેનને આર્થિક પ્રવૃત્તિઓનું સ્થળ અને એનાલિસીસ ઓફ ટ્રેડ પેટર્ન્સના વિશ્લેષણ બદલ ૨૦૦૮માં નોબલ મેમોરિયલ પારિતોષિક આપવામાં આવ્યું છે.

પૉલ રોબિન ક્રુગમેનનો જન્મ ૨૮ ફેબ્રુઆરી, ૧૯૫૩ના રોજ ન્યુયોર્કના લાંગ આઈલેન્ડમાં એક યહુદી કુટુંબમાં થયો હતો. પૉલ ક્રુગમેને ૧૯૭૪માં યેલ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં બી.એસ.ની ડિગ્રી મેળવી હતી અને એમ.આઈ.ટી.માંથી ૧૯૭૭માં પીએચ.ડી ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી.

હાલમાં તેઓ અમેરિકાની પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર અને આંતરરાષ્ટ્રીય સંબંધોના પ્રોફેસર છે. અમેરિકન ન્યુયોર્ક ટાઈમ્સમાં દર અઠવાડિયે તેમની કટાર પ્રકાશિત થાય છે. જે આપણા દેશમાં અંગ્રજી દૈનિક પત્ર 'ધ હિન્દુ'માં મંગળવારે તે જ કોલમ પ્રકાશિત થાય છે. હાલમાં આંતરરાષ્ટ્રીય બાબતોની સમિતિ 'ગ્રુપ ઓફ થર્ટી' માં તેઓ સભ્ય છે. ૧૯૮૨ થી ૧૯૮૩ સુધી 'રીગન વાઈટ હાઉસ'માં આર્થિક બાબતોની સલાહકાર સમિતિમાં પણ તેઓએ સભ્ય તરીકે કામ કર્યું છે. પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાં જોડાયા પહેલાં તેઓ યેલ યુનિવર્સિટી M.I.T. UC Berkley લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ અને સ્ટેનફર્ડ યુનિવર્સીટીમાં અધ્યાપન કાર્ય પણ કરી ચૂકયા હતા. ૧૯૯૩માં બિલ ક્લિન્ટન જયારે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા ત્યારે સેક્રેટરી ઓફ ટ્રેઝરીના પદ માટે પૉલ ક્રુગમેનના નામની વિચારણા તેમણે કરી હતી તે માટે આકૉનસાસમાં તેમને ચર્ચા વિચારણા માટે પણ બોલાવવામાં આવ્યા હતા. પરંતુ ક્રુગમેનની કોઈની શેહ શરમમાં ન આવવાની નીતિના કારણે તેમને આ પદ મળ્યું નહીં. ક્રુગમેને પોતે જણાવ્યું કે "તે પદ માટે મારો સ્વભાવ જ અનુકૂળ થતો નથી, વ્યક્તિએ અન્ય લોકો સાથેના સંબંધોમાં મુત્સદીપણું જાળવવું પડે છે. લોકો જ્યારે બકવાસ કરતા હોય ત્યારે ચુપકીદી સેવવી પડે છે. " આમ તેમણે સેક્રટરીઝ ઓફ ટ્રેઝરીના પદનો અસ્વીકાર કર્યો.

ક્રુગમેને આંતરાષ્ટ્રીય અર્થતંત્રમાં ખૂબ જ કામ કર્યું હોવાથી તેઓ ખૂબ જાણીતા છે. રિસર્ચ પેપર ઈન ઈકોનોમિક પ્રોજેક્ટના જણાવ્યા મુજબ અત્યારે વિદ્યમાન જગતના ૫૦ શ્રેષ્ઠ અર્થશાસ્ત્રીમાં ક્રુગમેનની ગણના થાય છે. તેમજ Maurice Obstfeld સાથે સંયુક્તપણે લખેલું પુસ્તક, "ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ થિયરી એન્ડ પોલિસી"ની

(લેખક ગાંધીનગર સ્થિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં મુલાકાતી અધ્યાપક છે.)

ગણના આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રમાં પ્રાથમિક પુસ્તક તરીકે થાય છે. તેમજ આવકની વહેંચણી અને જાહેરનીતિ જેવા વિષયો પર સામાન્ય વ્યક્તિને પણ ખબર પડે તેવી સરળ ભાષામાં સમજુતી આપતા તેમના લેખો ખૂબ જ પ્રસિદ્ધ છે. ન્યુટન કેન્સવાદી અર્થશાસ્ત્રી તરીકે પણ તેમની નોંધપાત્ર ગણના થાય છે. અને એ અંગે એમના વિચારો Peddling Prosperity નામના પુસ્તકમાં સ્થાન પામ્યા છે.

પૉલ ક્રુગમેનના આંતરરાષ્ટ્રીય સિદ્ધાંત પહેલા ડેવીડ રીકાર્ડો અને હેકસર હોવલીનનો વેપાર સિદ્ધાંત એકદમ અલગ લાક્ષણિકતા ધરાવતા દેશો વચ્ચે વેપાર પર ભાર મૂકતો હતો. પણ ૨૦મી સદીમાં મોટાભાગનો વેપાર અત્યંત સમાન લાક્ષણિકતાઓ ધરાવતા દેશો વચ્ચે થવા લાગ્યો છે. દા.ત. નોબલ સમિતિ સ્વીડન અને જર્મની વચ્ચેના વેપારનું ઉદાહરણ આપે છે કે સ્વીડન પોતાની વોલવો કાર જર્મનીમાં નિકાસ કરે છે. તો જર્મની પોતાની બી.એમ.ડબલ્યુ કાર સ્વીડનમાં નિકાસ કરે છે. ક્રુગમેને સૌથી પહેલા સામ્યતા ધરાવતા દેશો વચ્ચે વેપારના સિદ્ધાંત સમજૂતી ૧૯૭૯ માં એક સંશોધન પત્ર 'જર્નલ ઓફ ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ'માં આપી હતી. ક્રુગમેન ધારણા કરે છે કે ગ્રાહકોને બ્રાન્ડમાં વૈવિધ્ય જોઈએ છે. ગ્રાહકોના આ વૈવિધ્ય માટેનો આગ્રહ અલગ અલગ પ્રકારની કાર જેવી કે વોલવો અને બી.એમ.ડબલ્યુ. ગ્રાહકોને ટકાવી રાખવામાં મદદરૂપ થાય છે. પરંતુ વેપાર તુલાને કારણે વોલવોનું ઉત્પાદન આખી દુનિયામાં ફેલાવવું ફાયદાકારક નથી. તે બહુ ઓછા દેશોમાં કદાચ એક જ દેશ પૂરતું મર્યાદિત છે. આ તર્ક બતાવે છે કે અલગ અલગ પ્રકારની વસ્તુઓની નિપુણતા હાંસલ કરવા કરતાં કોઈ પણ દેશ કઈ રીતે કોઈપણ એક વસ્તુને થોડી બ્રાન્ડમાં હાંસલ કરી શકે.

ક્રુગમેને આંતરરાષ્ટ્રીય નાણાકીય અર્થશાસ્ત્ર પર પણ અસરકારક પ્રભાવ પાડ્યો છે. ૧૯૭૯માં એમણે 'જર્નલ ઓફ મની ક્રેડિટ એન્ડ બેન્કિંગ' માં મોડેલ ઓફ કરન્સી ક્રાઈસિસ એક મોડલ પ્રકાશિત કર્યું. સ્થિર વિનિમય દરનું શાસન બહુ ધીમે ધીમે બંધ થાય તેવું લાગતું નથી. સિવાય કે તાત્કાલિક સટ્ટાકીય આક્રમણ થાય. ક્રુગમેનનું પેપર 'પ્રથમ પેઢી'નું કરન્સી ક્રાઈસિસના મોડલ તરીકે ગણવામાં આવ્યું. ક્રુગમેને પૂર્વ અને દક્ષિણ એશિયાના સ્થિર વિનિમય દરના પ્રશ્ન પર આગાહી કરી અને થાઈલેન્ડની ૧૯૯૭ પહેલાંની આર્થિક નીતિ, પૂર્વ એશિયાની નાણાકીય કટોકટી અને મૂડીરોકાણ કર્તાની મૂડીની કટોકટી અને લોંગ ટર્મ કેપિટલ મેનેજમેન્ટ જેવા રોકાણકારો કે જેમની ૧૯૯૮ની રશિયન નાણાકીય કટોકટી પહેલાં તેમણે ૧૯૯૦ ના દશકામાં જાપાનની આર્થિક મંદીનો સામનો કરવા આક્રમકપણે રાજકોશીય નીતિ અપનાવવાની ભલામણ કરી હતી.

આમ, નોબલ પારિતોષિક વિજેતા પૉલ રોબિન ક્રુગમેન નાની ઉંમરે વિશ્વવિખ્યાત બન્યા. તેમને ઘણા એવોર્ડ પણ મળ્યા. તેમજ પુસ્તકો પણ લખ્યાં છે. જેમ કે..

**Awards**

- 1991, American Economic Association, John Bates Clark Medal.
- 2000: H.C. Recktenwald Prize in Economics, awarded by University of Erlangen-Nuremberg in Germany.
- 2002, Editor and Publisher, Columnist of the Year.
- 2004, Fundación Príncipe de Asturias (Spain), Prince of Asturias Awards in Social Sciences.
- 2004, Doctor of Humane Letters honoris causa, Haverford College.
- 2008, Nobel Prize in Economics, formally The Sveriges Riksbank Prize in Economic Sciences in Memory of Alfred Nobel - for his contributions to New Trade Theory. He became the twelfth John Bates Clark Medal winner to be awarded the Nobel Prize.

**Economics textbooks**

- *Economics:* European Edition (Spring 2007), with Robin Wells and Kathryn Graddy.
- *Macroeconomics* (February 2006), with Robin Wells.
- *Economics (December 2005),* with Robin Wells.
- *Macroeconomics* (March 2004), with Robin Wells.
- *International Economics: Theory and Policy*, with Maurice Obstfeld. 7th Edition (2006), 1st Edition (1998),

**સ્રોત:** www.wikipedia.com

■ ■ ■

**વિકાસલક્ષી**

**સામયિક**

**યોજના**

**યોજના વાંચો, યોજના**

**વંચાવો**

# સિવિલ સર્વિસ પરીક્ષા

✍ જયેશ મકવાણા

**રાજ્યસ્તર તથા રાષ્ટ્રીય સ્તર પર આયોજિત થતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગુજરાતનો વિદ્યાર્થી ભાગ્યે જ સફળ થાય છે તે માન્યતા હવે ભૂલાઈ ગઈ છે. ગુજરાતનો વિદ્યાર્થી પરીક્ષાઓ આપતો થયો છે. યુ.પી.એસ.સી.ની સિવિલ સર્વિસ પરીક્ષાને સમજતો થયો છે. ''શું કઠોર પરીક્ષમનો કોઈ વિકલ્પ છે ? હા છે ! અતિ કઠોર પરિશ્રમ!! '' કોઈપણ લક્ષ્ય પ્રાપ્તિ માટે સૌથી અસરકારક અને કરકસરસાધન પરિશ્રમવૃત્તિ છે. પરિશ્રમ કરવામાં જે મનુષ્ય જરાય કરકસર કરતો નથી તેને કુદરત પણ કંજૂસાઈ કર્યા વિના સાથ આપે છે.**

જેની યુવા મિત્રો આતુરતાથી રાહ જોતા હોય છે એ સિવિલ સર્વિસીઝ પરીક્ષાની જાહેરાત યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા થઈ ગઈ છે. દરમહિને યુ.પી.એસ.સી દ્વારા નવેમ્બર મહિનાના છેલ્લા સપ્તાહ સુધીમાં સિવિલ સર્વિસ પરીક્ષાનું નોટીફીકેશન બહાર પડી જાય છે. આ પરીક્ષા દ્વારા તમે દેશની સર્વોપરી ગણાતી ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ (આઈએએસ) ઈન્ડિયન પોલીસ સર્વિસ (આઈપીએસ), ઈન્ડિયન ફોરેન સર્વિસ (આઈએફએસ) , ઈન્ડિયન રેવન્યુ સર્વિસ (આઈઆરએસ), ઈન્ડિયન ઈન્ફર્મેશન સર્વિસ (આઈઆઈએસ) જેવી અનેક સેવાઓમાં સ્થાન મેળવી શકો છે. જો રેન્ક નીચી હોય તો રેલ્વે, પોસ્ટ, ઈન્કમટેક્ષ, કસ્ટમ જેવા ડિપાર્ટમેન્ટસ ઓફિસર બની શકો.

એક આઈએએસ અધિકારી તરીકેના માન મોભાથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. જિલ્લા કલેક્ટર, વિકાસ અધિકારી તરીકે તમે લોકોના કામો કરી ચાહના મેળવી શકો છે. શું આપ પણ ટી.એન.શેષન, કિરણ બેદી, વાઈ.વી.રેડ્ડી, કે.પી.એસ.ગીલ, જી.કે. ખૈરનાર, જી.એન.વાજપેયી, વી.તુલસી, એમ.દામોદરન, અમદાવાદની કાયાપલટ કરનાર કેશવવર્મા, સુરતને ગંદાગોબરા શહેરમાંથી એશિયાનું સૌથી સ્વચ્છ બનાવનારા રાવસાહેબની સૂચિમાં શામિલ થવાની તમન્ના રાખો છો ? શું તમે એક કલેકટરના રૂપમાં સમાજમાં પ્રતિષ્ઠા મેળવવા માગો છો ? શું તમે દેશના નીતિ નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવવા માટે આતુર છો ? આ માટે આઈ.એ.એસ. એક માત્ર વિકલ્પ છે. જેના માધ્યમથી સપનાં, તમન્ના અને આકાંક્ષાઓને સાકાર કરી શકાય છે.

આઈ.આઈ.ટી. મેડીકલ, આઈ.આઈ.એમ. માં સમાજના બધા વર્ગોને પ્રતિનિધિત્વ મળવું મુશ્કેલ છે. તેવામાં આઈ.એ.એસ. એક એવી સેવા છે જેના માધ્યમથી ગામડાંનો સામાન્ય વિદ્યાર્થી વિશ્વમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી શકે છે. એવા ઘણાં જ ઉદાહરણ છે કે સરેરાશ વિદ્યાર્થી પણ આઈ.એ.એસ બનવાનું સ્વપ્ન જોઈ શકે છે. પસંદગીની પ્રક્રિયા સરળ હોવા છતાં દેશની તે સૌથી અઘરી પરીક્ષા છે. આ પરીક્ષામાં દર વર્ષે બે થી ત્રણ લાખ ઉમેદવાર હોવા છતાં ૫૦૦ કે ૬૦૦ ઉમેદવારોને જ સફળતા મળે છે છતાં તેનું આકર્ષણ બેહદ જોવા મળે છે.

સિવિલ સર્વિસીઝ જેવી સૌથી અઘરી પરીક્ષા માટે તૈયારી કરતા હો ત્યારે સારા માર્ગદર્શનની અત્યંત જરૂર છે. તમારી કોલેજના પ્રોફેસર, વિષય નિષ્ણાતો, આ પરીક્ષામાં સફળ નીવડેલા ઉમેદવારો, આઈ.એ.એસ. અધિકારીઓ વગેરેને મળીને માર્ગદર્શન મેળવવું જોઈએ. માત્ર

(લેખક સહકારી મંડળીઓના સનદી અધિકારી છે.)

## યુ.પી.એસ.સી સિવિલ સર્વિસ પરીક્ષા : પદ્ધતિ અને માળખું

**પરીક્ષા પદ્ધતિ બે તબક્કામાં વહેંચાયેલી છે.**

- **પરીક્ષા પદ્ધતિ :**

૧. **પ્રિલિમિનરી પરીક્ષા :**

મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોની પસંદગીમાટે પ્રિલિમિનરી પરીક્ષા કે જે હેતુલક્ષી પ્રકારની હોય છે.જેમાં નેગેટીવ માર્કીંગ હોય છે. માત્ર સ્ક્રીનીંગ ટેસ્ટ છે. જેના ગુણ મેરીટમાં ગણાતા નથી.

૨. **મુખ્ય પરીક્ષા :**

લેખિત અને મૌખિક

- **પ્રારંભિક અને મુખ્ય પરીક્ષા માટેના વિષયો અને તેનું માળખું**

અ. **પ્રિલિમિનરી પરીક્ષા**

| | |
|---|---|
| પ્રશ્નપત્ર-૧ : સામાન્ય અભ્યાસ | ૧૫૦ ગુણ |
| પ્રશ્નપત્ર ૨ : વૈકલ્પિક વિષયોની યાદીમાંથી ગમે તે એક વિષય | ૩૦૦ ગુણ |
| | **કુલ ૪૫૦ ગુણ** |

બ. **મુખ્ય પરીક્ષા**

| | |
|---|---|
| પ્રશ્નપત્ર-૧: ભારતીય બંધારણ આઠમા શિડ્યુલમાં આવેલ ભાષાઓ પૈકી ઉમેદવારે પસંદ કરેલ ગમે તે એક ભાષા | ૩૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર-૨: અંગ્રેજી | ૩૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર-૩: નિબંધ | ૨૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર-૪: સામાન્ય અભ્યાસ | ૩૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર-૫: સામાન્ય અભ્યાસ | ૩૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર-૬: વૈકલ્પિક વિષય-૧ | ૩૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર-૭: વૈકલ્પિક વિષય-૧ | ૩૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર-૮: વૈકલ્પિક વિષય-૨ | ૩૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર-૯: વૈકલ્પિક વિષય-૨ | ૩૦૦ ગુણ |
| ઈન્ટરવ્યૂ | ૩૦૦ ગુણ |
| ભાષાના પ્રશ્નપત્રોના ગુણ મેરિટમાં ગણાતા નથી. | |
| | **કુલ ૨૩૦૦ ગુણ** |

ફોર્મ ભરવાથી આઈ.એ.એસ. બની જવાતું નથી. સારાં પુસ્તકો વ્યવસ્થિત અને વ્યૂહાત્મક તૈયારી ખંતથી અને પરિશ્રમથી કરવામાં આવે તો સફળ થવું અશક્ય નથી.

### પ્રિલિમિનરી પરીક્ષા : વૈકલ્પિક વિષયની પસંદગી

સિવિલ સર્વિસ પરીક્ષામાં પ્રિલિમ અને મેઈન્સ પરીક્ષાના એડિશનલ વિષયની પસંદગી સૌથી મહત્ત્વનો નિર્ણય છે. આથી વૈકલ્પિક વિષય પસંદ કરતાં પહેલાં સો વખત વિચાર કરવો જરૂરી છે. તમે જે વિષય પસંદ કરો એ તમારી સફળતામાં નિર્ણાયક સાબિત થઈ શકે છે. સામાન્ય રીતે તમે જે વિષયમાં સ્નાતક થયા હો તે વિષય રાખવો હિતાવહ છે. વૈકલ્પિક વિષય ગમે તે હોય પણ તેમાં રસ હોવો જોઈએ. પ્રિલિમ અને મેઈન્સનો એક વિષય સરખો હોય તો તૈયારીમાં સુગમતા રહી શકે છે. બીજું એ ધ્યાનમાં રાખવા જેવું છે કે, જે વિષય પસંદ કરવાનો હોય તે અંગે 'જનરલ સ્ટડીઝ'ના પેપરમાં કેટલું કવરેજ આવે છે. કેટલાક વૈકલ્પિક વિષયો જનરલ સ્ટડીઝના પેપરમાં પણ મદદરૂપ પુરવાર થાય છે. વૈકલ્પિક વિષયોની પસંદગી સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં સફળતા મેળવવા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. જો યોગ્ય વિકલ્પ આપવામાં આવે તો પ્રિલિમરી માંથી ઈન્ટરવ્યૂ સુધી ઉમેદવારને મદદરૂપ થાય છે. ભારતનો ઈતિહાસ અને ગુજરાતી સાહિત્યનું કોમ્બિનેશન રાખી કેટલાય ગુજરાતી યુવાનો આઈએએસ, આઈપીએસ થયા છે. ભૂગોળ આવો જ વિષય છે. મેઈન્સ માટે દરેકે એક વિષય તો એવો પસંદ કરવો જ પડે છે કે જે તેના માટે સાવ નવો હોય તેથી પોતાને રસ પડે તેવો વિષય પસંદ કરવો જરૂરી છે. સંબંધિત વિષય અંગેનું મટીરીયલ અને યોગ્ય વ્યક્તિનું માર્ગદર્શન પણ મહત્ત્વનું છે.

### પ્રિલિમિનરી પરીક્ષા

યુ.પી.એસ.સી દ્વારા લેવામાં આવતી સિવિલ સર્વિસિઝ પરીક્ષામાં પ્રિલિમિનરી પરીક્ષાનો ઉદ્દેશ માત્ર ગંભીર વિદ્યાર્થીઓને મુખ્ય પરીક્ષા માટે ક્વૉલીફાય કરવાનો છે. દર વર્ષે પ્રિલિમિનરી પરીક્ષામાં લગભગ બે લાખ વિદ્યાર્થીઓ બેસતાં હોય

છે. તેમાંથી માત્ર ૫ થી ૬ હજાર ઉમેદવારો પાસ થતાં હોય છે. પ્રિલિમિનરી પરીક્ષા પાસ કરનારને જ મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવે છે. આ પરીક્ષાના માર્કસ મેરિટમાં ગણવામાં આવતાં નથી. પરંતુ આ પરીક્ષાને જરાય ઓછું મહત્ત્વ આપવાની ભૂલ કરવા જેવી નથી. કારણ કે આપણા સપનાનાં મહેલની સીડી ચડવા માટેનું આ પ્રથમ પગથિયું છે. તેને પાસ ન કરીએ તો સફળતાનું દ્વાર જ ખુલતું નથી.

**પ્રિલિમિનરી પરીક્ષમાં સામાન્ય અભ્યાસ (જનરલ સ્ટડીઝ) પ્રશ્ન પત્ર**

સિવિલ સર્વિસ પરીક્ષામાં જનરલ સ્ટડીઝનું ઓબ્જેક્ટીવ પ્રકારનું ૧૫૦ ગુણનું પેપર પ્રિલિમિનરી પરીક્ષામાં ફરજીયાત છે. તેના ગુણ અંતિમ યાદી (મેરીટ લિસ્ટમાં) ગણવામાં આવતાં નથી. પરંતુ એને જરાય ઓછું મહત્ત્વ આપવાની ભૂલ કરવા જેવી નથી. પ્રિલિમનરી પરીક્ષામાં પાસ થનાર જ મુખ્ય પરીક્ષા આપવા માટે પાત્ર બને છે. તેથી સામાન્ય અભ્યાસ પેપરની તૈયારી વ્યવસ્થિત થવી જોઇએ. મુખ્ય પરીક્ષામાં જનરલ સ્ટડીઝ- પેપરઃ૧ અને પેપરઃ૨, દરેકના ૩૦૦ ગુણ મળી કુલ ૬૦૦ ગુણના પ્રશ્નપત્રો હોય છે. એનો અર્થ એ થાય કે સફળ થવા માટે જનરલ સ્ટડીઝ પેપર અગત્યનો ભાગ ભજવે છે. જનરલ સ્ટડીઝના પેપરો માટે શું વાંચવું ? કયા સામયિકો વાંચવા ? કયા પુસ્તકો વધારે ઉપયોગી બનશે ? તેવી દરેક ઉમેદવારને મૂંઝવણ થતી હોય છે. પ્રિલિમ અને મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ અને પ્રશ્નોનું સ્વરૂપ પૂર્વ નિર્ધારિત છે. પ્રિલિમનરી પરીક્ષા હેતુલક્ષી છે. અને નેગેટીવ માર્કિંગની પદ્ધતિ વર્ષ-૨૦૦૭થી દાખલ થઈ છે.

**પ્રિલિમિનરી પરીક્ષાના સામાન્ય અભ્યાસ (જનરલ સ્ટડીઝ) ના અભ્યાસક્રમમાં**

સામાન્ય વિજ્ઞાન, ભારતીય રાજ્યવ્યવસ્થા, અર્થશાસ્ત્ર (વિશેષતઃ અર્થવ્યવસ્થા) ભારતીય ઈતિહાસ (વિશેષતઃ રાષ્ટ્રીય આંદોલન), રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ ભારત અને વિશ્વની ભૂગોળ આ ઉપરાંત સામાન્ય બૌદ્ધિક ક્ષમતાને લગતાં પ્રશ્નો હોય છે. કયા ક્ષેત્રમાંથી કેટલાં પ્રશ્નો પૂછવામાં આવશે તેની કોઈ નિશ્ચિત પદ્ધતિ નથી. જુદા જુદા ક્ષેત્રોમાંથી પ્રશ્નોની સંખ્યા વર્ષો વર્ષ બદલાતી રહે છે. રાજ્યવ્યવસ્થા, અર્થવ્યવસ્થા કે વિજ્ઞાનના ક્ષેત્રમાંથી પૂછાતા પ્રશ્નો મોટા ભાગે સાંપ્રત પ્રવાહને લગતા હોય છે. વર્ષ-૨૦૦૭ની પ્રિલિમનરી પરીક્ષામાં નકારાત્મક મૂલ્યાંકનની સાથોસાથ યુ.પી.એસ.સીન એ તથ્યાત્મક પ્રશ્નોની સંખ્યા વધારી દીધી છે. અને પરંપરાગત વિષયોનાં પ્રશ્નોને સ્થાને રોજબરોજની ઘટનાઓના પ્રશ્નોની સંખ્યા વધારી દીધી છે. પ્રિલીમનરી પરીક્ષા જનરલ સ્ટડીઝના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી નીચેની રીતે વિભાગો પાડી અભ્યાસ કરવો જોઇએ.

**(૧) પ્રિલિમિનરી પરીક્ષા : ભારતીય ઈતિહાસ, સ્વતંત્રતા સંગ્રામ તથા સંસ્કૃતિ**

પ્રિલિમનરી પરીક્ષાની દૃષ્ટિએ આ વિભાગ સૌથી મહત્ત્વનો છે. પ્રાચીન ભારત, મધ્યકાલીન ભારત અને આધુનિક ભારતના ખંડ પર વધુ ધ્યાન આપવું જરૂરી છે. કલા અને સંસ્કૃત વિષયનું અધ્યયન બારીકાઈથી કરવું જોઈએ.

**સંદર્ભ ગ્રંથોની યાદી**

- પ્રાચીન મધ્યકાલીન, આધુનિક ભારતનો ઈતિહાસ -એન.સી.ઈ.આર.ટી
- પ્રાચીન ભારતનો ઈતિહાસ - યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ તેમજ મજમૂદાર, દત્તારાય ચૌધરી મેકમિલન પબ્લીકેશન.
- ભારતીય સ્વતંત્રતા સંગ્રામ - બિપિન ચંદ્ર, અમલેશ ત્રિપાઠી અને વરૂણ ડે નેશનલ બુક ટ્રસ્ટ.
- આધુનિક ભારતનો ઈતિહાસ - બી.એલ.ગ્રોવર અને યશપાલ
- આધુનિક ભારત - સુમિત સરકાર રાજકમલ પ્રકાશન તેમજ ઈગ્નુની પુસ્તિકાઓ
- લિબર્ટી બુક ડીપો - ઈતિહાસના પ્રકાશનો.

**(૨) ભારત અને વિશ્વની ભૂગોળ**

પ્રિલિમનરી પરીક્ષામાં ભૂગોળના સિદ્ધાંતો, નકશા આધારિત હેતુલક્ષી પ્રશ્નો હોય છે. ભૂગોળમાં પ્રારંભિક સ્તરે ઘણાબધા તથ્યોનો સંગ્રહ અને જાણકારી આવશ્યક છે. તેની ક્રમબદ્ધ નોટ્સ બનાવવી જોઇએ. નકશા આધારિત પ્રશ્નો ભારત તથા વિશ્વની ભૂગોળમાંથી પૂછાય છે. ઓક્સફોર્ડ સ્કૂલ એટલાસનો ઉપયોગ કરવો જોઇએ.

ભૂગોળ અને અર્થવ્યવસ્થાના ઘણા ક્ષેત્રો જેવા કે, વસ્તી, યોજનાઓ, ઉદ્યોગો, સંશોધન બન્ને વિષયમાં છે. તેથી તેની તૈયારી બન્નેને લક્ષમાં રાખી કરવી જોઇએ.

**સંદર્ભ ગ્રંથોની યાદી**

- ભારત કા બૃહદ ભૂગોળ- ખુલ્લર
- ઓક્સફોર્ડ સ્કૂલ એટલાસ
- માનવભૂગોળ - મજિદ હુસૈન
- ગ્રંથનિર્માણ બોર્ડના ભૂગોળના પુસ્તકો
- ફિઝીકલ જિયોગ્રાફી - ગોચેંગલિયાં

- ભારત કા ભૂગોળ - ચતુર્ભુજ મામોરિયા
- ભારત કી પ્રમુખ ફસલેં - શર્મા
- હેન્ડબુક ઓફ એગ્રીકલ્ચર - મિશ્ર અને કુમાર (હિન્દીમાં)
- એન.સી.ઈ.આર.ટી.ના ભૂગોળના પુસ્તકો
- ક્રોનિકલ પબ્લિકેશનના અતિરિક્તાંક.

## (૩) સામાન્ય વિજ્ઞાન

સામાન્ય વિજ્ઞાન પ્રારંભિક પરીક્ષા માટે મહત્ત્વપૂર્ણ વિભાગ છે. વિજ્ઞાનને સંબંધિત પ્રશ્નોની સંખ્યા નિરંતર વધી રહી છે. સામાન્ય વિજ્ઞાનમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર તથા જીવવિજ્ઞાનનો સમાવેશ થાય છે. તેમાં પણ જીવવિજ્ઞાનના માર્કસની દૃષ્ટિએ વધુ પ્રશ્નો પૂછાય છે. સામાન્ય વિજ્ઞાનમાં એવા પ્રશ્નોને મહત્ત્વ આપવામાં આવે છે કે જેની વ્યવહારિક ઉપયોગિતા વધુ હોય. મહત્ત્વપૂર્ણ મુદ્દાઓમાં બાયોટેકનોલોજી, ઇન્ફર્મેશન ટેકનોલોજી, કોષ વિજ્ઞાન, વનસ્પતિક્રિયા, પરિસંચરણ તંત્ર, શ્વસનતંત્ર, ઉત્સર્જનતંત્ર, ચેતાતંત્ર, પ્રજનનતંત્ર, અંતઃસ્ત્રાવીતંત્ર, આનુવંશિકતા, પોષણ, હાડકાંઓ અને માંસપોથીઓ, સ્વાસ્થ્ય અને રોગો, સ્વાસ્થ્ય સંગઠન વગેરેનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવો જોઇએ અને જરૂરી નોટ્સ બનાવવી જોઇએ.

### સંદર્ભ ગ્રંથોની યાદી

- એન.સી.ઈ.આર.ટી. ધોરણ-૮થી ૧૨ના પુસ્તકો
- એ.બી.સી. સાયન્સ (હોબી ફેથ)
- ધ હ્યુમન મશીન - નેશનલ બુક ટ્રસ્ટ
- ટી.એમ.એચ.નું સામાન્ય વિજ્ઞાન

## (૪) ભારતીય રાજ્યવ્યવસ્થા અને બંધારણ

આ વિભાગ પ્રિલિમિનરી પરીક્ષામાં મહત્નો છે. પ્રિલિમનરી પરીક્ષામાં આ વિભાગમાંથી ૧૫ થી ૨૦ પ્રશ્નો પૂછવામાં આવે છે. માહિતીની એક યાદી બનાવવી જોઇએ અને તૈયારી કરવી જોઈએ.

### સંદર્ભ ગ્રંથોની યાદી

- હમારી સંસદ - સુભાષ કશ્યપ
- હમારા સંવિધાન - સુભાષ કશ્યપ
- ભારત કા સંવિધાન - ડી.ડી.બસુ
- ભારતીય બંધારણ- જાંબવાલા (ગુજરાતી)
- ભારત ઈયર બુક - પ્રકાશન વિભાગ (ભારત સરકાર સંબંધિત પ્રકરણો)

## (૫) ભારતની અર્થવ્યવસ્થા

અર્થશાસ્ત્રની તુલનામાં અર્થવ્યવસ્થા સંબંધી પ્રશ્નો પ્રિલિમનરીમાં વધુ પૂછવામાં આવે છે. પરંપરાગત તથા સમસામાયિક એમ બંને પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે. સમસામયિક પ્રશ્નો માટે વર્તમાનપત્રો તથા મેગેઝીનોનું વધુમાં વધુ વાંચન હોવું આવશ્યક છે.

### સંદર્ભ ગ્રંથોની યાદી

- યોજના, કુરુક્ષેત્ર, ઈકોનોમિક એન્ડ પોલિટીકલ વીકલી જેવા મેગેઝીનો.
- રાષ્ટ્રીય સ્તરનું એક આર્થિક વર્તમાનપત્ર અને મેગેઝીન
- ગુજરાત સમાચાર - દર સોમવારની પૂર્તિ
- ભારત ઈયર બુક - પ્રકાશન વિભાગ ભારત સરકાર સબંધિત પ્રકરણો
- આર્થિક સર્વેક્ષણ - ભારત સરકાર
- ભારતીય અર્થવ્યવસ્થા - દત્ત, સુન્દરમ્
- ભારતીય અર્થવ્યવસ્થા - મિશ્રા, પૂરી
- ઈવેલ્યુશન ઓફ ઈન્ડીયન ઈકોનોમી- ધિંગરા

## (૬) ગણિત તથા માનસિક યોગ્યતા

સિવિલ સર્વિસીઝની પ્રિલિમ પરીક્ષામાં તર્ક શક્તિ પરીક્ષણ તથા ગણિત સંબંધિત આશરે ૨૨ થી ૨૫ પ્રશ્નો પૂછાતા હોય છે. આ પણ સામાન્ય અભ્યાસનું અનિવાર્ય ઘટક છે. ગણિત સાથેના સંબંધિત પ્રશ્નોમાં અંક ગણિત, રેખાગણિત, ક્ષેત્રફળ, ઘનફળ, સંભાવના, ગતિ, વેગ વગેરેનો સમાવેશ થાય છે. ઉમેદવારે જો આ માટે થોડી સઘન તૈયારી કરે તો રોકડિયા ગુણ મળે છે. મોટાભાગના ઉમેદવાર આ ખંડ પ્રત્યે બેદરકારી દાખવે છે. બુદ્ધિ કસોટીના પ્રશ્નોમાં થોડીક પ્રેક્ટીસ કરવામાં આવે તો કુશળતા પ્રાપ્ત કરી શકાય છે.

### સંદર્ભ ગ્રંથોની યાદી

- સાંખ્યિકી - એસ.સી.ગુપ્તા
- અંક ગણિત - આર.સી.અગ્રવાલ
- સ્પર્ધાત્મક અંક ગણિત - જગદીશ પટેલ (ગુજરાતીમાં)
- અંકગણિત - પ્રતિયોગિતા કિરણ પ્રકાશન
- ન્યુ રીઝનીંગ ટેસ્ટ - પ્રતિયોગિતા કિરણ પ્રકાશન

## (૭) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોજબરોજની ઘટનાઓ

પ્રિલિમનરી પરીક્ષામાં વિભિન્ન વર્તમાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય

ઘટનાઓ અંગેના પાછલા બે વર્ષથી વધુમાં વધુ પૂછાય છે. આ પ્રશ્નોનો હેતુ ઉમેદવારની દેશ-દુનિયાને સંબંધિત, જાગરૂકતાને પરખવાનો છે. મહત્ત્વપૂર્ણ સંમેલનો, નોંધપાત્ર વ્યક્તિઓની નિમણૂક, નિધન નોંધપાત્ર સ્થળો, નોંધપાત્ર પુરસ્કારો, રમત-ગમત, રાજકીય ધાર્મિક, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક મહત્ત્વની ઘટનાઓની તૈયારી કરવી જોઈએ. તે માટે રાષ્ટ્રીય કક્ષાના બે વર્તમાનપત્રો જેવાં કે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, હિન્દી તેમજ ગુજરાતી ભાષાના અગ્રણી સમાચાર પત્રોમાંથી કોઈ એકની પસંદગી કરી નિયમિત વાંચવા જોઈએ. સમાચાર માટેના અન્ય સ્રોત જેવાં કે રેડિયો, ટીવી., ઈન્ટરનેટ વગેરેમાં માહિતીને રસપ્રદ કરી પીરસાતી હોવાને લીધે જનરલ સ્ટડીઝ, પ્રિલિમિનરી પરીક્ષા માટે વધુમાં રાષ્ટ્રીય કક્ષાના મેગેઝીનોમાં ફ્રન્ટલાઈન, ઈન્ડિયા ટુડે, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં મદદરૂપ એવા મેગેઝિનો જેવા કે, ઈન્ડિયા ટુડે જ્ઞાન ભંડાર, સિવિલ સર્વિસ ક્રોનીકલ, પ્રતિયોગિતા કિરણ, પ્રતિયોગિતા દર્પણ, કોમ્પીટેશન ઓલ્વેઝ, લેટેસ્ટ ફેક્ટ ઈન જનરલ નોલેજ (લિબર્ટી) કોમ્પીટીટીવ એક્ઝામ ગાઈડ (પ્રતિયોગિતા દર્પણ), કોમ્પીટીટીવ ગુજરાતમાંથી કોઈપણ એક મેગેઝીનનું અધ્યયન કરવું જોઈએ. સામાન્ય અધ્યયનના પુસ્તકમાં યુનિક, સ્પેક્ટ્રમ તથા લીબર્ટીની સ્ટાન્ડર્ડ ગાઈડ તેમજ મનોરમા ઈયર બુક વાંચવા જોઈએ. કેન્દ્રીય સ્કૂલના અભ્યાસક્રમ એન.સી.ઈ.આર.ટી ના ધોરણ ૮ થી ૧૨ના પુસ્તકો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણના પુસ્તકો, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધોરણ ૮ થી ૧૦ નું સામાજિક વિજ્ઞાન, ધોરણ -૧૧,૧૨ ભૂગોળ, ધોરણ-૧૧,૧૨ ઈતિહાસ, ધોરણ-૧૨ ભારતીય સંસ્કૃતિ પુસ્તકમાંથી વિષય મુજબના તથા પોતાના જ્ઞાનના સ્તર અનુસાર ટોપીકોનો ઉપયોગ કરી શકાય.

પ્રકાશન વિભાગ ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ થતાં સામાયિકો જેવા કે 'યોજના' નિયમિત વાંચવા જોઈએ. જેનાથી સરકાર દ્વારા ચલાવાતી વિવિધ યોજનાઓ, સામાજિક પ્રશ્નો સંબંધિત સમસ્યાઓની જાણકારી મળી શકે.

વધુમાં પ્રિલિમનરી પરીક્ષા માટે સામાન્ય અભ્યાસ તથા વૈકલ્પિક વિષયના અગાઉના પ્રશ્નપત્રોનો અભ્યાસ કરવો જરૂરી ગણાય. જનરલ સ્ટડીઝ સિવિલ સર્વિસના પ્રિલિમના અગાઉના પ્રશ્નપત્રો, લિબર્ટી (ગુજરાતી) આર.ગુપ્તા (હિન્દી) સુધા, ધીલનો, સતીષ પ્રકાશન (અંગ્રેજી) મેળવી તેનો અભ્યાસ કરવો જોઈએ. વૈકલ્પિક વિષય પ્રિલિમના અગાઉના પ્રશ્નપત્રો સતીષ બ્રધર્સના અંગ્રેજી-હિન્દીમાં મળે છે. તે મેળવી તેનો અભ્યાસ કરવો જોઈએ.

મિત્ર સાથેની ચર્ચા, નિયમિત મહેનત, સાંપ્રત પ્રવાહને લગતાં કાર્યક્રમો જેવાં પાસાઓને ઉમેદવારે સામાન્ય અભ્યાસની તૈયારી વખતે ધ્યાનમાં રાખવા જોઈએ.

રાજ્યસ્તર તથા રાષ્ટ્રીય સ્તર પર આયોજિત થતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગુજરાતનો વિદ્યાર્થી ભાગ્યે જ સફળ થાય છે તે માન્યતા હવે ભૂલાઈ ગઈ છે. ગુજરાતનો વિદ્યાર્થી પરીક્ષાઓ આપતો થયો છે. યુ.પી.એસ.સી.ની સિવિલ સર્વિસ પરીક્ષાને સમજતો થયો છે. "શું કઠોર પરીક્ષમનો કોઈ વિકલ્પ છે? હા છે! અતિ કઠોર પરિશ્રમ!! " કોઈપણ લક્ષ્ય પ્રાપ્તિ માટે સૌથી અસરકારક અને કરકસરસાધન પરિશ્રમવૃત્તિ છે. પરિશ્રમ કરવામાં જે મનુષ્ય જરાય કરકસર કરતો નથી તેને કુદરત પણ કંજૂસાઈ કર્યા વિના સાથ આપે છે.

મિત્રો ! જરૂર છે માત્ર ભભૂકતા ઈચ્છા શક્તિના દાવાનળની અને ઉત્સાહના સતત ઓક્સિજનની !!

■■■


**સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે યોજના સચોટ માર્ગદર્શક**

# યોજના

**યોજના વાંચો, યોજના વંચાવો**

# પુસ્તક

✍ યશવંત કડીકર

### આધુનિક ભારતના ઘડવૈયા શ્રેણી
### "શ્રી દાદાભાઈ નવરોજજી"
### (જીવનચરિત્ર)

ગુજરાતી સાહિત્યમાં ચરિત્ર સાહિત્યનું પણ એક વિશેષ મહત્ત્વ રહ્યું છે અને એમાંય જ્યારે કોઈ યુગ પુરુષનું ચરિત્ર લખાય, ત્યારે તો સોનામાં સુગંધ ભળે.

આવા જ એક ચરિત્ર પુરુષ છે દાદાભાઈ નવરોજજી. હિંદના દાદા તરીકે જાણીતા આ મહાપુરુષનું સ્મરણ કરતાં જ આપણું હૈયું ગદ્‌ગદ્‌ થઈ જાય છે. ભારતના આવા નરરત્નોએ જ આપણી સંસ્કૃતિનું જતન કર્યું છે.

આ પુસ્તકે 'દાદાભાઈ નવરોજજી' વાંચતા જ આપણને આપણા સ્વતંત્ર્ય સંગ્રામના દિવસો યાદ આવે છે. દાદાભાઈ નવરોજજીએ તો ફકત આ દેશમાં જ નહી, પરંતુ પરદેશમાંય શ્યામજી કૃષ્ણ વર્મા, રાજેન્દ્રસિંહજી રાણા, વીર સાવરકર અને માદામ કામા સાથે આપણી આઝાદીની ચળવળ ચલાવેલી.

દાદાભાઈ નવરોજજી પોતે પારસી, માદામ કામા પણ પારસી, આમ આ પારસી ભાઈ બહેનોનું પણ આઝાદીની ચળવળમાં મોટું યોગદાન રહ્યું હતું.

અને એથીયે વિશેષ મહત્તવની વાત તો એ છે કે આપણે જે પુસ્તકની વાત કરવાના છીએ "દાદાભાઈ નવરોજજી" એ પુસ્તકના લેખક પણ પારસી ભાઈ જ છે. "રૂસ્તમ પે. મસાની".

પ્રકાશન વિભાગ, સૂચના અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા વિશીષ્ટ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

ભારતના આ ભવ્યદાદાનું આ પુસ્તક તો આપણા યુવાનો માટે પ્રેરણા ઝરણું છે.

આપણા આ રાષ્ટ્રિય નેતા દાદાભાઈ નવરોજજીની રાજકીય દૃષ્ટિ ઊંડી સૂઝ-સમજ ધરાવતી હતી, અને એના કારણે જ કોંગ્રેસ અને રાજયકર્તાઓ વચ્ચે સુલેહ થઈ હતી. એ સમયની સ્થિતિની વાત કરીએ તો વર્ષોના અસહકાર પછી, ધારાસભાના બહિષ્કાર પછી એ રાષ્ટ્રીય સંસ્થાને ધારાસભાની પ્રવેશબંધી દૂર કરવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો. કેટલાક પ્રાંતોમાં કોંગ્રેસ પ્રધાન મંડળો ૧૯૩૭માં કામ કરતાં થઈ ગયાં હતા. અને એ વાત ખૂબજ સ્પષ્ટ છે કે આપણા આ પરમ આદરણિય રાષ્ટ્રીય નેતા દાદાભાઈ નવરોજજીના કારણે જ કોંગ્રેસની નીતિમાં થયેલા એ મહત્ત્વના યુગ પ્રવર્તક ફેરફારથી સ્વશાસનનો નવો તબક્કો શરૂ થયો. અને આજ કારણે પ્રજા અને સરકાર વચ્ચેના સહકારની અને શાંતિપૂર્ણ પ્રગતિ સાધીને સ્વરાજ્યના લક્ષને સિદ્ધ કરવાની અનેક શક્યતાઓ ઊભી થઈ, અને આપણા આ કર્મવીર દાદાભાઈ નવરોજજીને લાગ્યું કે 'બન્ને દેશો એક જ લક્ષ્યથી જોડાય' તે એ તબક્કે ખુબ જ જરૂરી હતું.

આપણા દાદાભાઈના સમયમાં પણ આપણા દેશમાં કેટલાક પ્રશ્નો હતા. પણ આ દીર્ઘદૃષ્ટિવાન પુરુષે એનું નિરાકરણ લાવી દેશની પરિસ્થિતને થાળે પાડી દીધી.

આ જીવનચરિત્ર તો ૧૯૩૯માં લખાયેલું ત્યારપછી તરત જ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, અને આ કારણે દેશોની વ્યૂહરચના બદલાઈ, એટલે એક દેશ બીજા દેશ પર આધિપત્ય ભોગવે, એ પરિસ્થિતિનો અંત આવ્યો. યુદ્ધ પુરું થયા પછી અંગ્રેજ સરકારે ભારતની જનતાના હાથમાં સત્તાનાં સૂત્ર સોંપીને બને તેટલા વહેલા ભારતમાં ખસી જવાનું ડહાપણભર્યું પગલું ભર્યું.

આપણે જાણીએ છીએ કે દાદાભાઈના જીવનકાળ દરિમાયન જે ચર્ચાસ્પદ પ્રશ્નો ઊભા થયા અને ઘટનાઓ બની તેનું ૧૯૩૮માં મહત્ત્વ હતું, તે આજે રહ્યું નથી પણ દૃષ્ટાંત રૂપ બની રહે એવા દાદાભાઈના જીવન તથા ચારિત્ર્યમાંથી આજે પણ આપણા દેશના શાસકો તથા રાજપુરૂષોએ ઘણા પાઠ શીખવાના છે. ભારતમાતાનો એક દેશાભીમાની પુત્ર, એકલા હાથે પોતાના જીવનને માતૃભૂમિના તથા માનવજાતિના કલ્યાણ અર્થે સમર્પીને દીર્ઘજીવનમાં અને અન્તરાયો સામે ઝઝૂમીને શું સિદ્ધ કરી શકે તેનું એ નિર્દેશન પૂરું પાડે છે.

આમ, આપણા જાણીતા લેખક રૂસ્તમ પે.મસાની એ આ પુસ્તક દ્વારા શ્રી દાદાભાઈ નવરોજજી ના જીવન અને કવનને સંપૂર્ણ ન્યાય આપવા પ્રયત્ન કર્યો છે.

**'દાદાભાઈ નવરોજજી'**

**લેખક: શ્રી રૂસ્તમ પે. મસાની**

**અનુવાદ : શ્રી સુરેશ જોષી**

**પ્રકાશક : ડાયરેક્ટર, પ્રકાશન વિભાગ, માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર, પટિયાલા હાઉસ, નવી દિલ્હી-૧૧૦૦૦૧**

**પૃષ્ઠ : ૧૦+૨૨૮=૨૩૮**

**કિંમત :રૂા. ૧૪-૦૦**

■ ■ ■

(લેખક જાણિતા પત્રકાર - સાહિત્યકાર છે.)